The Department of Public Instruction, Bombay.

GUJARÁTI FIFTH BOOK.

BY

T. C. HOPE, C.S,

LATE EDUCATIONAL INSPECTOR N. D.

STEREOTYPED.

ELEVENTH EDITION.—15,000 COPIES.

BOMBAY.

GOVERNMENT CENTRAL BOOK DEPOT.

1878.

Price Nine Annas.

BOMBAY.

Printed at Ganpat Krishnaji's Press, by the Proprietor Atmaram Kanoba.

મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણીખાતું.

ગૂજરાતી પાંચમી ચોપડી.

આ,

ટિ. સી. હોપ.

માજી એજ્યુકેશનલ ઈન્સપેકતર ઊ. ભા.

એઓએ રચા.

કાયમ ઠરાવેલી

અગ્યારમી આવૃત્તિ—૧૫,૦૦૦ પ્રત.

મુંબઇ.

ગવર્નમેન્ત સેંત્રલ બુક ડીપો.

ઈ૦ સન ૧૮૭૮.

કીંમત નવ આના.

મુંબઈ.

ગણપત કૃષ્ણાજીના છાપખાનામા માલિક
આત્મારામ કાન્હોબાએ છપાવી.

પાંચમી ચોપડી શીખવવાની રીત.

બાળબોધનું જ્ઞાન સારી પેઠે વધવાસારૂ આ ચોપડીમાં કવિતાના પાઠ બાળબોધ અક્ષરે લખેલા છે તે ધ્યાન રાખી વંચાવવા.

આ ચોપડીના પાઠ શીખવવામાં નીચે લખેલી રીત ધ્યાનમાં રાખી તેપ્રમાણે વર્ત્તવું.

મેહેતાજીએ ઘણી સંભાળ લઈ એક વાક્ય બરાબર રીતે ને ઢબપ્રમાણે છોકરાંને વાંચી સંભળાવવું, ને ત્યારપછી તેનુંતેજ વાક્ય તેવીજ રીતે ને તેવીજ ઢબથી બે કે ત્રણ છોકરાંપાસે જોડે વંચાવવું. પછી તેઉપરથી તે વાક્યની મતલબવિષે તથા તેમાં જે અઘરા શબ્દ લાગે તેવિષે સવાલ આખા વર્ગમાં પૂછવા. અઘરા શબ્દમાં પણ જે પાઠને મથાળે શબ્દો લખેલા છે તે માંહેલા આવે ત્યારે વિશેષે કરીને તેઉપર ખૂબ ધ્યાન રાખી તેના અર્થ સારી પેઠે છોકરાંના ધ્યાનમાં ઉતારવા, તથા તેમની જોડણી અઘરી હોય તો તે પણ કરાવવી, કેમકે એ મથાળાના શબ્દો અઘરા જાણીનેજ કાઢેલા છે.

એપ્રમાણે એક વાક્ય થયું એટલે બીજું લઈને તે પણ પોતે વાંચીને છોકરાંપાસે વંચાવી, મતલબ વગેરે પૂછી શીખવવું. એમ કરવાથી બધાં છોકરાંને બરાબર ઉચ્ચાર કરવાની ને બરાબર ઢબથી તથા સમજસાથે વાંચવાની ટેવ પડશે. વિલાયતમાં તો વર્ગમાંનાં બધાં છોકરાંપાસે એક વખત જોડે વંચાવે છે, અથવા વર્ગ ઘણોજ મોટો હોય તો તેની બે ટુકડીઓ કરીને વારાફરતી વંચાવે છે, પણ આ દેશની નિશાળોમાં એમ કરેથી ગરબડ થઈ જાય એવું લાગે છે, તેથી માત્ર બબે ત્રણત્રણ છોકરાપાસે જોડે વંચાવવાનું લખ્યું છે.

ઉપર કહ્યામુજબ એકેક વાક્ય કરીને આ પાઠ વાંચી સંભળાવ્યાપછી તથા તેની મતલબ સમજાવ્યાપછી એકેક છોકરાકને છૂટક છૂટક વંચાવવું. બધાં છોકરાં વાંચી શકે એટલો વખત ન મળે, તો સૌથી નઠારૂં વાંચનારા છોકરાપાસે પેહેલાં વંચાવવું, અને તે બરાબર ઢબ અને રીતપ્રમાણે વાંચી શકે એવું કરવું.

ભૂગોળના ને ઇતિહાસના પાઠ વાંચતી વખતે જે પ્રકરણ ચાલતું હોય તે ખંડ કે દેશનો નકશો વર્ગમાં ટાંગવો. વળી ઇતિહાસના પાઠ ઘણુંકરીને અનુક્રમ રાખી ગોઠવેલા છે, માટે પાંચ, છ, દશ, કે બાર જેટલા દિવસ તે ચાલે તેટલા દિવસ તે બરાબર સમજાવવા, અને તેમાંની તમામ હકીકત સંબંધપૂર્વક સમજે ત્યારે આગળ ચાલવું. ઇતિહાસ શીખવવાની એકલી એજ મતલબ નથી કે રાજાનાં અને બાદશાહનાં નામ, અને તેના જન્મ્યા મુઆનો કે ગાદીએ બેઠાનો સન જાણે, અથવા મોટી લડાઈઓવિષે વિગતવાર હકીકત કે તેની તારીખ યાદ રાખે, પણ તેમાંથી કાંઈ પણ નીતિ કે રાજસંબંધી શીખામણ નીકળતી હોય તે સમજે. આ ચોપડીમાં જે ઇતિહાસના પાઠ આવેલા છે તે એવીજ મતલબથી રચેલા છે, અને દરેકમાંથી કાંઈ પણ સારી શીખામણ નીકળી શકે છે, માટે તે છોકરાંનાં મનપર દાખલા આપી બરાબર ઠસાવવી જોઈએ.

આ ચોપડીથી વ્યાકરણનું જ્ઞાન છોકરાંને સારીપેઠે વધવું જોઈએ, માટે તેમની કને નામ, સર્વનામ વગેરે ઓળખાવવાં એટલુંજ નહીં પણ વિભકિત તથા કાળ વગેરેનાં રૂપ કેવી રીતે થાય છે તે વાંચન પાઠ ચાલતી વખતે સવાલ પૂછી છોકરાંકનેથી કઢાવવાં.

પાંચમી ચોપડીનું સાંકળીઉં.

સામાન્ય જ્ઞાનસંબંધી.

વિદ્યાસંબંધી.

હિંદુસ્તાનનો ઇતિહાસ.

વનસ્પતિ તથા પ્રાણીસંબંધી.

પાંચમી ચોપડી.

पाठ १. खरुं काम करवानी छातीचलावनार छोकरो. भाग १.

તોબરો

જીવણરામ એક દહાડો પાંચ વાગે નિશાળેથી આવ્યો. તેવોજ એક ખૂણે પોતાનું દફતર ફેંકી તોબરા જેવું મોં કરી બડબડતો બેઠો. તેની મા ગુલાબવહુએ જોયું કે આજ ભાઈના મિજાજ ગયા છે; પણ તે કાંઈ બોલી નહીં. એવું થતું ત્યારે તે એને છેડતીજ નહીં, પણ જીવણરામથી ચુપ બેસી રહેવાયું નહીં. તે ધારતો હતો કે મા પૂછશે, પણ તેણે કાંઈ પૂછ્યું નહીં, ત્યારે પોતેજ ગુસ્સામાં બોલી ઉઠ્યો કે, મારે પેલા જયાનંદજોડે બનવાનું નથી. એ કેમ ખમાય!

ગુલાબવહુએ પૂછ્યું, જયાનંદ કોણ છે? તેણે શું કીધું? જીવણરામે કહ્યું, તે એક નવો નિશાળીઓ છે. એ પંદર દહાડા થયાં અમારી નિશાળે આવે છે, પણ એને કોઈ જોડે બનતું નથી. એ છોકરો અમારી નિશાળેથી જાય તો સારું. આજ સવારે નિશાળના ઘંટ વાગ્યાપહેલાં મેં એને કહ્યું કે, મારા ભમરડાની આર નીકળી ગઈ છે માટે તારો ભમરડો ફેરવવા આપ. તે કહે, ના. તને નિશાળે જતાં મોડું થાય. મને મોડું થાય કે વહેલું થાય તેમાં એને શું? વળી મેહેતાજીએ અમને હિસાબ લખાવ્યા, ત્યારે એક દાખલો મને આવડતો નહોતો, માટે મેં જયાનંદને કહ્યું કે, મને તારી સ્લેટમાં જોવા દે. તો કહે, ના, તેમ થાય નહીં એ વાજબી નહીં. વાજબી ગેરવાજબીની સમજણ તો બધી એનામાંજ આવી ગઈ છે? હું જરા જોઈ લેત તો કોઈ જાણત નહીં. પણ પોતાને સૌની જગા લઈ પહેલા થવું, તે કેમ જોવા દે? ખરું કારણ તો એજ હશે. નહીં મા? ગુલાબવહુએ તે વેળા તો કશો જવાબ દીધો નહીં.

पाठ २. खरुं काम करवानी छानीचलावनार छोकरो. भाग २.

રાત્રે વાળુ કીધાપછી જીવણરામનો રોષ ઉતર્યો જોઈ તેની માએ તેની જોડે એવિષે મીઠા વચનથી વાત કરી તેને સમજાવ્યું કે તને થોડી વારસારૂ ભમરડો આપી રમવાની લેહેમાં નાંખે, ને તેથી તું વખતસર નિશાળે જાય નહીં, એ ખોટું, માટે ન આપ્યો એ ઠીક કીધું; ને પોતાની સ્લેટમાં જોવા નહીં દીધું, એ પણ ઠીક કીધું, કેમકે તેનામાં જોઈ તું ખરો હિસાબ કરી મેહેતાજીને દેખાડે. મેહેતાજી જાણે કે તેં કીધો હશે, ત્યારે મેહેતાજીને છેતર્યા કહેવાય. જયાનંદનું ભુંડું બોલ્યાને બદલે તારે તો તેનો પાડ માનવો જોઈએ, કેમકે આજ તને બે વાંક કરતાં એણે અટકાવ્યો. તને કોઈ દાખલો ન આવડતો હોય તો શીખવે, પણ પોતાની સ્લેટમાં જોવા દઈ વર્ગમાં જગા લેવા દે, એ બહુ ખોટું. એ છોકરો મને તો સારો લાગે છે; તું ફરીથી એની જોડે કામ પાડી જોજે. મને લાગે છે કે ગેરવાજબી નહીં હોય, તેવુંજ કામ એ કરશે.

ઉંઘ્યા પેહેલાં માના કહેવાપર જીવણરામે વિચાર કર્યો, તોપણ જયાનંદ સારો છોકરો છે, એવી તેની પક્કી ખાતરી થઈ નહીં, માટે સવારે તેની પરીક્ષા કરવાને ઠરાવ્યું. ઘેર ગણવાના હિસાબ આપ્યા હતા, તેમાંનો એક પોતાથી થતો નહોતો, માટે સવારમાં ઉઠી જયાનંદને ઘેર ગયો. જયાનંદે ઘણી ખુશીથી પોતાને આવડતું હતું તેટલું શીખવ્યું; વાંચવાના તથા બીજા પાઠમાં પણ મદદ કરી; પછી કહ્યું આલ્યા જીવણરામ, કાલે મેં તને ભમરડો ન આપ્યો, તેથી તને માઠું તો લાગ્યું હશે, પણ એમ હોય તો તારી ભૂલ છે. મેં તો તારા ભલાસારૂ ના કહી. મને જે ખરૂં લાગે છે તે હું હમેશાં કરૂં છું ને કરીશ.

पाठ ३. खरुं काम करवानी छातीचलावनार छोकरा. भाग ३.

યત્ન સુધારો હાંસી દુર્ગુણ

પછી જયાનંદે વધારે સમજાવીને કહ્યું કે, મારી ચાલ આપણી નિશાળના બીજા છોકરાને ગમતી તો નહીં હોય, પણ તેમને જલદી માલમ પડશે કે હું ખરૂં કરૂં છું, ને તેમના ફાયદાને માટેજ કરૂં છું. તારા ભમરડાની આર નીકળી ગઈ છે; તે કાલસુધી નવી થવાની નથી, માટે આજ મારે ભમરડે છૂટીની વેળાએ રમજે.

કેટલાએક મહિના ગયાકેડે જીવણરામની માએ પૂછ્યું, કેમ દીકરા, હવે તને જયાનંદજોડે બને છે કે નહીં? જીવણરામે કહ્યું, "મા, એના જેવો ડાહ્યો છોકરો મારી નિશાળમાં કોઈ નથી, ને દુનિઆમાં પણ નહીં હોય. એ બહુજ ભોળો છે. પરમેશ્વર જેથી રાજી થાય એવું એને જે લાગે છે, તેજ એ કરે છે. પેહેલાં સૌ છોકરાં એની મશ્કરી કરતાં, ને બીજવતાં, પણ હવે સઘળાં એનાપર હેત રાખે છે. એ સૌને ઘણોજ વહાલો લાગે છે. એ ડાહ્યો અને સરળ સ્વભાવનો છે, અને છૂટીમાં સૌસાથે રમે છે. જ્યારે કોઇને પાઠ કે હિસાબ ન આવડે ત્યારે તે બતાવે છે, પણ પેહેલાં પોતાની મેહેનતથી શીખવાને યત્ન કર્યા છતાં ન આવડે, ત્યારેજ શીખવે; ત્યારપેહેલાં શીખવે નહીં. એનાથી નિશાળમાં ઘણોજ સુધારો થયો છે.

બધાં છોકરાં જયાનંદના જેવાં હોય તો કેવું સારૂં! સૌ છોકરાંમાં ખરૂં ને વાજબી કરવાની હિંમત હોય તો કેટલો ગુણ થાય! જે એમ કરે તેની પેહેલાં કદાપિ હાંસી થાય, પણ આખરે સૌ તેને માન આપે ને ચાહે. નિશાળમાંથી કજીઆ, કંકાસ, ને દુર્ગુણ નાશ પામે એટલુંજ નહીં, પણ [illegible] શાળાની કીર્તિ વધશે, તેમાં [illegible]!

પાઠ ૪. પક્ષી.



કેટલાંએક પશુનાં શરીરઊપર સાફ ચામડી હોય છે. તેપર નાના વાળ હોય છે. કેટલાંકને લાંબા વાળ, કેટલાંકને રૂવાં, ને કેટલાંકને ઊન હોય છે. પશુને બરડાની કરોડ હોય છે, તેમ પક્ષીઓને પણ હોય છે. બીજાં પ્રાણીને મોં હોય છે, પણ પક્ષીને તેને બદલે ચાંચ હોય છે. બીજાં પ્રાણીને ઘણું કરીને ચાર પગ, કે બે પગ ને બે હાથ હોય છે. પણ પક્ષીને બે પગ ને બે પાંખ હોય છે. બીજાં પ્રાણીને ઘણું કરીને બચ્ચાં અવતરે છે, પણ પક્ષી ઇંડાં મુકે છે. ને તેને સેવે છે ત્યારે માંહેથી બચ્ચાં નીકળે છે. બીજાં પ્રાણીનાં હાડકાંમાં ગર જેવું હોય છે, પણ પક્ષીનાં હાડકાં પોલાં ને માંહે હવા ભરેલાં હોય છે. તેથી તેને ઉડવાને સેહેલું પડે છે. પક્ષીને પીછાં હોય છે તે પણ પોલાં ને હલકાં હોય છે. પક્ષી આપણીપેઠે એકલાં નસકોરાંવતીજ શ્વાસ લે છે એમ નહીં, પણ તેના શરીરમાં છિદ્રો હોય છે, તેવતી હવા શરીરમાં લે છે. તેથી એના શરીરમાં બહુ હવા ભરાય છે, અને તેણે કરીને તે ઉંચે ઉડે છે. જેમ પશુ પશુમાં ફેર છે, તેમ પક્ષી પક્ષી-

માં પણ છે. કેટલાંએકની ચાંચ વાંકી, અણીઆળી, ને કઠણ હોય છે, તથા તેના નખ પણ અણીઆળા હોય છે તેથી બીજાં જાનવરને મારી નાંખે છે; ગીધ, ગરજણ, સમળી, બાજ, ઘૂડ, વગેરે એ જાતનાં પક્ષી છે. કેટલાંક પક્ષીની ચાંચ લાંબી, સીધી, ને કઠણ હોય છે; કાગડા, લક્કડખોદ, ચાસ, સારસ, વગેરે એ જાતનાં પક્ષી છે. કેટલાંએકની ચાંચ નરમ હોય છે; ચકલી, કૂકડી, કબૂતર, દેવચકલી, હોલા, વગેરે એવાં પક્ષી છે. ઉપર કહેલાં સઘળાં પક્ષીને પગે ચાર ચાર આંગળાં હોય છે, પણ કેટલાંએકને આંગળાંવચ્ચે ચામડી આવી જઈને તે સંધાઈ ગએલાં હોય છે. તેથી તે પાણી ઉપર ચાલી શકે છે; જળકૂકડી, બતક, વગેરે પક્ષી એવાં હોય છે. વળી બીજાં કેટલાંએક પક્ષીને બે આંગળાં આગળ ને બે આંગળાં પાછળ હોય છે; મોર, કોએલ, પોપટ, મેના, કાકાકૌઆ, દેવતખ્યા, વગેરે એવાં છે. કેટલાંક કાદવમાં ચાલનારાં પક્ષી છે. તેના પગ લાંબા, ને શરીર હલકાં હોય છે; તેમાં બગલા વગેરે છે. આ પાઠને મથાળે મોરનું ચિત્ર છે.

पाठ ९. सिंधव.

ડોળચી સિંધવ ઝુંમર અછત ઉત્પન્ન

મોટામાં મોટી સિંધવની ખાણો યુરોપ ખંડમાં પોલાંડ કરીને દેશ છે તેમાં છે. તેમાંથી આજ છસેં વરસ થયાં સિંધવ ખોદી કાઢે છે. કહે છે કે તેમાં એટલો તો ખાર હજુ ભરેલો છે કે બીજાં હજારો વરસ સુધી બધી દુનિઆના લોકને ચાલશે. વળી એ ખાણ એટલી તો મોટી છે કે જાણે ભોંયની તળે ગામ વસેલું હોય. ખાણના મોંઆગળ એ ખાર લાવવાને તેમાં બાંધેલા રસ્તા તથા ગાડી ઘોડા હોય છે.

એ ખાણમાં ઉતરવાને કૂવા જેવા ઊંડા ખાડા હોય છે. મોટી ડોળચીમાં કે ટોપલીમાં બેસીને તેમાં ઉતરે છે. કૂવાને તળીએ પહોંચ્યાપછી પણ માંહે જવાના ને નીચે ઉતરવાના રસ્તા હોય છે.

ખાણની છેક હેઠે સુરંગ ભરીને ઉડાડે છે, તેથી ખારનાં મોટાં ચોસલાં છૂટાં પડે છે. તેના કુહાડી અને હથોડાવતી ભાગી ભાગીને નાના કડકા કરે છે, તે ટોપલામાં ભરીને ઉપર ખેંચી લે છે. ઘણા દેશમાં મીઠાને ઠેકાણે સિંધવ વાપરે છે. પણ જેવો ખાણમાંથી નીકળે છે તેવોને તેવો ખવાતો નથી; એને પાણીમાં ઓગાળીને પછી દેવતાપર મુકી પાણી બાળી નાંખે છે, ત્યારે તળે જે રહે છે તે ખાવામાં આવે છે. એશિઆ ખંડના કેટલાક ભાગમાં તો એ ખાર એવો કડણ થાય છે કે ઘર બાંધવાના કામમાં લોક વાપરે છે. યુરોપ ખંડના સ્પેન દેશમાં તો ઝુંમર, નાની નાની મૂર્તિઓ, અને એવાં એવાં બીજાં ઘણાં રમકડાં તથા ઉપયોગી વસ્તુઓ એની બનાવે છે. આફ્રિકા ખંડના વચલા મુલકમાં પણ સિંધવ ઘણો કઠણ થાય છે. અને તેની અછત છે, માટે એના કડકાને ઘશીને બરાબર ગોળ કરે છે અને પૈસાને ઠેકાણે ચલાવે છે.

આપણે પરમેશ્વરનો કેટલો ઉપકાર માનવો જોઈએ કે માણસને વાસ્તે તેણે મીઠાના ને સિંધવના જેવી ઉપયોગી વસ્તુઓ દરિઆમાં ને જમીનમાં ઉત્પન્ન કરી છે એ ન હોય તો આપણું ખાવાનું કેવું ફીકું લાગે! અથાણાં તો થાયજ ક્યાંથી? શરીર પણ દુબળું થઈ જાય.

पाठ ९. झाडनो टीशीओ. भाग १.

એક દહાડો પાનખર ઋતુમાં વનમાળીના બાપે એને કહ્યું કે, હવે થોડા દહાડામાં ઝાડને પાંદડાં આવશે. વનમાળી બોલ્યો, બાપા, ઝાડપર હમણાં પાકાં પાકાં પાંદડાં થોડાં દેખાય છે. તે રોજ રોજ ખરી પડતાં જાય છે. એ બધાં ખરી પડશે, ત્યારે ઝાડ મરીને સુકા લાકડા જેવાં નહીં થઈ જાય?

બાપ—ના, તે નહીં સૂકાય, ભાઈ. જેવું તું દેખે છે તેવું હું દેખું છું; તું ધારે છે કે તે સૂકાઈ જશે પણ હું તેમ ધારતો નથી, કેમકે તને સારી પેઠે તપાસીને જોવાની ટેવ નથી તેથી તને એમ લાગે છે. જ્યારે હું તારા જેવડો નાનો હતો, ત્યારે મને પણ ખબર નહોતી. જ્યારે મોટો થયો ત્યારે તપાસ કરીને જોવા

લાગ્યાં, અને મને માલમ પડ્યું કે પાનખર ઋતુમાં જે ઝાડનાં પાંદડાં ખરી પડે છે, તેને ત્યારપછી પાંદડાં પાછાં આવે છે. તે પાંદડાં કેમ આવે છે તે બીજે વરસે મેં તપાશી જોયું, ત્યારે માલમ પડ્યું કે, સઘળી ડાખળીને છેડે એક ગોળ કે લાંબી ટીશી થાય છે અને તે ટીશીમાંથી કુંપળ ફુટે છે.

વનમાળી—બાપા, આ ઝાડઉપર દેખાય છે તે ટીશીઓ કે?

બાપ—હા ભાઈ, હવે એમાંથી પાંદડાં ફુટશે ને પછી ફુલ આવશે.

ત્યારકેડે કેટલેક દહાડે જ્યારે ટીશીઓ મોટી થઈ, ત્યારે તેનો બાપ વનમાળીને દેખાડવામાટે કેટલીક તોડી લાવ્યો. તેમાંની એક વનમાળી હાથમાં લઈને બોલ્યો, "બાપા, એની માંહે શું હશે તે મને દેખાડોને? ત્યારે તેણે એક મોટી ટીશી લઈને ચાકુવતી ચીરીને તેના બે ભાગ કર્યા. તે જોઈને વનમાળી બોલ્યો, બાપા, માંહે તો પાંદડાં કે ફુલ કાંઈએ નથી.

બાપ—નથી કેમ? છે, જરા તપાશીને જો તો ખરો. જો એ ઝાડપર રહી હોત, તો એમાંથી પાંદડાં ને ફુલ નીકળત.

पाठ ७. झाडनो टीशीओ. भाग २.

પછી વનમાળીએ ચપ્પુના પાનાવતી માંહેથી પાંદડાંજેવી જણુસ કાઢી, પણ તે લીલા રંગની નહોતી, માટે તે બોલ્યો, આ ઉપર ધોળું ધોળું શું? આ તો મારો કાન પાક્યો હતો, ત્યારે રૂનું પૂમડું માંહે મુક્યું હતું તેવું દેખાય છે.

બાપા—ભાઈ, ધોળું ધોળું રૂ નથી, એ તો ટીશીઓને હુંફાળી રાખવાસારૂ છે. તેણે પાંદડાં ચપ્પુવતી બહાર કાઢયાં, ને વનમાળીને તપાશી જોવા આપ્યાં. ત્યારે વનમાળી બોલ્યો કે, વા! એ પાંદડાં કેવાં એક ઉપર એક ચોંટી ગયાં છે. જો એમ નહીં હોત તો આટલાં પાંદડાં આટલી નાની ટીશીમાં કેમ માત? પણ બાપા, આ ઉપરનો ભાગ શો છે?

બાપા—ભાઈ, પાંદડાં છે. પણ તે ટાઢ લાગ્યાથી જરા કઠણ થયાં છે. એ માંહેનાં પાંદડાંને બહુ જાળવે છે, અને ઘણી હુંફ વાળે છે.

વનમાળી—ખરી વાત, જેમ મારી બાબજી મને હુકાળો શજેછે તેમ. પણ મને ફૂલ દેખાડશો?

બાપા—આ રહ્યું. (એમ કહીને ઠીશીની વચ્ચોવચથી કાંઈ ચપુની અણીવતી કાઢ્યું, ને ફૂલની કળી જેવું કાંઈ દેખાડ્યું) એ મોટું ફૂલ થાત. ભાઈ, હવે કહે, એ ઠીશી ફાટીને માંહેથી પાંદડાં ને ફૂલ નીકળે ને તે મોટાં થાય તો તે અસલ કેવાં હતાં તે તું ઓળખે કે?

વનમાળી—એમાં શું છે? તે પાતરાં માંહે હતાં ત્યારે નાનાં હતાં, ને પછી ઘણાં મોટાં થયાં, પણ આકાર તો તેનો તેજ.

બાપા—પણ એ મોટાં થતા પેહેલાં શું થાય, તે તું જાણે છે?

વનમાળી—ના બાપા.

બાપા—જો, આ ઠીશી મોટી થાય, પછી તે ફાટે, ને માંહેથી પાંદડાં નીકળે તે લીલાં થાય. પછી કળી આવીને ફૂલ થાય, ને તે ખીલે ને સુંદર દેખાય. એ સઘળું થવાને વરસાદ ને સૂરજના તાપ જોઈએ. તે ન હોય તો તેઓ કરમાઈને મરી જાય. વા! જગત્કર્ત્તાએ આટલા ઠીશીમાં કેટલી જણસ ભરી છે!

पाठ ८. सुरत. भाग १.

સબબ લાતી માઞ્

સુરત શેહેર તાપી નદીને દક્ષિણ કીનારે તેના મૂખથી વીશ મૈલને અંતરે છે. એ શેહેર પેહેલાં પશ્ચિમ હિંદુસ્થાનમાં ઘણું નામીચું ગણાતું હતું. એમાં વેપાર ઘણો સારો ચાલતો, અને પૈસો પણ ઘણો હતો. એ શેહેરના ઉપર કેટલીએક મોટી આગ તથા રેલની આફતો પડી તેના સબબથી તેની હાલત અગાઉના સરખી નથી; ને હાલ મુંબાઈ વેપારનું મથક થયું તેથી સુરતમાં વેપારરોજગાર નબળાં પડી ગયાં છે. એ શેહેરને અસલ બે કોટ હતા, તેમાંનો એક નાનો અને બીજો મોટો. નાના કોટની અંદર જેટલો ભાગ આવેલો છે તેને શેહેર કહે છે, અને નાના તથા મોટા કોટની વચ્ચે જે ભાગ આવેલો છે

તેને પરૂં કહે છે. સુરતના માજી કોતવાલ અરદેશર બહાદુરે સરકારની રજા લઈ કેટલીએક અડચણો મટાડવાને સારૂ નાનો કોટ તોડાવી નાંખ્યો છે. નાના કોટને છ ભાગળ છે, તથા તાપી નદીઉપર તેમાંની ચાર બારીઓ છે. પરાંની આસપાસનો અથવા મોટો કોટ કેટલીએક જગ્યાએ નબળો થઈ ગયો છે. એ કોટને બાર દરવાજા છે, અને ઉપર કહેલી ચાર બારીઓસુધાં છ બારીઓ છે. એ શેહેરમાં એક નાનો કિલ્લો છે, તે તાપી નદીના કિનારાપર છે. એ કિલ્લાની આસપાસ એક ખાઈ છે, અને તેઉપર ઉપાડી લેવાય એવો લાકડાનો પૂલ છે. એ કિલ્લામાં કલેક્ટર તથા માજિસ્ટ્રેટ, તેના આસિસ્ટંટો, વગેરે બીજા કેટલાક સરકારી કામદારોની કચેરી છે. અંગ્રેજ લોકે હિંદુસ્તાનમાં વેપાર કરવાને પેહેલી એ શેહેરમાં સને ૧૬૧૨ માં કોઠી કરી હતી. વલંદા લોકોએ વેપારને વાસ્તે બંદર બાંધેલું છે, તેને વલંદાનું બંદર કહે છે. ત્યાં તેમની કોઠી હતી. શેહેરના જે ભાગમાં તે લોકોએ પોતાને રહેવાને ઘર બાંધેલાં હતાં તેને વલંદાવાડ કહે છે. વળી ફિરંગી લોકોએ વેપારને વાસ્તે એક બાતી બાંધેલી હતી.

પાઠ ૯. સુરત ભાગ ૨.

અમલદાર દરિઆમેહેલ રેલવે યુરોપીઅન ડક્કો ફુરજો

એ શેહેરમાં આગળના મુગલાઈ અમલદારોની ઘણી સારી ઈમારતો છે. તેમાં નવાબ સાહેબનો તથા બક્ષી સાહેબનો દરિઆમેહેલ મુખ્ય છે. પણ તેઓના ઉપર મરામત ન થવાથી કેટલીએકની હાલત ખરાબ થઈ ગઈ છે. એઓમાંથી કેટલીએક ઈમારતો નદીના કિનારાપર આવેલી છે, તેથી સામે પારથી શેહેરનો દેખાવ ઘણો સારો માલમ પડે છે. પરાંના થોડાક શરિઆમ રસ્તા ઘણુંકરીને સીધા ને પોહોળા છે, પણ શેહેરના તો ઘણું કરીને સાંકડાં છે. હાલમાં મ્યુનિસિપાલ ખાતું નીકળવાથી રસ્તાની હાલત દિવસે દિવસે સુધરતી જાય છે, અને કિલ્લાથી રેલવે સ્ટેશનસુધી જે સડક નવી બાંધી છે તે ખરેખર વખાણવાલાયક છે. મોટા રસ્તા-

પર પાણી છંટાય છે, તથા રાત્રે દીવા મૂકાય છે. ઘણું કરીને સઘળાં ઘરને બે બારણાં હોય છે, અને દરેક મહોલ્લાની અથવા પોળની બાંધણી એવી છે કે તેની બંને બાજુએ લોકને અથવા ગાડી ઘોડાને જવા આવવાને રસ્તા હોય છે. યુરોપીઅન સરકારી કામદારોનાં મકાન, શેહેરના પશ્ચિમ ભાગમાં છે. શેહેરમાં ઉંચ વરણની વસ્તી છે, અને પરાંમાં કણબી વગેરે બીજા લોકની વસ્તી છે.

એ શેહેરમાં વોહોરા તથા પારસીઓની ઈમારતો તથા બંગલા પણ સરસ છે. એ શેહેરની નદીમાં વાહાણ ચાલી શકે છે તેથી ઘણોજ ફાયદા છે. હાલમાં નદી કચરાથી પૂરાતી જાય છે તેથી વાહાણોને આવતાં ઘણીવાર અડચણ પડે છે. અનાજ, લક્કડ, રૂ, ગોળ, વગેરે માલ દેશાવર ખાતે જાય છે. આગળ બધો માલ ફુરજેથી ચઢતો, પણ તે જગ્યાએ પાણી કમી થવાને લીધે કિલ્લાની પાસે એક નવો ડક્કો બાંધેલો છે. હાલ તે પણ તેજ કારણથી નિરૂપયોગી જેવો થઈ પડ્યો છે. કોઈ કોઈવાર ત્યાંથી દેશાવર ખાતે જવાને બારકસો ભરાય છે. અમદાવાદ અને મુંબઈવચ્ચે આગગાડી ચાલે છે તેથી ઘણીવાર ગુજરાતના લોકો મુંબઈ જતાં સુરતમાં વાસો કરે છે. રેશમ વગેરે ભારે મુલનો સામાન આગગાડીની મારફત બહાર મોકલવામાં આવે છે. લોઢાની સડક બનવાથી ઘણાક લોકોને ફાયદા થયા છે.

पाठ १०. अखाना छप्पा.

स्वप्न	कूख	निरधार	मिथ्या
माया	पलक	फीटी जवुं	महिमा
रिधसिध	वना	फना	मर्कट
मालनुं पात्र	मदिरा	रंक	अहार

एक अफीण, बीजुं आळस, ए बेमां छे एवो रस;
जेम जेम अधिकुं खातो जाय, अंग अकले हीणो थाय;
जो मूके तो कारज सरे, नहीं तो अखा ते खातो मरे. १

जेम कोइ जन उंघी गयो, करे अहार स्वप्न वश थयो;
भक्ष करे पण मांहे भूख, ठाली ने ठालो रहे कुख:
ए मज अखो कहे निरधार. भणतर मिथ्या वगर विचार. २
सुखीआं दुखीआं दीसे बहु, पण मायाना दीस सहु:
सुखीआ पलके दुखीआं थाय. धन तन लज्जा फीटी जाय:
रंक हता ते बनीआ राय. अखा एज माया महिमाय. ३
पलके रिधसिध आवे घणी, जीव जाणे हुं सौनो धणी:
जेम वरघोडे मळ्या बहु वना, पलके रहीने थाय ते फना:
अखा माया करे फजेत, खाना खांड ने चावता रेत. ४
ओछुं पात्र ने अदकुं भण्यो, वढकणी वहुए दीकरो जण्यो:
मारकणो सांढ चोमासुं माल्यो, करडकणो कुतरो हडकवा हाल्यो;
मर्कट ए वळी मदिरा पीए, अखा एथी सौको बीए. ५

पाठ ११. मगर. भाग १.



અદ્‌ભૂત

એશીઆ, આફ્રિકા, ને અમેરિકાના જે દેશોમાં તાપ બહુ પડે છે, ત્યાંની મોટી નદીઓમાં મગર ઘણા હોય છે. આપણા દેશમાં

ગરોળી હોય છે, તેના જેવો મગરનો ઘાટ છે. ગરોળી તો વેંતથીએ નાની છે, ને મગર તો બાર તેર હાથ લાંબો હોય છે. મગરનો રંગ તમાકુના જેવો હોય છે. એની પીઠે એવાં જાડાં ભીંગડાં છે કે તેમાં બંદુકની ગોળી પણ પેસવી એ કઠણ. એના મોઢાની ફાડ બહુ મોટી છે. તેમાં ઘણા ને તીણા દાંત છે.

મગરી પોતાનાં ઇંડાં નદી કે તળાવકાંઠે રેતીમાં મુકે છે ત્યાં તે સૂરજના તાપથી સેવાય છે. એ ઇંડાં મોટાં જાંબુકરતાં મોટાં હોય છે. સાપને એનાં ઇંડાં બહુ ભાવે છે, માટે શોધા શોધીને ખાય છે. મિસર દેશમાં ઇકન્યૂમન કરી ઝીણાં જાનવર થાય છે, તે એ ઇંડાં ખોળી કાઢવામાં તથા તેને ફોડી નાંખવામાં ઘણાંજ ખબરદાર છે. એમાટે અસલના વખતમાં ત્યાંના લોક ઇકન્યૂમનની પૂજા કરતા. મગરનાં બચ્ચાં ઇંડાંમાંથી નીકળે છે, તેવાંજ પાણીભણી દોડે છે ; પણ ત્યાં પહોંચ્યા પેહેલાં માર્ગમાં પક્ષી તથા બીજાં જાનવરો તેમાંનાં સેંકડોને મારી ખાય છે.

થોડા પાણીવાળી જગ્યામાં તથા તળાવમાં એ કેવી અદ્ભુત રીતે શિકાર કરે છે તે હવેપછીના પાઠમાં લખેલું છે.

पाठ १२. मगर. भाग २.

ભગત   વ્યાધી

મગરને શિકાર કરવો હોય ત્યારે જ્યાં જાનવર પાણી પીવા આવતાં હોય, ત્યાં જઈ પાણીઉપર સ્થિર થઈ બેસે છે, તેવારે સડેલ સૂકા લાકડાજેવો જણાય છે. જેવો શિકાર આવ્યો કે તરાપ મારી તેને પકડી ઊંડા પાણીમાં ઘસડી લઈ જાય છે, ને તેને ત્યાં મારીને ખાઈ જાય છે. નદીમાં મુડદાં તણાઈ આવ્યાં હોય, તેને ખાઈ જાય છે. એ કામ એ બહુ સારૂં કરે છે. કેમકે નહીં તો મુડદાં કોહી જઈ માંહેથી દુર્ગંધ નીકળે, ને તેથી આસપાસનાં ગામના લોકમાં મરકી વગેરે રોગો પેદા થાય. મગર ઘણું ખરૂં તો માછલાં ખાઈને જીવે છે. મિસર દેશના અસલના મુરખ લોક જે જાનવરોની પૂજા કરતા, તેમાં

મગર પણ હતો. ત્યાંની નદીઓમાં ઘણા મગર હતા તેમને બહાર કાઢી સોનાહીરાનાં ઘરેણાં પેહેરાવીને, તથા ખુશબોદાર ફૂલના હાર ઘાલીને ભાતભાતના મેવાનો પ્રસાદ તેમની આગળ ધરાવતા. આ દેશની નદીઓમાં પણ મગર છે. સિંધમાં કરાચીઆગળ એક તળાવ છે, તેમાં બહુ મગર છે. ત્યાંના કેટલાએક મૂરખ લોકો તેની પૂજા કરે છે, ને તેને સારાં સારાં ભોજન જમાડે છે. એથી એ તળાવમાં તે એટલા તો વધીને મસ્ત થઈ ગયા છે કે પાળપર ફરતા માણસને પકડી ખાઈ જાય છે. એ વાતની સરકારને ખબર પડી છે, ત્યારથી એવો હુકમ કીધો છે કે જે માણસો એ મગરને ખવરાવે છે, તેમણે તેઓને જાળવવા જોઈએ, ને એ મગર કોઈને મારી નાંખશે તો તેના કુટુંબનું ભરણપોષણ મગરના ભગતોને કરવું પડશે.

पाठ १३. खरुं लोढुं. भाग १.

બરછી રંદો આરી ઓજાર

પાછલી ચોપડીમાં કહ્યું છે કે લોઢું બહુ કામનું છે; પણ કેટલીક જણસો બનાવવાને સારૂ જોઈએ તેટલું તે સખત નથી. લોઢાને ઘશીને ધાર કાઢીએ તો નીકળે નહીં, પણ બરછી, ચપ્પુ, કાતર, આરી, કુહાડી, રંદો, વગેરે ઘણાં ઓજારો લોઢાનાં થાય છે. જેટલાં ઓજાર કાપવાકૂપવાને સારૂ બને છે તે લોઢાનાંજ થાય છે. પણ એ સાધારણ લોઢનાં થતાં નથી, ખરા લોઢાનાં થાય છે. તે ખરૂં લોઢું, જેને કોઈ લોક ગજવેલ કે પોલાદ પણ કહે છે, તે સાધારણ લોઢાનું થાય છે. તેની રીત આપ્રમાણે છે. કોયલાનો ભૂકો ને લોઢાના ગજ મોટા વાસણોમાં ભરે છે. પછી તે વાસણો ચારે મેરથી બંધ કરીને મોટી ભઠીઆમાં ઘણા દહાડાસુધી રાખી મૂકે છે. જેમ ઘણા દહાડા ભઠીમાં રહીને તપે છે તેમ પોલાદ વધારે કઠણ થાય છે. ઘણાં ધારવાળાં હથિઆરોને સારૂ તો ઘણુંજ કઠણ પોલાદ જોઈએ. પણ કમાનને સારૂ તો નરમ જોઈએ. માટે કમાનને જોઈએ તેવું પોલાદ કરવાને જેટલા દહાડા લોઢાને તાપ દે

છે, તે કરતાં ધારવાળાં ઓજારોના પોલાદને માટે એ ત્રણ દિવસ વધારે તાપમાં રાખે છે. જેટલું જોઈએ તેટલું કઠણ પોલાદ થયું કે ભઠ્ઠીને એની મેળે ટાઢાં પડવા દે છે. ટાઢાં પડતાં ચૌદ દહાડા લાગે છે. ત્યારપછી તે વાસણ બહાર કાઢીને ઉઘાડે છે, એટલે લોઢાના ગજ પોલાદના થઈ ગએલા નજરે પડે છે.

પાઠ ૧૪. खरुं लोढुं. भाग २.

સ્થિતિસ્થાપક

ભઠ્ઠામાંથી પોલાદ કાઢીને જેવાં હથિઆર, ઓજાર, કે ઘાટ કરવા હોય, તેવા કાપી કાઢે છે, પણ તેને પાણી પાય છે ત્યારેજ ખપમાં આવે છે. ખરા લોઢાને પાણી પાવાની રીત એવી છે કે તેને તપાવીને તરત ટાઢું પાડે છે. જેમ તરત ટાઢું પાડે, તેમ વધારે કઠણ થાય. કોઈ વાર તો તપાવીને ટાઢું પાડવાને પારામાં, કોઈ વાર પાણીમાં, અને કોઈ વાર તેલમાં બોળે છે.

ટાઢું પાડવાને થોડી કે ઘણી વાર લગાડે, તેમ પોલાદના રંગ જૂદા જૂદા થાય. ચપ્પુના અને ઘડીઆળની કમાનના રંગ કેવા જૂદા જૂદા હોય છે, તે તો હરકોઈને તરત જણાય છે; કમાનનો રંગ તો ઘણે આસમાની હોય છે. કમાનો નરમ પોલાદની થાય છે, ને ચપ્પુ કરતાં એને વધારે પાણી પાવું પડે છે, તેથી એનો રંગ આસમાની હોય છે.

પોલાદનો રંગ શામળો હોય છે. એને ઘસીને ખૂબ ઓપ ચડાવે તો ચડે. જેમ લોઢાને બહુ ટીપીને પતરાં કરીએ કે ખેંચીને તાર કરીએ, તેમ એના થાય નહીં, પણ એ તેના કરતાં બરડ અને સ્થિતિસ્થાપક છે. જે વહેલું વહેલું ભાગે કે ફાટી જાય તે બરડ કહેવાય. જો નેતરની સોટીને વાળીએ તો તે વળે. અને જ્યાંલગણ વાળેલી રાખીએ ત્યાંલગણ તેમ વળેલી રહે, પણ છોડી દઈએ તો પાછી હતી તેવી થઈ જાય. એવો ગુણ જે પદાર્થમાં હોય તેને સ્થિતિસ્થાપક કહે છે. ઘડીઆળની કમાન બહુ સ્થિતિસ્થાપક હોય છે; એ કમાનો ખરા લોઢાની થાય છે.

पाठ १६. बंदीखाना मे उंदर. भाग १.

ઈતરાજી	વિશ્વાસ	દારોગો
ઓસાર	સમાગમ	બાકું

યુરોપમાં પારીસ શહેરમાં પેહેલાં બાસ્તીલ નામે મોટો કિલ્લો હતો, તેનું બંધીખાનું કર્યું હતું. જ્યારે રાજાની કોઈ માણસઉપર ઈતરાજી થાય, ત્યારે તેને તેમાં કેદ રાખે. એવા કેટલાક બંધીવાન ઘણાં વરસોલગણ મેહેલનાંમાંહે રહે, અને તેમને કદી ફરવા હરવાની રજા મળે નહીં. તેમનાં સગાંવહાલાંમાંથી કોઇને પણ મળવા ન દે. કોઈ એક સમે તે બાસ્તીલમાં લાટૂદ નામે એક કેદી હતો. તે પેહેલવેહેલો બંધીખાનામાં પડ્યો, ત્યારે તેની ઉમર વીશ વરસની હતી. તે આ બંધીખાનામાં તથા બીજા કેદખાનામાં મળીને પાંત્રીશ વરસ કેદ રહ્યો, તેથી જ્યારે તે છૂટ્યો ત્યારે છેક ઘરડો ડોસો થઈ ગયો હતો. એ બિચારાને ઘણાંએક વરસસુધી એક નાની કોટડીમાં રાખ્યો હતો. ત્યાં તેને કોઇની પણ સોબત નહોતી. બંધીખાનાનો દારોગો તેને સારૂ ખાવાનું આણતો તેવિના બીજા કોઇને તે જોવા પામતો નહીં; તેથી તે ઘણો અકળાયો, કેમકે માણસના સમાગમસરખું સુખ બીજા કશાથી થતું નથી.

લાટૂદની કોટડીમાંની ભીંતે એક આડું બાકું હતું તેમાંથી અજવાળું પડતું બીજે કહીંથી અજવાળું આવવાનો રસ્તો નહોતો. ભીંતનો ઓસાર મોટો હતો, તેથી ફાટ ઘણી ઉંડી હતી. એક દિવસ તે એ ફાટમાંથી જોતો હતો, એટલામાં તેણે એક ઉંદરને એ ફાટને પેલે છેડેથી આવતાં દીઠો. લાટૂદ એકલોજ હતો, માટે ગમે તેવો પ્રાણી પાસે આવે તો બાપજી કરીને રાખે. પછી પેલો ઉંદર બીએ નહીં, તેમ તેણે હળવે રહીને એક રોટલાનો કડકો તેની તરફ નાંખ્યો. ઉંદરે આગળ આવીને તે કડકો લીધો અને બીજો જોઈતો હોય એવું મોં કર્યું. લાટૂદે એક બીજો કડકો જરા પાસે નાંખ્યો, ત્યારે ઉંદરે આગળ આવીને તે પણ ખાધો. એમ કરતાં કરતાં ઉંદરને વિશ્વાસ પડ્યો કે એ મને મારશે નહીં. જ્યાંલગણ તેણે રોટલો નાંખ્યા કીધો ત્યાંલગણ તે ઉંદર ત્યાંનો ત્યાં રહ્યો, ને ખાતાં વધ્યું તે દરમાં લઈ ગયો.

पाठ १९. बंधीवान ने उंदर. भाग २.

ડોળ હિમાયતી

બીજે દહાડે ઉંદર પાછો આવ્યો, ત્યારે લાટૂદે તેને કડકો રોટલી ને માંસ નાંખ્યું, ત તેને ઘણું સ્વાદ લાગ્યું હોય, એમ જણાયું. પછી ત્રીજે દિવસે તે આવ્યો ત્યારે તો તે એવો હળી ગએલો દેખાયો કે લાટૂદના હાથમાંથી ખાવા લાગ્યો. પાંચમે દહાડે તો જાણે પોતાના ખવરાવનારની પાસે રહેવામાં ઘણો ગુણ છે, એવું ધારીને કોઈ આવી રહે, તેમ તે ઉંદર ફાટને બીજે છેડે એક દર હતું ત્યાં આવીને રહ્યો. બીજે દહાડે તે સવારમાં આવ્યો ને ખાઇને જતો રહ્યો, ને તે દહાડે ફરીથી દેખાયો નહીં. પછી બીજે દહાડે એક ઉંદરડીને લઇને આવ્યો. તે જાણે પેલા કેદીથી બીતી હોય, તેમ પેલા દરમાંથી ડોકીઆં કરે. લાટૂદે તેને રોટલી ને માંસ નાંખીને હેળવવાની જુગતી કરી, પણ તેની પાસે આવવાની તેની છાતી ચાલી નહીં. છેલ્લે ઉંદરને મોકળે મને ખાતો જોઇને તે એક વાર ધશીને આવી ને રોટલીનો કડકો લઇને પાધરી જતી રહી. પછી તેણે જરા વધારે છાતી ચલાવીને પેલા ઉંદરસાથે ખેંચાખેંચ કરીને કેટલાક કડકા લઈ ગઈ. જેમ કોઈ રાવ ખાવાને આવતો હોય તેમ તે ઉંદર લાટૂદપાસે આવે. ને કડકો મળે ત્યારે તેની પાસે બેસે, ને ઘુંટણીઆં ટેકીને વાંદરાની પેઠે તે માંસનો કડકો પંજામાં રાખીને ભારે ડોળથી ખાય; જાણે તેનો મનસુબો પોતાની માદાને જણાવવાનો હોય કે હું મારા હિમાયતીપાસે છું.

કેટલાક દહાડાસુધી તે ઉંદરડી લાજમાં ને લાજમાં રહી, ને પેલો ઉંદર તો લાટૂદપાસે સુખે ખાય, પણ ઉંદરડી ભૂખે મરે. છેલ્લે તે ઉંદરડીથી ન રહેવાયું, ત્યારે એક દહાડો લાટૂદે ઉંદરને પહેલો કડકો નાંખ્યો તેવોજ તેણીએ કૂદકો મારીને ઝાલી લીધો, પણ પેલો ઉંદર જોરથી ઝાલી રહ્યો, તેથી તાણાતાણ થઈ. એક આમ તાણે ને એક આમ તાણે. એમ તાણતાં તાણતાં બંને દરભણી ગયાં. તેમાં ઉંદરડી જોર કરીને ઉંદરને માંહે ખેંચી ગઈ. એ જોઇને લાટૂદને બહુ રમૂજ પડી, ને તે પાતાનું બધું દુઃખ વીસરી ગયો.

પાઠ ૧૭. બંધીવાન ને ઉંદર. ભાગ ૩.

સૂગ	સારાંશ	રીઝવવું	વિજોગ
એકાંત	નર્યાં	હાડછેડ	હીજરાવું

પછી રહેતે રહેતે ઉંદરડી ઉંદરની પેઠે હળી ગઈ, તેથી તે પણ રોજ રોજ લાટૂદના હાથમાંથી ખાવા લાગી. પછી ત્યાં એક ત્રીજો ઉંદર આવ્યો તે જેવાં પેલાં ખાતાં હતાં, તેવો બીતો નહોતો. બીજે દહાડે એ ત્રીજો પણ હાથમાંથી ખાવા લાગ્યો, અને એક કુટું-બનો હોય તેમ મળી ગયો. તે ત્રીજો બીજે દહાડે બીજા બેને લેતો આવ્યો, એ બે જણે એક અઠવાડીઆમાં બીજા પાંચ આણ્યા. એ રીતે એક પખવાડીઆમાં ૧૦ ઉંદરની હાર લાટૂદપાસે રોજ બેશીને ખાય. પછી તેણે તે ઉંદરનાં જૂદાં જૂદાં નામ પાડયાં, તે તેઓ ઓળખવા લાગ્યા, ને જેનું નામ દઈને બોલાવે તે આવાને ઉભો રહે. એ રીતે ઘણાક દહાડાસુધી ચાલ્યું. થોડા દિવસસુધી તો એણે તેમને પોતાના રકાબીમાંથી ખાવા દીધું, પણ તેમની ટેવ ગંદી, તેથી તેને સૂગ આવી. માટે તેમને જૂદી જૂદી રકાબીમાં પીરસીને આપે, તે તેઓ ખાય. વળી તે તેમને રોટલીના કડકા નાંખીને કૂતરાની પેઠે કૂદાવે. તેઓ ખાઈ રહે એટલે તેમને નચાવે. સારાંશ એ કે તે નાનાં છોકરાંજેવી તેને ગમત કરીને રીઝવે, અને છોકરાંને દેખીને માબાપને જેમ ટાઢક વળે તેમ એ પણ પાસે ઉંદર હોય એટલે બધું દુઃખ વીસરી જાય. એવું થયાથી તેને બંધીખાનામાંથી છૂટી જવાની કાંઈ મરજી થાય નહીં, કેમકે સંસારમાં તેણે કાંઈ સુખ દીઠું નહોતું, અને બંધીખાનામાં તો તેને સુખ અને નિરાંત હતી. પણ એ ઉંદરોસાથે એની મોજ ઝાઝા દહાડા ચાલી નહીં. બે વરસપછી તેને એ ઓરડીમાંથી કાઢીને બીજી વેગળેની ઓરડીમાં લઈ ગયા, એટલે ત્યાં ઉંદરથી જવાયું નહીં, તેથી પોકેપોક મૂકીને તે રોયો ને પોતાના સોબતીનો વિજોગ થયાથી થોડા દિવસ બહુ હીજરાયો.

એ વાતઉપરથી આપણને માલમ પડે છે કે નર્યાં એકાંત વાસમાં

રહેવાકરતાં, કોઈ પણ પ્રાણીનો સમાગમ હોય, તેથી સુખ થાય. બીજું એ કે જે જાનવરનો આપણે હાડછેડ કરીએ છીએ, તે પણ કેટલીક વખતે આપણને કામ લાગે છે, અને તેમના ઉપર માયા રાખીએ તો તેઓ આપણી સાથે હળી જાય છે.

पाठ १८. पोलादनो सामान. भाग १.

સૌથી સરસ ચપ્પુ, કાતર, સુડી, અસ્ત્રા, અને એવાં બીજાં બધાં કાપકૂપ કરવાનાં હથિઆર પોલાદનાં થાય છે. લોઢાનું પોલાદ શી રીતે કરેછે, તે તમે આગળ શીખી ગયા; હવે એ પોલાદને ઘડીને બીજી જણસો શી રીતે કરે છે તેનું થોડું વર્ણન આ પાઠમાં કર્યું છે તે ધ્યાનમાં રાખવું.

લોઢાના ગજનું પોલાદ થાય છે. તેને જ્યારે ભઠ્ઠીમાંથી કાઢે છે ત્યારે તેનું ઉપલું પાસું કાણાંવાળું હોય છે. તેને સાફ સરખું કરવાને તપાવીને ટીપવું પડે છે. પછી લાલચોળ તપાવીને બે લાટોની વચ્ચે દબાવે છે, ત્યારે સારૂં પોલાદ થાય છે, તેને ઘડેલું કહે છે.

ઇંગ્લાંડમાં એટલે અંગ્રેજ લોકોના મુલકમાં પોલાદનાં મોટાં મોટાં કારખાનાં છે. તેમાં એક મોટું ચક્કર વહેતા પાણીના જોરથી ચાલે છે, તેથી કરીને દશ દશ મણના મોટા હથોડા ઉંચા નીચા થાય છે, અને તેના એક મિનિટમાં સોથી તે બસેંસુધી ઘા લાગે છે. એજ કારખાનાંમાં એક બીજો હથોડો હોય છે, તેના એક મિનિટમાં ત્રણસેં ઘા લાગે છે. વળી મોટી લાટો ફરે છે તેની વચ્ચે પોલાદના ગજ મૂકે છે તેથી તેનાં દબાઇને ચપટાં પતરાં થાય છે. એ હથોડા અને લાટોથી ઉપર લખેલું ટીપવાનું તથા દાબવાનું કામ ચાલે છે.

સૌકરતાં સરસ પોલાદ કરવું હોય, ત્યારે તો ભઠ્ઠીમાંથી કાઢેલા ગજને ફરીથી ગાળે છે, અને તેનો રસ લોઢાનાં બીબામાં ટાઢો પડવાને રેડે છે. પછી તેને ફરીથી ધીમે ધીમે તપાવીને બહુ સંભાળથી ટીપે છે, એટલે સારૂં પોલાદ થાય છે.

એપ્રમાણે પોલાદ ત્રણ જાતનું થાય છે, એક તો આગળ કહ્યું તે

કાણુવાળું, એટલે ભઠ્ઠીમાંથી નીકળે છે તેવું; બીજું ઘડેલું, અને ત્રીજું ગાળેલું પોલાદ. જે સામાનને ઘણા ઓપની જરૂર નથી, તે કાણુંવાળા પોલાદનો થાય છે, કેમકે તેનું મૂલ ઝાઝું બેસતું નથી. એકરતાં જરા વધારે ઓપવાળો જણસ કરવી હોય તો, તે બીજી જાતની એટલે સાફ પોલાદની કરે છે, પણ સૌકરતાં સારી ઓપદાર જણસો ગાળેલા પોલાદની થાય છે.

પાઠ ૧૯. પોલાદનો સામાન. ભાગ ૨.

સરાણ છીણી રેતરડી કરવત કટારી

ઘણા ચપ્પુ, અને પળીઓ પાછલા પાઠમાં કહેલા બીજી જાતના પોલાદના થાય છે. સોળ જણના હાથમાં જાય ત્યારે એક ચપ્પુ તૈયાર થાય. એવી પણ ગણતરી કરી છે કે એક સો ચુમાળીશ જાતની કારીગરી એક ચપ્પુપર થાય છે. એવું છે તો પણ ઇંગ્લાંડમાં શેફીલ્ડ નામે શેહેરમાં જે કારખાનાં છે તેમાં એક ચપ્પુ થોડી મિનિટમાં તૈયાર થાય છે.

પેહેલાં તો ચપ્પુનું પાનું પોલાદના તપાવેલા ગજમાંથી કાપી કાઢે છે. પછી તેના જાડા છેડાપર એક લોઢાનો કડકો જોડે છે, તે હાથામાં ઘાલવાના કામમાં આવે છે. પછી તે પાનાને તપાવીને બાલચોળ થાય છે એટલે ટાઢા પાણીમાં બોળે છે. પણ એમ કરવાથી પોલાદ ઘણું કઠણ અને બરડ થઈ જાય છે, માટે ફરીથી તપાવીને તેને નરમ કરવાને પાણી પાય છે. પછી તેને ધાર આણવાને સરાણ ચડાવે છે.

ધાર આણ્યાકેડે ચળકતું કરવાને તે પાનું બીજા એક ચક્રરઆગળ આણે છે. તે ચક્રના ઉપર ચામડું જડેલું હોય છે, તેપર ઘશીને ઓપ ચડાવે છે એટલે પાનું બરાબર તૈયાર થાય છે. પછી તેને હાથીદાંત, હાડકું, લાકડું, શીંગડું, કચકડું, કે એવી બીજી કોઈ વસ્તુના હાથામાં બેસાડે છે. એજ રીતે કાતર, પાળી, અસ્ત્રા, વગેરે બનાવે છે.

સોય, કમાન, છીણી, રેતરડી, આરી, કરવત, તલવાર, કટારી વગેરે ઘણી ચીજો પોલાદની થાય છે. કુહાડા, કોદાળી, ચાંચવા, કોશ (નરાજ), વગેરે હથિઆર પોલાદનાં કરતા નથી, પણ લોઢાનાં બનાવીને તેનાપર પાલાદ ચડાવે છે તેને ખરૂં પાયું એમ કહે છે.

पाठ २०. भरुच. भाग १.

મરામત પનો

નર્મદા નદીને ઉત્તર કિનારે એક ઉંચા ટેકરાઉપર એ શેહેર છે, તેથી આજુબાજુ ત્રણ ત્રણ ચાર ચાર કોશથી તે નજરે પડે છે. તેમાં નદીને સામે પારથી તો તે ઘણુંજ રળિયામણું દેખાય છે, કેમકે શેહેરને ફરતો કોટ છે, અને તેના ઉપર બંગલા, ઘર, વગેરે આવી રહેલાં છે. કોટ ઘણો મજબૂત અને પોહોળો છે. તેમાં કાંઠાપર પાંચ અને બીજી તરફ બે, મળીને સાત દરવાજા છે હાલ એ કોટની મરામત થતી નથી, તેથી ઘણે ઠેકાણે ભાગી ગયો છે.

એ શેહેરની પોહોળાઈકરતાં લંબાઈ ઘણી છે તેમાટે લોક કહે છે કે તે પાઘડી પને છે. શેહેરની બે બાજુએ જે પરાં છે, તેની બાંધણી પણ એવીજ છે, એટલે ઉત્તર પાસે પરાં નથી, પણ પૂર્વ અને પશ્ચિમતરફ ઘણે લાંબેસુધી મોજમપુર ને વેજલપુર નામે મોટાં પરાં છે. સઘળી વસ્તી કાંઠે કાંઠે છે. કોટનો ઘેરાવો શુમારે ગાઉ દોઢ એક છે; પણ પરાંસુધાં શેહેરની લંબાઈ ગણીએ તો શુમારે બે ગાઉ થાય.

શેહેરમાં બજાર ત્રણ છે, પણ શેહેર બહાર કતોપોરનું મોટું બજાર છે. બજારના અને બીજા બધા રસ્તા બહુજ સાંકડા છે, એવા કે ગાડી જતી હોય તો કોરપરથી માણસને જવાને મુશ્કેલી પડે. વળી ટેકરાપર વસ્તી છે તેથી ચડઉતરના રસ્તા ઘણા છે; શેહેરમાં જવું હોય તો મોટો ઢોળાવ ચઢ્યાવગર જવાય નહીં.

એ શેહેરમાં વસ્તી હિંદુ, મુસલમાન, અને પારસીની છે. મોટા મોટા શેઠ સાહુકારની હવેલીઓ શેહેરમાં છે. પારસીની વસ્તી વેજલપૂરમાં જાસ્તી છે. મુસલમાનની હાલત કાંઈ સારી નથી.

પ્રથમ એ બંદરે બહાર દેશાવરનો માલ વ્હાણે આવતો, અને ત્યાંથી માળવે તથા બીજા ઉત્તર પ્રાંતમાં જતો; પણ હાલ નદી પૂરાઈ ગઈ, અને રેતીના દાંડા બહુ નીકળ્યા, તેથી વાહાણોને આવવા જવાને બહુ અડચણ પડે છે.

पाठ २१. भरुच. भाग २.

લોઢવું


શેહેર બહાર ફુરજે છે. ત્યાં ઘણા વેપારી લોકની વાતીઓ બાંધેલી છે. વળી એ શેહેરમાં અદાલત, કલેકટરની કચેરી, અંગ્રેજી તથા ગુજરાતી નીશાળો, વગેરે કેટલાંએક સરકારી કારખાનાં છે. શેહેરના રસ્તા પ્રથમ બહુજ નઠારી અવસ્થામાં હતા, પણ હાલ થોડાં વરસ થયાં મ્યુનિસિપાલ કમિટી થઈ છે, તે સુધારો કરવામાં મેહેનત લે છે.

એ શેહેરમાં અસલ સુતરાઉ કાપડ ઘણું વણાતું, અને તે બહાર દેશાવર ખાતે જતું, તેથી લોકની બહુ રોજી ચાલતી. હાલમાં વિલાયતી કાપડઆગળ તેનો કોઈ ભાવ પૂછતું નથી, તેથી ઘણા વણકર લોક લાચાર થઈ ગયા છે.

ભરૂચમાં હાલ કેટલાંએક વરસ થયાં કપાસ લોઢવાનું તથા રૂ કાંતવાનું મોટું કારખાનું ચાલે છે, તે અસલ લાંડન સાહેબે કાઢેલું તેમાં બધા સંચા વરાળના જોરથી ચાલે છે. વળી બીજાં છ સાત કારખાનાં જુદા જુદા લોકોએ તથા કંપનીઓએ કપાસ લોઢવાનાં કાઢેલાં છે, તે પણ વરાળથીજ ચાલે છે. એવાં ઘણાં કારખાનાં આપણા મુલકમાં ઠામઠામ નીકળે તો તેથી લુગડાં કેવાં સસ્તાં મળે! હાલ જે વિલાયતી કાપડ આવે છે તેકરતાં પણ સસ્તાં પડે, માટે આપણા લોકને ઘટારત છે કે પોતાના પૈસા ઘરેણાં ગાંઠાંમાં એકીવારે રોકી મૂકવાની ચાલ છે, તે મૂકી દઈ એવી રીતના સંચા વિલાયતથી મંગાવી ચલાવે, કે તેથી કરીને આ દેશના લોકનું ભલું થાય, રોજગાર વધે, અને ગરીબગરબાં સૌને પહેરવા ઓઢવાને સોંઘાં લુગડાં મળે.

पाठ २२. जींवडां.


જીવડાં નાનાં હોય છે, પણ તેની વાતો ઘણી રમુજી છે. જીવડાં ઘણાં છે. વિદ્વાન માણસોએ જુદી જુદી જાતનાં એક લાખકરતાં વધારે જીવડાંનાં વર્ણન લખ્યાં છે. એનાં શરીરના ઘણુંકરીને ત્રણ કડકા હોય છે, તેનાં નામ માથું, પેટ, અને પેડુ. માથાઆગળ કાંઈ મૂછ જેવું હોય છે, તેથી તેને જરા પવન કે હાથ લાગે તો જણાય છે. તેની આંખ અચરજ પામીએ એવી કરેલી છે. બીજાં જનાવરને એક કે ઘણું તો બે આંખ હોય છે, પણ જીવડાંને એક આંખ દેખાય છે, તે હજારો આંખ મળીને થએલી છે. તેની બધી આંખો ચોમેર જોજો કરે છે, તેણે કરીને એને પોતાનું ડોકું નીચું ઉંચું વાળવું પડતું નથી.



આ મધમાખીની આંખનું ચિત્ર છે. તેમાં એક બાજુમાંથી થોડી આંખોના આકાર દેખાડવાને જુદી પાડી છે.

ઘણાંક જીવડાંને ઘણી સુંદર પાંખો હોય છે. માખોની પાંખોનું પોત ઝીણું અને મજબૂત હોય છે. ભમરાની પાંખો નાજુક પણ મજબૂત ને ઘટ હોય છે. પતંગીઆની પાંખોઉપર ઘણાં ચકચકાત

રંગનાં ભીંગડાં હોય છે તે નાનાં નાનાં પીછાં જેવાં જણાય છે તેને હાથ લગાડીએ તો રેતીની પેઠે હાથે ચોંટી આવે.



કેટલાંક જીવડાંને હાથીની પેઠે ઝીણી સૂંઢ હોય છે, તેવતી ફૂલમાંથી મધ અને તેવીજ બીજી પાણીજેવી જણસ ચૂસી લઇને પોતાનું પોષણ કરે છે. તેના શરીરમાં ઝીણાં ઝીણાં છિદ્ર હોય છે, તેવતી તે શ્વાસ લે છે; ઘણાંને તો છ છ પગ હોય છે.

જીવડાં બહુ કામનાં છે; મધમાખી મધ અને મીણ કરે છે, તે માણસના ખપમાં આવે છે; રેશમનાં જીવડાંમાંથી રેશમ નીકળે છે. કેટલાંક જીવડાં મુએલાં જનાવર ને કોહેલી જણસો ખાય છે, તેથી હવા બગડીને તેમાં રોગ પેદા થતા નથી. વળી એ પશુપક્ષીના ખાધામાં પણ આવે છે.

पाठ २३. प्राणीपर दया राखवाविषे.

मदांध	अवयव	चर्ण
ईश	उदार	प्रयत्न

नाराच छंद.

जुओ पीडाथी जेम आ पीडाय पिंड आपडो[1],
पीडा कर्याथी तेम ते पीडाय प्राणीबापडां;

१ आपणो.

मदांध थई न मारशो जरूर जीव जाणीने,
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. १

रच्या अवेव[1] ईश्वरे जुओ सहु[2] शरीरना,
तमोथी ते बने न लाख वातथी लगीरना ;
विचारीने अधिक ठीक बीक उर आणीने,
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. २

धरो न चर्ण घोंब प्राणीने गरीब धारीने.
खरेखरा खुशी थशो न मित्र जीव मारीने ;
न घातनी विशेष वात वर्णवो वखाणीने.
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. ३

बनावनार एक ईश आपणांज एहनो,
तथा मळेल तेहने उदार प्यार तेहनो ;
भले हरे फरे प्रभु दीधेल सुख माणीने,
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. ४

भरी गजाथी खूब भार केम मार मारीए ;
गरीब जीव बापडानी वेदना विचारीए ;
करो कदी न क्रूर कर्म पापनुं पिछाणीने,
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. ५

करे अधर्म कर्म जंतु पाय पाख तोडीने,
परोवी शूळमां करे खराब खेल खोडीने ;
निशान मांडीने करे विनाश तीर ताणीने,
अरे दिले दया धरो पीडा न करो प्राणीने. ६

क० द० डा०

---

१ अवयव. २ सौ.

पाठ २४. हिंदुस्तान. भाग १.

ગુજરાત પ્રાંતની પૂર્વે માળવા, ખાનદેશ, બુંદેલખંડ, બહાર, બંગાળા, વગેરે ઘણા પ્રાંત છે, ને દક્ષિણ દિશાએ મહારાષ્ટ્ર, કર્ણાટક, વગેરે છે; તેમજ એની ઉત્તરે પંજાબ, મુલતાન, મારવાડ, વગેરે છે. એવા સર્વે પ્રાંત મળીને ત્રણ ખૂણીઆજેવો દેશ છે, તેને હિંદુસ્તાન કહે છે.

એ દેશ ઘણો મોટો છે. એની દક્ષિણ દિશાએ તથા અગ્નિ અને નૈરૃત્ય કોણની હદપર સમુદ્ર આવેલો છે, અને ઉત્તરભણી હિમાલય પર્વત જાણે એક મોટા કોટની પેઠે આવી રહેલો છે, તેથી મુસાફરોને અથવા લશ્કરને આ દેશમાં ઉત્તરતરફથી આવવું હોય, તો એ પર્વતના વિકટ માર્ગવિના, અથવા નીચા ડુંગરા ઓળંગ્યાવિના બીજો રસ્તો નથી. એ પાહાડી રસ્તામાં અસલના વખતથી લડવૈયા લોક રહેતા આવેલા છે. પૈસા લીધાવિના એ રસ્તે તેઓ કોઇને જવા દેતા નહીં. હિમાલય પર્વતને મથાળે સદા બરફ હોય છે; પણ જરા નીચે આવીએ એટલે ઝાડી ઝાંખરાં નજરે આવે છે. જેમ જેમ નીચે ઉતરતા જઇએ, તેમ તેમ ઝાડી વધારે આવતી જાય છે, ને જમીન પણ વધારે રસાળ હોય છે. છેક નીચે આવીએ ત્યારે મોટું મેદાન આવે છે, તેમાં ગંગા ને સિંધુ એ મોટી નદીઓ વહે છે. ગંગાનું પાણી અગ્નિકોણભણી વહેતું જાય છે. એ નદીવડે આસપાસની જમીનમાં અનાજ તથા ફૂલ ફળાદી બહુ પાકે છે, કેમકે તેમાં ચોમાસામાં પૂર આવે છે, તેથી આખા પ્રાંતમાં સેંકડો ગાઉસુધી જળ જળ થઇ રહે છે. ડાંગરના ક્યારડામાં તો એટલું પાણી થઇ જાય છે જે તેઉપર થઇને નાવડાં ચાલે છે. સિંધુ નદીથી નૈરૃત્યતરફ હિંદુસ્તાનનો પશ્ચિમ સીમાડો છે. એ બે નદીઓની વચ્ચેના દેશમાં હિંદુસ્તાનના અસલી રાજાઓ થઇ ગયા, અને એનેજ આ દેશના લોક હિંદુસ્તાન કહે છે.

पाठ २८. हिंदुस्तान. भाग २.

કરિઆણું

અસલ હિંદુસ્તાન અથવા જેને અહીંના લોકો હિંદુસ્તાન કહે છે, તેની પૂર્વે બંગાળા પ્રાંત, અને પશ્ચિમે કાચું સોનું પાકે એવો ગુજરાત પ્રાંત છે. એ બેની વચ્ચે પૂર્વ પશ્ચિમ વિંધ્યાચળ પર્વત આવેલો છે, ત્યાં નર્મદા નદી વહે છે. એ નદીની દક્ષિણે ઉંચી નીચી પાહાડી જમીન છે, તેમાં કસ થોડો છે. એ દેશને દખણ અથવા દક્ષિણ કહે છે. એનો આકાર ભાલોડાના જેવો છે; એની અણીથી તે હિમાલયની તળેટીસુધી હિંદુસ્તાનની લંબાઈ ૧૯૦૦ મૈલ, અને સિંધુ નદીથી તે કલકત્તાની પૂર્વે બ્રહ્મપુત્રા નદીસુધી પોહોળાઈ ૧૫૦૦ મૈલ છે.

હિંદુસ્તાનમાં સાગ, સુખડ, આંબા, કપાસ, શેરડી, નાળિએરી, તાડ, અફીણ, તથા જેમાંથી રંગ પેદા થાય એવાં ઝાડ ઘણાં છે. તેમજ કરિઆણું તથા અનાજ પણ ઘણું પાકે છે. પોલાદ તથા હીરાની નીપજ પણ થોડી નથી. એવી નીપજથી લલચાઈને પરમુલકના લોક ઘણી વાર પશ્ચિમતરફના ડુંગરા ઓળંગીને એ દેશ જીતી લેવાસારૂ આવ્યા હતા. હિંદુસ્તાનમાં ચિત્તા, વાઘ, હાથી, વગેરે જાનવર પણ ઘણાં નીપજે છે.

એ દેશમાં ઘણાક લોક અનાજ વગેરે વનસ્પતિ ખાઈને જીવે છે. બ્રાહ્મણ, વાણિઆ, ક્ષત્રી, કણબી, રજપૂત, કોળી, ઘાંચી, વગેરે નાતો પણ ઘણી છે. તેમાં વળી તડ બહુ પડી ગયાં છે. મુસલમાનની વસ્તી પણ ઝાઝી છે. એ મુલકમાં બાઈડીઓને સોનાં રૂપાનાં ઘરેણાં પહેરવાનો જેવા ચાલ છે તેવો બીજે કોઈ ઠેકાણે નથી.

पाठ २९. हिंदुस्ताननो इतिहास. भाग १.

પદવી હકૂમત વહીવટદાર વજે જકાત વસવાયાં વેઠ


ગંગા અને જમના વચ્ચેના દેશમાં આગળ સુધરેલા લોક થયા

તેમાં ઘણા કુળના રાજા થઈ ગયા, તેમનાં નામ આ ઠેકાણે લખ-વાની જરૂર જણાતી નથી, પણ તેમના કાયદા તથા રીત ભાત કેવી હતી, અને તેઓને મોટી પદવી શી રીતે મળી, તેવિષે કાંઈ લખવું જરૂર જણાય છે. જ્યારે કોઈ દેશમાં થોડીજ વસ્તી હોય છે, ત્યારે તો તેઓમાં ધારા કે કાયદા હોતા નથી; પણ જ્યારે વસ્તી વધીને લોકોના જથા બંધાય છે, ત્યારે પોતાનો વ્યવહાર રૂડી રીતે ચલાવવાસારૂ ધારા બાંધે છે. તેમાં જે ઘણા બળવાન ને શૂરા હોય છે, તે એ ધારા ચલાવે છે; તેઓમાંથી જેઓ ધર્મની વાત જાણતા હોય છે, તેમને બીજા બધાકરતાં વધતું માન મળે છે, ને જેમનામાં શૂર અથવા ઈશ્વરસંબંધી જ્ઞાન ન હોય તેઓ હલકા ગણાય છે. સતાવીરાસેં વરસઉપર અયોધ્યામાં એવુંજ બન્યું હતું. ત્યાંના રાજા સઘળામાં મોટા ગણાતા હતા, અને તે આસપાસના લોકઉપર હકૂમત ચલાવતા હતા. ધર્મની વાત બ્રાહ્મણ જાણતા માટે તેમને રાજા પોતાની પાસે રાખીને સલાહ પૂછતા હતા. મુલકમાં બંદોબસ્ત-સારૂ મોટા નાના વહીવટદારો ઠરાવેલા હતા. તેમાં મોટા વહીવટ-દારોના તાબામાં હજાર હજાર ગામ હતાં. તેથી ઉતરતા તેમના હાથ-નીચેના સો સો ગામના, અને તેથી ઉતરતા દશ દશ ગામના વહીવટદારો હતા. એ અધિકારીઓ રાજાને સારૂ ખેડૂતપાસેથી વજે વસૂલ કરતા, વેપારીપાસેથી માલઉપર જકાત લેતા, અને વસવાયાંપાસે મહિનામાં એક દહાડો વેઠ કરાવતા. રાજા સર્વ-ઉપર ઉપરીપણું રાખીને પ્રજાનો ઈનસાફ કરે; ખૂન કરે તેને શૂળી-એ ચડાવે, અને ચોરનાં કાંડાં કાપે, પણ હલકા ગુન્હા કરનાર-પાસેથી દંડજ લે. જે માણસ પોતાની બધી માલમિલકત ધર્મ-દાનમાં આપી દઈને પછવાડે છોકરાંને સારૂ કાંઈજ મૂકી ન જાય, તે નરકે જાય એમ માનતા. એવા એ લોકો ઈનસાફી અને વિચાર-વાળા હતા, અને ઘરડા માણસને તથા વિદ્યાવાનને માન આપીને સારે રસ્તે ચાલતા.

पांठ २७. हिंदुस्ताननो इतिहास. भाग २.

સાજવાળા પડાવ હાકેમ

એ હિંદુઓ પૈસે ટકે સુખી હતા, તેપરથી પશ્ચિમભણીના બળવાન દેશોમાં તેમની દોલતવિષે બહુ વાતો ચાલતી. ત્યાં એવું કહેવાતું કે હિંદુસ્તાનમાં લોક વાર તેહેવારે સોનારૂપાનાં વાસણ વાપરે છે, ને ભાત ભાતના રંગનાં કસબી લૂગડાં, તથા હીરામાણેકે જડેલાં તથા મોતીનાં ઘરેણાં પહેરે છે. વળી રાજદરબારે સોનેરી સાજવાળા હાથીઓ ડોલી રહે છે એટલુંજ નહીં, પણ હાથીના રથ પણ હોય છે. સિંહ તથા ચિત્તા વાઘ અને સુંદર પીછાળાં પક્ષી પાળેલાં હોય છે. હિંદુસ્તાનની દોલતથી મોહ પામીને દેશ દેશાવરના લોકો વેપાર કરવાને એ દેશમાં આવતા. કેટલાએક રાજા ફોજ લઈ એ દેશ જીતવા આવતા. પછી યુરોપ ખંડમાંહેલા યુનાન દેશનો સિકંદર બાદશાહ શુમારે સવા બે હજાર વરસપર આથમણા ડુંગરોને રસ્તે સિંધુનદી ઓળંગીને હિંદુસ્તાન જીતી લેવાને આવ્યો. એ ઘણો શૂરો



અને બળવાન હતો, તોપણ તેનાથી એ દેશ બધો જીતાયો નહીં, અને તે

ત્યાંથી પાછો બાબીલન ગયો. પછી સિકંદરના મુઆપછી બસેં વરસ-સુધી એ પરદેશી લોકોની ફોજનો સિંધુ નદીને કાંઠે પડાવ રહ્યો પણ તેઓથી એ દેશનો મોટો ભાગ જીતાયો નહીં, ને આખર પોતાના દેશપર કોઈ જોરાવર લોકોએ હુમલો કર્યો, તેથી હિંદુસ્તાન લેવાની વાત પડતી મૂકીને તેઓને એકદમ જવું પડ્યું. એ રીતે પોતાની જોરાવર અને શાણી સરકારને તાબે રહેવાથી અસલના હિંદુઓએ મોટાઈ મેળવી. એ વાત ધ્યાનમાં રાખીને હાલના આ દેશના લોકોએ સમજવું જોઈએ કે મૂરખાઈથી તથા માંહેમાંહે લડાઈ ટંટા કરીને જે મોટાઈ ખોઈ બેઠા છે તે પાછી મેળવવાને એકજ ઉપાય છે, તે એ કે પોતાની ડાહી સરકાર તેઓનું ભલું ચાહીને જે હુકમ કરે, તેપ્રમાણે ચાલવું, તથા તેમની વિદ્યા, કળા, રાજ્યનીતિ, તથા તેઓના સારા ગુણ શીખવા.

पाठ २८. हिंदुस्तानको इतिहास. भाग ३.

ફેલાવો.

જ્યારે કોઈ લોકના રાજનો ફેલાવો ઘણો થાય છે, ત્યારે તેમની દોલત ઘણી છે, એવી વાત સાંભળીને બીજા લોકો તે રાજ લેવા આવે છે, અને વખતે જે ભાગ છેવાડુ હોય છે, તે જીતી લે છે અને પોતામાંથી કેટલાકને આગળ જીતવા મોકલે છે. એ રીતે સિકંદર બાદશાહ આવ્યો. તે વેળા એકજ જાતના લોક હિંદુસ્તાનમાં નહોતા, પણ ઘણી જાતના આવી રહેલા હતા, અને રાજ પણ ઘણાં થએલાં હતાં. ઘણા અસલના વારામાં ક્ષત્રીઓ આવીને ગંગાના કાંઠાઉપરના મુલકમાં વસ્યા, ને ત્યાંના લોકોમાં મળી ગયા, એવું કેટલાક વિદ્વાન ધારે છે. ત્યારપછી રજપૂત ઉત્તર હિંદુસ્તાનમાં આવીને વસ્યા. તે પહેલાં તો તેઓ ખેતી કરીને ગુજરાન ચલાવતા, પણ જરૂર પડે તેવખતે હથિઆર બાંધી લડાઈ કરવાસારૂ ઝટ તૈયાર થતા. આગળ જતાં તેમનું બળ વધતું ગયું. તેમણે બ્રાહ્મણોને બંગાળામાં તથા દક્ષિણમાં નસાડી મૂક્યા. એ પહેલાં બ્રાહ્મણોએ દક્ષિણ દેશ કદી દીઠો નહોતો. પણ રજપૂત લોકોએ તેમનો કેડો મૂક્યો નહીં, ને

જતાં જતાં ગુજરાત પ્રાંત હાથ કરી લીધો. હિંદુઓના કેટલાક જૂના ગ્રંથોપરથી જણાય છે કે ઘણાં વરસઉપર એ પ્રાંતમાં કૃષ્ણે રાજ સ્થાપ્યું હતું, ને દ્વારિકા તેની રાજધાની કરી હતી. જ્યારે યુનાનનો સિકંદર બાદશાહ આ દેશમાં આવ્યો, ત્યારે દિલ્લી, કનોજ, અને કાશ્મીર, એ ઠેકાણે ત્રણ જૂદા જૂદા રાજા રાજ કરતા હતા, અને મગધ અથવા બહાર પ્રાંતમાં ઘણાં વરસનું જૂનું રાજ હતું, ત્યાં તે વખતમાં ચંદ્રગુપ્ત નામે રાજા રાજ કરતો હતો. એ રાજાના દીકરાનો દીકરો અશોક થઈ ગયો, તેણે બુદ્ધનો ધર્મ પાળીને તે ધર્મનો મહિમા ઘણોજ વધાર્યો.

पाठ २९. हिंदुस्ताननो इतिहास. भाग ४.

પરાક્રમી અજીત ગાંજ્યો સંવત દૈવગતિ

ત્યારપછી માળવામાં રાજ સ્થાપન થયું. તેનો પેહેલો રાજા વિક્રમ કરીને થઈ ગઓ. તે એવો તો બળવાન અને પરાક્રમી હતો કે તેને લોકોએ અજીત, એટલે કોઈનો ગાંજ્યો ન જાય, એવું આબરૂનું નામ આપ્યું. અને તેનો શક માનીને લોકો ત્યારથી સંવત ગણવા લાગ્યા. ઉત્તર હિંદુસ્થાન તથા ગુજરાતમાં હજી એ વિક્રમાજીતનોજ સંવત ચાલે છે. ત્યારપછી બસેં વરસે વલ્લભીનગરમાં એક રાજ સ્થાપન થયું. એ વલ્લભીનું ખંડિએર હાલ ભાવનગરપાસે જોવામાં આવે છે, ને તેની લગોલગજ જે ગામ છે તેને હમણાના લોકો વલા કહે છે. એ વલ્લભીના રાજાઓએ મેવાડ વસાવ્યું.

ત્યારપછી ચાવડા જાતના રજપૂત લોકે આવીને અણહિલવાડ, જેને હમણા પાટણ કહે છે, તે શેહેર ઈ૦ સ૦ ૭૪૬ માં બાંધ્યું.

બ્રાહ્મણ તથા રજપૂત દક્ષિણમાં ગયા, ત્યાં જે જે ઠેકાણે ધરતી રસાળ દીઠી, તે તે ઠેકાણે તેઓ વસ્યા, અને તેમનું રાજ મથુરા તથા કાંચીમાં થયું. વળી બ્રાહ્મણોનું સંસ્થાન કેરલમાં હતું, તેમાંથી કેટલાએક ભાગને હમણા કાનડા અને કેટલાએકને મલબાર કરીને કહે છે. રજપૂતનું રાજ કલ્યાણમાં અને કર્ણાટક તથા મહા-

રાષ્ટ્ર દેશમાં પણ હતું. ત્યાંના એક ચાલુક્ય અથવા સોળંકી વંશી રાજાના કુંતઈઆએ ચાવડા રજપૂતની કન્યાને પરણીને ગુજરાતમાં રાજ કરવા લાગ્યો.

એ સમયે કોંકણ જંગલી દેશ હતો, ને મરેઠાવગર ત્યાં કોઈલોક રહેતા નહોતા. એ લોકો તે વખતમાં તો કાંઈ ગણતીમાં નહોતા, પણ દૈવયોગથી સેંકડો વરસપછી મોટા બળવાન થઈ પડ્યા, તથા તેમણે કેટલાંક રાજ જીતી લીધાં.

पाठ ३०. हिंदुस्ताननो इतिहास. भाग ८.

વૈભવ કવિતારૂપ નાટક દેવસ્થાન બંધન નાશ

લોક કહે છે કે હિંદુઓના વૈભવની કીર્તિ એ વખતે દેશોદેશ ફેલાઈ ગઈ હતી, તેથી બીજા દેશથી હિંદુસ્તાન લેવાસારૂ ઘણી એક ફોજો આવતી. એ વાત તો સાચી છે કે આજના હિંદુઓ-કરતાં તેમની રીત ભાતમાં ડાહપણ વધારે હતું, અને તેઓ વધારે કસબી હતા. મનુએ કાયદા બાંધ્યા હતા. મહાભારત અને રામા-યણ એ કવિતારૂપ ગ્રંથો તથા કાળિદાસ અને ભવભૂતીના કરેલાં નાટકનાં પુસ્તક પણ એ દેશમાં થયાં. પૈસાદાર લોકો મોટાં મોટાં દેવસ્થાન બંધાવવામાં, તથા લોકોના સુખને સારૂ બીજાં સારાં સારાં કામમાં ઘણો ખરચ કરતા હતા. અસલના હિંદુ-ઓના સદ્ગુણની વાત હિંદુઓના ગ્રંથમાંથીજ માલમ પડે છે એટલુંજ નહીં, પણ પરદેશી લોકો એ દેશની શોભા તથા વૈભવ જોવાસારૂ આવતા હતા, તે લોકોએ પોતાના પુસ્તકોમાં હિંદુ લોકના સદ્ગુણવિષે નીચેમુજબ લખ્યું છે.

હિંદુલોક જૂઠું તો બોલતા નહીં. પાડાપડોશી એક બીજા-સાથે કજીઆ કરીને સરકારમાં જતા નહીં. એ લોકોમાં સૌની દાનત એવી તો સાફ હતી કે બારણે તાળું વાસવાની તથા લેખપત્ર કરવાની કાંઈ જરૂર પડતી નહીં, કેમકે પરાયો માલ કોઈ તકાવતું નહીં, અને તેઓ મોઢે બોલતા તે પાળતા. લગ્નમાં વરવાળા કે

કન્યાવાળા કોઈ એક બીજાને પૈસા ખાવા આપતા નહીં, તથા બૈરાં છોકરાં ભૂખે મરે એવી રીતે કરજ કરીને જમણવારમાં, નાચમાં, વરઘોડામાં, કે બીજી ખોટી મોટાઈમાં પૈસા વાવરી નાંખતા નહીં. હમણાના હિંદુઓમાં નાતસંબંધી જેવાં બંધન છે, તેવાં અસલના હિંદુઓમાં નહોતાં. તેમની સ્ત્રીઓને ફરવા હરવાની છૂટ મળતી, અને તેઓમાંથી ઘણીએક ભણેલી હતી.

पाठ ३१. हिंदुस्ताननो इतिहास. भाग ६.

એ બધી રીતો તો સારી હતી, પણ બીજી કેટલીક રીતો તે કાઢનારાને તો ઠીક લાગી હશે, પણ હાલ તો તેથી હિંદુઓને ઘણું નુકસાન પહોંચ્યું છે. જુઓ, હિંદુઓમાં જૂદી જૂદી નાતો છે, તેથી તે લોકોથી ઘણો ઉદ્યમ ચલાવવામાં, તથા પોતાના દેશમાં સુધારો કરવામાં અટકાવ થાય છે. દેશાવરમાં જે સુધારા થાય છે, તે આ દેશમાં જલદીથી દાખલ થઈ શકતા નથી. બીજું સ્થાવર મિલ્કતને લગતો વારસાબાબતનો એવો કાયદો છે કે બાપની એવી મિલ્કત બધા દીકરા સરખે ભાગે વહેંચી લે; તેથી મિલ્કતદાર માણસ ઘણાં છોકરાં મૂકીને મરી ગયો હોય, તો તેની મિલ્કતના ઘણા હિસ્સા પડે છે, તેથી આગળ જતાં તેના વંશનાઓ ગરીબ અવસ્થામાં આવી પડે છે. એ ધારાને લીધે કોઈ તવંગર માણસની ભારે કામ માથે લેવાની હિંમત ચાલતી નથી, કેમકે તે એમ જાણે છે કે મારી પછવાડે એ કામ કોણ ચલાવશે. દોલત નહીં, માટે પોતાનું ગુજરાન ચલાવવામાં ઘણા ખરા લોકોને રોકાવું પડે છે, તેથી વિદ્યા ભણવાનો કે કાંઈ નવા શોધ કરવાનો તેમને પરવારજ મળતો નથી. એ રીતે બાપડા હિંદુ લોકો જેમના તેમ રહ્યા, અને બીજા લોકો જે પેહેલાં કશી ગણતીમાં નહોતા તે વિદ્યા અને કળામાં ઘણા ખબરદાર થઈ ગયા.

ડાહ્યા માણસે મેહેનત લઈને જે માન મેળવી રાખ્યું હોય છે, તે શીખતાં પાછળના માણસોને ઘણી વાર લાગતી નથી. વાસ્તે હિંદુસ્તાનનું માન અને મોટાઈ વધારવાને જે ચાહતા હોય તેમને ઘટે

છે કે સરકાર મેહેરબાની કરીને કહે છે કે, આવી આવી-વિદ્યા, ચાલ અને હુનરથી અમારૂં જોર તથા મોટાઈ વધ્યાં, માટે તે વિદ્યા, હુનર અને ચાલ તમે તમારામાં દાખલ કરશો તો તમે સુખી થશો, ત્યારે તે-પ્રમાણે કરવું.

पाठ ३२. मीठाना अगर. भाग १.

લુણ ગચીઆં પાહાણ।

માણસજાતના સુખને સારૂ મીઠા જેવી ખપની વસ્તુ દુનિઆમાં બધે જોઈએ. જગત્કર્ત્તા ઈશ્વરે પણ તેમજ કરી રાખ્યું છે, કેમકે મીઠું પણ ઘણી જગોએ મળી શકે છે. આખી પૃથ્વીનો બે તૃતીયાંશ મહાસાગરથી ભરેલો છે. એ મહાસાગર લુણ એટલે મીઠાનો મોટો ભંડાર છે. જેટલું મીઠું જોઈએ તેટલું તેમાંથી નીકળે છે, પણ જે મુલક દરિઆથી દૂર છે ત્યાંના લોકને મીઠું મળવાને અઘરૂં ન પડે, માટે કોઈ કોઈ ઠેકાણે મીઠાનાં ગચીઆં નીકળે છે, અને કોઈ કોઈ ઠેકાણે તળાવના પાણીમાં ભળેલું હોય છે. કોઈ જગોએ તો પાહાણામાંથી ખારા પાણીનાં ઝરણ નીકળે છે, તેમાંથી એ મીઠું પકવે છે.

દેશ દેશની હવાપ્રમાણે મીઠું પકવવાની રીતો જૂદી જૂદી હોય છે. જ્યાં બહુ તાપ પડે છે, ત્યાં દરિઆનું પાણી તડકે સૂકાવા દે છે, એટલે મીઠું નીકળે છે. એ મીઠું સૌકરતાં સરસ ગણાય છે. આપણા દેશમાં મીઠું પકવવાની એવી રીત છે; પણ ઈંગ્લાંડ જેવા મુલકમાં જ્યાં ટાઢ ઘણી પડે છે ને સારો કકડીને તડકો પડતો નથી, ત્યાં દરિઆનું પાણી ક્યારડામાં ભરીને થોડું તડકે સૂકાવા દે છે. પછી તે મોટા તાંબાના તાવડાજેવા વાસણમાં ભરી ચાર પાંચ કલાકસુધી ઉકાળે છે; ઉકળતી વખત એમાં મેલ કાપવાને કાંઈ જણસ નાંખે છે, તેથી મીઠાના સુંદર પારદર્શક ગાંગડા બાઝે છે. અરધુંપરધું પાણી બળી જાય છે કે બીજું તે વાસણમાં નાંખે છે, ને ઉકાળે છે; એપ્રમાણે ચાર પાંચ વાર કરીને પછી દેવતા છાંટી નાખે છે. તેમાંનું મીઠું કાઢી લઈ વખારો ભરે છે. કોઈ કોઈ દેશમાં મીઠાને ઠેકાણે સિંધવ વાપરે છે, તે ખાણમાંથી શી રીતે ખોદી કાઢે છે, તેની વાત તો પાછળ ગઈ તે યાદ હશે.

પાઠ ૩૩. મીઠાના અગર. ભાગ ૨

તીર્થ ધોધવા

હિંદુસ્તાનમાં વરાડ પ્રાંતમાં લુનાર ગામ છે, ત્યાં એક મોટું સરોવર છે. તે ખારૂં તથા ઘણું મોટું, ગોળ, ને ઉંડું છે. એનું પાણી સ્થિર રહે છે; કોઈ કોઈ વાર પવનની લહેરથી હાલતું જણાય છે. એની પાળઉપર ઉંચી ઉંચી ટેકરીઓ આવેલી છે, તેથી એનું પાણી જરા પણ બહાર જઈ શકતું નથી. એ તળાવનો ઘેરાવો આશરે પાંચ મૈલ છે. એ તળાવની ઉગમણુ દિશાએ પાહાણા છે, તેમાંથી ધોધવાની પેઠે એક નાનો ઝરો નીકળે છે તેનું પાણી પથરાના બાંધેલા એક કુંડમાં પડે છે. તે કુંડમાંથી એક બીજો ધોધ પચાસ ફુટ ઉંચેથી પડે છે, તેનું પાણી વહીને પેલા સરોવરમાં જાય છે.

એ સરોવરને ફરતાં મોટાં મોટાં ખજૂરીનાં ઝાડ આવી રહેલાં છે, તેથી તથા ડુંગરની ઢળતી બાજુપર મોટા મોટા આંબા આમલીઓ છે, તેથી એ સરોવર બહુ રળિઆમણું દેખાય છે. ત્યાં માણુસની વસ્તી ઝાઝી નથી, કેમકે જંગલી જનાવરોનો ભય ઘણો છે; પણ પેલા ઝરાની આજુબાજુ ઈમારતોનાં ખંડેર ઘણાં છે, તેથી જણાય છે કે અસલ એ ઠેકાણે હિંદુઓની મોટી તીર્થની જગ્યા હશે.

એવું કહે છે કે ઘણાંક વરસપર એ સરોવરમાંથી પાણી કાઢી નાંખવાનો ઉપાય કરતા, તેથી ઉનાળામાં સુકાઈને તેની પાળપર મીઠાના થર બાઝતા, તે ઉખેડી લેતા, તેની દર વરસે ત્રણ લાખ રૂપિઆની પેદાશ થતી હતી, પણ હમણા તો તેમાંનું પાણી કાઢી નાંખવામાં આવતું નથી, તેથી પેલા ઝરણે સરોવર છેક ભરાઈ ગયું છે. ઉનાળામાં પણ એની પાળ કોરી પડતી નથી, તેથી મીઠું થતું નથી.

પાઠ ૩૪. ભલાઇ.

ધમકી બળાત્કાર ઉમંગ કઠોર અણગમો શાખનો

ઘણીખરી વાર કઠોર કે મોટાઈના બોલ, અથવા ધમકી આપ-

વાની ચાલ રાખ્યાકરતાં ભલી રીતે ચલાવાથી આપણું કામ સારૂં થાય છે. તેનું કારણ એ કે જ્યારે આપણે આપણા બરાબરીઆ માણસપાસે એકાદું કામ જોર જુલમથી કે બળાત્કારે કરાવીએ છીએ, ત્યારે તેમને અણગમો થાય છે, તેથી આપણી સામે થવાની અને આપણું કામ બગાડવાની તેમની ઈછા થાય છે. હુકમ માનવો પડે છે, ત્યારે નાખુશીથી માને છે, અને જે કરવાનું હોય છે તે મન દઈને કરતા નથી, અથવા હુકમ કરનાર ઉપર વેર વાળવાને તેઓ એવી રીતે કરે છે કે તેથી તેને માઠું લાગે. પણ એવું ન કરતાં, જો આપણે ભલા ઉપાય કરીએ, તો તેથી બીજા સામાનું માન રહે છે; તેને માઠું લાગતું નથી, અને આપણે જે કરાવવાનું હોય છે, તે તે ખરા દિલથી કરે છે, તેથી તે કામ જોઈએ તેવું થાય છે. મા કહેવામાં ને બાપની બૈરી કહેવામાં ફેર છે, પણ અર્થ તો બેઉમાં એકજ છે. તેમજ તેનાતેજ શબ્દોને હુકમના રૂપમાં ગોઠવીએ, અને તે વિનતિના રૂપમાં ગોઠવીએ તો માએનો તેજ રહે પણ અસર જૂદી જૂદી થાય છે. સુધરેલા દેશના લોકો તો પોતાના ચાકરઉપર પણ હુકમ કરતા નથી. જે કામહોય તે નરમાશથી "કરશો" કે "જરા કરોની" કરીને કહે છે. જે કામ ઉમંગથી કરે તે કામ સારૂં થાય છે, પણ ઉમંગ બળાત્કારે આવતો નથી. માઠાં વચન બોલથી સામાનું મન દુખાય છે, માટે સૌ સાથે ભલાઈ રાખવી, ને નરમાશથી બોલવું.

पाठ ३९. विचारी बोलवाविषे.

सुवाक्य कुवाक्य

उपेंद्रवज्रा छंद.

सुवाक्यथी स्नेह सदैव बाधे,
कुवाक्यथी क्लेश हमेश लाधे,
अरे कशो एक विवेक आणी,
विचारीने यार उचार वाणी. १

સુવાક્યથી વિશ્વ બધું વખાણે,
કુવાક્યથી કીર્ત્તિ જનો ન જાણે,
પડે ચડે જીભવડેજ પ્રાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૨

પ્રજા જુઓ પોપટ ઘેર પાળે,
સુખે સુઈ ઘૂડ શકે ન માળે,
ઉચારનું કારણ એજ જાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૩

ભલી જીભે ભાઈ ભલાઈ તો લે,
બુરી જીભે લોક બુરાઇ બોલે,
ગરીબ કે રાજકુમાર રાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૪

સુવાક્યથી દૂધ દહીં ઘી દેશે,
અમુલ્યનું મૂલ લગાર લેશે,
કુવાક્યથી પાય પળી ન પાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૫

મુખેથી રે માનવી વેણ મૂક્યું,
ફરીથી તેં તે ન ગળાય થૂંક્યું,
વિમાસશો એવી હશેજ હાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૬

છરા તણે છેદ ઉપાય સૂઝે,
કુવાક્યનો કાપ કદી ન રૂઝે,
ન કાચની કોઠી મટેજ કાણી,
વિચારીને યાર ઉચાર વાણી. ૭

ભલો બુરો તોપ તણો ભડાકો,
હવાવિષે હોય જતો હડાકો,

कहो तमे केम शकाय ताणी,
विचारीने यार उचार वाणी. ८

दोहरा.

विचारीने वाणी वदो,
कदी न वणशे काम,
भार तोल तो जन भला,
राखे दलपतराम.

पाठ ३६. सूरज अने पवन.

વાદ વટેમાર્ગુ

એક વેળા સૂરજ અને પવન એ બેની વચ્ચે પોતપોતાના બળવિષે વાદ થયો. પવન કહે, હું જબરો, ને સૂરજ કહે, હું જબરો. એમ બોલતાં બોલતાં એટલા તપી ગયા કે મારામારીપર આવ્યા. એટલામાં ચંદ્રમા આવ્યા, તેણે બેઉને ધીમા પાડીને કહ્યું કે, આ વટેમાર્ગુ જાય છે તેનાપર તમારૂં બળ અજમાવો; એનો ડગલો જે ઉતરાવે તે વધારે બળવાન. બંને જણે એ વાતની હા કહી. પવન આગળ થયો, અને મોટા જોરથી વાવા મંડ્યો, ને જોડે વરસાદને પણ લાવ્યો. ભારે વરસાદ અને મોટા વાવાઝોડાથી ગભરાઈને બાપડો વટેમાર્ગુ એક મોટા ઝાડતળે દબાઈને બેઠો. પવનથી જેમ ડગલો વધારે ઉડે તેમ તેમ તે વધારે લપેટતો જાય, કેમકે ટાઢ બહુ વાતી હતી. પવનથી જે થયું તે કર્યું પણ કાંઈ તેનું વળ્યું નહીં, ત્યારે થાકીને આઘો બેઠો. પછી સૂરજે પોતાનું બળ ચલાવ્યું. પેહેલાં તો તેણે આકાશમાંનાં વાદળાં ખસેડી નાખ્યાં, ને પેલા વટેમાર્ગુની ટાઢ ઉડાવી દીધી, પછી ધીમે ધીમે ખૂબ તપ્યો, તેથી વટેમાર્ગુને બહુજ બફારો થયો. અંતે તાપ અને બફારો સેહેવાયો નહીં, ત્યારે ડગલો કાઢી નાખ્યો, ને એક વડની છાયાતળે બેઠો. ચંદ્રમાએ પવનને કહ્યું કે, ભાઈ, બળાત્કારે સારૂં કામ થતું નથી; જેમ આકળા થઈએ

તેમ સામું માણસ ગભરાય છે, પણ નરમાશથી અને ભલાઈથી કહીએ તો ઝટ થાય છે.

ઉપલી વાત કાંઈ ખરી નથી, જોડી કાઢેલી છે, પણ એમાંથી એટલો શીખામણ લેવાની છે જે પવનની પેઠે બળાત્કારે ને મારફાડથી કરાવે છે, તેનું કાંઈ ઠીક થતું નથી, પણ જે નરમાશથી અને ભલાઈથી કરાવે છે, તેનું કામ પાર પડે છે.

पाठ ३७. माणस ने बीजां प्राणीमां फेर. भाग १.

અંગજ્ઞાન તર્કશક્તિ મરડી શબ્ડો

જેને જીવ છે, ને જે અહીંથી તહીં ફરી શકે છે, તેને પ્રાણી કહે છે; પશુ, પક્ષી, માછલાં, કીડા, એ સઘળાં પ્રાણી છે, અને માણસ પણ પ્રાણી છે. પણ માણસમાં અને બીજાં પ્રાણીમાં એક મોટો ફેર છે, તે એ કે બીજાં પ્રાણીમાં માત્ર અંગજ્ઞાનજ છે, અને માણસને પરમેશ્વરે અંગજ્ઞાન અને તર્કશક્તિ એ બે આપ્યાં છે. અંગજ્ઞાન એટલે શું, અને તર્કશક્તિ એટલે શું, એ નીચે લખ્યું છે તેઉપરથી સમજાશે.

છોકરૂં જન્મ્યું કે તેને શીખવ્યાવિના ધાવતાં આવડે છે, ને આપણે ભૂખ લાગે છે, ત્યારે ખાવાનું મન થાય છે, એ અંગજ્ઞાનથી થાય છે. લાડુમાં શેરે આટલી ખાંડ નાંખીશું તો જોઈએ તેટલો ગળ્યો થશે એ જાણવું, અથવા ઘર પડતું હોય તો તેને પાતળા વાંસનો ટેકો દઈશું તો વાંસથી ભાર ઝીલાશે નહીં, ભાગી જશે, માટે જાડા લાકડાનો ટેકો જોઈએ; આટલો ભાર હોય, તો આટલો જાડો ને જબરો ટેકો જોઈએ, એ બધું તર્કશક્તિથી જણાયછે.

માણસ અને બીજાં પ્રાણી એ બેઉમાં જેટલી વાતો બરોબર મળતી આવે તેટલી જોવાસારૂ જંગલી માણસને બીજાં પ્રાણીસાથે મેળવી જોઈએ.

જંગલી માણસો જંગલનાં પશુઓની પેઠે ખાવા પીવા વગેરેનીજ કડાકૂટમાં સઘળો વખત ગુમાવે છે. આ ઠેકાણે તો જંગલી માણસમાં અને બીજાં પ્રાણીઓમાં પહેલો ભેદ જે જણાય છે તે એજ કે માણસો હથિઆર વાપરે છે.

જંગલી માણસો પોતાને રહેવાસારૂ મરૂડી કે ઝુંપડી બાંધે છે; ખોરાક સંઘરવાસારૂ કોઠાર બાંધે છે; તેમાં સસલા, બીવર, મધમાખ, અને હરેક જાતનાં પંખીઓ જે કરે છે, તેથી તે એટલે માણસ કાંઈ વિશેષ કરતો નથી. પણ આગળથી કુહાડા કે એવું કાંઈ બીજું ઓજાર પેદા કર્યાવગર ઝાડ પણ તેનાથી કપાતાં નથી. બીજાં પ્રાણી તો કશું હથિઆર લીધાવગર પોતીકા અંગના હથિઆરોવડે પોતાનાં દર, રાફડા, કે માળા કરે છે. જમીન ખેડીને વાવવી હોય ત્યારે કોદાળી કે હળવગર માણસથી કાંઈ બનતું નથી, અને તે વાવેલા ધાનને દાતરડાવગર કાપી શકતો નથી. બીજાં પ્રાણી તો વગર હથિઆરે પોતાને સારૂ અને પોતીકા કુટુંબને સારૂ ખોરાકીનો સંઘરો કરે છે.

पाठ ३८. माणस ने बीजां प्राणीमां फेर. भाग १.

સોચના વાદવિવાદ વૈદું પ્રેરણા

બીજો ભેદ એ છે કે જે કામ માણસો કરે છે તે સર્વમાં તેમનાથી ભૂલ થાય છે, પણ બીજાં પ્રાણી તો કોઈપણ કામમાં ભૂલતાં નથી. પંખી ઉદાસ થઈને ડાળીઉપર બેઠેલું, અને પોતાનો માળો અધુરો રહ્યાનું દુઃખ માનીને એ કેમ પૂરો થશે, એ વાતની મોટી સોચનામાં તે પડેલું, એવું કદી તમારા દીઠામાં કે સાંભળ્યામાં આવ્યું છે શું? અથવા મધપુડાનાં ખાનાં બેડોળ અથવા વાંકાંચુકાં તમે કદી દીઠાં છે શું ? અથવા મધપુડા કરનારી માખીઓમાં તકરાર પડ્યાથી તે મંડળીમાં વાદવિવાદ ચાલ્યો છે, એવું તમારા ધ્યાનમાં કોઈવાર આવ્યું છે શું? અને વૈદના કામમાં તો બીજાં પ્રાણી માણસના કરતાં બહુ સારાં હોય છે, કેમકે તેમને મંદવાડ આવે છે, ત્યારે જેનો ગુણ રોગઉપર લાગુ પડે, એવી વનસ્પતિનો શોધ વિચાર કર્યાવગર ને કારણ જાણ્યાવિના માત્ર અંગજ્ઞાનથીજ તેઓ માહેલાં કેટલીએક જાતનાં પ્રાણી કરે છે. પણ માણસોમાં વૈદ્ય એકજ ઓસડના ગુણવિષે સો વરસસુધી વાદવિવાદ કર્યા કરશે.

જે જે કામ માણસ કરવાને માથે લે છે તેઓમાં, તેમણે વત્તી ઓછી કાંઈ પણ ગુંચવાવું પડે છે. તરેહ તરેહનાં કામ કરી જોયા વગર તેમનું કોઈ કામ પાર પડતું નથી. સંસારમાં જે છેક સેહેલી વાતો છે, તે પણ અજમાવી જોયાવિના સારી કરાતી નથી. માણસો ઠોકર ખાઈખાઈને ખબરદાર થાય છે, અને એવી રીતે મેળવેલી શીખામણ ખપમાં આણતાં તો તેમની અરધી ઉમર નકામી નીકળી જાય છે.

ત્રીજો ભેદ એ કે બીજાં પ્રાણીનું જ્ઞાન જેટલું છે તેટલુંજ રહે છે, તેમાં કાંઈ વધારો થતો નથી, પણ માણસનું જ્ઞાન દિવસે દિવસે વધતું જાય છે. બીજાં પ્રાણી જે કામો કરે છે, તેઓ પોતાના સ્વભાવની પેહેલીજ પ્રેરણાપ્રમાણે એટલે પરમેશ્વરે જે અંગજ્ઞાન તેઓનામાં જન્મથી મેલેલું હોય છે તેજપ્રમાણે કરે છે, માટે તેઓનાં કામોમાં મનુષ્યનાં કામકરતાં કસર કમ રહે છે, અને બંદોબસ્ત પક્કો થાય છે, પણ માણસોને પોતાનાં કામવિષે પરમેશ્વરે તર્ક તથા વિચાર કરવાની શક્તિ આપી છે, તેણે કરીને પેહેલવેહેલી તેમનાથી જે ચૂકો થાય છે તે ધીરજે તથા ઉદ્યોગે કરીને સુધરતી જાય છે.

પંખીનો માળો બહુજ સુંદર છે, તોપણ હમણાની ચકલીઓ જે માળા બાંધે છે, તે હજારો વરસપરના ચકલીઓના બાંધેલા માળાકરતાં વધારે સારા નથી; પણ ભીલની ઝુંપડી અને રાજાના મેહેલ સરખાવી જોઈએ તો સાફ માલમ પડે કે માણસે પોતાનું કામ કેટલું બધું સુધાર્યું છે?

પરમેશ્વરની ભક્તિ કરવાની શક્તિ માણસસિવાય બીજાં પ્રાણીમાં જણાતી નથી. એ સર્વઉપરથી એમ કહીએ તો બને છે કે બીજાં સઘળાં પ્રાણી ઉતરતી પંક્તિનાં છે, અને માણસ સૌમાં ઉત્તમ ને મોટો છે.

પાઠ ૩૯. માણસ ને બીજાં પ્રાણીમાં ફેર. ભાગ ૩.

આગલા બે પાઠમાં માણસ અને તેનાથી ઉતરતાં પ્રાણીવચ્ચે બુદ્ધિનો ફેર દેખાડ્યો. બુદ્ધિમાં ફેર છે, કેમકે મગજમાં પણ ફેર છે. પણ એ વાત કોરે મેલી પ્રાણીનાં શરીરની રચના માત્ર જોઈએ

તો મુખ્ય ભેદ બે છે; એક જેને વાંસાની કરોડ હોય તે, અને બીજો જેને કરોડ ન હોય તે. આપણને એક મજબૂત હાડકું આપણા વાંસાની વચ્ચોવચ છે, તે હાથ લગાડ્યો હોય તો માલમ પડે છે તેથી આપણે ટટાર ઉભા રહીએ છીએ ને છાતી ભેર બેશીએ છીએ. કૂતરા, બગલા, ગાય, ઘોડાને પણ એ હાડકું માથાથી પૂછડીસુધી છે; કેટલીક માછલીને પણ એ હાડકું હોય છે, એટલે જે માછલી છીપમાં કે શંખમાં રહેતી નથી તેને એ હાડકું ઘણું કરીને હોય છે; સઘળાં પશુપક્ષીને પણ તે હોય છે; દેડકાને તે છે, ને સાપને પણ છે. પણ જે માછલીમાંથી મોતી નીકળે છે, તે માછલીને, અને જે જીવડાને લોક પરમેશ્વરની ગાય કરીને કહે છે તેને, તથા કરોળિઆને, અને માખીને કરોડનું હાડકું નથી.

જે પ્રાણીને ચાર પગ હોય છે, તેને ચોપગાં અથવા પશુ કહે છે, પણ પગ પગમાં ફેર હોય છે; કોઈના કેવા ને કોઈના કેવા. જુઓ, બિલાડીને પગે નહોર હોય છે, તેમજ કૂતરા, વાઘ, સિંહ, રીંછને પણ હોય છે. પણ ઘોડા, ગાય, મેઢાં, ને ભુંડને પંજા નથી, તેને પગે તો ખરી હોય છે. એ ખરી પગને છેડે શીંગડાં જેવી કઠણ થાય છે. કેટલાંક જનાવરને ચારે પગે આંગળાં હોય છે તેથી તે હાથ જેવા દેખાય છે; વાંદરાને એવાજ હોય છે, તેથી તે ઝાડ વગેરેને ઝાલી શકે છે, ને બે પગે ઉભા રહી શકે છે. દેશ દેશનાં જુદી જુદી જાતનાં પ્રાણી હોય છે ને તેમના ખાવાનામાં પણ ફેર હોય છે. જેને જે દેશ માફક આવે તેને તે દેશમાં ઉત્પન્ન કર્યાં છે, અને જેને જેવું જોઇએ, તેને તેવું કૃપાળુ પરમેશ્વરે આપ્યું છે. જુઓ, ઉંટને ગરમી ઘણી જોઇએ છીએ, ત્યારે તેને ગરમ દેશમાં ઉત્પન્ન કર્યું છે; વળી તે ઘણું ઉંચું છે, ને તેનું ખાવાનું ઘણું કરીને ઝાડનાં પાંદડાં છે, તેથી તેની ડોક લાંબી કરી છે. ગાય, ભેંસ, ઘોડા, એને ભોંયપર ચરવાને સરજ્યાં છે, તેથી તેમની ડોક નીચી કરી છે. એપ્રમાણે જે કામને વાસ્તે પરમેશ્વરે જનાવરને સરજ્યાં છે તે કામ કરવામાટે જે જે વસ્તુની તેને ગરજ તે સઘળી તેને આપી છે, માટે પરમેશ્વરનું કેટલું ડાહપણ છે તેના ડાહપણનો કાંઈ પારજ નથી!

પાઠ ૪૦. પક્ષીના માળા.

પક્ષીના માળા પણ અચરજ પમાડે એવા છે. તે પોતાની ચાંચ અને નખવડે એવા ચોખ્ખા માળા બાંધે છે કે તેવા માણસથી પણ બંધાઈ ન શકે. નાનાં પક્ષીનાં ઈંડાંમાંથી ગરમી વેહેલી નીકળી જાય છે, માટે તેમના માળા હમેશાં વધારે ગરમી રહે એવા હોય છે. મોટાં પક્ષી ઘણું ખરૂં પોતાનાં ઇંડાં ઘાસ કે રેતીમાં મૂકે છે, પણ નાનાં પક્ષી તેમ કરતાં નથી, તે તો ગરમ ને ઉંડા માળા બાંધે છે, ને માંહે લીલ કે પર ચોડીને બહુ સુવાળા કરે છે; વળી કેટલાંએક પક્ષી ઝાડનાં પાતરાં સીવીને માળા કરે છે; કેટલાએક તો ઝાડે લટકતા હોય છે.

માળામાં ઇંડાં મૂકી, તેમને સેવવા માદા તેપર બેસે છે. તે ચારો લેવા જાય, ત્યાં પણ ઘણીવાર ઠરતી નથી, તરત પાછી આવે છે, કેમકે વધારે વાર બહાર રહે તો ઈંડાંમાંનાં બચ્ચાં મરી જાય. કેટલીએક જાતનાં પક્ષીની માદા તો એક ક્ષણ પણ ઇંડાં વીલાં મૂકતી નથી, એવે સમે તેનો નર ચારો લાવી ખવરાવે છે. બચ્ચાં ઇંડાંમાંથી નીકળ્યાં કે ચીંચીં કરવાં માંડે છે, ને ખાવાને સારૂ ચાંચ પોહોળી કરે છે, તેમાં માદા ચારો લઈ પોતાની ચાંચવતી ખવરાવે છે. જ્યારે મા બહાર જાય છે, ત્યારે ટાઢ હોય, તો બચ્ચાં એક એક સોડે ભરાઇને બેસે છે કે ટાઢ વાય નહીં.

કેટલીએક જાતનાં પક્ષોનાં બચ્ચાં ઈંડાંમાંથી બહાર આવે છે, ત્યારે પાંખવગરનાં હોય છે, તેથી ઉડી પોતાનો બચાવ કરી શકતાં નથી, માટે તેમનાં માબાપ એવાં ઝાડ કે ઝાડીમાં માળા બાંધે છે કે ત્યાં ઝાઝો ભો હોતો નથી. કૂકડીને બીજાં કેટલાંએક પક્ષીનાં બચ્ચાં ઇંડાંમાંથી નીકળે છે, ત્યારે તેમને ડીલ સુવાળાં ને ગરમ પર હોય છે, તેથી તેઓ ઇંડું ફૂટે છે કે તરત બહાર દોડે છે. એ કારણથી તેમની મા ઉંચા ઝાડઉપર માળા બાંધતી નથી. જો એમ કરે તો બચ્ચાં દોડવા જાય તેવાંજ નીચે પડે.

पाठ ४१. मानो गुण. भाग १.

पारणुं पोढवुं कटु खाजु खमा मुक्ति

भुजंगी छंद.

हतो हुं सूतो पारणे पुत्र नानो,
रडुं छेक तो राखतुं कोण छानो ?
मने दुःखी देखी दुःखी कोण थातुं ?
महा हेतवाळी दयाळीज मा तुं. १
सुकामां सूवाडे भीने पोढी पोते,
पीडा पामुं पंडे तजे स्वाद तो ते ;
मने सुख माटे कटु कोण खातुं ?
महा हेतवाळी दयाळीज मा तुं. २
लई छातीं साथे बची कोण लेतुं ?
तजी ताजुं खाजुं मने कोण देतुं ?
मने कोण मीठां मुखे गीत गातुं ?
महा हेतवाळी दयाळीज मा तुं. ३
पडुं के खडुं तो खमा आणी वाणी,
पडे पांपणे प्रेमनां पूर पाणी ;
पछी कोण पोतातणुं दूध पातुं ?
महा हेतवाळी दयाळीज मा तुं. ४
मने कोण केतुं प्रभु भक्ति जुक्ति ?
टळे ताप पापे मळे जेथी मुक्ति ;
चित्ते राखी चिंता रडुं कोण चातुं ?
महा हेतवाळी दयाळीज मा तुं. ५

पाठ ४२. मानो गुण. भाग २.

भुजंगी छंद.

तथा आज तारुं हजी हेत तेवुं,
जळे माछलीनुं जडयुं हेत जेवुं,
गणीते गण्याथी नथी ते गणातुं,
महा हेतवाळी दयाळीज मा तुं. ६
अरे ए बधुं शुं भलुं जेश भूली;
लीधी चाकरी आकरी जे अमूली;
सदा दास थई वाळी आपीश सारुं,
महा हेतवाळी दयाळीज मा तुं. ७
अरे देवना देव आनंद दाता !
मने गुण जेवो करे मारी माता,
समो वाळवा जोग देजे सदा तुं !
महा हेतवाळी दयाळीज मा तुं. ८
शीखे सांभळे एटला छंद आठे,
पछी प्रीतथी जो करे नित्य पाठे,
रीझी देव राखे सुखी सर्व ठामे,
रच्या छे रुडा छंद दलपतरामे. ९

पाठ ४३. चीनाई वासण. भाग १.

કોઈવાર તમારા મનમાં એવું આવિલું કે સુંદર ચીની ચલાણાં, રકાબીઓ, ચમચા વગેરે વાસણ આવે છે, તે માટીનાં થાય છે ? જે માટીના ઉપર આપણે ચાલીએ છીએ તેનાં, અને જે ચકમકની પથરી ઝારીને દેવતા પાડીએ છીએ તેનાં એ બંને છે. એ બધાને કાચનાં વાસણ કહે છે, પણ એ ખોટું નામ છે, કેમકે એ કાંઈ હાંડી કંદીલની જાતનો બિલોરી કાચ નથી. હવે એ શી રીતે બનાવે છે, તેની થોડી વાત આ નીચે લખી છે.

પેહેલાં ચકમકને ભઠ્ઠીમાં પકવે છે. ચકમકના પથરાના થરની વચ્ચે કોયલાના થર કરીને મોટા ઢગલા કરે છે. પછી તે સળગાવે છે, ત્યાર કેડે ભઠ્ઠીમાંથી પાકેલા પથરા બહાર કાઢીને તેનો ખાંડી ખાંડીને ભૂકો કરે છે. પલાળતા જાય છે ને ખાંડતા જાય છે, એટલે બારીક ભૂકો થાય છે. માટીને પણ પાણીમાં પલાળીને ખાંડે છે, ને ખૂબ ઝીણી કરે છે. પછી માટી અને ચકમકનો ભૂકો એ બેઉને એકઠાં મેળવે છે, એટલે નરમ પ્રવાહી પદાર્થ થાય છે. જો સારી જાતનાં વાસણ કરવાં હોય, તો તેને માખણના જેવો નરમ ને લીસો કરે છે. પછી તે કઠણ ને ગુંદાય એવો થાય ત્યાંલગી ચૂલાપર મૂકી તેને ગરમ કરે છે.

પછી એક ચાક બહુ ઝડપથી ફરતું હોય છે, તેના પર એ પ્રમાણે કેળવાએલી માટીનો લોંદો, જેવડું વાસણ કરવું હોય તે પ્રમાણે મૂકે છે, અને પોતાના હાથ પાણીમાં બોળી બોળીને, પાટીઆપર લોંદો ગોળ ફરતો હોય છે, તેને દાબતો જાય છે કે તેમાંથી પવન ભરાઈ રહ્યો હોય તે નીકળી જાય. પછી તે લોંદાને માંહેથી પોલો કરીને બેઉ હાથના અંગુઠા માંહે અને આંગળાં બહાર રાખીને તે માંહેથી અને બહારથી બરાબર લીસો કરે છે. આ કામ કેવું ઝડપથી અને ચતુરાઇથી ચાલે છે, તે જે નજરે જુએ તેજ જાણે.

પાઠ ૪૪. ચીનાઈ વાસણ. ભાગ ૨.

સંઘાડો

એ ચાકપર જે ડાળીઆં તૈયાર થાય છે, તે ઉતારીને બીજા માણસને આપે છે. જેમ ખરાદી લાકડાનાં રમકડાં કે પાયા સંઘાડાપર ચઢાવીને સાફ ઉતારે છે, તેમ તે માણસ એને પણ કરે છે. એ પ્રમાણે બરણીઓ, ચલાણાં વગેરે બને છે. નાળચાં, હાથા, રકાબી વગેરે પોહોળી ને લાંબી ચીજો કાંઈ સંઘાડાપર કે ચાકપર થતી નથી. એ એક જાતની માટીનાં બીબામાં ઉપર કહેલી મેળવણીના ગારાનો લોંદો મૂકીને દાબે છે એટલે તૈયાર થાય છે. નાળચાં,

ને હાથા, લીલાં ને લીલાં પેલાં ચલાણાં, ચાદાની, કે જેપર ચોડવાં હોય, તેપર ચોડી દે છે.

એ બધાંને પછી પકવે છે; ભઠ્ઠીમાં એમનાં એમ મૂકતા નથી, પણ બીજાં માટીનાં વાસણમાં ઘાલિ છે, અને તે વાસણ ભઠ્ઠીમાં મૂકે છે, અને ખૂબ તાપ કરે છે. એ ભઠ્ઠીઓ બહુ તાપવાળી હોય છે તેમાં તેને બે દહાડાસુધી રાખી મૂકે છે. પછી એને ચળકતાં કરવાસારૂ સીસાના ખારની, અને મીઠાની મેળવણી કરી એનાપર ચડાવે છે. જો એવી રીતે મેળવણી ન ચડાવિ તો એ વાસણ કાંઈ કામ આવે નહીં, કેમકે ઘસાઈ જાય, અને ચોખ્ખાં પણ રહે નહીં. ઉપર કહેલી સીસાના ખારની ને મીઠાની મેળવણી એક કથરોટમાં ભરીને તેમાં વાસણ બોળી કાઢે છે, ને ફરીથી ધીમી આંચવાળી ભઠ્ઠીમાં તપાવે છે. જ્યારે બીજી વાર ભઠ્ઠીમાંથી નીકળે છે, ત્યારે ખાસાં ચળકતાં અને સુંદર થાય છે.

पाठ ४९. चीनाई वासण. भाग ३.

આપણે જે પાછળ વાંચ્યું તે એકલાં સફેદ ચીનાઈ વાસણવિષે છે. પણ ઘણા પ્યાલા, ચલાણાં, રકાબીઓ, ચમચા, બરણીઓ વગેરે રંગીત આવે છે, તેપર તો અસમાની રંગનાં ચિત્ર હોય છે. હવે જો એવાં કે બીજા રંગનાં ચિત્રામણ તે વાસણપર પાડવાનાં હોય તો મીઠાની મેળવણી ચડાવતાં પેહેલાં પાડવાં પડે છે. જાણે એક વાસણપર અસમાની ચિત્ર કરવું છે, તો તેવું એક ચીકણા પાતળા કાગળપર અસમાની રંગથી પાડે છે. પછી તે કાગળ પેલાં વાસણોપર દાબે છે, એટલે તેનાપર તેવું પડી રહે છે. પછી તરતજ તેને પાણીમાં ધોઈ નાંખે છે તેથી કાગળની કરચે કરચ નીકળી જાય છે, અને ચિત્ર બરાબર પડી રહે છે. એટલું કર્યા પછી તેપર મેળવણી ચડાવે છે.

બહુ સરસ પ્યાલા કે રકાબીપર સોનેરી રંગનાં કે બીજાં સુંદર ચિત્ર હોય છે. તે પણ ઉંટના વાળની પીછીવતી તેપર ચીતરે છે. એવું કરવાને સારા ખબરદાર ચીતારા રાખેલા હોય છે.

આ બધાને ચીનાઈ વાસણ કહે છે, કેમકે એ અસલ ચીનથી આવતાં, ને એ બનાવવાની માટી પણ ત્યાંજ થતી; પણ હાલમાં તપાસ કરતાં ઇંગ્લાંડમાં, ફ્રાન્સમાં, અને બીજે ઘણે ઠેકાણે એવી માટી નીકળે છે, તેથી ત્યાં ઘણાં સારાં વાસણ બને છે. આપણા દેશમાં ઘણાં ખરાં વિલાયતથીજ આવે છે. આપણા દેશમાં એ શોધ કરે તો એવી માટી નીકળે.

સાધારણ જાતની માટીમાંથી આવાં સુંદર વાસણ બનાવવાના હુનરની એકાએક ખબર પડી નથી. જે માણસ હલકી ચીજો પણ ધ્યાન રાખી જુએ છે, અને તેનો ઝીણી નજરે સારી પેઠે વિચાર કરે છે, તેવાં માણસોએ આ બધી વાતો શોધી કાઢી છે. નાનાં છોકરાં જો એવી ટેવ રાખે, તો તેમને પણ બહુ કામની વાતો સૂઝે અને તેથી ફાયદો થાય.

पाठ ४६. चीनाई वासण. भाग ४.

એવું કહે છે કે થોડાં વરસઉપર વિલાયતના કુંભાર માટીનાં વાસણો જેવાં હમણા ચળકતાં કરે છે તેવાં કરી જાણતા નહોતા. તેમને એટલી ખબર હતી કે સીસું લગાડીએ તો લીસાં થાએ, પણ તેની જોડે મીઠાની મેળવણી કરવી જોઈએ તે માલમ નહોતું. એક દહાડો એવું બન્યું કે કોઈ બાઈડી માંસના કડકાને મીઠાના પાણીમાં નાંખીને ઉકાળતી હતી. તે મીઠાનું પાણી માટીના વાસણમાં ઘાલેલું હતું. ઉકળતાં ઉકળતાં તે પાણી ઉભરાઈ ગયું, તેથી વાસણની બાજુએ તેના રેલા ઉતર્યા, તે ટાઢા પડયા ત્યારે ચળકતા દેખાયા. આ બધું એક પાડોશી કુંભારે જોયું; તેણે ઘેર જઈને અજમાવી જોયું, તો વાસણ ઘણાં સરસ ચળકતાં થયાં. તેનું જોઈને તે પ્રમાણે બીજા કુંભાર પણ કરવા લાગ્યા.

વળી એક બીજા કુંભારની વાત લખી છે કે તે એક દિવસ ઘોડાઉપર બેશીને કોઈ છેટે ગામ હશે, ત્યાં જતો હતો. રસ્તે ચાલતાં એના ઘોડાની આંખો એવી તો નબળી થતી ગઈ કે જાણે તે થોડી વારમાં આંધળો થશે. તેથી એક ધર્મશાળાઆગળ તે ઉભો રહ્યો.

ત્યારે ત્યાં એક સવાર હતો, તેણે કહ્યું કે, હું એ ઘોડાને સારો કરીશ. પછી તેણે એક ચકમકની પથરી લાલચોળ તપાવીને બાળી નાંખી, અને ખાંડીને ઝીણી મેદા જેવી કરી. તે ભૂકો થોડો ચપટીમાં લઇને ફૂંક મારીને ઘોડાની આંખોમાં નાંખ્યો, તેથી તે વહેલા સાજો થયો. પણ આ બધું જે પેલા સવારે કર્યું, તે કુંભાર સારીપેઠે ધ્યાન રાખીને જોતો હતો. તેને તરત માલમ પડ્યું કે ચકમકને બાળીએ તો બળે છે, ને તેનો ઝીણો ભૂકો પણ થાય છે. વળી એ જ્યારે ઘોડાની આંખમાં ગયો ત્યારે પલળીને ઘણો ધોળો કાદવ જેવો થઇ ગયો. એ ઉપરથી તેણે માટીમાં ચકમક બાળીને નાંખ્યો, તો તેથી બહુજ ધોળો ગારો થયો ને તેનાં વાસણ પણ ઘણાં ધોળાં ઉતર્યાં.

पाठ ४७. पाटणनुं वर्णन. भाग १.

વિદ્યાશાળા પ્રતિષ્ઠા

પાટણ શેહેર અસલ ગુજરાતની રાજધાની હતું, તે અણહિલ નામે ભરવાડના નામથી વનરાજ ચાવડાએ સંવત ૮૦૨ ની સાલમાં વસાવ્યું હતું. એ પાટણ જીલ્લો હાલ ગાયકવાડ સરકારના તાબામાં છે. તેમની તરફથી એક મામલતદાર ત્યાં રહે છે. પાટણને ફરતો કોટ છે, અને માંહેલો કેટલોક ભાગ ઉજડ છે, તેમાં ખેતરાં છે.

પાટણના બજારવચ્ચે ત્રણ દરવાજા છે, ત્યાં પંચાસરા પારશનાથનુ દેરૂં છે. તેની પ્રતિષ્ઠા વનરાજ ચાવડાએ કરી હતી, એવું કહે છે, અને તે દેરામાં વનરાજ ચાવડાની મૂર્તિ છે. શેહેરવચ્ચે એક ગણપતિનું દેરૂં છે તે ગણપતિની મૂર્તિ નીચે પથ્થરમાં લખેલું છે કે "સંવત ૮૦૨ ના ચૈતર." તેઉપરથી લોકો કહે છે કે પાટણ વસાવ્યું ત્યારે મૂરતમાં આ ગણપતિની થાપના કરેલી છે. પાટણથી પશ્ચિમમાં એક દરવાજો છે, તેનેવિષે લોકો કહે છે આ ઠેકાણે કુમારપાળ રાજાની વખતમાં હિમચાર્યજીની પોશાળ એટલે વિદ્યાશાળા હતી. શેહેરથી એક મૈલઉપર એક તુટેલું મોટું તળાવ છે. તેનું નામ સહસ્ત્રલિંગ તળાવ છે. એ તળાવ સિદ્ધરાજ જયસિંહે બાંધેલું હતું, અને તેઉપર શિવલિંગની હજાર દેરીઓ હતી; અને જ્યારે

મુસલમાની રાજ ગુજરાતમાં થયું ત્યારે એ તળાવના સઘળા પથ્થર અમદાવાદની મસીદમાં ચણાયા એવું કહેવાય છે. તે તળાવને પડખે એક જૂની વાવ છે. તે સિદ્ધરાજ જયસિંહની મા મીણલદેવીએ બંધાવેલી, માટે રાણીની વાવ કહેવાય છે.

પાઠ ૪૮. પાટણનું વર્ણન. ભાગ ૨.

મૂળસ્થાન   કુળદેવિ   કુમારિકા


પાટણમાં જૈનના પુસ્તકભંડાર ઘણા જૂના છે. તેમાં તાડપત્રઉપર લખેલાં પુસ્તકો પણ ઘણાં છે. પાટણમાં બાયડીઓને પહેરવાનાં પટોળાં ઘણાં સારાં બને છે, અને તે ઘણાં વરસ થયાં બનતાં હોય એવું જણાય છે, કેમકે ગુજરાતમાં સઘળે ઠેકાણે છોડીઓ તથા બાયડીઓ એક ગરબી ગાય છે, તેમાં જે જે શેહેરની જે જે વસ્તુ વખણાય છે તેનાં નામ આવે છે, તેમાં પાટણનાં પટોળાં એવું હોય છે. પાટણમાં માટીનાં વાસણ કાચજેવાં સરસ થાય છે, તથા ડાબલીઆળી સૂડીઓ ઘણી સારી બને છે.

પાટણવાડામાં જાર અને ઘીની પેદાશ ઘણી છે. એમાં મોઢેરા વગેરે જૂનાં ગામ છે. મોઢેરા ગામપરથી મોઢ વાણિઆ તથા મોઢ બ્રાહ્મણ કહેવાય છે.

પાટણવાડામાં જૂના કુંડ બંધાવેલા તથા જૂનાં દેરાં ભારે ભારે જોવામાં આવે છે. ત્યાં સિદ્ધરાજના બાપ કરણ રાજાએ ખોદાવેલું કરણસાગર તળાવ પાંચ ગાઉ ફરતું છે. તે મોઢેરાથી પૂર્વમાં ત્રણ ગાઉઉપર છે. સિધ્ધપુરમાં રૂદ્રમાળા વગેરે જૂની જગાઓ છે. ત્યાં સરસ્વતી નદી છે.

પાટણવાડામાં એક ઉંઝા ગામ છે, તે કડવા કણબીઓનું મૂળ કેહેવાય છે. ત્યાં તેમની કુળદેવીની જગ્યા છે. બાર વરસે તેમનામાં લગનનો દિવસ ઠરાવવાને દેવીની આગળ દહાડો વાર લખીને ચીઠીઓ મૂકીને એક કુમારિકાપાસે એક ચીઠી ઉપડાવે છે, તેમાં જે દિવસ આવે તે લગનનો ઠરાવીને આખા દેશમાં મોકલે છે.

पाठ ४९. एशिआ.



હિંદુસ્તાનજેવા ઘણા દેશ મળીને મોટા ભાગ થાય છે તેને ખંડ કહે છે. જે ખંડની દક્ષિણમાં હિંદુસ્તાન છે, તેનું નામ એશિઆ.

એશિઆની ઉત્તરમાં દરિઓ છે, તેમાં ઘણી ટાઢને લીધે ઘણું કરીને બરફ રહે છે. ત્યાં ઘણાં અઠવાડીઆંસુધી સૂરજ ઉગતો નથી, તથા રાતો બહુ લાંબી હોય છે. સૂરજ ઉગે નહીં તેથી અંધારૂં રહે એવું કોઇને લાગે, પણ છેક તેમ નથી. ચંદ્રમાનું અને તારાનું અજવાળું પડે છે તેથી, તથા ગગનમાં એક જાતનું તેજ ઝગઝગે છે જેને ઉત્તર અરુણપ્રકાશ કહે છે તેથી પણ અજવાળું પડે છે, માટે લોકને અડચણ પડતી નથી. એશિઆના એ ભાગમાં સૈબીરિઆ દેશ છે, ત્યાંના લોક શિઆળાની રૂતમાં અતિશે ટાઢ પડે છે, ત્યારે ભોંયમાં ભોયરાં કરીને રહે છે, ને તેમાં તાપવાને દેવતા રાખે છે. સૈબીરિઆ તથા એશિઆની ઈશાન ખૂણામાં કામસ્કાટકા કરીને દેશ છે, ત્યાંના ભાયડા બાયડીઓ ઠીંગણાં, કદરૂપાં, અને બહુ ગંદાં છે.

એશિઆના મધ્ય ભાગમાં મોટાં મોટાં જંગલો અને મેદાનો છે. તેમાં કેટલાંક ઘણાં રેતાળ અને કેટલાંક પહાડી છે. એ ભાગમાં વસનારા લોક ગામ કે શેહેર કરીને એક ઠેકાણે રહેતા નથી.

જેમ આ દેશમાં કેટલાક પ્રાંતમાં રબારી ઢોરને ચારતા ફરે છે, અને એક ઠેકાણે રહેતા નથી, તેમ તે લોક પોતાના ઘોડા, ઉંટ, મેંઢાં લઇને ફરતા ફરે છે. એક ઠેકાણે ચારો ખૂટે કે બીજે ઠેકાણે જઇ મુકામ કરે છે.

એ મધ્યભાગની પૂર્વે ચીન કરીને મોટો દેશ છે. એમાં રહેનારા લોક અને મધ્ય ભાગના લોક અસલ એકજ જાતના. એમની ચામડીનો રંગ કાંઇક ઝાંખો અને પીળચટો, માથે લાંબી લાંબી ચોટલીઓ અને આંખો લાંબી, સાંકડી, ને કાળી હોય છે. ચીનના લોક ઘણા ઉદ્યમી છે. ત્યાંની ચા મુલકે મુલક કરોડો રૂપિઆની જાય છે. ચીની ચલાણાં વગેરે જે સામાન થાય છે, તે કરવામાં એ લોક બહુ કસબી છે, એવા એવા ઘણોક કસબ ત્યાં છે.

એશિઆના દક્ષિણ ભાગમાં તાપ ઘણો પડે છે, શાથી જે સૂરજનાં કીરણ ત્યાં ઉભાં પડે છે. એ મુલકમાં ફળ ફૂલ ઘણાં સારાં નીપજે છે. જાત જાતના તેજાના, જવાહીર, અને પશુ પક્ષીઓની પેદાશ ઘણી સારી છે. એ ભાગમાં ઘણા ઝેરી સાપ થાય છે. ત્યાં મોટામાં મોટો મુલક હિંદુસ્તાનનો છે. ત્યાંના તથા એ ભાગ-તરફ જે બેટો આવેલા છે ત્યાંના લોકનો વર્ણ શામળો છે, ને ત્યાં ટાઢ નથી પડતી તેથી ઝાઝાં લૂગડાં પેહેરવાનો ચાલ નથી.

એશિઆ ખંડમાં ઘણાંક મુલકના લોકમાં મૂર્તિ પૂજવાનો ચાલ છે, ને થોડામાં નથી.

पाठ ९०. हिंदुस्ताननो इतिहास. भाग ७.

ઉત્પત્તિ પણ જોધા

હિંદુસ્તાનના બીજા ભાગમાં ઘણાંક મોટાં રાજ થઇ ગયાં, પણ ગુજરાતમાં ઇ૦ સ૦૬૯૯ ને શુમારે સ્થાપવામાં આવ્યું હતું, તેવું મોટું રાજ એ પ્રાંતમાં બીજું અગાઉ થયું નહોતું. એ રાજની ઉત્પત્તિ નીચે લખી છે.

અગીઆર સેં વરસ પેહેલાં ઝીંઝવાડાની પાસે કચ્છના રણઆગળ પંચાસર કરીને નગર હતું. ત્યાં ચાવડા જાતનો રજપૂત રાજા જયશિખ-

ગી રાજ કરતો હતો. એ રાજાની પાસે બેસુમાર દોલત હતી, અને તેની રાણી રૂપસુંદરી ઘણી રુપાળી હતી. એજ વખતે સોલંકી વંશનો ભૂવડ નામે રાજા કલ્યાણમાં રાજ કરતો હતો, તે પણ મહાબળવાન હતો, અને તેના દરબારમાં સોળ જોદ્ધા હતા તે કોઇથી જીતાય નહીં, એવા ગણાતા. જયશિખરીની મોટાઈ તથા બળની વાત એ રાજાને કાને પડી, તેઉપરથી તેણે એને હું જીતું તો ખરો એવું પણ લીધું. પછી પોતાના સ્વાર તથા હાથી અને ચાર હજાર રથ તથા બેસુમાર પાયદળ લઇને પંચાસરપર ચડાઈ કરી. ત્યાં પહોંચતાં વાટમાં ઘણા દિવસ લાગ્યા, અને જે દહાડે પહોંચ્યા તે દહાડે છેક સાંજ પડી ગઈ. આખી રાત ભાટ ચારણોએ લશ્કરમાં મહાભારતના જોદ્ધાના પરાક્રમ ગાઈ ગાઇને શૂર ચડાવ્યું.

पाठ ६१. हिंदुस्ताननो इतिहास. भाग ८.

પોશટતાંજ ગર્ભવંતિ ફળાદિ લાંછન

બીજે દહાડે પોફાટતાંજ લડાઈ શરૂ થઈ. ત્યારે તો જયશિખરીએ ભૂવડ રાજાના લશ્કરમાં પોતાના લશ્કરકરતાં ઘણાજ માણસો જોઇને વિચાર્યું કે હવે તો મરવાનો વખત આવ્યો. એવે સમે એની રાણી રૂપસુંદરી ગર્ભવંતી હતી, તેથી તેણે તેને રાનમાં નસાડી મૂકી, અને પોતે શત્રુની સામો લડવા ગયો, ને લડતાં લડતાં રણમાં પડ્યો. હવે રૂપસુંદરીની શી ગત થઈ તે સાંભળો. એ બાઈએ તો વગડામાં ઝાડની છાયાતળે ફળાદિ ખાઇને દહાડા કાઢ્યા, ને કેટલેક મહીને તેને દીકરો અવતર્યો. એનો જન્મ વનમાં થયો, માટે એનું નામ એણે વનરાજ પાડ્યું. વનરાજ મોટો ને સમજણો થયો એટલે ભૂવડ રાજાના કાસદને, તથા સોરઠ દેશમાં ઘોડા વેચાતા લેવાને તેનાં જે માણસ જતાં તેને તથા બીજા અમલદારોને પકડીને લૂટી લેવા લાગ્યો. આગળ જતાં બળવાન થયો ત્યારે તેણે અણહિલવાડ નગર વસાવ્યું. એ નગરને હાલ સિધ્ધપુરપાટણ કહે છે. એ નગરમાં તેણે રાજધાની કરી. આજ પણ ત્યાં તેની મૂર્તિ પથ્થરની બનાવેલી જોવામાં આવે છે. એ પૂતળાને

માથે લાલ છત્ર ધરેલું છે, તેથી જણાય છે કે એ રાજાનીજ મૂર્તિ છે. એ રાજા સાઠ વરસ રાજ કરીને મરણ પામ્યો. તેની પછી તેનો દીકરો યોગરાજ ગાદીએ બેઠો. યોગરાજ તીર મારવાનું કામ સારૂં જાણતો હતો, અને ઘણું ભણેલો હતો. કહે છે કે તે એટલો તો ભણેલો હતો કે તેણે એક ગ્રંથ રચ્યો હતો. વળી બીજા રાજાઓકરતાં તે ઘણો બળવાન તથા ઈનાસાફી હતો. વિદ્યા ભણવાથી કાંઈ રાજાની મોટાઈને લાંછન લાગતું નથી, પણ ઉલટું પોતાનું હરેક કામ સારી રીતે કરી શકે છે.

पाठ ६२. हिंदुस्ताननो इतिहास. भाग ९.

બખેડા   રાજપાટ

બસેં વરસસુધી અણહિલવાડની ગાદી વનરાજના વંશમાં રહી. તેમાંના કોઈ કોઈ એવા સારા થયા કે તેમના વખતમાં મૂદલે બખેડો કે લડાઈ થઈ નહીં, ને સૌ લોકો સુખ ચેનમાં રહ્યા; તથા કેટલાક એવા શૂરા થયા કે તેમનાં નામ સાંભળીને વેરી થરથર કાંપતા હતા; અને કોઈ તો એવા થઈ ગયા કે તેમના ઠાઠનો કાંઈ પારજ નહીં.

એ બધા રાજા પરાક્રમી હતા. છેલા રાજા સામતસંગજીને પેટે કાંઈ સંતાન નહોતું, તેથી વનરાજના વંશના રાજની એ સામતસંગજી પડ્યા ત્યારથી સમાપ્તિ થઈ. સોલંકી વંશનો કોઈ રજપૂત રાજા કલ્યાણમાં રાજ કરતો હતો તે સામતસંગજીની બેન લીલાવેરે પરણ્યો હતો. તેમનો મૂળરાજ નામે કુંવર હતો, તે સામતસંગજીનો વારસ થઈ ગાદીઉપર બેઠો. મૂળરાજ પણ મહાસમર્થ રાજા થઈ ગયો. જુનાગઢની પાસે જે ગિરનાર નામે પહાડ છે તેમાં એક લૂટારો રહેતો તે વટેમાર્ગુઓને લૂટી લેતો. તેને એ રાજાએ જઈને પકડ્યો તથા તેની મદદે તેનો મિત્ર કછનો લાખો આવ્યો હતો, તેનો લડાઈમાં ભાલો મારીને જીવ લીધો. એ રીતે મૂળરાજે કછ તથા સોરઠ દેશ, જેમાં સારા ઘોડા નીપજે છે, તે જીતી લીધા. એ શૂરો

રાજા ઘરડો થયો, ત્યારે રાજપાટ તજીને સિદ્ધપુરક્ષેત્રમાં ગયો. એ ક્ષેત્રથી સરસ્વતી નદી ઉગમણી વહે છે. અહીં આવીને તેણે ઘણાક બ્રાહ્મણોને બોલાવીને તેમને શ્રીસ્થળ, અને સિદ્ધપુર એટલે સિહોર ગામ દાનમાં આપ્યાં, અને તેની જોડે રથ, સોનું, અને ઝવેર એ પણ ઘણાં આપ્યાં. એટલું કર્યાપછી તેણે દેહ છોડી. તેની પછવાડે તેના વંશજોએ રાજ કર્યું, પણ કેટલેક વરસે તેમના વખતમાં રજપૂતોની પડતી દશા આવી. મૂળરાજના પેહેલાં રજપૂતોએ હિંદુસ્તાનના ઘણાએક દેશ લીધા હતા, ને કોઈ કોઈવાર માંહોમાંહે લડાઈ કરતા તો પોતાની બહાદુરી તથા મોટાઈ દેખાડવાને સારુ, અથવા રાજકન્યા પરણવાસારૂ કરતા.

पाठ ८३. हिंदुस्ताननो इतिहास. भाग १०.

સર કરવું ચિતા

સિંધુ નદીની પેલીમેર ઘણે છેટે એક જબરા લોકોનું રાજ થયું હતું. તેમણે તે તરફના કેટલાક મુલક જીતી લીધા હતા. હિંદુસ્તાનની દોલતવિષે મોટી મોટી વાતો તેમણે સાંભળી, તેઉપરથી વરસોવરસ તે લોકો ફોજ લઈને હિંદુસ્તાનભણી વધતા ગયા. આખર સિંધુ નદીની પશ્ચિમતરફના પાહાડી મુલકને રસ્તે થઈને એ નદીના કાંઠા પાસેના હિંદુઓઉપર વાઘની પેટે તૂટી પડ્યા. એ તૂટી પડનારાઓ ઘિજનીની ફોજના તુરકી મુસલમાનો હતા.

મૂળરાજના પેહેલાં અઢીસેં વરસઉપર અરબસ્તાનના મુસલમાનોની ફોજે આવીને અલોરના રજપૂત રાજાઉપર હુમલો કર્યો, અને સિંધનો બધો મુલક જીતી લીધો. તેમનો સરદાર મહમદ કાસમ નામે હતો, તેણે દેવળગામ એટલે કરાચીબંદર સર કર્યું, અને ત્યાંના રજપૂત રાજાને મારી નાંખ્યો. પણ તેની રાણી પોતાનાં સઘળાં માણસોને લઈને પોતાનું રક્ષણ કરવાસારૂ બ્રાહ્મણાબાદ એટલે નગરઠઠ્ઠે જતી રહી. જ્યારે કાસમ ફોજ લઈને એ ગામના દરવાજાઆગળ આવ્યો, ત્યારે રજપૂતોએ પોતાનાં બેરાં છોકરાંને પેહેલાં તો

ચિતા ખડકીને બાળી મૂક્યાં, ને પછી પોતે શત્રુની ફોજઉપર તૂટી પડ્યા. તેમાં એકે એકનો જીવ ગયો.

ત્યારપછી કાસમઉપર એના ધણીની ઈતરાજી થઈ, તેથી કોઈએ તેને મારી નાંખીને તેનું માથું ગંધાતા ચામડામાં સીવીને તેના ધણીને મોકલાવ્યું. એ મરી ગયો ત્યારે રજપૂત પાછા આવ્યા, અને મુસલમાનોને કાઢી મૂકીને પાછા પોતે રાજ કરવા લાગ્યા.

સિંધુ નદીની પશ્ચિમે સુલેમાન નામે પાહાડો છે, ત્યાંના દેશમાં મૂળરાજના વખતમાં મુસલમાનનું રાજ થયું હતું. એ મુસલમાનોને આરબ લોકો ગુલામ કરીને તુર્કસ્તાનમાંથી લાવ્યા હતા. પછી તે નાસી જઇને ઘિજનીમાં રહ્યા હતા.

पाठ ૯૪. हिंदुस्तानना इतिहास. भाग ११.

કુમક આપઘાત ખરચી

મુસલમાની ધર્મસાથે હિંદુ લોકોને વેર હતું. તેજ ધર્મના લોકનું રાજ હિંદુસ્તાનના થડમાં થયું, તે જોઇને તેમને ચિંતા પેઠી, માટે ત્યાંનો સબક્તગીન બાદશાહ હતો, તેને જીતવાસારૂ લાહોરનો જયપાળ રાજા ગયો અને તેની કુમકે દિલ્લી, અજમેર, કલંજર, અને કનોજ, એ સંસ્થાનોના રાજા ફોજ લઇને ગયા. સબક્તગીને ડુંગરઉપર ચડીને નીચે નજર કરી તો હેઠે મેદાનમાં હિંદુઓની ફોજ ઘણી મોટી દીઠી, પણ તે ગભરાયો નહીં ને છાતી ચલાવીને હિંદુઓને હરાવ્યા, અને તેમની છાવણીમાંથી બધો પૈસો લૂટી લઇને ઠેઠ સિંધુ નદીસુધી તમામ મુલક જીતી લીધો.

સબક્તગીનના મુઆ પછી તેનો દીકરો મહમૂદ ગાદીએ બેઠો. એણે પણ હિંદુસ્તાનઉપર ચડાઈ કરી. એ વખતે ગુજરાતનો રાજા મૂળરાજ ગુજરી ગયો હતો. લાહોરમાં જયપાળ રાજા ગાદીઉપર હતો, તેની સાથે પહેલી લડાઈ કરી, તેમાં જયપાળ હાર્યો. મહમૂદે તેનું અપમાન કર્યું, તે સહેવાયું નહીં, માટે તેણે આપઘાત કર્યો. હિંદુસ્તાનના સઘળા રાજાઓના પેટમાં બીક પેઠી, તેથી તેઓ પોતાનું રાજ સંભાળવાસારૂ સંપ કરીને મહમૂદની સાથે લડવાને ભેગા

થયા. એ વખત સૌને એવું શૂર ચડ્યું હતું કે બૈરાંએ પણ પોતાનાં ઘરેણાં ગાંઠા વેચીને એ લડાઈમાં મદદને સારૂ ખરચી મોકલી હતી. ઉઘાડા માથાના ને જોડાવગરના જંગલી લોક છરા તથા તલવાર લઇને ડુંગરમાંથી મુસલમાનોની સાથે લડવાને ઉતરી આવ્યા હતા. જયપાળનો દીકરો અનંગપાળ એ સર્વેનો સરદાર હતો. મહમૂદની ફોજને તેમણે ઘેરી લીધી. પણ તેવામાં અનંગપાળના હાથીને તીર વાગ્યું તેથી તે તેને લઇને નાઠો. એઉપરથી હિંદુ સિપાઈઓ કાંઈ દગો થયો એવું સમજીને વખેરાઈ ગયા; નાસતાં નાસતાં તેમનામાંનાં વીશ હજાર માણસ માર્યાં ગયાં.

પછી હિમાલયની તળેટીમાંથી નગરકોટનું દેરૂં લૂટવાને મહમૂદ ગયો. ત્યાં મોટા મોટા રાજાઓના ભંડારમાં નહોય એટલી દોલત હતી. તેમાંથી તેને ૨૦૦ મણ સોનું, ૨૦૦૦ મણ રૂપું, અને વીશ મણ ઝવેર મળ્યું, અને રોકડા નાણાંનો તો કાંઈ શુમારજ નહીં. એ બધું દ્રવ્ય લઇને તે પાછો ઘિજની ગયો.

पाठ ८९. हिंदुस्ताननो इतिहास. भाग १२.

વતન ખાલસા હરડતા

મહમૂદની ફોજ સિંધુ નદીને રસ્તે થઇને ઘણીક વાર હિંદુસ્તાનઉપર ચડી આવતી, તેમાં લૂટફાટ કરવી એજ એની ખુરી મતલબ હતી, કેમકે તે પોતાનાં બૈરાં છોકરાંને સાથે લઈ આવતા નહોતા, પણ લડાઈમાં ઘણી લૂટ મળતી, એટલે પાછા પોતાને વતન જતા. એક વાર તેઓ કાશ્મીર, તથા જમનાઉપરનું થાનેસર, એ બે શેહેર લૂટી લઇને મથુરાં ગયા. ત્યાંનાં મંદીર તેમણે બાળી નાંખ્યાં. પણ મુંજમાં કેટલાક રજપૂતોએ ગભરાઇને ઉંચા કોટઉપરથી પડતું મૂકીને જીવ ખોયો, અને કેટલાક તો પોતાનાં બૈરાં છોકરાંને લઇને બળી મુઆ. કનોજના રાજાવિના બીજા કોઈની સાથે મહમૂદે દોસ્તી તથા કોલકરાર કર્યાં નહીં.

પછી એણે લાહોરના રાજા જયપાળના દીકરા અનંગપાળને હરાવીને લાહોર પોતાનું ખાલસા કરી લીધું, અને મુસલમાનોને

ત્યાં વસાવ્યા. એ પહેલાં હિંદુસ્તાનમાં એ લોકો કોઈ ઠેકાણુ જઈ વસ્યા નહોતા.

આ પછી તેણે એવું નક્કી કર્યું કે હવે તો એક વાર મોટું પરાક્રમ કરીને ઈશ્વરને પ્રસન્ન કરવો. તેને હિંદુ ધર્મની સાથે વેર હતું, તેથી હિંદુઓને મારી નાંખીશું તો પરમેશ્વર રાજી થશે, એવું માનીને એ મહાપાપી બાદશાહ તે બાપડાને વગરવાંકે મારી નાંખતો હતો. જંગલી લોક દેશ જીતવા જાય છે, ત્યારે એમજ કરે છે. પારકા ધર્મના લોકોને મારી નાંખવા, અને તેમનો દેશ લૂટવો, એમાં તેઓ મોટાઈ ગણે છે. એવા વિચારથી મહમૂદ પણ વીશ હજાર ઉંટનો, તથા જે હરડતા મુસલમાન લૂટવાને તથા ખૂન કરવાને તૈયાર હતા, તેમનો ભારે જમાવ કરીને સિંધના રણને રસ્તે સોરઠમાં સોમનાથનું દેરૂં લૂટવાને ચાલ્યો.

पाठ ५६. हिंदुस्ताननो इतिहास. भाग १३.

મંડપ   શિવલિંગ

સોરઠ પ્રાંતને હમણાં કાઠિઆવાડ કહે છે. એની નૈઋત્ય દિશાએ દરિઆ કિનારે પ્રભાસપાટણ નગર છે, ત્યાં સોમનાથનું દેરૂં પડી ગએલું હાલ જોવામાં આવે છે, ત્યાં મહમૂદ જઈ પહોંચ્યો. એ વખતે મૂળરાજને મરી ગયાને તો સતાવીશ વરસ થઈ ગયાં હતાં, પણ તેના દીકરાનો દીકરો વલભ ગાદીઉપર હતો, તે ત્યાં લડવાને ગયો. પણ મહમૂદની સ્વારી ત્યાં તેનાકરતાં વેહેલી જઈ પહોંચી. મુસલમાન નીસરણીઓ મૂકીને દેરાના કોટઉપર ચઢવા મંડ્યા, એટલે માંહેનાં હિંદુ ગભરાઇને મંડપમાં ભરાઇને ઈશ્વરની પ્રાર્થના કરવા બેઠા. પણ થોડીક વારમાંજ તેમને માલમ પડ્યું કે આપણે હાથ પગ જોડીને બેશી રહીશું તો પરમેશ્વર કાંઈ સહાય થશે નહીં. એવું સમજતાંજ તેમણે કોટઆગળ જઇને મુસલમાનોને હઠાવી દીધા. એવામાં રાજાની સ્વારી ત્યાં આવી પહોંચી. તેણે મહમૂદની સાથે લડાઈ કરી, પણ તેમાં તેની હાર થઈ, અને અણહિલ-

વાડના રાજાનું નિશાન ભોંયઉપર ધૂળમાં રગદોળાયું. મહમૂદે આછી લડાઈ કરીને સોમનાથનું દેવલ હાથ કર્યું. તેમાંનું શિવલિંગ તથા બીજા દેવની મૂર્તિઓના કડકા કરી નાંખીને તેમાં જેટલું સોનું હતું તેટલું બધું લઈ લીધું. હિંદુઓએ મૂર્તિઓ ન ભાગવામાટે બહુ રૂપિઆ આપવા માંડ્યા, પણ તે લેવાની તેણે ના કહીને કહ્યું કે, મૂર્તિ વેચવાના કરતાં ભાગવાનું માન મને ઘણું ગમે છે.

ત્યાંથી જઈને અણહિલવાડ લીધું અને રાજા વલભના ભાઈ દુર્લભને ગુજરાતનો સુબો ઠરાવીને તે પાછો ઘિજનીની ભણી ગયો. એ વખતે રાજા વલભનો દીકરો ભીમદેવે ફોજ એકઠી કરીને મહમૂદને બાધ્યો, તેથી તેને સિંધુની પૂર્વના રેતીના મેદાનને માર્ગે જવું પડ્યું. એ મેદાનમાં પાણીની તંગાશને લીધે તેનાં હજારો માણસ મરી ગયાં. બાપડા હિંદુઓને મારી નાંખવા જેઓ હોંસે હોંસે આવ્યા હતા, તેઓ ખરે બપોરે પાણીવિના તરફડી તરફડીને મુઆ. ત્યારપછી ફરીથી મહમૂદ હિંદુસ્તાનમાં આવ્યોજ નહીં, પણ ઈરાન જીતી લીધાપછી થોડેક દહાડે મરણ પામ્યો. (ઈ૦ સ૦ ૧૦૩૦)

पाठ ૯૭. हिंदुस्ताननो इतिहास. भाग १४.

પાઠશાળા

એ બાદશાહ રણમાં શૂરો હતો, પણ શૂરાતનથી તેનું જેટલું નામ નથી થયું તેટલું તેણે વિદ્યાના કામમાં મદદ કરી તેથી થયું છે. તેણે ઘિજનીમાં પાઠશાળા સ્થાપી, અને ફિર્દુસી કવિની પાસે ઈરાનની ઇતિહાસરૂપ કવિતા રચાવી. એ કાવ્યની રચનાનાં આજ પણ મુસલમાનમાં વખાણ થાય છે, અને ઘણાએક પારસીઓને તેનો ગુજરાતી તરજુમો વાંચવો તથા સાંભળવો બહુ ગમે છે. એજપ્રમાણે જે વિદ્યાના વધારામાં, અને લોકોને સુખ કરવામાં પૈસો વાપરે છે, તેમની કીર્ત્તિ સૂરજચંદ્ર તપે ત્યાંસુધી રહે છે. એ બાદશાહ કઠોર મનનો હતો, એ તેનામાં મોટો અવગુણ હતો. તેણે મુલક જીત્યા ખરા પણ ત્યાંની રૈયતઉપર કંઈજ દયા ન રાખી. તેણે હિંદુઓને લુટી લીધા તથા ઘણાંકને પોતાને દેશ લઈ જઈને ગુલામ-

ગીઝીમાં વેચ્યા. તેઉપરથી શાબિત થાય છે કે તે પૈસાનો બહુ લોભી હતો અને માણસ જાતને દુઃખ દેવું એમાં તે ખોટું માનતો નહીં.

આઉપરથી યાદ રાખવું કે પરદેશી રાજા જેણે પોતાના દેશનું સારૂં કરેલું એવા તો ઇતિહાસમાંથી ઘણાક નીકળશે, પણ પરમુલકમાં રાજ થયું હોય ત્યાંની રૈયતના સુધારા તથા સુખને માટે જેણે કાળજી રાખી, એવા રાજા તો અંગ્રેજ સરકાર જેવા થોડાજ મળી આવશે.

મહમૂદે ઈરાન જીત્યું તેપછી ગિજનીના દરબારમાં ઘણા ઈરાની આવવા લાગ્યા, અને એના પછી તો સરકારી કામકાજમાં જે મોટા મોટા કારભારી હતા, તે બધા ઈરાનીજ હતા. મુસલમાનનું હિંદુસ્તાનમાં રાજ થયું, ત્યારે ઈરાન દેશની ફારશી ભાષા આ દેશમાં પેઠી. સરકાર દરબારમાં તો ઘણીજ પસરી ગઈ. મહમૂદની જોડે આવેલા મુસલમાન જબરા અને લાલચોળ હતા; તેઓ જાડા ડગલા બંડી તથા બૂટ પેહેરતા. મહમૂદના પછી જે બાદશાહ થયા, તેના રાજમાં એ લોક હિંદુસ્તાનમાં વસવા લાગ્યા, તથા હમણાના જેવા પેહેરવેશ પેહેરવા લાગ્યા.

पाठ ९८. हिंदुस्तानना इतिहास. भाग १९.

સૂબો મર્યાદશીળ વખો

મહમૂદના વંશમાં ઈ૦ સ૦ ૧૧૫૨ સુધી ગિજનીનું રાજ રહ્યું. ત્યાં એ વંશનો છેલ્લો રાજા બેહેરામ હતો. તેણે દગાથી પોતાના જમાઇને મારી નાંખ્યો. એ મરનારો ગોર પ્રાંતનો સૂબો હતો. એ સૂબાના ભાઈ અલાઉદ્દીને બેહેરામને હરાવ્યો, ને ગિજની શેહેર બાળી નાંખ્યું. બેહેરામ હિંદુસ્તાનતરફ નીકળી નાઠો, પણ માર્ગમાંજ મરણ પામ્યો. તેનો દીકરો ખુશરૂ નાસતો નાસતો લાહોર આવી પોંહોચ્યો, ત્યાં તેણે રાજ કર્યું; પણ તેનો અમલ ગોરીવંશવાળાએ તોડી પાડ્યો. ખુશરૂનો દીકરો ખુશરૂમલેક સબકતગીનની ઓલાદનો છેલ્લો રાજા થઈ ગયો. એ રીતે ગિજની વંશનો છેડો આવ્યો.

અફઘાન એટલે પઠાણ લોક કહે છે કે, અમારો ઘરડા અસલ ગોરના પર્વતમાં રહેતા, ત્યાંથી તેમાંનો એક જણ વખાનો માર્યો હિંદુસ્તાનમાં જતો રહ્યો. ત્યાં તેને કોઈ દેવસ્થાનમાં ચાકરી મળી, અને કેટલેક વરસે બહુ પૈસા એકઠા કરીને તે પોતાને વતન જવા-સારૂ વાહાણમાં બેઠો. પણ ભોગજોગે એ વાહાણ ભાગ્યું, તેથી તે ડૂબી મુઓ, પણ તેનો દીકરો હુસેન ઉગર્યો. તેને ઘિજનીના બાદશાહકને સિપાઈ લઈ ગયા. બાદશાહે ખુશી થઇને તેનું વતન જે ગોર પ્રાંત ત્યાંનો હાકેમ તેને બનાવ્યો. એ હાકેમના કૂળમાં અલાઉદ્દીન થયો, તેણે ઘિજની શેહેર બાળી નાંખ્યું.

અલાઉદ્દીન ફકત ચાર વરસ રાજ કરીને મરણ પામ્યો. એના પછી એનો દીકરો ગાદીએ બેઠો. તેણે એકજ વરસ રાજ કર્યું, એટલામાં તેને કોઈએ મારી નાંખ્યો. ત્યારપછી અલાઉદ્દીનનો ભત્રિજો ગ્યાસુદ્દીન તખ્તઉપર બેઠો. એને શાહબુદ્દીન નામે એક ભાઈ હતો, તેનાઉપર એની મમતા ઘણીજ હતી, તેથી એણે તેને પોતા-ના જેટલોજ અધિકાર આપ્યો. એ બંને ભાઈઓ જીવતાસુધી કદી માંહોમાંહે લડયા નહોતા. વળી તેઓ એવા માયાળુ અને મર્યાદશીળ હતા કે તેમનો કાકો એ પ્રાંતનો સૂબો હતો, તેણે તેમની સામે થઇને લડાઈ કરી, તેમાં તેને કોઈ સિપાઇઓ મારી નાંખવાની તૈયારીમાં હતા, એટલામાં તે બંને ભાઈ વેહેલા વેહેલા તેનીપાસે ગયા, અને તેના ઘોડાના પેગડા પકડીને તેનો જીવ બચાવ્યો, અને તેનો પ્રાંત પાછો તેને સોંપ્યો.

पाठ ૯૯. हिंदुस्ताननो इतिहास. भाग १६.

શાહબુદ્દીન લડાઇનું કામ ચલાવતો અને ગ્યાસુદ્દીન મુલકનો બંદોબસ્ત રાખતો. પેહેલાં જેમ મહમૂદે ગુજરાતઉપર ચડાઈ કરી હતી, તેમ ઈ૦ સ૦ ૧૧૭૮ માં શાહબુદ્દીને પણ કરી, અને જેમ મહ-મૂદની સામે રાજા ભીમદેવ થયો હતો, તેમ હવે બીજા મૂળરાજ રાજાનો દીકરો ભોળો ભીમદેવ શાહબુદ્દીનની સામે થયો. લડાઇમાં શાહબુદ્દીનનાં ઘણાં માણસ માર્યાં ગયાં, ને તે હારીને રેતીના મેદાન-

ને રસ્તે નાસી ગયો. ત્યાં જેમ મહમૂદના લશ્કરનો ઘાણ વાળ્યો હતો, તેમજ એના લશ્કરનો પણ વાળ્યો. બેહેરામના દીકરાનો દીકરો લાહોરમાં રાજ કરતો હતો, એવું પેહેલાં લખ્યું છે. એ બેહેરામના ઉપર તેણે હાર્યાની રીસ કાડી, ને તે બિચારાને કુટુંબસહિત કેદ કર્યો. પણ એટલાથી સંતોષ ન પામીને શાહાબુદ્દીને હિંદુસ્તાન લેવાની તૈયારી કરી.

એના વખતની અગાઉ હિંદુસ્તાનમાં ચાર મોટાં રાજ હતાં, તેમનાં નામ, દિલીમાં તોમાર જાતના રજપૂત રાજાનું રાજ, અજમેરમાં ચોહાણનું રાજ, કનોજમાં રાઠોડનું રાજ, અને ગુજરાતમાં મૂળરાજના વંશનું રાજ.

પૃથુરાજ દિલીનો રાજા હતો, પણ તેને ચોહાણ જાતના રાજાએ દત્તક કરી લીધો હતો, માટે અજમેરની ગાદી પણ તેને મળી. એ જોઇને કનોજના રાઠોડ જાતના રાજાની આંખમાં ઝેર આવ્યું, તેથી તેઓને માંહોમાંહે લડાઇઓ થઈ. એ લડાઇથી રજપૂતો બહુ નબળા પડી ગયા, ને તેથી શાહાબુદ્દીનને તેમની સાથે લડવું ઠીક પડ્યું. શહાબુદ્દીન ચડી આવ્યો, તેની સામે થવાને સઘળા રજપૂત એકઠા થયા. ભાટ ચારણોએ તેમને શૂર ચડાવ્યું, અને રાજા પંડે લડાઇને મોખરે થયા. આગળ જતાં સ્થાનેશ્વર અને કર્નાળની વચ્ચે તિરોરી-આગળના મેદાનમાં પૃથુરાજ અને શહાબુદ્દીન સામસામા આવી પહોંચ્યા, એટલે લડાઈ શરૂ થઈ. મુસલમાનોની લડવાની રીત એવી હતી કે શત્રુની ફોજપર અસવારોની ટુકડી એક પછી એક મોકલવી; પણ રજપૂતો દુશ્મનને ઘેરી લેતા. આ લડાઇમાં પણ એમ થયું. રજપૂતોએ શત્રુની ફોજને ઘેરી લીધી, તેથી શહાબુદ્દીનના અસવાર હુમલો કરી શક્યા નહીં, અને બાદશાહ જખમી થયો; તેને ઘણી મેહેનતથી સહીસલામત બહાર કાઢી લાવ્યા. એ રીતે તેને બીજીવાર હારીને ઘિજની જવું પડ્યું.

पाठ ६०. हिंदुस्तानने इतिहास. भाग १७.

ખુન્નસ   છાપો મારવો   કતલ

એ હારથી આપણું અપમાન થયું એવો વિચાર શાહાબુદ્દીનના મનમાંથી જાય નહીં, તેથી તેને નિરાંતે ઉંઘ પણ આવે નહીં. આખર તેને ખુન્નસ ભરાઈ આવી, અને તે પાછો લડાઈ કરવાને તૈયાર થયો તુર્કી તથા પઠાણ લશ્કરી ટોપીઓઉપર જડાવનાં ઘરેણાં તથા બક્તરઉપર સોના રૂપાનાં ઘરેણાં પેહેરતા. એ લોકોની ફોજ જમાવીને તેણે પૃથુરાજની છાવણીઉપર છાપો માર્યો. બારસેં વીણી કાડેલા અસ્વાર સાથે રાખીને હલ્લો કર્યો ને શત્રુની ફોજને ધૂળધાણી કરી નાંખી, અને રાજાને પકડીને મારી નાંખ્યો. પછી અજમેરઉપર હુમલો કરીને તે લીધું, અને ત્યાંના લોકને કતલ કર્યા. બીજે વરસે તેણે કનોજ તથા કાશી જીતી લીધાં, અને રાઠોડ વંશના રજપૂત રાજાનો જીવ લીધો.

ત્યારપછી બીજે વરસે શાહાબુદ્દીનના સેનાપતિ કુતબુદ્દીને ઈ० સ० ११९५ માં ગુજરાતપર ચડાઈ કરીને ત્યાંના રાજા ભીમદેવને હરાવ્યો. તેથી તે ગુજરાત છોડીને કહીં જતો રહ્યો. એ રીતે રજપૂતોનાં ચારે મોટાં કુળનાં રાજ શાહાબુદ્દીને જીતી લીધાં. અજમેરમાં મેર જાતના પાહાડી લોક રેહેતા, તેમની સાથે મળી જઈને ભીમદેવે ફરી ગુજરાતમાં આવીને કુતબુદ્દીનની સાથે લડાઈ કરી. તેમાં કુતબુદ્દીન જખમી થયો, પણ એવામાં બીજી ફોજ આવી પહોંચી તેની મદદવડે તેને પાલી, નાંદોળ, તથા શીરોઈ એ ગામ સર કર્યાં, અને પચાસ હજાર રજપૂતોનો ઘાણ કાડીને અણહિલવાડ લીધું.

ઈ० સ० १२०२ ની સાલમાં ગ્યાસુદ્દીન મરણ પામ્યો, ત્યારપછી શાહાબુદ્દીન એકલાએ રાજ કર્યું, પણ ત્રણ વરસપછી બીજા મુલક જીતવાસારૂ શાહાબુદ્દીન નીકળ્યો, ને માર્ગમાં સિંધુ નદીને કાંઠે તંબુમાં મુકામ કર્યો, ત્યાં એક જાતના રઝળતા પાહાડી લોકોએ તેને દીઠા. એમના સગાવહાલાને તેણે લડાઈમાં મારી નાંખ્યાં હતાં, તેનું વેર વાળવાસારૂ રાતની વખતે નદી ઉતરીને

એમણે તેને ઉંઘતો મારી નાંખ્યો. તેના માણસે તેનું મડદું ઘિજની લઈ જઈને દાટર્યું. ....

पाठ ६१. हिंदुस्ताननो इतिहास. भाग १८.

નામના સાવધ ઠાર કરવું સ્વતંત્ર

શહાબુદ્દીને હિંદુસ્તાન જીત્યું એ વાત ખરી, પણ એ કાંઈ લોકોમાં નામના કરી ગયો નહીં. એ મોટો જોદ્ધો હતો ખરો, પણ વિદ્યાતરફ કાંઈજ મન ઘાલતો નહોતો, માટે મહમૂદકરતાં એની નામના થોડી થઈ.

એઉપરથી જણાય છે કે શૂરા હોય છે, તે પોતે થોડાં વરસ જીવે છે, ત્યાંસુધી ફતે મેળવે છે ખરા, પણ વિદ્યાને ચાહનારનું નામ જેમ ઘણા કાળસુધી રહે છે, તેમ તેમનું રહેતું નથી.

એને દીકરાનું સુખ નહોતું. પેટે દીકરો નહોતો. માટે તે તુર્કી ગુલામો રાખીને તેમને લડાઈની કળા શીખવતો.

એ રીતે શીખવીને તેણે કુતબુદ્દીનને હિંદુસ્તાન સોંપ્યું હતું, અને બીજા ગુલામોને સિંધુ નદીની પેલી મેરના પ્રાંત સોંપ્યા હતા. શહાબુદ્દીનની પછી તેનો ભત્રિજો મહમૂદ ગાદીઉપર બેઠો. તેને એના માણસો ગાંઠે એવા નહોતા. મહમૂદે પણ તેમને તેમની મરજીપ્રમાણે ચાલવા દીધા. તે છ વરસ રાજ કરીને મરણ પામ્યો. ત્યારપછી સિંધુની પશ્ચિમભણીના પ્રાંતોના સૂબા માંહોમાંહે લડવા મંડ્યા. તેવામાં તેમના શત્રુએ આવી એ સઘળાને ઠાર કર્યા.

જે માંહોમાંહે લડાઈ તંટા કરીને પોતાનાઉપર ટાંપી રહેનાર શત્રુથી સાવધ રહેતા નથી તેમની આ દશા થાય છે.

કુતબુદ્દીન ડાહ્યો હતો, માટે તે આવા માંહોમાંહેની લડાઈના ફાંસામાં આવ્યો નહીં. તે એવી લડાઈમાં ભળ્યો નહીં, તેથી જેમ બીજાના માઠા હાલ થયા, તેમ તેના ન થયા. થોડાક દહાડાપછી સિંધુની પશ્ચિમભણીની લડાઈઓ બંધ પડી, એટલે કુતબુદ્દીન

હિંદુસ્તાનનો સ્વતંત્ર બાદશાહ થયો, અને સિંધુની આથમણી કોરમાં પાહાડી મુલકમાં ને ગિજનીમાં શા સમાચાર બને છે તેઉપરથી પછી તેણે મન કાઢી નાંખ્યું. (ઈ० स० ११२१५.)

पाठ ६२. उलटभेर फरीथी करो. भाग १.

મિજાજ   દાથરો   વહી

ઠાકોર કરી એક નાનો છોકરો હતો. એ ઘણી વાતે સારો હતો; સાચું બોલે, નિશાળે જાય, ત્યાં ભણે; એસિવાય તેમાં બીજા પણ સારા ગુણ હતા; તોપણ તેમાં કેટલીએક ખોડ હતી. એક તો એ કે ભણવામાં અથવા કાંઈ કામ કરવામાં ભૂલ પડી તો તે શોધી કાડવી કે સુધારવી તેને ગમે નહીં, અને તરત તેનો મિજાજ જાય.

ઠાકોર નિશાળમાં શું ભણે છે તે એનો બાપ રોજ તપાસતો. એક દિવસે બાપકને બેશી ગુણાકાર ગણતો હતો, તેમાંનો એક ગુણાકાર ખોટો પડ્યો. તેના બાપે કહ્યું, આ ગુણાકાર ખોટો છે, માટે ફરીથી ગણી લાવ. એ સાંભળતાંજ ઠાકોરને રીસ ચડી. તે બોલ્યો, મારૂં તો માથું દુખવા આવ્યું. મારાથી એ નહીં થાય. બાપા, મને બીજા પાઠ કરવા ગમે છે, પણ એ માથા ફૂટીઆ હિસાબ કરવા નથી ગમતા. બાપે કહ્યું, તું એમ અકળામાં; ફરીથી ગણ, સૌ આવડશે, હોય, ભૂલ તો પડે.

બાપની શીખામણ ઠાકોરના મનમાં ઉતરી નહીં. મોં દાથરા જેવડું ચડાવીને સુસ્ત થઈ બેઠો, ને પાટીપર લીટા કાડે, ને કાંઈ કરવું સુઝે નહીં. એના બાપે વિચાર્યું કે આ ટેવ તો ખોટી. ભૂલ પડે તેમાં ફિકર નથી, પણ જરાજરામાં ચીડાઈ જાય તે ખોટું. ભૂલ પડી કે ફરીથી તે સુધારીને કરવુંજ નહીં, એ ટેવથી તો છોકરો બગડી જશે, માટે એ ખોટી ટેવ મૂકાવવી. તેણે કહ્યું, બાપુ, તેં વહી ગણવામાં ચૂક કરી છે, ઠેકાણે રાખી ફરીથી ગણી જો; એ ખરો

પડશે ત્યારે અહીંથી જવા દઈશ. નહીં ગણે તો રમવા ઉઠવા નહીં દઉં. એમ કહી તેને એકલો મૂકી બીજા ઓરડામાં ગયો.

पाठ ६३. उलटभेर फरीथी करो. भाग २.

દયામણું ડસકાં

ઠાકોરની આંખોમાંથી દડ દડ આંસુ પડવા માંડયાં. ફળીઆના છોકરાને રમતા સાંભળીને વધારે વધારે રોય, બહાર જવાનું મન વધારે થાય તેમ તેમ સ્લેટ, પેન, અને હિસાબપર વધારે અકળામણ આવે. મનમાં બડબડતો જાય કે, શું બીજાના બાપ આવા હશે ! તે તો આવા કઠણ હિસાબ નથી કરાવતા.

વીજળી કરીને તેની મોટી બેન હતી, તે ત્યાં આવી તેણે પૂછ્યું, ભાઈ, કેમ રડે છે? ઠાકોરે કહ્યું, જોની, આ કેવો અઘરો ગુણાકાર છે. એ મારાથી ગણાતો નથી, ને બાપાએ કહ્યું છે કે એ ગણીશ ત્યારે અહીંથી જવા દઈશ. એમ કહી દયામણું મોં કરી વધારે ડસકાં ભર્યાં. વીજળી બોલી, વારુ, લાવ, જોઉં કેવો એ અઘરો છે. સ્લેટમાં જોઈ કહ્યું, એ તો જરાએ કઠણ નથી; એવા તો તેં કાલે ગણ્યા હતા, ને કહેતો હતો કે, મને હિસાબ ગણવા બહુ ગમે છે. ઠાકોરે કહ્યું, હા, એ તો ખરું, પણ આ તો મારાથી નહીં ગણાય. વીજળી બોલી, નહીં કેમ ગણાય? જીવ લગાડીને ઉમંગથી ફરી ગણે તો હમણા ગણાય. જીવ આનંદમાં હોય તો બધું થાય, નહીં તો કાંઈ ન થાય. ચાલ, આંસુ લોહી નાંખ, ને ગણી કાઢ. ઠાકોરે અચકાતાં અચકાતાં કહ્યું, મને આંક પણ નથી સાંભરતા, ને બાપા તો ચાડે છે. આ ઓરડામાં તે મને કેમ ગમે? ઠાકોરના રડવાનો પાર કોણ જાણે ક્યારે આવત, પણ એટલામાં બારણે એક છોકરો ઘાસના સુંદર કંડિઆ વેચવા આવ્યો. વિજળી બારીએ ઉભી હતી, તેને તેણે પૂછ્યું, આમાંનાં કંડિઆ લેશો બા? વીજળીએ પૂછ્યું, અલ્યા એ તેં કર્યાં? છોકરે જવાબ દીધો, હા બેન. વીજળીએ પૂછ્યું, કોણે તારી માએ શીખવ્યું? છોકરાએ કહ્યું, મારાં માબાપ તો મરી ગયાં છે હું મારા ભાઈ ભેગો રહું છું.

पाठ ६४. उलटमेर फरीथी करो. भाग ३.

આનંદી ધુંધવાતું ઉલટ

વીજળી—ત્યારે તને આવા સારા કંડિઆ કરતાં કેમ આવડ્યા?

છોકરો—બહુ મેહેનતે શીખ્યા. પેહેલાં તો ઘણું વસમું લાગ્યું, કેમકે જ્યારે કરૂં ત્યારે આવડે નહીં, ને અકળામણ આવે. મારી પાડોશમાં એક ડાહ્યો માણસ રહેતો હતો તેણે મને શીખામણ દીધી કે, તું કાયર થઈને એ છોડી દઈશમાં. એક વાર ન આવડે તો બીજી વાર, ને બીજી વાર ન આવડે તો ત્રીજી વાર કરવું. એમ જ્યાંલગી બરાબર આવડે, ત્યાંલગી કર્યાંજ કરવું. તે એવી કેહેવત કહેતો કે भूल्या त्याथी फरीथी गणो. એ કહેવત મેં ગોખી રાખી, ને ચૂકું કે ફરીથી કરૂં. પેહેલાં નઠારા થાય, વળી ફરીથી કરૂં, ત્યારે જરા સારા થાય. હવે તો આવા સારા કરૂં છું.

વીજળી—એ તો મારાથી નહીં થાય, એવું તને કોઈ વાર લાગતું કે?

છોકરો—હોવે, ઘણીએ વાર, પણ મારો પેલો પાડોશી મને હિંમત આપતો, ને કહેતો કે, ફરીથી કર. ગમે એવું અઘરૂં કામ હોય, તો પણ એમ કરેથી થાય. તેથી મને ન આવડે કે ફરીથી કરવાની ટેવ પડી. હવે હું આવા કંડિઆ ગૂંથું છું ને એવતી મારૂં પેટ ભરૂં છું. મારો મોટો ભાઈ છે, તે પણ એ કામ કરે છે. દિવાળી કરીને મારે એક નાની બેન છે, તે નિશાળે ભણવા જાય છે. તે ઘણું શીખે છે, કેમકે તે હસમુખી ને આનંદી છે. કોઈ દહાડા રીસાતી નથી, ને જે ન આવડે, તે ફરીથી કરવાની ટેવ તેને છે. વીજળીએ એ સાંભળી ખુશ થઈને, તેનીપાસેથી બે કંડિઆ વેચાતા લીધા, તેથી છોકરો પણ રાજીખુશીથી ગયો.

ઠાકોરે આ બધી વાત સાંભળી, પણ કાંઈ બોલ્યો નહીં, ને એ છોકરો જેવો ગયો, તેવોજ આંખ નાક લોહી નાંખી, પેલો ગુણાકાર કરવા મંડી ગયો, ને ઝટ વારમાં કરી નાંખ્યો. એક ઘડી નહીં થઈ એટલામાં તો તેણે ફરીથી ગણી તાળો મેળવી, બાપકને દોડીને

કહ્યું, લ્યો બાપા, મેં આ દાખલો કર્યો. પછી પેલા કંડિઆવાળાની વાત કહીને બોલ્યો કે, બાપા, હવે કોઈ દહાડે ધુંધવાતો સ્વભાવ રાખીશ નહીં, ને જે નહીં આવડે તે ફરીને ઉલટથી કરીશ.

पाठ ६९. सामळभटनी समश्या.

સમસ્યા શ્વાન સુજાણ મૃગ

दोहरा.

एक नरे नरने गळ्यो, तेथी शोभे तेन,
एक तो उत्तम जन घणो, समजो तमे सर्जन.

उत्तर, जामो.

उत्तम कुळथी उपजी, तात तणो जे तात,
ते साथे वीवा कर्यो, समजो सज्जन वात.

उत्तर, छाश.

भेर फाळ पण मृग नहीं, नहीं ससलो नहीं श्वान.
मों उंचुं पण मोर नहीं, समजो चतुरसुजाण.

उत्तर, देडको.

पीळो पण पोपट नहीं, काळो पण नहीं नाग.
पांखो पण पंखी नहीं, उडे पण नहीं काग.

उत्तर, भमरो.

नारी पण निर्बळ नहीं, काळी पण नहीं कोल,
वसे दरे सापण नहीं, उत्तर एनो बोल

उत्तर, तरवार.

पढतो पण पंडित नहीं, पूर्यो पण नहीं चोर.
चतुर होय तो चेतजो, मधुरो पण नहीं मोर.

उत्तर, पोपट.

(कवी सामळभट.)

पाठ ६६. झीणा पोरा.



વિદ્વાન સંખ્યા સૂક્ષ્મદર્શક

સૂક્ષ્મદર્શક કરીને એક યંત્ર છે. તેના કાચમાં ઝીણી જણસ મૂકી હોય, તો મોટી દેખાય. તે યંત્રમાં કોઈ ખાબોચીઆમાં ઘણા દહાડા થયા ભરાઈ રહેલા પાણીનું ટીપું મૂકીને જોઈએ, તો કરોડો ઝીણા જીવડા માલમ પડે, તેથી જોનારને ઘણુંજ અચરત લાગે. કેટલાક પોરા એવા ઝીણા હોય છે કે આખી દુનિઆમાં એક અબજ માણસની સંખ્યા છે, તેટલી બે ટીપાં પાણીમાં દેખાય છે. તેઓ ખાબોચીઆમાંજ હોય છે, એમ ન સમજવું. નદી, તળાવ ને દરિઆના ચોખ્ખા પાણીમાં પણ હોય છે.

એ પોરામાંના કેટલાએકનાં શરીરમાં ઘણી કોથળીઓજેવું હોય છે, તેમાં ખાધેલું જરવે છે. એ કોથળીઓમાં ખોરાક ભરે છે, તે એક વિદ્વાન માણસે ઘણી ચતુરાઈથી શોધી કાડ્યું છે. તેણે પોરાવાળું પાણી લીધું ને તેમાં ગળીનું પાણી ભેળ્યું. તે ખાવાને પોરા આવ્યા. તે ખાધું એટલે તે પોરાની ચામડી કાચજેવી પારદર્શક, તેથી તેમાંથી એ કોથળી ગળીએર રંગની થઈ ગએલી માલમ પડી.


એક બીજી જાતના પોરાના માથાઉપર ગોળ ચક્કર હોય છે, તેથી તે ઘણા દોડતા હોય, ત્યારે ગાડીનાં પૈડાં જેવા દેખાય છે, અને તેની દોડથી પાણીમાં કુંડાળાં થાય છે, તેથી ભક્ષ તણાતો તણાતો તેમનીપાસે આવે છે. એ ઝીણા પોરામાં કોઈ કોઈ સાપજેવા

લાંબા હોય છે, કોઇને દોરીજેવા આમળા હોય છે, ને કોઈ કોઈ તો જોઈએ એવા આકારના થઈ જાય છે.

કેટલાએક પોરાઉપર કાચના જેવી સીપ હોય છે, તેના ઘાટ સુંદર હોય છે, તથા તેઉપર ઘણી સારી સારી નકશી હોય છે. વળી કેટલીક જાતના પોરા સીપથીજ થએલા હોય છે.

કોઈ કહેશે કે એ પોરાનું પાણીમાં શું કામ? પણ એ ઘણા કામના છે. કોહેલી જણસ પાણીમાં રહ્યાથી આપણા શરીરને નુકસાન કરે. તે એ ખાઈ જાય છે. વળી બીજાં મોટાં જનાવર તેનો ભક્ષ કરે છે.

पाठ ६७. वडोदरा शेहेरनुं वर्णन. भाग १.



રમણિય ગેંડી પુણ્યશાળી

વડોદરૂં ગુજરાતમધે ઘણું પ્રખ્યાત શેહેર છે, અને તે ગાયકવાડની રાજધાની છે. તેને ફરતો કોટ છે, અને તે કોટની બહાર પરાં, બાગ, તળાવ, ધર્મશાળાઓ, અને એવી એવી રમણિય જગાઓ ઘણી છે. શેહેરવચ્ચે માંડવી છે, તેને ચાર દરવાજા છે. તેઉપર એક ઘડીઆળ છે, તે આખા શેહેરમાં સંભળાય છે. એ માંડવીઆગળ ગાયકવાડ મહારાજની હવેલી છે તે મોટી છે, પણ તે બેડોળ તથા હલકી બાંધણીની છે. એ હવેલીઆગળ થઇને ઉત્તરતરફ જતાં જે

દરવાજો આવે છે, તેને ચાંપાનેરનો દરવાજો કહે છે. તે દરવાજેથી બહાર ગયા કે ફતેપુર કરીને એક પરૂં આવે છે, ત્યાં વેપારીઓનાં દાણાનાં ગાડાં ઉતરે છે; એ દરવાજાઆગળ નવું બજાર પણ છે, ને તે પરાઆગળ મોટું તળાવ આવે છે, તેને સરશીઉં તળાવ કહે છે, ને તેમાં તાબુત બૂડાડે છે. એ દરવાજાસામે જે દરવાજો છે તેને ગેંડીનો દરવાજો કહે છે. તેની બહાર જૂનું તોપખાનું છે, ત્યાં ઉપલા ચિત્રમાં બતાવ્યાપ્રમાણેનું ગેંડી નામે જનાવર બંધાય છે, અને તેથી આગળ ગયા કે વાડી નામનું પરૂં આવે છે. એ દરવાજે થઈને ડભોઈ જવાય છે. વાડીપરામાં ગોપાળરાવ મલ્હારરાવની હવેલી છે. તે મોટા સાહુકાર છે. તેમણે પોતાની હવેલીઆગળ એક દેરૂં ગણપતિનું બાંધ્યું છે તે ઘણું જોવાલાયક છે.

पाठ ६८. वडोदरा शेहेरनुं वर्णन. भाग २.

માંડવીમાં થઈને વાડીપરામાં જતાં ડાબે હાથે પાણીનો દરવાજો આવે છે. એ દરવાજે વાઘ બંધાય છે, ને ત્યાં ભદ્ર નામે જગા છે, તેમાં હાલ સરકારનું મોદીખાનું છે. એની સામેના દરવાજાને લાલીપુરનો દરવાજો કહે છે. ત્યાંથી બહાર નીકળીને આગળ ગયા કે લાડબા દેવીનું મંદીર છે, ને તેની પાછળ સુરસાગરનું તળાવ છે. આગળ જતાં રાવપરૂં તથા બાબાજીપરૂં આવે છે. ત્યાંથી આગળ ધાંકટા આવે છે. ત્યાં તમામ પરદેશીઓ ઉતરે છે, ને ભાડાની ગાડીઓ ત્યાં રહે છે, તેથી તે જગા પ્રખ્યાત છે.

ત્યાંથી આગળ જતાં વિશ્વામિત્રી નદી આવે છે, તેપર એક મોટો પૂલ બાંધેલો છે. એ પૂલઆગળ ગાયકવાડ મહારાજના પૂર્વજોના દેરાં છે, તેમાં દક્ષિણી બ્રાહ્મણને રોજ ખીચડી આપે છે. ત્યાંથી આગળ જતાં બીજા બે પૂલ બાંધેલા છે, તેમાં એકઉપર થઈને ગાડાં જાય છે, ને બીજાઉપર ફક્ત માણસને, ને ગાડીઓને જવા દે છે. ત્યાંથી આગળ ગયા કે કાંપ આવે છે, તેમાં તમામ સાહેબ લોક પારસીઓ તથા અંગ્રેજી લશ્કર રહે છે. બાબાજીપરામાં મોટી મોટી હવેલીઓ, નવું તોપખાનું, અને દાંડીઉં બજાર છે. ગાયકવાડ મહારા-

જની વરસમાં ત્રણ મોટી સવારીઓ નીકળે છે. એક તો અષાડ શુદ ૧૧ ને દિવસે, બીજી ભાદરવા શુદ ચઉદશે ગણપતિની, ને ત્રીજી દશરાને દહાડે. ગાયકવાડના મોતીબાગ ને મરતુબાગ એ બે બાગ શેહેરની બાહાર જોવા જોગ છે.

પાઠ ६९. युरोप.

એશિઆની આથમણી દિશાએ યુરોપખંડ છે. એ બે ખંડની વચ્ચે ઉરલ નામે પર્વત છે. યુરોપની બીજી ત્રણેતરફ દરિઆ છે.

યુરોપખંડના ઉત્તર ભાગમાં પણ એશિઆની પેઠે દરિઆમાં બરફ ઘણો, રાત લાંબી, સૂરજનો તડકો થોડો, અને અજવાળું પણ થોડું હોય છે, તેથી ત્યાંના લોક ચંદ્રના અને તારાના અજવાળાથી, તથા આકાશમાં અરૂણનું તેજ ઝગઝગે છે તેથી, તથા ત્યાંના દરિઆમાં વ્હેલ નામે મોટું જળચર પ્રાણી થાય છે તેની ચરબીવતી દીવા બાળીને, પોતાનું કામ ચલાવે છે. એ ભાગમાં ઘણી ટાઢને લીધે વનસ્પતિ અને અનાજ કાંઈ પાકતું નથી, માટે માછલાં અને બીજાં જનાવર ખાઈને લોક પોતાનું ગુજરાન ચલાવે છે.

એ ખંડના દક્ષિણ ભાગમાં જે દેશ આવેલા છે, ત્યાંની હવા ઘણી સારી છે; આકાશ નિર્મળ રહે છે, ને તાપ ઘણો પડે છે, તેથી મેવો, ફળ, વનસ્પતિ સારાં પાકે છે.

યુરોપખંડમાં દક્ષિણ ભાગમાં જેટલી ગરમી પડે છે તેટલી મધ્ય તથા આથમણા ભાગમાં પડતી નથી, તોપણ અનાજ, ઘાસ, ફૂલ-ફળાદી પુષ્કળ થાય છે. મધ્ય દેશની જમીન ઉંચી છે, ને તેની દક્ષિણતરફ આલ્પ્સ નામે પર્વત છે, તે ઘણો ઉંચો છે, અને હિમાલય-ના શિખરપર જેમ સદા બરફ રહે છે, તેમ એ પર્વતઉપર પણ રહે છે, તેથી ઘણાક ગાઉને છેટેથી તે શિખર ધોળા ધોળા દેખાય છે. એ પર્વતમાંથી ઘણી નદીઓ નીકળે છે. યુરોપની પૂર્વતરફનો મુલક જે એશિઆની સાથે લાગેલો છે તેનીગમ જતાં મોટાં મોટાં મેદાન આવે છે. તેમાં ડુંગરા કે ટેકરા મળે નહીં. ઝાડ પણ જવલે આવે.

કોઈ કોઈ ઠેકાણે જંગલ આવે છે, તેમાં રીંછ, વરૂ, વગેરે ફાડી ખાના-રાં જનાવર બહુ હોય છે.

યુરોપખંડમાં ઘણા દેશ છે, અને દેશ દેશની બોલીમાં તથા લોકના ચેહેરામાં તથા રીતભાતમાં ઘણો ફેર છે. બોલીઓ ઘણું કરીને જૂદી જૂદી છે, પણ લખવાની લિપી તો અંગ્રેજીના જેવીજ ઘણાક દેશમાં છે. ઉત્તર અને મધ્યતરફના લોકના ચેહેરા ગોરા, વાળ આછા, અને આંખો માજરી છે. પણ દક્ષિણ તરફના લોકના ચેહેરા થોડા ગોરા, તથા વાળ અને આંખો જરા કાળાશપર હોય છે. તુર્કસ્તાનશિવાય બધા દેશના લોક ખ્રિસ્તી ધર્મ પાળે છે.

पाठ ७०. परोपकार. भाग १.

અભણ   **દરકાર**

આપણું ચાલે ત્યાંસુધી જગતમાં સૌ માણસ સુખી રહે તેમ કરવું. આપણા પાડોશીને દુઃખ ન દેવું, એટલુંજ નહીં પણ તેમનું ભલું કરવું, એવી પરોપકારની રીત છે. આપણે એક એકનો ખપ પડે છે. જે ગરીબ હોય છે તેની તથા જેનાથી રળવા જવાતું નથી તેમની, તથા જેનાથી પોતાની જાતની સંભાળ લેવાતી નથી તેમની કોઈ બરદાશ ન રાખે તો તે બાપડા મરી જાય.

એમ ધારો કે એક ગામમાં કે મહોલામાં ઘણા અભણ છોકરાં છે. એમને વાચતાં લખતાં આવડતું નથી, તો ચોપડીઓ વાંચેથી ડાહપણ કે જ્ઞાન આવે એવું તો ક્યાંથી થાય? એમના પાડોશમાં બે માણસ રહે છે, એમાંનો એક કહે કે, એ ગમે એવા હો, ને એનું સૂઝે તે થાઓ તેમાં હું શું કરૂં? હું તો મારે ધંધે લાગીશ. મારે કંઈ તેમનું દેવું કે પરવા નથી, એમ કહીને તેમના ભણી તે નજરએ કરતો નથી. પણ પેલો બીજો માણસ છે તે એમ ધારતો નથી. તે તેમનેમાટે નિશાળો સ્થાપન કરે છે, ત્યાં વાચતાં લખતાં શીખી છોકરા અને છોડીઓ ધંધે વળગે છે, ને સુખી થાય છે. આ બે માણસમાંથી કયો સારો? આપણે કોનાં વખાણ કરવાં, ને કોનાપર હેત કરવું? પોતાનો ધર્મ કોણે કર્યો? ઈશ્વર કોનાપર વધારે રાજી થશે?

પાઠ ૭૧. પરોપકાર. ભાગ ૨.

સ્વધર્મી

વળી ધારો કે એ છોકરા પોતાનું ભલું કરનારનું ભુંડું જોએ, તેને ગાળો ભાંડે, ને ભણે નહીં, એટલે તે કાયર થઇને તેમને રઝળતાં મૂકી વધારે વધારે બગડવા દે, નહીં તો એમ કહે કે, છો મને અપમાન આપતા, મારેથી તો જેમ એમનું ભલું થશે તેમ કરીશ. એ ખુલ્લું છે કે મારી જોડે જેમ વધારે માઠી ચાલ તેઓ ચાલે, તેમ એમને વધારે શીખામણ આપવાની જરૂર છે, માટે એમને સુધારી સદ્ગુણી ને સુખી કરવાને વધારે મેહેનત કરીશ. એ બેમાંથી કયું કરે તો સારૂં? વધારે લાયક આદમી ક્યારે જાણવો? પરમેશ્વરપર પ્રીતિ રાખે છે, ને તેની આગ્ના પાળે છે, એમ ક્યારે કહેવાય?

ખરૂં ડાહપણ, ખરો સદ્ગુણ, ખરી નીતિ, ખરી ભકિત તો એજ છે કે ઈશ્વિરને હમેશાં પ્રસન્ન રાખવો, ને તેમ કરવાની રીત એ છે કે બીજા માણસને સુખી કરવા. તમારો વેરી હોય, તેનું પણ ભલું કરો. તમારૂં જે ભુંડું ચાહે, તેનું તમે ભલું વાંચ્છો ને તેમનું કલ્યાણ થાય એમ પ્રભુપાસે માગો.

પરોપકાર કરવામાં જોવું નહીં કે આપણું સગુંવહાલું, કે આપણો દેશી, કે સ્વધર્મી, કે પરદેશી, કે પારકા ધર્મનો, કે નીચ, કે ઉંચ છે. એ માણસ છે એટલુંજ જોવું, કેમકે સઘળા માણસ આપણા ભાઈ છે.

પાઠ ૭૨. ભલું ભુંડું કરવાવિષે.

દષ્ટાંત : કૌવચ

એક છોકરો પોતાની માજોડે એક વાડીમાં ફરતો હતો, તેવામાં એક મોગરાનું અને એક કૌવચનું ઝાડ જોયું. છોકરે પૂછ્યું, મા, આને મોગરા અને આને કૌવચ કેમ થતા હશે? માએ કહ્યું, મોગરાનું બી વાવ્યાથી મોગરો ઉગ્યો છે, ને કૌવચનું બી વાવ્યાથી કૌવચ ઉગ્યું છે. જેનું બી વાવે તેનું ઝાડ ઉગે, ને ફૂલ તથા ફળ તેવાંજ થાય. સારૂં થયું કે તેં એ વાત કાઢી, બેટા. એપરથી મને એક ઘણીજ અગત્યની

શીખામણ સાંભરી આવી છે. તેને એ બી અને ફળનું દૃષ્ટાંત ઘણુંજ લાગુ પડે છે. તે એ કે જેવું આપણે બોલીએ અથવા કરીએ, તેનાં તેવાંજ ફળ થાય છે. જો તું ગાળ રોપે તો તે ગાળ ઉગી નીકળશે, એટલે તું કોઈને ગાળ દે તો તે તને સામી ગાળ દેશે. તું મારફની બી વાવશે, તો તેનાં તેવાંજ ફળ થશે, એટલે તું કોઈને મારીશ, તો તે તને સામો મારશે; જો તું હેત અને મિઠાશના વચન રોપીશ એટલે કહીશ, તો તેનાં ફળ તેવાંજ થશે, એટલે તે તને સામાં તેવાંજ સારાં વચન કહેશે; તું કોઈનું ભલું કરીશ તો તે તારૂં ભલું કરશે. કહેવત છે કે, "વાવે તેવું ઉગે, અને કરે તેવું પામે." આ કહેવત તારે કોઈ દહાડો ભૂલવી નહીં; મોટા અને નાના સૌને એની શીખામણ લાગુ પડે છે. કૌવચનાં બી વાવ્યાથી કદી મોગરો ઉગે નહીં, તેમ જૂઠું અને નઠારૂં કીધાથી સારાં ફળ થાય નહીં. એમાં તો અંતે ધૂળજ છે. સારાં કામ કરે તોજ સારાં ફળ થાય.

पाठ ७३. भलुं भुंडुं करवाविषे.

आश वंदन निंदक सलिस पडछंदो

कवित मनहर छंद.

मोगराना बीजजेवा मानवीना मीठा बोल,
कौच[1] बीजजेवा बोल कडवा कहावीए;
मोगराना बीजमांथी कौच न कदापी थाय,
कौचथी न मोगरानी आश लेश लावीए;
एक वार आपणे विवेकथी विचारी जुओ,
एवां झाड उगे जेवां जेवां बीज वावीए;
प्यार खार पामवा उपाय हाथ आपणामां,
दुखीआने दोष दलपत न चढावीए.

---

१ कौवच.

इंदविजे छंद.

वंदन शब्द शुणो कँहीं वंदन,
निंदक थाय तमे कँदी नंदो[1] ;
सालस शब्द शुणी कँहीं सालस,
खंधुं कह्याथी कहे वँळी खंधो ;
निर्मळ शब्द शुणो कँहीं निर्मळ,
गंदुं कह्याथी कहे वळी गंदो ;
वाँणी वदे जनमां जन जेमज,
तेमज तुर्त पडे पडछंदो.

क० द० डा०

पाठ ७४. हिंदुस्ताननो इतिहास. भाग १९.

લક્ષ ઓલાદ મિનારો

કુતબુદ્દીનના ઇતિહાસઉપરથી પક્કો દાખલો મળે છે કે જે માણસે નાનપણથી વિદ્યાપર લક્ષ રાખ્યું હોય તેને ઘણોજ ફાયદો થાય છે; પછી તે માણસ લડાઈ ટંટાના વખતમાં ઉછરેલો હોય, તોપણ શું થયું ? કુતબુદ્દીન જાતનો તુર્કી ગુલામ હતો. તેઉપરથી એની ઓલાદના રાજાઓનું ગુલામ રાજા એવું નામ પડ્યું. ગુલામી અવસ્થામાં એ પરદેશ વેઠતો, તોપણ એણે ઘણી હોશિઆરી દેખાડી તેથી એના ધણીએ એને ભણવાનો જોગ કરી આપ્યો, ને એ ખુશીથી ભણ્યો. આગળ જતાં એ સુલતાન શાહબુદ્દીનનો ગુલામ થયો. તેને પણ પોતાની હોશિઆરીથી તથા ડાહપણથી રાજી કર્યો, તેથી તેણે એને ધીમે ધીમે મોટે દરજ્જે ચઢાવીને અંતે હિંદુસ્તાનનો સૂબો કર્યો. શહાબુદ્દીન મરતાંપહેલાં રૂડી ચાલ ચાલીને તેણે વીશ વરસસુધી ત્યાંની હકુમત વાજબી રીતે કરી. શહાબુદ્દીન મુઆપછી તે સ્વતંત્ર રાજા થયો, અને ચોથે વરસે મરણ પામ્યો.

---

१ निंदो.

કુતબુદ્દીનની પછી તેનો દીકરો આરામ ગાદીઉપર બેઠો. એનામાં એના બાપના જેવા સારા ગુણ નહોતા. તેણે એક વરસ રાજ ભોગવ્યું, એટલામાં એના બનેવી અલ્તમશે તેને ગાદીપરથી ઉઠાડી મૂક્યો. એ પણ જન્મથી ગુલામ હતો. એ જાતે ઘણો ખુબસુરત હતો, તેથી એના ધણીએ વિચાર્યું કે જેવું એનું રૂપ તેવી એની બુદ્ધિ કરવી, એવું ધારી તેને ઘણું ભણાવ્યો.

ખારીજમના બાદશાહે સિંધુની પશ્ચિમના પ્રાંત ગોરી વંશના વખતમાં જીતી લીધા હતા, તેનું મૂળ કાઢવાને મુગલની જબરી ફોજ લઇને જંઘિસખાં આવ્યો. તેથી જે નાઠા તે હિંદુસ્તાનમાં આવ્યા. પણ સારૂં થયું કે જંઘિસખાંની ફોજ સિંધુથી આગળ વધી નહીં. સિંધુઆગળ મુગલોએ દશ હજાર હિંદુઓને પકડીને મારી નાંખ્યા, એવું કહે છે. હિંદુસ્તાનમાં ફકત માળવા પ્રાંત ત્યારસુધી મુસલમાનના હાથમાં આવ્યો નહોતો, પણ તે વખતે અલ્તમશે તે પણ લઈ લીધો, અને ઉજ્જન સર કરીને ત્યાંનું મહાકાળેશ્વરનું મોટું દેરૂં ખોદી નાંખ્યું. ત્યારપછી તે પાછો દિલી ગયો, કેમકે ગુલામ રાજાઓની રાજધાની એ શેહેરમાં હતી. ત્યાં જઇને તેણે એક સુંદર મિનારો અધુરો હતો તે પૂરો કીધો, તેને કુતબમિનાર કહે છે. એ મિનારો ૨૪૨ ફુટ એટલે ૧૨૧ સુતારી ગજ ઉંચો છે. એના જેવડો ઉંચો મિનારો પૃથ્વીઉપર બીજે કોઈ ઠેકાણે નથી. અલ્તમશ ઇ૦ સ૦ ૧૨૩૬ માં મરણ પામ્યો.

पाठ ७९. हिंदुस्ताननो इतिहास. भाग २०.

૬૯ બંડ બદચાલ બખેડો

એ વખતે આખા હિંદુસ્તાનમાં દિલીના સરકારનો અમલ બેઠો, એ વાત ખરી, પણ એ સરકારના હુકમનું માન બધે ઠેકાણે બરાબર થતું નહોતું. જ્યાંસુધી દિલીની ગાદીઉપર જોરાવર અને ૬૭ મનનો બાદશાહ હોય, ત્યાંસુધી બધા તેને આધીન થઈ રહે; પણ કોઈ દમવગરનો બાદશાહ ગાદીઉપર બેસે કે તાબેના રાજા હુકમ માને નહીં, અને બખેડો કરે. — અલ્તમશનો દીકરો ભાજ

મારતો હતો અને તેનામાં રામ નહીં, માટે તેના આખા રાજમાં બંડ સળગવાને કાંઈજ વાર નહોતી, એટલામાં એક ડાહી સ્ત્રીએ રાજનું રક્ષણ કર્યું. એ બાઈ અલ્તમશની દીકરી હતી. તેનું નામ રજીઆ બેગમ હતું. તેણે પોતાના ભાઈ રૂકનુદ્દીનની પાસેથી રાજપાટ ખુંચી લીધું, ને પોતે ગાદીઉપર બેઠી. એ બાઈ ભણેલી હતી, અને તેમાં રાજાને શોભે એવા બધા ગુણ હતા. રાજકાજમાં તેના ડાહ્-પણથી આડો આંક હતો. હવે જુઓ, બઈરીઓ મરદના કામ-માં પણ આવી હોશિઆર નીકળે છે, ત્યારે તેમને નાનપણથી જે ન ભણાવે તેને કેવા કહીએ?

એ બેગમ રોજ ઈનસાફ કરવાને તથા કાયદાના ગુણ દોષ તપા-સવાને બેસતી. પણ તેણે કોઈ ગુલામની સાથે દોસ્તી બાંધી, તે વાત દરબારના અમીરોને ગમી નહીં, તેથી તેમણે તેને પકડીને બંધીખાને નાંખી; ને તે નાસી ન જાય માટે તેની ચોકીને સારૂ એક અમીરને ઠરાવ્યો. તેની સાથે લગ્ન કરીને તે નાસી ગઈ, પણ અંતે એ બંને જણ પકડાઇને માર્યાં ગયાં.

જે સંકટ એ બાઈએ ખાળ્યું હતું, તે એના મરણપછી પાછું આવીને ઉભું રહ્યું. દેશની માંહે જોઈએ તો જુલમ તથા બદચાલ-વિના બીજું કાંઈ દેખાય નહીં, અને મુલકની બહાર જોઈએ તો મુગલની ફોજો હુમલા કરે. એક વાર તો ઠેઠ લાહોરના ઝાંપાસુધી એ લોક આવી પહોંચ્યા હતા. એ બેગમની પછી મવઝ્ઝુદ્દીન તથા અલાઉદ્દીને રાજ કર્યાં. તેમના વખતમાં રાજની એવી અ-વસ્થા થઈ.

पाठ ७६. हिंदुस्तानना इतिहास. भाग २१.

એમના પછી અલ્તમશના દીકરાનો દીકરો નાસરૂદ્દીન ગાદીપર બેઠો. પુસ્તકો ઉતારી તેની જે લખામણી આવે તેવડે ગુજરાન ચલા-વવું, તથા પોતાની રાણીપાસે રંધાવીને જમવું, એવી ફકીરી ચાલ એ બાદશાહની હતી. એક સમયે એણે પોતાનો લખેલો ગ્રંથ કોઈ અમીરને દેખાડ્યો, તેમાંથી તેણે કાંઈ ખોટ કાઢી. બાદશાહે ઝટ

લઇને તેના દેખતાં ફેરફાર કર્યો, પણ તેના ગયાપછી પાછા પેહેલાં હતા તેજ અક્ષર લખ્યા. કોઇએ તેને એનું કારણ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, હું તો મૂળથીજ જાણતો હતો કે મારા લખવામાં કાંઇજ ચૂક નથી; પણ જે આપણને હેતે કરીને શીખામણ દેવા આવ્યો, તેનું મન કેમ દૂભાવાય, એવું જાણીને મેં અક્ષર ફેરવ્યા. આઉપરથી જણાય છે કે નાસરૂદ્દીન રાજકાજમાં થોડુંજ મન ઘાલતો હતો. ખરૂં જોતાં એના વજીર ગ્યાસુદ્દીનનાજ હાથમાં એનું બધું રાજ હતું.

હવેથી મુગલ લોકના હુમલાની હિંદુસ્તાનમાં ભારે ધાક પેઠી. સિંધુની પશ્ચિમના સઘળા મુલક તેમના તાબામાં આવ્યા હતા, માટે ગ્યાસુદ્દીને વિચાર્યું કે તેમના મુલકની પાસેના બધા પ્રાંતોને એક કરી નાંખીને તે એક હાકેમના તાબામાં સોંપીશું, તો તે તરફથી રાજનો બચાવ થશે. એ બધા પ્રાંતોઉપર તેણે પોતાના કોઇ શીરખાં નામે સગાને ઠરાવ્યો. તે પણ ગ્યાસુદ્દીનની પેઠે જાતનો ગુલામ હતો. ગ્યાસુદ્દીનની સત્તા ઘણીજ હતી, તે નીચેની હકીકતઉપરથી માલમ પડે છે. એક વખતે બાદશાહે ગ્યાસુદ્દીનને કામઉપરથી દૂર કર્યો, તેઉપરથી રૈયતમાં એટલો તો બુમાટ થયો કે બાદશાહને હાલહાલ તેને પાછું કામ સોંપવું પડ્યું. હિંદુસ્તાનના રાજાઓમાં જે લડાઇ સળગી હતી તે બધી ગ્યાસુદ્દીને ઓલવી, અને મુગલો ચડાઇ કરીને આવ્યા તેમને પણ બે વાર હરાવીને કાઢ્યા.

पाठ ७७. हिंदुस्ताननो इतिहास. भाग २२.

એલચી સન્માન વિસામો

આ વખતમાં મુગલોના બાદશાહ જંઘિસખાંનો દીકરો હોલાકુખાં હતો. તેનો મોકલેલો એલચી હિંદુસ્તાનમાં આવ્યો. તેને ગ્યાસુદ્દીને ભારે સન્માન અપાવ્યું. પછી ઇ૦ સ૦ ૧૨૬૬ ની સાલમાં બાદશાહ મરણ પામ્યો. હવે ગ્યાસુદ્દીન બુલબુનવિના ગાદીનો દાવો કરી શકે એવી કોઇનામાં સત્તા નહોતી તેથી તે બાદશાહ થયો. મુગલોએ જેને જેને ગાદી ખુંચી લઇને કાઢી મૂક્યા

હતા, તે બધા રાજા તેના આશરાનીચે આવીને રહ્યા, અને મોટા ઝાડની છાયાતળે જેમ તડકામાં બળતા મુસાફર આવીને વિસામો કરે છે, તેમ કવીઓ અને પંડિતો બીજા રાજાના જુલમથી નાસીને ગ્યાસુદ્દીનના આશરાતળે આવ્યા. ગ્યાસુદ્દીન એ વાતમાં મોટાઈ માનતો હતો. પણ એ સદાચરણી છે એવું જાણીને કાંઈ તેઓ એની પાસે આવ્યા નહોતા. એ બાદશાહને સારા કાયદાઉપર કાંઈ પ્રીતિ નહોતી. એ મોટે દરજ્જે ચઢ્યો એટલે પોતે હલકી જાતનો છે, એ વાત તો જાણે ભૂલી ગયો, અને અસીલ તથા ગરીબ હોય તેને ગણકારે નહીં. જે એની સામા થઈને બંડ કરતા તેમને માફ કરતો નહોતો, પણ તેમનાઉપર નિર્દયપણે જુલમ કરતો. મેવાતમાં લોકો એની સામે થયા માટે એણે ત્યાંના ૧૦૦૦૦૦ માણસને ગરદન માર્યાં, અને બંગાળાનો સૂબો તોગ્રલ કરીને એની સામું ઉઠ્યો હતો તેને પણ મારી નાંખ્યો. એનો મોટો છોકરો આગળ જતાં સારો નીવડે એવો હતો, પણ તે લડાઈમાં મરણ પામ્યો. ગ્યાસુદ્દીનનો બીજો છોકરો બકારાખાં હતો, તેની સાથે એને અણબનાવ હતો, માટે બકારાખાંને એ મરી ગયો ત્યારે ગાદી મળી નહીં, પણ બકારાખાંના દીકરા કૈકુબાદને મળી. ગ્યાસુદ્દીને વીશ વરસ રાજ કર્યું. નાસરૂદ્દીનની ફોઈ, એટલે અલ્તમશની દીકરીસાથે, તે પરણ્યો હતો.

पाठ ७८. हिंदुस्ताननो इतिहास. भाग २३.

જે રાજાનો વજીર નઠારો હોય, તેના ભોગ ફરી વળે છે. કૈકુબાદને નઠારો વજીર મળ્યો હતો. નઠારો માણસ હોય છે, તે સઘળા સારા માણસને પોતાના વેરી ગણે છે. માટે જે લોકો બાદશાહને સારી સલાહ આપીને તેને એની ઉંધી અક્કલપ્રમાણે ચાલવા નહોતા દેતા, તે સઘળાને એણે ગરદન મરાવ્યા. વળી જેટલા મુગલ દિલ્લી આવ્યા હતા, તેટલા બધાનો એણે નાશ કરાવ્યો એટલુંજ નહીં, પણ આવી આવી નઠારી વાતો સાંભળીને બાદશાહને શીખામણ દેવાસારૂ તેનો બાપ બકારાખાં બંગાળેથી આવતો હતો, તેવિષે એણે બાદ-

શાહને ભંભેર્યો, તેથી તે પોતાના બાપની સામો ફોજ લઇને લડવા ગયો. પણ અંતે દીકરાનું બાપઉપર હેત હોય છે તે આડું આવ્યું. તેનો ઘરડો બાપ કેટલી વારસુધી તો બાદશાહના વજીર નિજામુદ્દીને જેટલું અપમાન કર્યું તેટલું બધું ધીરજ રાખીને ખમી રહ્યો. પણ પછી તો તેની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી, તે જોઇને તેના દીકરાને દયા આવી, તેથી તે ગાદીઉપરથી ઉઠીને બાપને ભેટી પડ્યો. ત્યારપછી થોડા દહાડા સુખમાં ગયા. પણ આળસુ રહેવાની તથા એશઆરામ ભોગવવાની ટેવ પડી ગઈ હોય તે એકાએક જતી નથી, તેથી એ ભુંડા વજીરનું પાછું જોર વધ્યું, અને બિચારા બકારાખાંને ઉદાસ થઇને પાછું પોતાને પ્રાંત જવું પડ્યું. આ વખતસુધી તો બાદશાહ નાદાન હતો એટલુંજ, પણ હવે તો એને પાપ કરવાની મતિ સુઝી. એને એ દિવાન ગમતો નહોતો, પણ એ દૃઢ વિચારનો હતો તેથી તેને કાઢી શક્યો નહીં, માટે અંતે દગો ફટકો કરી તેને ઝેર દઈ મારી નાંખ્યો. પણ ઘણું કરીને જે ખાડો ખોદે તેજ પડે. બાદશાહે એક શત્રુને દૂર કર્યો તેને બદલે બીજા ઘણાક શત્રુ ઉભા થયા. એનામાં રાજ ચલાવવાના હોશ નહોતા, તે જોઇને તેની ગાદી છીનવી લેવાને કેટલાએક લશ્કરી સરદાર તેના ઉપર ચડી આવ્યા, ને ભારે લડાઈ કરીને કૈકુબાદને ગાદીપરથી ઉઠાડી મૂક્યો. પછી તે માર્યો ગયો. ગુલામ બાદશાહોમાં કૈકુબાદ છેલ્લો બાદશાહ હતો.

पाठ ७९. हिंदुस्ताननो इतिहास. भाग २४.

સહવાસ   બળવો

હલકા કુળના માણસસાથે ગ્યાસુદ્દીન સંગત કરતો નહોતો, તથા તેમનો અધિકાર વધારતો નહોતો, એવું ઉપર લખેલું છે. તેણે અમીરી ખાનદાનવાળા માણસોનેજ હરેક જગો આપેલી હતી, વાસ્તે એ પોતે રાજા થતાં પેહેલાં જેવી સત્તા એનીપાસે હતી, તેવી આ વખતના ગુલામોમાં કોઈજ પાસે રહી નહોતી. એ કારણમાટે તાતારના લશ્કરી સરદાર, તથા ખિલજી અને ગોરના રાજમાંહેના

લસ્કરી સરદાર હિંદુસ્તાનનું રાજ લેવાસારૂ લડાઈ કરવા લાગ્યા એ વખતમાં ખિલજી જાતના લોક ઘણાજ બળવાન હતા. એ લોક અસલ તો તાતાર દેશના, પણ હિંદુસ્તાનના વાયવ્યખૂણામાં સિંધુ નદીની પેલીમેર અફઘાનિસ્તાન કરીને પાહાડી દેશ છે, ત્યાં ઘણા અસલના વારામાં આવી રહ્યા હતા. એ ખિલજી લોક ફતેહ પામ્યા, અને તેમણે પોતાના સરદાર જલાલુદ્દીનને ગાદીઉપર બેસાડ્યો. જલાલુદ્દીન ખિલજી વંશનો પેહેલો બાદશાહ હતો. એને ગાદી મળી ત્યારે તે ૭૦ વરસનો ડોસો હતો. એનો કોઈ કટ્ટો દુશમન હોય, ને તેને ઉગારવાથી આગળ એનું નુકશાન થાય એવું હોય, તોપણ તેને શિક્ષા કરવાને એનું દિલ ચાલતું નહોતું. એવો એ દયાળુ, તથા કોમળ મનનો હતો. તોપણ એવું કહે છે કે એણે કૈકુબાદના બાળકનો જીવ લેવડાવ્યો, કેમકે જે બીજાનું રાજ જોર જુલમથી લઈ લે છે તેના મનમાં હમેશાં એવી બીક રહે છે કે ગાદીઉપરથી ઉડાડી મૂકેલા રાજાના કુટુંબમાંથી કોઈ આવીને રખેને મને કંઈ હરકત કરે. એ અપરાધવિના જલાલુદ્દીનની ચાલ એની રૈયત રાજી થાય એવી હતી. તે વિદ્યાઉપર પ્રીતિ રાખતો, અને બુદ્ધીમાનને આશરો આપતો, તથા પોતાના દરબારના અમીરોની સાથે ઘણો સહવાસ રાખતો. ગ્યાસુદ્દીનનો ભત્રિજો મલેક જ્યાજુ એની સામે બલવો ઉઠાવીને ઠેઠ દિલીના ઝાંપાસુધી આવ્યો. તેને એ બાદશાહના કુંવરે હરાવીને પકડી લીધો, પણ તેને મારી નાંખવાની બાદશાહે રજા આપી નહીં.

पाठ ८०. हिंदुस्ताननो इतिहास. भाग २९.

કુપાત્ર   અણઘટતું   તકસીર   પરાજય

અણઘટતી માયા દેખાડવાથી જેમ કુપાત્ર છોકરાં બગડી જાય છે, તેમજ લુચ્ચા ફિતુરી લોકો પણ તેમ કરવાથી વધારે બગડી જાય છે. જુઓ કે આ બાદશાહે બધા ગુનેગારો બચાવ્યા, તેથી કોઈના પેટમાં એવી બીક ન રહી કે આપણે તકસીર કરીશું તો શિક્ષા પામીશું.

તેથી મુલકના સૂબા પોતાના તાબાની રૈયતઉપર જુલમ જાસ્તી કરવા લાગ્યા, અને મુલકની ઉપજ પોતેજ પચાવી પડ્યા. ધોરી રસ્તાઉપર ચોરનું જોર વધ્યું, અને એજપ્રમાણે બધે અંધેર થવા માંડ્યું, તોપણ એ બાદશાહે બીજા લોકોની સાથે ઘણી હોશિઆરીથી લડાઈ કરી. જ્યારે ઈ૦ સ૦ ૧૨૯૨માં મુગલ લોક મોટી ફોજસાથે પંજાબમાં આવ્યા, ત્યારે તેમનો એણે લડીને કેવળ પરાજય કર્યો. પણ જેમ ઠંડા સ્વભાવના ગ્યાસુદ્દીનની તરફથી બીજા મુલકમાં શહાબુદ્દીન સ્વારી કરતો તેમ જલાલુદ્દીનને અલાઉદ્દીન નામે શૂરો સરદાર મળ્યો હતો. એ સરદાર એ બાદશાહનો ભત્રિજો થતો. પ્રયાગની પાસે ગંગા નદીઉપર કરા ગામનો અલાઉદ્દીન સૂબો હતો. તેણે બુંદેલખંડમાં તથા માળવામાં ગડબડ મટાડીને બંદોબસ્ત કર્યો, તેથી એને અયોધ્યાનો સૂબો બનાવ્યો. ત્યારપછી તેણે એવો મનસુબો કર્યો કે જે મુલકમાં મારી ફોજ આજલગણ ગઈ નહોય, તે મુલક જીતવો. પછી આઠ હજાર અસ્વાર લઈને કરેથી દક્ષિણભણી આવ્યો. આગળ લખેલું છે કે દક્ષિણ દેશની ધરતી ઉંચી છે ને તેની અને હિંદુસ્તાનની વચ્ચે નર્મદાનદી તથા વિંધ્યાચળ પર્વત છે. અલાઉદ્દીન એ બે આડની પેલી મેર ગયો, એટલે શત્રુનો મુલક આવ્યો, અને હિંદુસ્તાનમાં તેના મિત્રોને તો કંઈજ સમાચાર જણાયા નહીં, કેમ કે વચગાળે પણ તેમના શત્રુ હતા.

पाठ ८१. हिंदुस्तानना इतिहास. भाग २६.

દ્રવ્ય ઝવેર દરશન

છેક તાપી નદીના મૂળઆગળ ઈલીચપુર કરીને ગામ છે ત્યાં થઈને અલાઉદ્દીન આથમણે દેવગિરીભણી વળ્યો. દેવગિરીને હમણા દોલતાબાદ કહે છે, ને તે ઓરંગાબાદની પાસે છે. એ સમયે દેવગિરીમાં રામદેવ કરીને આખા મહારાષ્ટ્ર દેશનો રાજા રાજ કરતો હતો. દેવગિરીના હિંદુઓના મનમાં કંઈ એવું નહોતું કે દુશમન આવીને ઉભા રહેશે. રાજાની રાણી અને કુંવર તો પાસેના દેશમાં દરશન કરવા ગયાં હતાં. દેવગિરી શહેરની પાસે એક

કિલ્લો હતો તેમાં ફક્ત ત્રણ ચાર હજાર માણસોને લઇને નાસી જવાને રાજાને વખત મળ્યો, અને શેહેર તો મુસલમાનોએ જીતી લઇને લૂટી લીધું, અને ત્યાંના સાહુકારોને માર મારીને દોલત કઢાવી, તથા ચાલીશ હાથી અને હજારો ઘોડા પણ લઈ લીધા. રાજા એ કિલ્લામાં રહીને લડાઈ કરત તો ખરો, પણ અલાઉદ્દીને તેને એમ કહ્યું કે, આટલાં થોડાં માણસ જોઇને તું એમ ન સમજતો કે એટલાંજ માણસ અમારી સાથે છે, હજી પાછળ અમારા બાદશાહની ઘણીજ મોટી ફોજ આવે છે. રાજાએ વિચાર્યું કે બેશુમાર દુરા-મનમાં થઈને એટલા આઠ હજારજ માણસ લઇને કોઈ આવી ન શકે, વાસ્તે અલાઉદ્દીનની વાત ખોટી નહીં હોય. વળી એવું બન્યું કે રામદેવનો કુંવર પોતાના બાપની મદદને સારૂ આવતો હતો, તેને અલાઉદ્દીને હરાવ્યો. વળી કિલ્લામાં ગૂણો હતી તેમાં અનાજ છે તેવડે કિલ્લામાંના માણસોનો નિભાવ થશે, એવું ધાર્યામાં હતું, પણ તે ગૂણોમાંથી તો અનાજને બદલે તમામ મીઠું નિકળ્યું. એ રીતે જ્યારે કોઇને ખાવાનું ન રહ્યું, ત્યારે રાજા રામદેવે બહુ દ્રવ્ય તથા ઝવેર આપવાનું કબૂલ કર્યું તે અલાઉદ્દીને લીધું. પછી તે ખાન-દેશ ને માળવાને રસ્તે પાછો હિંદુસ્તાનમાં ગયો.

पाठ ८२. हिंदुस्ताननो इतिहास. भाग २७.

વિશ્વાસઘાતી કાળજું

જલાલુદ્દીન કહેતો કે ભુંડાઇને બદલે ભુંડાઈ કરવાનું કામ કાંઈ કઠણ નથી, પણ જે ભુંડાઈના બદલામાં ભલાઈ કરે, તેજ માણસને મોટો જાણવો. જે લોકો લડાઇમાં પકડાયા હતા, તેમને બાદશાહે છોડી દેવાને કહ્યું, ત્યારે તેના ઉમરાવોએ એને કહ્યું કે, સાહેબ, એમને છોડવા ન જોઇએ. ત્યારે તેણે એવો જવાબ દીધો કે, જુઓ ભાઈ, હું તો હવે ઘરડો થયો. હવે થોડા દહાડાસારૂ મારે શું કરવા કોઈનો જીવ લેવો જોઈએ? પણ જે એક વાર પાપ કરીને એવું ધારે છે કે હવે હું જો પાપ નહીં કરૂં તો આગલા પાપની સજા મને નહીં થાય, તો એ ખોટું છે. કદાચિત અલાઉદ્દીને એવું

ધાર્યું હશે કે, ફેકુબાદના બાળકને જેમ મરાવી નંખાવીને મારા કાકાએ રાજ લઈ લીધું, તેમ હું પણ કરીશ તો મને ગાદી મળશે. એ વાત તો ખરીજ છે કે જ્યારે એ દક્ષિણમાંથી પાછો આવ્યો, ત્યારે એણે પોતાનો ઘરડો કાકો જે એને દીકરાની પેઠે ગણતો હતો, તેને મારી નાંખવાને નિશ્ચય કર્યો. એ પોતાના કાકાને કહ્યાવિના દક્ષિણઉપર સ્વારી કરવા ગયો હતો, તેથી એના કાંઈ સમાચાર ન આવ્યા, ત્યારે જલાલુદ્દીનને ઘણી ચિંતા થઈ, અને તેણે એવું જાણ્યુ કે દુશમનોએ એને ઘેરી લીધો હશે. હવે જ્યારે અલાઉદ્દીન ફતેહ કરીને પાછો આવ્યો, ત્યારે અમીરોએ બાદશાહને કહ્યું કે, સાહેબ, અલાઉદ્દીનનો તમે અતિશે ભરોસો કરશો નહીં. તોપણ બાદશાહને પોતાના ભત્રિજાઉપર કાંઈ વહેમ આવ્યો નહીં, અને ઉલટો પોતાની ફોજ પછવાડે મૂકીને પોતે એકલોજ અલાઉદ્દીનને મળવાસારૂ કરે ગયો. પણ એ ઘરડા બાદશાહના હાથ એ વિશ્વાસઘાતી અને પાપી અલાઉદ્દીનની કોટે હતા, તેવામાં તેણે સાન કરી, એટલે તેના માણસોએ એકદમ આવીને તેના કાળજામાં છરી મારીને મારી નાંખ્યો. એણે સાત વરસ રાજ કર્યું.

पाठ ૮૩. इंग्लांड.



આજને સમે પૃથ્વીના બીજા સર્વ ખંડકરતાં યુરોપખંડ ઘણી વાતે સરસ અને ચઢિઆતો છે. ત્યાં હુનર ઘણો છે. એના કસબ ને હુનરઆગળ તો ચીનસરખો દેશ પણ કશા લેખામાં નથી.

આપણા દેશમાં જે અંગ્રેજ નામે લોક રાજ કરે છે, તેમનો દેશ યુરોપખંડની પશ્ચિમમાં ગ્રેટબ્રિટન નામે બેટ છે. તેના દક્ષિણ ભાગનું નામ ઇંગ્લાંડ છે. આપણે દેશથી ત્યાં જવું હોય તો લાંબે રસ્તે ત્રણ ચાર મહિના લાગે છે, પણ ટુંકે રસ્તે તો માત્ર વીશ બાવીશ દહાડા થાય છે.

આપણા દેશના જેવો તાપ ત્યાં પડતો નથી, તેથી ડાંગર, કપાસ, કેરી થતાં નથી, પણ સારો સારો જવ, ઘઉં, અને એવાં બીજી જાતનાં અનાજ ઘણાં નીપજે છે. ત્યાં ઢોર, ઘેટાં, ને ઘોડા સારા થાય છે.

ઇંગ્લાંડ દેશમાં મુખ્ય શેહેર લંડન છે, તેના કાંઇક ભાગનું ચિત્ર આ પાઠને મથાળે પાડ્યું છે. દુનિઆમાં એના જેવું મોટું શેહેર બીજું નહીં હશે. જે નદીને કાંઠે એ છે તેનું નામ ટેમ્સ છે. તે શેહેરની વચ્ચોવચથી વહે છે, માટે આવજા કરવાને તેપર મોટા મોટા પૂલો બાંધેલા છે. વળી નવાઈ જેવી વાત એ છે જે એ નદીની નીચેથી સુરંગ ખોદીને મોટો રસ્તો બાંધ્યો છે, તેમાં થઇને લોક રાત દહાડો આવજા કરે છે. માંહે અંધારૂં ન રહે માટે દીવા રાખે છે. વળી એ નદી કાંઈ નાની નથી; એમાં હજારો મોટાં વાહાણ અને આગબોટો રહે છે. એ શેહેરની વસ્તી પચીશ લાખ કરતાં વધારે છે. અમદાવાદ શેહેરની વસ્તી જો સવા લાખની ગણીએ તો વીશ બાવીશ અમદાવાદ જેટલી વસ્તી એકલા લંડન શેહેરનીજ થાય. એ શેહેરમાં આપણી નામદાર રાણી વિક્ટોરિઆ રહે છે.

ગ્રેટબ્રિટનમાં કાચ, ચીની વાસણ, લોઢાનો સામાન, તથા કાપડ, ઘણું બને છે, અને તેમાંનો કરોડો રૂપિઆનો માલ આપણા મુલકમાં દર વરસે આવે છે. તેસિવાય તે બીજા ઘણા દેશમાં જાય છે.

જેમ એ બેટનો માલ સઘળો દેશાવર ખાતે જાય છે અને ખપે છે, તેમ ત્યાંના લોક પણ પૃથ્વીના સઘળા ભાગપર જૂદે જૂદે ઠેકાણે જઇને વસેલા છે. પૃથ્વીના પૂર્વ, પશ્ચિમ, અને દક્ષિણના દેશોમાંજ નહીં, પણ મોટા મોટા દરિઆમાં બેટ છે, તેમાં પણ જઇને રહ્યા છે, અને ત્યાં વસ્તી કરી છે.

पाठ ८४. महाराणीजीनी गरबी.

अचळ करुणा कुशळ विधविध संहार हाम
विजयाकुंवरी अमरवेल कृपानाथ अखंड
सोहाग परिवार दीपावडो समाज अफळ

अमे ईश्वर मागीए एटलुं,
वडी प्रेमवाळी घणां वर्ष जीवो विक्टोरिआ;
तमे आपो कृपा करी तेटलुं,
पूरो हैडामां पामीए हर्ष; जीवो० १
एनो अचळ अमल अमपर हजो,
करजो करुणाथी कुशळ कल्याण; जीवो०
दिन दिन चडती कळा ने दोलत थजो;
वळी विध विध पामो वखाण ; जीवो० २
एना सघळा शत्रुने संहारजो,
थाजो दुष्टना अफळ उद्योग ; जीवो०
विजयाकुंवरीनो विजय वधारजो,
जे छे जगतपतिपणा जोग; जीवो० ३
ईश्वर अखूट दोलत एने आपजो,
सर्वे समयमां रहेजो सहाय ; जीवो०
एनां कष्ट कृपानिधि कापजो,
जेनो जश घणो जगमां गवाय; जीवो० ४
जेना राजथी जन सुखीआं थयां,
हजो एनो अखंड सोहाग ; जीवो०
दुःख जुलमनां जेथी मटी गयां,
उपज्यो अंग उमंग अथाग; जीवो० ५
आखा जगमां अचळपणुं पामजो,
एनो निर्मळ न्याय सदाय; जीवो०

एनो सुजश संसारमां जामजो,
जेथी गुणीजन ग्रंथमां गाय ; जीवो० ६
दयावंत दिसे छे दीपावडो,
जेनो सद्गुणी राजसमाज; जीवो०
एने चोगणी हाम चित्ते चडो,
एनी रक्षा करो महाराज ; जीवो० ७
जेम अमरवेली वधे बहु बहु,
एम वधजो एनो परिवार ; जीवो०
कहे दलपतराम सजन सहु,
कहो कुंवरीनो जयजयकार, जीवो विक्टोरिआ.— ८

पाठ ८९. फूटडाईने माटे टापटीप. भाग १.

આ તો અમારો ચાલ પડી ગયો છે, તે કર્યાવગર કેમ ચાલે, એવું જંગલી અને અજ્ઞાન લોક એકલા માને છે એટલુંજ નહીં, પણ સુધરેલા લોકમાં પણ એવી રીત હોય છે. ઘણાજ જંગલી માણસમાં પોતાનાં શરીર રંગવાની, અને નાક ને હોઠ વીંધાવીને તેમાં કડીઓ ઘાલવાની ચાલ હોય છે. એ બધું તેઓ હોંસે હોંસે કરે છે. વળી તેમનામાં શરીરનાં કેટલાંએક અંગનાં ડોળ ફેરવવાની પણ રીત પડેલી હોય છે.

નાના બાળકનાં માથાનાં, અને ઘણાં ખરાં શરીરનાં બીજાં બધાં હાડકાં નરમ, અને જેમ વાળીએ તેમ વળે, એવાં હોય છે, તેથી તેનું જેવું ડોળ કે આકાર વાળીને કરે તેવો થાય છે. અસલના વારામાં એક દેશના લોક હતા, તે એવું માનતા કે જેના માથાનો આકાર સોગઠાસરખો હોય, તે ઘણો ખુબસુરત. તેપરથી બાળક અવતર્યું કે પાટા તાણી બાંધી તેના માથાનો ઘાટ તેવો કરતા. તુર્કસ્તાનના લોકોને ગોળ માથાં પસંદ હતાં, તેથી તેવો આકાર જન્મથીજ પાડ્યા.

બાધાને કરતા. પશ્ચિમમાં અમેરિકા ખંડની પાસે બેટ છે ત્યાંના રહેવાસી ચોખંડા માથાં કરવાને નાનપણથીજ આસપાસ પાટીઆં બાંધીને ચોખંડી પેટી જેવું બનાવતા. એજપ્રમાણે કપાળ પણ નાનાં મોટાં કરતા. આપણે હસતાં હસતાં કે રીસમાં કોઇને કહીએ છીએ કે તારા કપાળમાં ડામ, પણ કેટલાક લોકમાં ડામ દેવાની વડાઈ ગણે છે. સ્યામના અને મલબારના લોક કપાળપર અક્ષર કે કાંઈ ચિત્ર પાડવાસારૂ બીબાં કે છાપ બનાવી તેના ડામ કપાળમાં દે છે. ભાયડા, બાયડી સૌ પોતાનાં કપાળ શોભાવવાને એવી છાપ મારે છે.

पाठ ८६. फूटडाईने माटे टापटीप. भाग २.

શિકલ નામાંકિત

જેમ માથાની અને કપાળની શિકલ ફેરવવાને ઘણા લોક મેહેનત કરે છે, તેમ નાકકાનને પણ કદરૂપાં કરવાને કસર રાખતા નથી. ઉપર જે ચોખંડું માથું રાખનાર જંગલી લોકની વાત કહી, તેમાં વળી બીજી એવી એક ચાલ છે કે પોતાનું નાક વીંધાવીને તેનો વેહ વધારવાને સારૂ હાડકાં કે લાકડાંની સળીઓ ઘાલતા રહે છે. ચીનનાં માણસ ચીબું નાક હોય તેને રૂપાળું ગણે છે, તેટલાસારૂ નાનપણથી નાકને દાબી દાબીને ચીબું કરે છે. તેમજ તાતાર દેશના, આફ્રિકાના, અને અમેરિકાના ઘણા લોક પણ નાનપણથી નાક દબાવીને ચીબાં કરે છે. વળી આફ્રિકાખંડના કેટલાક લોક જેમ મોટું નાક હોય તેમ ખુશ થાય છે, અને એજ ખંડમાં ઝાંઝીબાર કરીને દેશ છે ત્યાંના લોક પોતાના નાકની અણી મરડીને ઉંચી કરે છે. ઈરાનદેશમાં કેખશરૂ નામે મોટો નામાંકિત રાજા થઈ ગયો, તેનું નાક બાજ પક્ષીની ચાંચના જેવું લાંબું હતું તેપરથી ત્યાંના બધા લોક એવું નાક હોય તેને સારા ગણતા, માટે તેવું કરવાને બહુ મેહેનત લેતા. વળી બીજી એક એવી ચાલ કેટલાએક લોકોમાં હતી કે કાનની બૂટ તાણી તાણીને એટલી તો લાંબી કરતા કે તેની લંબાઈ વિષે કોઇને કહીએ તો તે માને નહીં. કોઈ કોઈ તો ખભો

બાંધ્યા વધારવાને માટે વજન ટાંગતા. ચીનમાં અસલથી એવી ચાલ પડી ગઈ છે કે બૈરાંના પગની પાટલીઓ જેમ નાની તેમ સરસ, માટે નાનપણથીજ કઠણ જોડા પેહેરાવીને કે પાટા બાંધીને રાખે છે, એટલે તે વધાને મોટી થતી નથી. એવું કરવાથી બિચારી બાયડીઓ કેવી દુઃખી થતી હશે! પગે ચલાય નહીં એટલે લંગડા માણસની પેરે કોઈ ઉંચકી લઈ જાય ત્યારે જવાય.

पाठ ८७. फूटडाईने माटे टापटीप. भाग ३.

યુરોપમાં પણ બૈરાં એવું જાણે છે કે જેમ કમર પાતળી હોય તેમ સારૂં. તેથી પાતળી કમર રાખવાને નાની છોકરીઓને કેડે કેટલાક લોક મજબૂત પટા બાંધે છે, તે એવા તો કઠણ હોય છે કે તે બિચારીથી પૂરો દમ પણ લેવાતો નથી. એવી નઠારી ચાલને લીધે કેટલીકની કરોડને હાડકું મરડાઈ જાય છે, પાંસળીઓ વળી જાય છે, ને કોઈવાર તો છાતીમાં દરદ થાય છે.

ઉપર જે આબધી ચાલ લખી છે, તે વાંચીને જરા હસવું તો આવશે, પણ એમ ન વિચારવું કે આપણાં લોકમાં એવી રીતો નથી. આપણાં બૈરાં તો નાક કાન વીંધાવીને કેવાં હેરાન થાય છે! નાનાં નાનાં બાળકોના કાન કે નાક વીંધાવે છે, અને પછી તે પાકે છે અને સાણુકા નાંખે છે ત્યારે તેઓ ઘણાં દુઃખી થાય છે. મોતીની કે સોનાની વાળી, કાંટા, પાંદડી, કે ચોકડાં ઘાલી થોડી શોભા દેખાડવાસારૂ એવું કરે છે. પણ એકરતાં એક બીજી ઘણીજ ભુંડી ચાલ આપણાં બૈરામાં છે ને તેપ્રમાણે કરતાં કેટલીકના જીવ પણ ગયા છે. એ જંગલી ચાલ છે, ને તે નીચ જાતનાં બૈરાંમાં ઘણી જોવામાં આવે છે. શરીરના કૂમળા ભાગપર, જેમ ગાલ કે હોઠપર, બે ભમરની વચ્ચે, હડપચીપર, હાથે, આંગળાંપર, પોંચાઉપર, અને છાતીએ સોયની અણીવડે મેશ કે વાલોળના પાંદડાંના રસનું ટીપું મૂકીને છુંદે છે, તેથી કાળા કે લીલા રંગનાં ટપકાં પડી રહે છે, એને છુંદણાં કહે છે. નીચ વર્ણમાં એવાં છુંદણાંની કાંચળી, વેલ, કે

ગુદા પાડવાની ચાલ ઘણી હોય છે. જુઓ, એથી કેટલી વેદના ભોગવવી પડે છે! કોઈનો ગાલ સૂણી જાય છે, હોઠ પાકી જાય છે, અને કેટલાંક એમ ઘણાં છુંદણાંકડાવતાં કોઈ વખત મરણ પણ પામે છે, માટે આવી દુઃખ દેનારી ચાલ શાવાસ્તે જોઈએ? જો એવી શોભાની જરૂરજ હોત તો પરમેશ્વર તે શાવાસ્તે ન આપત? શું તેને ત્યાં ખોટ છે?

વળી પરમેશ્વરના કરતાં વધારે ડાહ્યા થવાને ધોળા દાંતને કાળા કે લાલ રંગીને શોભા માને છે, ને તેમાં રેખો મરાવે છે, પણ એવી ખોટી શોભાને સારૂ કેટલું હેરાન થવું પડે છે.

पाठ ८८. अंबाजीनुं वर्णन. भाग १.

ચોઘડીઉં ગૃહસ્થો આરસપાહાણ

ગુજરાતની છેક ઉત્તરે આરાસૈકોરના પર્વતમાં અંબાજીનું મોટું દેરૂં છે. તેને ફરતી ધર્મશાળાઓ છે. એની માનતા આખા ગુજરાતમાં ઘણી ચાલે છે, અને મુંબઈથી પણ લોકો જાત્રાસારૂ ત્યાં જાય છે. ત્યાં મોટી જાત્રા ભરાય છે. એ દેરામાં મૂર્તિ નથી, પણ સિંહાસનઉપર કાંઈક મૂર્તિને આકારે છે, તેને ઘરેણાં લૂગડાંથી શણગારીને સાફ મૂર્તિનો આકાર જણાય એવું કરે છે. તે દેવલના થાંભલાઉપર સંવતના ૧૩ ના સૈકાના વરસ લખીને જૂદે જૂદે સ્તંભે જૂદા જૂદા સલાટના નામ કોરેલાં છે, તેથી સલાટોએ મળીને એ અસલ દેરૂં બનાવેલું હોય એવું જણાય છે, અને તેને ફરતી ધર્મશાળાઓ ગુજરાતના ગૃહસ્થોએ બનાવેલી છે. ત્યાં હમેશાં ચાર ચાર ઘડીએ ચોઘડીઆં વાગે છે. એ આરાસૈકોરનો પર્વત અંબાજીની જગ્યાસુધાં દાંતાના રાણાના તાબામાં છે, તેથી અંબાજીની આગળ જાત્રાળુ લોકો જે કાંઈ ભેટ કરે તે તથા દર જાત્રાળુપાસેથી કાંઈ કર તે રાણો લે છે. અંબાજીથી પૂર્વમાં એક મેલઉપર જૈન લોકોનાં પાંચ દેરાં વિમળશાનાં બનાવેલાં કહેવાય છે, તે સઘળાં આરસપાહાણનાં અને ઘણીજ સરસ બાંધણીનાં છે. તે ઠેકાણે એક પાળિઆઉપર લેખ છે, તેઉપરથી માલમ પડે છે કે સંવતના તેરમા

સૈકામાં એ ઠેકાણે આરાસણા નામે મોટું શેહેર હતું, અને ત્યાં કુંભા-રાણાનું રાજ હતું. તેજ કુંભારાણાનું રાજ આબુઉપર પણ હતું.

पाठ ८९. अंबाजीनुं वर्णन. भाग २.

જ્વાળા   કમાણી   દશાંશ.

એ ઠેકાણે હાલમાં કુંભારાણાના નામથી કુંભારીઉં નામે ગામ દશ પંદર ઘરનું છે, તેથી પૂર્વમાં ત્રણ મૈલઉપર પોટેશ્વર મહાદેવની જગ્યા છે. ત્યાંથી સરસ્વતી નદી નીકળે છે, તે સિદ્ધપુરપાસે થઈને કછના રણમાં જાય છે. કુંભારીઆના દેરાની સંભાળ અમદાવાદના નગરશેઠ રાખે છે. તેમની તરફના ગુમાસ્તા વગેરે ત્યાં રહે છે. તે દેરાના સ્તંભમાં તથા બારસાખપર લેખ કોતરેલા છે તે સંવતના ૧૩ ના સૈકાના છે. પણ તેમાં વિમળશાનું નામ કાંઈ વાંચવામાં આવતું નથી, તેથી એ વહેમ છે કે એ દેરાંને વિમળ-શાનાં દેરાં શાવાસ્તે કહેતા હશે. ગુજરાતના કેટલાક લોક પોતાની કમાણીમાંથી એક દશાંશ દર સાલ અંબાજીને અર્પણ કરે છે. તે રકમ એકઠી કરીને હાલ ત્યાં એક મોટું તળાવ બંધાવવા માંડ્યું છે. ત્યાં દાંતાના રાણાએ એક સારો બંગલો બનાવ્યો છે. અંબાજીમાં પાંચ દિવસથી વધારે કોઈ જાત્રાળુ રહેતો નથી. ત્યાં તેલદિવેલ કશા કામમાં વાપરવામાં આવતું નથી. શાક વઘારવામાં, તથા દીવા બાળવામાં, તથા ભૈરાંના ચોટલામાં ઘાલવામાં ઘી આવે છે. એ પર્વતમાંથી આરસપાહાણ નીકળે છે તે પર્વતના નામઉપરથીજ પથરનું નામ આરસપાહાણ પડ્યું હોય એવું જણાય છે. એ પર્વતમાં વાંસડા ઘણા થાય છે, મકાઈ જવની પણ પેદાશ થાય છે.

અંબાજીથી આથમણે કોશ દોઢેકઉપર એક ફાટેલો પાહાડ છે, તેને ગબર કહે છે. લોક કહે છે કે, જે જાય ગબર, તે થાય જબર; એટલે તેનો ચઢાવ એવો સીધો છે કે ચડતાં માણસનો દમ ભરાઈ જાય. એ પાહાડ જોતાં માલમ પડે છે કે એ ઠેકાણે અસલ જ્વા-ળામુખી હશે, અથવા જ્વાળાથી ફાટ્યો હશે.

पाठ ९०. मायाळु स्वभाव.

કેટલાંએક છોકરાં બીજા છોકરાંથી કેવાં માયાળુ હોય છે! પોતે ખુશીમાં રહે છે, ને બીજાને ખુશ રાખે છે. કેટલાંક છોકરાંનું મોં જોવાનું મન ન થાય, તો સોબત કરવાનું તો ક્યાંથીજ થાય? એવાં છોકરાંની કોઈ ભાઈબંધી કરે નહીં.

જો આપણાઉપર આપણા ભાઈબંધ માયા ન રાખે, તો તેમાં આપણો વાંક જાણવો, કેમકે જો આપણે તેમની ઉપર માયા કરીએ ને તેની સાથે મીઠું બોલીએ, તો તે આપણાપર તેમ કર્યાવિના રહેજ નહીં. કહેવત છે કે, "आपणे वेंत नमीए, तो बीजो हाथ नमे." ખરૂં કામ કરીએ તેમાં તેમને કાંઈ દુઃખ લાગે, તો તે ઠેકાણે આપણો કાંઈ ઇલાજ નથી; પણ જો તેઓજ ગણે કે આપણો સ્વભાવ માયાળુ છે, અને આપણે આપસ્વાર્થી નથી, અને આપણને કાંઈ નુકસાન થાય તો તે વાતની પરવા ન રાખતાં આપણા ભાઈબંધનું સારૂં થાય તેમાં રાજી હોઈએ, તો આપણા સોબતી થવાને ઘણા લોક આવશે. પરગજુ ને દયાળુ સ્વભાવ રાખ્યાથી આપણે બહુ સુખી થઈએ. જો આપણે જ્યારે ફાવે ત્યારે કોઈનું કામ કરતા હોઈએ, તો આપણી ભાઈબંધી કરવા ઘણા આવે, નહીં તો આપણને કોઈ ધર્મે પણ ન પૂછે. જો પરગજુ થઈએ તો આપણે એકલાજ સુખી થઈશું એમ નહીં, પણ આપણાં માણસ પણ સુખી થશે. જે આપણા ગોઠિઆ હોય, તેમાં કોને ઘણા ભાઈબંધ છે, એ જોઈશું તો માલમ પડશે કે જે પરગજુ ને મોટા મનવાળા છે, અને જે પોતાના સોબતીને દુઃખ થાય તો જીવ આપે છે, તેવાં માણસને ઘણા ભાઈબંધ હોય છે.

દોસ્તદાર કરવાનો એકજ રસ્તો છે, તે એ કે આપણે બીજાની સાથે હળી મળીને ચાલવું. આપણું સુખ તજવાથી બીજાને સુખ થતું હોય, તો તે કરવું. આપણા ભાઈ ભાંડુને તેમને ભાગે જેટલું આવે તેકરતાં વધારે આપવું, અને પરગજુપણું રાખવું, એટલે તેને આપણે માયા થયાવિના રહેજ નહીં. આપણે ઘેર કે બહાર જ્યાં

હોઈએ ત્યાં એવોજ સ્વભાવ રાખવો, એટલે આપણે સુખી થઈશું; પણ કોઈનું સારૂં થાય તે કામ જુંડે રસ્તે ચાલીને કરવું, ને પરગજુ છીએ એમ બતાવવું, એમાં ઘણો દોષ છે.

पाठ ९१. कालु माछली.

કાળુ નામે માછલી શીપોમાં થાય છે; તેમાં ઘણું જોર હોય છે, તેથી તેની સીપોને એટલા જોરથી બંધ કરે છે કે તે બે સીપોની વચ્ચે જે કાંઈ આવ્યું હોય તે ઘણુંકરીને નીકળી શકે નહીં. એના જોરવિષે આ નીચે લખેલી વાતો માલમ પડી છે તે ઘણી રમુજી છે. એક વખતે એક માછીના ઘરમાં રાતે કાંઈ ખડખડાટ થયો. તેથી તેનાં બાયડીછોકરાં ઘણાં બીનાં. તેમણે જાણ્યું કે કોઈ ચોર ઘરમાં પેઠા હશે, પણ એક જણ હિંમત રાખીને ઘરમાં ગયો, તો કોઈ બે પગના ચોરને તો તેણે ન દીઠો, પણ ચાર પગનો ચોર દીઠો, તે ઉંદર હતો. તે માછીના ઘરમાં છાજલીઉપર કાળુ માછલી મૂકેલી હતી, તેને તે ઉંદર લેવા ગયો, અને તેને ઝાલવાને પોતાનો આગલો પગ બે સીપોની વચ્ચે ઘાલ્યો, એટલે સીપો એટલા જોરથી બંધ થઈ કે તેનો પગ માંહે ભરાઈ રહ્યો, તેથી તેનાથી ત્યાંથી નીકળાયુંજ નહીં. વળી એક ઠેકાણે એવીજ રીતે ત્રણ ઉંદર પકડાઈ ગયા હતા. માછલીએ પોતાની સીપ કાંઈ ખાવાને ઉઘાડી હતી, તે વખતે ત્રણ ઉંદરડા તેને ઝાલવા ગયા, એટલે સીપો બંધ થઈને માંહે ઉંદરો ભચરડાઈ મુઆ.

એક જાતના વાંદરા માણસજેવા ઘાટના થાય છે, તેની ચતુરાઈ ને વિચારની એક વાત છે, તે નીચે લખી છે. એ વાંદરા જ્યારે રાનમાં ખાવાનાં ફળ પૂરાં થાય છે, ત્યારે સમુદ્રકાંઠે ખાવાનું શોધવા જાય છે. ત્યાં કાળુ માછલી હોય, તેની સીપોમાં ફસાઈ જવાની ઘણી ધાસ્તી રાખે છે, તેથી પોતાનો હાથ માંહે ઘાલ્યા પહેલાં તેઓ માંહે એક લાંકડું કે પથરો ઘાલી મૂકે છે, કે તેથી તે ઉઘાડી રહે, ને પછી માંહે પોતાનો હાથ ઘાલે છે.

पाठ ९२. चीना लोकनी भोजनक्रिया. भाग १.

સાહેબ લોકને ચમચા તથા કાંટાવતી ખાતાં જોઈએ છીએ, ત્યારે તો આપણને નવાઈજેવું લાગે છે કે એથી તે કેમ ખવાતું હશે, કે પેટ ભરાતું હશે! પણ ચીના લોકની ખાવાની તરેહ તો એકરતાંએ બહુ જૂદી છે. તે આપણી પેઠે હાથવતી ખાતા નથી, તેમ અંગ્રેજોની પેઠે ચમચા તથા કાંટાવતી પણ ખાતા નથી, પણ બે લાંબી પાતળી સોટીઓવડે લઇને ખાય છે. એ સોટીઓ સોઈઆના જેવી અણીદાર હોય છે. તે અંગુઠા તથા આંગળાંવતી ઝાલી તેમાં ભેરવી ભેરવીને ખાય છે. એ કેવું અવઘડવાળું માલમ પડે છે! રોટલા રોટલી તો શું, પણ ભાત ને શાકજેવી નરમ વસ્તુઓ પણ એવડે ચીના લોક ખાય છે.

એક સાહેબ ચીનમાં કોઇને ત્યાં જમવા ગયો હતો તેને જમતાં કેવી વેલા પડી તે નીચેની વાત વાંચ્યાથી સમજાશે.

"પ્રથમ તો ટેબલપર કેટલાંક વાનાં પીરસાયાં, પણ તે સ્વાદે સારાં નહોતાં. ઘરધણી તો મારા સામું એકી નજરે જોયા કરતો, કેમકે સોટીઓવતી મને ફાવતું નહોતું. જે મોંઆગળ પીરસેલું પડેલું તે ટગરટગર જોઉં, પણ કેમ ખાવું તે સુઝે નહીં. પેલા ઘરધણીને ખાતાં જોઇને અંગુઠો ને તેની જોડની બે આંગળીઓવચ્ચે સોટીઓ ઝાલીને ખાવા માંડ્યું પણ ખાતાં ફાવે નહીં, કેમકે વારે વારે તે ખસી જાય અને તેવતી જે ઝાલેલું તે પડી જાય. અંતે ઘરધણી પોતાની સોટીઓ લઇને મારીપાસે આવ્યો, અને કેમ ખાવું તે મને બતાવવા મંડ્યો. ભૂખ તો એવી કકડીને લાગેલી કે જાણે સોટીઓ કોરે મૂકીને ખાવા મંડી જાઉં, અને એમ કરવાનું ધારતો હતો એટલામાં એક જાતના પક્ષીના માળાની ઘેંસ જેવી કરેલી જાગુસ ભાણામાં આવી, તે જરા ખાધી."

ખાવાનું કામ પૂરૂં થયાકેડે પીવાનું ચાલ્યું. સુંદર રંગેલા ચીની પ્યાલામાં દારૂ રેડ્યો અને ઘરધણીએ પોતે બે હાથે એક પ્યાલો ઉઠાવી પોતાનું ડોકું ધૂણાવ્યું, અને છેક મોંઆગળ આણી હોઠને અડકાડી ગટગટાવી ગયો, અને ખાલી કરી ઉંધું વાળીને બતાવ્યું

કે ખાલી થયું; તેપ્રમાણે બીજાએ પણ કર્યું. એ થઈ રહ્યાપછી એક ઘણી તરેહવાર રીત કરવામાં આવી.

પાઠ ૯૩. ચીના લોકની ભોજનક્રિયા.-ભાગ ૨.

ચાર પ્યાલા ચોરસ ગોઠવી તેની કોરપર બીજા ત્રણ મૂકે છે; અને છેલ્લે ટોચપર એક આઠમો મૂકી દેરાંજેવો આકાર કરે છે. એ પ્યાલામાં કંઈ ખાવાની વસ્તુ ભરેલી હોય છે. જમાડનાર ધણી જમવા આવેલા પરોણાને કહે છે કે, આમાંથી લ્યો, તોપણ કોઈ તેને અડકતું નથી, એવી ચાલ છે. એપરથી જણાય છે કે જમવા આવેલામાંથી કોઈ ભૂખ્યા નથી રહ્યા. એટલું થઈ રહ્યા પછી મેજપરથી બધું ઉઠાવી લઈ જાય છે, અને તેને ઠેકાણે લોટની અને ખાંડની બનાવેલી વસ્તુઓ પીરસવામાં આવે છે. તેમાં વળી વાંસનું અથાણું હોયછે, તથા કંઈ નરમ પાણીજેવી ચીજો પણ હોય છે.

પછી બધાના ભાણામાં ભાત મૂકવા માંડ્યો, ત્યારે તો હું ઘણોજ ગભરાયો; પેલી સોટીઓસામું જોતો જાઉં, ને વિચાર કરૂં કે હવે કેમ થશે ? આવતી દાણો દાણો વીણીને ખાઈશ કે શી રીતે કરીશ ? એવા વિચારમાં બેઠો છું એટલે પેલા ચીનાને મેં ખાતાં દીઠો. તેણે સોટીઓના બે છેડા એકઠા મેળવી ભાતની રકાબીમાં બોરયા, અને તે મોઢાઆગળ લાવી મોટું પૂરૂં ફાડીને તેમાં ભાત ઠાલવી દીધો. હું ધારતો હતો કે બબે ચચાર દાણા વીણીને ખાશે, પણ તેમ ન ખાતાં પેલી સોટીઓવડે મોટે મોટે કોળીએ ખાઈ ગયો.

ભાત જમી રહ્યાપછી ટેબલ સાફ કરી તેપર ઘણાં સુંદર ફૂલ આણી મૂક્યાં. તેનીસાથે કેટલાક મેવા મિઠાઈના ખુમચા પણ હતા. ચીના લોકમાં એવી રીત છે કે કોઈ મળવા આવે ત્યારે તેને પેહેલાં અને પછવાડેથી ચા પાય છે; તેપ્રમાણે ચા પીવાને અમે સૌ બીજા ઓરડામાં ગયા. ચાકરોએ પ્યાલા આણીને આપ્યા, તેપર ઢાંકણાં ઢાંકેલાં હતાં, અને તેમાં થોડાં પાંદડાં મૂકેલાં હતાં. તેપર ઉનું પાણી

રડીને કુવા કરીને પીધો. ચીના લોક આમાં ખાંડ કે શાકર કંઈ નાંખતા નથી, મોળી પીએ છે, પણ તેની સુરમ બહુજ સારી આવે છે.

પાઠ ૯૪. પાળીતાણાનું વર્ણન.

સંઘ ટુંક

પાળીતાણાના પર્વતને સિદ્ધાચળ કે શેત્રુંજો કહે છે. એ પર્વત આસરે બાર ચૌદ ગાઉઉપરથી વાદળાં જેવા દેખાય છે. જેમ જેમ પાસે જઈએં, તેમ તેમ ઉંચો માલમ પડે છે, અને જ્યારે તેઉપરનાં દેરાં વગેરેથી નજરે આવે છે, ત્યારે તો ઘણો રળિઆમણો દેખાય છે.

પાળીતાણા શ્રાવકોનું મોટું તીર્થ છે તેથી મારવાડ, મુંબઈ, અને ગુજરાતના શ્રાવકોના સંઘ ત્યાં જાત્રાએ જાય છે.

પાળીતાણેથી એ પર્વતતરફ જતાં રસ્તાઉપર બંને બાજુએ લીમડાં વગેરેનાં ઝાડ રોપાવેલાં છે, અને રસ્તો પણ મોકળો છે, તે જોઇને મન આનંદ પામે છે, અને પર્વતઉપર ચડતાં થોડોક ઘાટ બંધાવેલો છે. વળી આગળ જતાં નાની નાની દેરીઓ તથા વિસામા આવે છે. લાંબી નજર કરીએ તો આસપાસનાં ગામ અને વગડા જોતાં ઘણી ખુશી ઉપજે છે. ટુંક ઉપર જઈએ ત્યારે મોટાં મોટાં દેરાં ઘણાંજ જોવાલાયક નજરે પડે છે. તે નામીચા ધનવાન શ્રાવકોએ બનાવેલાં છે. કેટલાંક દેરાં ઘણાં જૂનાં છે, ને તેમાં શિલાલેખ પણ ઠેકાણે ઠેકાણે છે.

આદીશ્વરનું દેરૂં જૂનું થયાથી ફરી ફરીને ત્રણવાર બંધાવ્યામાં આવ્યું છે. તે બંધાવનારાઓનાં નામ તથા વરસ શિલાલેખમાં લખેલાં છે. ત્યાં સૂરજકુંડ નામે પાણીનો કુંડ છે, તેપર રાયણનું એક ઝાડ ઘણું જૂનું છે, એવું જૂના ગ્રંથોઉપરથી માલમ પડે છે.

એ પર્વત પાળીતાણાના રાજાના તાબામાં છે. ત્યાં જાત્રા આવનારપાસેથી કંઈ કર લેવાનો ઠરાવ હતો તેને પેટે અમદાવાદના નગર શેઠ હરસાલ કેટલાક હજાર રૂપીઆ ઉચકો આપવાના કરીને તે કર

માફ કરાવ્યો હતો. એ સઘળા દેવના પૂજારા પાળીતાણાના વાણિઆ તથા માળી લોકો છે. જ્યારે ત્યાં સંઘ ભરાય છે, ત્યારે ઘણુંજ જોવાલાયક થઈ રહે છે. એ પર્વતઉપર જે સાહુકારે દેવલ બણાવ્યું હોય, તેને ટુંક એટલે શિખર કહે છે. તેમાં મુંબઈના શેઠ મોતીશાની ટુંક, તથા અમદાવાદના નગરશેઠ હિમાભાઈની બંધાવેલી ટુંક વખણાય છે. એ પર્વતઉપર ઝાઝી વનસ્પતિ જોવામાં આવતી નથી. જાત્રાળુ લોકો એ પર્વતઉપર રાતવાસો રહેતા નથી. તેમને ઉતરવાસારૂ પાળીતાણામાં ધર્મશાળાઓ છે, તથા એ ગામમાં ઠાકોરની તરફથી પણ બે સદાવ્રત છે. જાત્રાઓમાં ઘણા લોક ભેગા થાય છે તેથી ઘણીક વાર ત્યાં મરકી પેદા થાય છે અને ત્યાંથી તે બીજાં શેહેરોમાં પથરાય છે.

पाठ ९८. आफ्रिका. भाग १.

યુરોપખંડની દક્ષિણે આફ્રિકા ખંડ છે. એ બેની વચ્ચે મોટો દરિઓ છે, તેને ભૂમધ્યસમુદ્ર કહે છે. તેમજ એશિઆની અને એની વચ્ચે રાતો સમુદ્ર છે ખરો, પણ તે બંને એક સાંકડી જમીનથી જોડાએલા છે. જો એ ઠેકાણેથી ન જોડાયા હોત તો આફ્રિકા એક મોટો બેટ થઈ જાત, કેમકે એટલી જગાવિના બધે એને ફરતો દરિઓ છે.

એ ખંડના ઘણા ભાગમાં સૂરજના કિરણ માથે ઉભાં પડે છે, તેથી તાપ ઘણોજ લાગે છે. એમાં રેતાળ એટલે દડની જમીન ઘણી છે. એ જમીનના એક મોટા ભાગનું નામ સહરા એટલે રેતીનું મોટું રણ એવું પડેલું છે. તેમાં રેતી પુષ્કળ તથા ઝીણી છે, માટે તે વાયરાથી ઉડીને જ્યાં મેદાન હોય ત્યાં ટેકરા થાય છે, અને ટેકરા હોય ત્યાં મેદાન થઈ જાય છે. વળી રેતાળ જગો એટલે પાણી મળવું કઠણ, તેમ કંઈ ઝાડ પાલો પણ જવલેજ હોય; તોપણ કોઈ કોઈ ઠેકાણે ઝાડપાનવાળી જગા આવે છે, તેને વાદી કહે છે. ત્યાં પાણી મળે છે, તેથી ત્યાં થોડી વસ્તી પણ હોય છે. એવા ઠેકા-

ણાને રણના બેટ કહીએ તો પણ ચાલે, કેમકે જેમ દરિઆમાં બધે પાણીજ પાણી હોય છે અને વચમાં બેટ હોય ને તેપર ઝાડ પાલો તથા માણસની વસ્તી હોય છે, તેમ રેતીના મેદાનમાં બધે રેતીજ રેતી, અને વચમાં એવી ઝાડપાનવાળી જગા હોય છે. એ સહ-રાનું રણ આફ્રિકાના મધ્ય ભાગમાં ઘણું કરીને છે. એને ફરતા દરિઆ કિનારે બીજા સારા સારા મુલક આવેલા છે.

पाठ १६. आफ्रिका. भाग २.

સહરાની પૂર્વે મિસર નામે દેશ છે. એ દેશ અસલ ઘણો નામીચો હતો. પણ ઘણી જાણવા જેવી વાત એની નીલ નામે નદીવિષે છે. મિસર દેશમાં વરસાદ નથી વરસતો, પણ તેની ગરજ એ નદી સારે છે. એમાં દર સાલ પૂર આવે છે તેથી બધો મિસર દેશ ઢંકાઇ જઈ બધે જળ જળ થઈ રહે છે, અને તેઉપર બેટની પેઠે ગામડાં જણાય છે. તે પાણી જ્યારે ઉતરી જાય છે, ત્યારે તણાઈ આવેલો કાંપ, એટલે કચરો, માટી વગેરે જમીનપર ઠરીને તેને બહુ રસાળ કરે છે, તેથી વરસમાં બે ત્રણ પાક ઉતરે છે. મોટા મોટા ઉંડા ખાડા ખોદી રાખેલા હોય છે, તેમાં રેલનું પાણી ભરાઈ રહે છે, તે ખેતી વગેરેના કામમાં આવે છે.

એ મેદાનની ઉત્તરતરફ મુલક આવેલો છે તેમાં મૂર લોક રહે છે. તે મુસલમાની ધર્મ પાળે છે, અને શરીરે તથા ચામડીના રંગમાં યુરોપખંડની દક્ષિણતરફના લોકના જેવા છે, પણ જરા વધારે શામળા છે.

એ મેદાનની દક્ષિણે જે લોક વસે છે તે કાળા, તેના વાળ ટુંકા, કાળા, અને ગુંછળીઆળા, તેમની આંખો કાળી, નાક ચપટાં, અને હોઠ જાડા હોય છે, એમને સીદી કહે છે. એ દેખીતા ઘણા કદરૂપા છે; એમને ભણાવી ગણાવીને ખબરદાર કર્યાં હોય તો માયાળુ અને સારા સ્વભાવના નિમકહલાલ થાય છે; જો કસબ કે ધંધા શીખવીએ તેમાં હોશિઆર થાય છે.

આફ્રિકા ખંડનો દક્ષિણ ભાગ ખૂબ લાંબો વધીને દરીઆમાં ગએલો છે. તે છેડાપરનો થોડાક પ્રાંત અંગ્રેજ સરકારને તાબે છે, તેને કેપ કાલોની એટલે કેપ આફ્ ગુડ હોપનું સંસ્થાન કહે છે. ત્યાં હવા ઘણી ટાઢી રહે છે અને તાપ બહુ પડતો નથી.

એ ખંડમાં ઘણી જાતનાં જનાવર છે; કેટલાંક હિંસારી છે અને કેટલાંક હિંસારી નથી. ત્યાં હાથીની પેદાશ ઘણી છે. હાથીનાં ઝોળે-ઝોળાં ફરતાં ફરે છે; સિંહ પણ ઘણા છે. વળી એ ખંડના કેટલાક ભાગના લોક ઘણા જંગલી ને ખૂની છે. સેહેજ વાતે એક બીજાની જોડે લડી મરે છે.

पाठ ९७. पितानी सेवा. भाग १.

छडो हुं हतो छोकरो छेक छोटो,
पिता पाळी पोषी मने कीध[1] मोटो;
रुडी रीतथी राखता रॉजी राजी,
भला केम आभार भूलुं पिताजी. १

चढी छॉतीए जे घडी मूछ ताणी,
कदी अंतरे रीस आपे न आणी;
कह्युं में मुखे ते कर्युं हाँजी हाजी;
भला केम आभार भूलुं पिताजी. २

मने सारी शिक्षा शीखावी सुधार्यो,
वळी आपी विद्या विवेके वधार्यो;
भली वातना भेद सीधा दीधाजी,
भला केम आभार भूलुं पिताजी. ३

कदी कोटी कोटी सही कष्ट काया,
मने छातीमा ले कीधी छत्र छाया;

---

[1] कीधो.

अति प्राणथी प्यार जे आणताजी,
भला केम आभार भूलुं पिताजी. ४
मने देखी अत्यंत आनंद लेता,
मुखे मागी वस्तु मने लावी देता;
पुरो पाड ते तो भुले पुत्र पाजी,
भला केम आभार भूलुं पिताजी. ५
वडा वांकमां आवुं तो रांक जाणी,
दीधो दंड देतां दया दील आणी;
तजी स्नेह देहे न दीधी पीडाजी,
भला केम आभार भूलुं पिताजी. ६

पाठ ९८. पितानी सेवा. भाग २.

लाव सजवुं निरखवुं जगंनाथ हयाती सेवना

भणावी गणावी कीधो भाग्यशाळी,
तथा तुच्छ जेवी बुरी टेव टाळी;
जनो मध्य जेथी रही कीर्ति गाजी,
भला केम आभार भूलुं पिताजी. ७
लीधो लाव ने लइश जे लाव सारो,
गणुं गुण हुं तात ते तो तमारो;
सदा सुखसारु उपायो सज्याजी,
भला केम आभार भूलुं पिताजी. ८
मने निर्खता नेत्रमां नीर लावी,
लई दाबता छातीसाथे लगावी;
मुखे बोलता बोल मीठा मीठाजी,
भला केम आभार भूलुं पिताजी. ९

हतो बाळ हुं आजसुधी अजाण्यो,
ठरे आपनो गुण एके न आण्यो;
हवे हुं थयो जाणीतो आज आ जी,
भला केम आभार भूलुं पिताजी. १०

जगंनाथजी जीवतो राखशे जो,
हयाती तमारी अमारी हशे जो;
करुं सेवना स्नेह साचे सदाजी,
भला केम आभार भूलुं पिताजी. ११

भणे भावथी जो गणे छंद सारा,
पितु भक्ति पामा न थाशे नठारा;
रुडुं ज्ञान लई लागशे शुभ कामे,
रच्या छे रुडा छंद दलपत्तरामे. १२

पाठ ९९. हिंदुस्ताननो इतिहास. भाग २८.

એક વાર માણસ ખોટું કામ કરે છે, તેને લીધે ઘણુંકરીને તેને બીજાં ઘણાંક ખોટાં કામ કરવાં પડે છે. તેજપ્રમાણે અલાઉદ્દીનને કરવાં પડ્યાં. આગલા રાજાના છોકરાને મારી નાંખ્યો, તથા તે રાજાની રાણીને કેદ કરી, ત્યાંસુધી અલાઉદ્દીનનો જીવ હેઠે બેઠો નહીં. વળી પાપી માણસને બે તરફથી ફિકર હોય છે; એક તો એ કે, રખે મારા વેરીઓ વેર લેશે, અને બીજી એ કે, જેમ મેં બીજાને ખરાબ કર્યા તેમ રખે કોઈ મને ખરાબ કરે. અલાઉદ્દીનના મનમાં એવી ફિકર હતી તે કાંઈ ખોટી નહોતી, કેમકે એનો એક ભત્રિજો સુલેમાન કરીને હતો, તેણે એવું વિચાર્યું કે અલાઉદ્દીને જેવું ઘાતકી કામ કર્યું, તેવું હું કરીશ તો હું પણ પાર પડીશ. પછી અલાઉદ્દીન શિકાર કરવા ગયો, ત્યારે લાગ જોઈને સુલેમાને તેને તીર માર્યો, તેથી તે બેશુદ્ધ થઈને ઘોડા-ઉપરથી પડ્યો. પછી સુલેમાને બૂમ ઉડાડી કે બાદશાહ તો મરી ગયો અને મારૂં રાજ્ય થયું. પણ અલાઉદ્દીન મુઓ નહોતો, તેથી સુલે-

માન નાઠો; પણ પછી પકડાયો, ને માર્યો ગયો. ત્યારપછી એના બીજા બે ભત્રિજા એની સામે થયા, તેમને પણ એણે મારી નંખાવ્યા. એ રીતે જેપ્રમાણે અલાઉદ્દીને પોતે નઠારાં કામ કર્યાં હતાં, તેપ્રમાણે એની ઉપર બે વાર તેવાં કામ કરવાનો ઉપાય થયો. માટે હવે એને પક્કી ખબર પડી કે, મેં તો ઉતાવળા થઇને નિમકહરામી કરી, પણ નિમકહરામી ઘણી ભુંડી છે.

पाठ १००. हिंदुस्तानानो इतिहास. भाग २९.

અલાઉદ્દીનના રાજ્યમાં મુગલ લોકોએ સાત વાર હુમલા કર્યા. તેમાં પેહેલા બે હુમલા પંજાબઉપર ઈ૦ સ૦ ૧૨૯૭-૯૮ માં કર્યા, તેમાં અલાઉદ્દીન હાર્યો. પણ ત્રીજો હુમલો ઈ૦ સ૦ ૧૨૯૮ માં કર્યો, તેમાં મુગલ સરદાર પુતલુઘખાં ઠેઠ દિલીના ઝાંપાસુધી જઈ પહોંચ્યો. ઘણા લોકો નાશીને દિલીમાં ભરાયા, તેથી બધો ખોરાક ખપી ગયો. પણ અલાઉદ્દીનના સરદારોમાં જાફરખાં નામે ઘણો શૂરો હતો, તેણે મુગલોને હરાવીને નસાડ્યા. પછી બાદશાહ જાફરખાંની અદેખાઇ કરવા લાગ્યો, અને થોડાંજ માણસ આપીને તેને મુગલોની પછવાડે મોકલ્યો. પછી એની પાસે તો થોડાં માણસ છે, એવું જોઇને મુગલોએ તેને મારી નાંખ્યો. મુગલો પાછા ઈ૦ સ૦ ૧૩૦૩ માં દિલી આવ્યા, પણ લડાઈ કર્યાવિના ચાલ્યા ગયા, અને ફરીને ૧૩૦૪-૫ માં રોહિલખંડમાં આવ્યા. તેપછી ઘણા વરસસુધી તેઓ હિંદુસ્તાનમાં આવ્યા નહીં. આ લડાઈઓમાં જે પકડાયા તેમને અલાઉદ્દીને મરાવી નંખાવ્યા, એવો તે નિર્દય હતો.

અલાઉદ્દીનના રાજમાં ગુજરાત તથા દક્ષિણ એ બે મુલક હાથ આવ્યા. કુતબુદ્દીન ગુજરાતમાં જે ફોજ મૂકી ગયો હતો, તે ઘણાં વરસ થયાં પાછી ગઈ હતી. શાહબુદ્દીનની સામે રાજા ભીમદેવ થયો હતો. તે મૂળરાજના વંશમાં છેલ્લો રાજા હતો. વાઘેલા રજપૂતનું રાજ્ય અણહિલવાડમાં હતું, ત્યાંનો રાજા કરણ રજપૂતનો છેલ્લો રાજા હતો.

पाठ १०१. हिंदुस्ताननो इतिहास. भाग ३०.

અલાઉદ્દીને પોતાના મનમાં નક્કી કર્યું કે હવે બધી ગુજરાત જીતી લેવી. એવા વિચારથી તેણે મોટી ફોજ તૈયાર કરીને પોતાના ભાઈ અલિફખાં તથા પોતાનો વજીર નસરતખાંને તેના સરદાર બનાવ્યા. તેમણે ગુજરાતનો પાધર દેશ ઉજડ કર્યો, અને અણહિલવાડ શેહેર લીધું. પછી કરણ રાજા નાશીને દક્ષિણમાં બાગલાણમાં જતો રહ્યો, અને તેની રાણીઓ, તથા તેમનાં છોકરાં અને કુલ હાથીઓ, તથા બધી દોલત મુસલમાનના હાથમાં ગઈ. વળી તેમણે ઈ૦ સ૦ ૧૨૯૭માં ખંભાત જીતી લીધું. તે શેહેરમાંથી કેટલાંએક માણસો પકડાયાં, તેમાં મલેક કાફુર કરીને એક ગુલામ હતો, તેણે આગળ જતાં મોટું નામ કાઢ્યું. મહમૂદ ઘિજનવી ગયાપછી હિંદુઓએ પ્રભાસપાટણમાં સોમનાથના દેરામાં બીજી મૂર્તિ બેસાડી હતી, તે મુસલમાનોએ ભાગી નાંખી.

કરણ રાજાની રાણીઓને પકડીને દિલ્લી મોકલી હતી, તેમાં કમળાદેવી કરીને એક હતી. તેને એક કુંવરી હતી, તે આ વખતે કરણ રાજાની સાથે હતી. ઈ૦સ૦ ૧૩૦૬ માં જ્યારે અલાઉદ્દીનની ફોજ દક્ષિણ જતી હતી, ત્યારે એ રાણીએ અલાઉદ્દીનને વિનતી કરીને કહ્યું કે, જ્યાં કરણ રાજા છે, તે ગામની પાસે તમારાં માણસ જાય છે, માટે તેમને મેહેરબાની કરીને કહો કે મારી છોડીને તેડતા આવે. તેઉપરથી ગુજરાતના સૂબા અલિફખાંને હુકમ કર્યો કે, એ છોડીને તેડી આવજો. તેથી અલીફખાંએ કરણને કહ્યું કે, છોડીને મારીસાથે મોકલો; પણ તેણે ના કહી. એ છોડીનું નામ દિવાળીદેવી હતું. તે દેવગિરીના રાજા રામદેવના કુંવરસાથે પરણવાની હતી, તેથી તે કુંવરે આ વાત સાંભળી એટલે આવીને તેને પોતાને ગામ લઈ જવા માંડી. તે જોઇને અલીફખાંને રીસ ચઢી, તેથી પોતાની ફોજ લઇને તેની પાછળ ગયો, અને દેવગિરી એક મંજલ રહ્યું, એટલે તેમને પકડી પાડ્યાં, ને કુંવરીની સાથેના માણસોને મારી નાંખીને તેને દિલ્લી લઈ ગયો. —ત્યાં બાદશાહના પાટવી

કુંવરની સાથે તેને પરણાવી. તેઉપર અમીરખુશરૂ કરીને એક ઇરાની કવિએ કવિતાનું પુસ્તક લખ્યું છે.

पाठ १०२. हिंदुस्ताननो इतिहास. भाग ३१.

હવે અલાઉદ્દીનની ફોજ દક્ષિણમાં શી રીતે ગઈ, તથા ત્યાં તેનું શું થયું, એવિષે લખીએ છીએ. તે પોતાના કાકાને મારતા પેહેલાં દેવગિરી શી રીતે ગયો હતો, એ વાત આગળ લખેલીજ છે. તેને રાજ મળ્યું તે વખતમાં તેને બીજું ઘણું કામ હતું, તેથી આઘેના દેશોઉપર હુમલો કરવાનો વિચાર કરવાની તેને ફુરસદ મળી નહીં, પણ ઈ૦ સ૦ ૧૩૦૩ માં ફોજ એકઠી કરીને ઉગમણતરફ બંગાળે મોકલી. ત્યાંથી તૈલંગણની રાજધાણી વરંગુળ લેવાસારૂ તે દક્ષિણભણી વળી. ગોદાવરી બંગાળાના અખાતમાં મળે છે, તે નદીની દક્ષિણે એ શેહેર છે. આ ફોજનું શું થયું, તે વાત જણાતાં પેહેલાં અલાઉદ્દીને દેવગિરી મોકલાવાસારૂ એક બીજી ફોજ તૈયાર કરી; તેનું કારણ એ છે કે ત્યાંનો રાજા રામદેવ કબૂલ કર્યાપ્રમાણે ચડચડી ખંડણી આપતો નહોતો. ખંબાતથી મલેક કાફુર કરીને ગુલામ લાવ્યો હતો, તેને એ ફોજનો સરદાર કર્યો. એ સરદાર માળવા તથા ખાનદેશ થઈને દેવગિરી ગયો. તેણે બધો મુલક ઉજડ કર્યો, પણ જ્યારે તે દેવગિરી આવ્યો, ત્યારે ત્યાંનો રાજા તેનીસાથે લડ્યો નહીં, પણ દિલી ગયો. ત્યાં તે રાજાનો બાદશાહે સારીપેઠે આવકાર કર્યો. મલેક કાફુરે દિલીમાં આવીને સાંભળ્યું કે વરંગુળ મોકલેલી ફોજ હારી, ત્યારે તે પાછો વળ્યો, અને તૈલંગણ લૂટી લીધું, તથા વરંગુળ સર કર્યું. બીજે વરસે, એટલે ઈ૦ સ૦ ૧૩૧૦ માં તેણે કર્ણાટકઉપર ચડાઈ કરીને ત્યાંના રાજાને કેદ કરીને બલાલ વંશની સમાપ્તિ કરી. તે ઠેઠ સિંહલદ્વીપના સામેના કાંઠાઉપર રામેશ્વર છે ત્યાંસુધી ગયો, અને તે શેહેર જીતી લીધું. છેલે ઈ૦ સ૦ ૧૩૧૧ માં તે પાછો દેવગિરી ગયો, ને રાજા રામદેવનો દીકરો જે વખતે ત્યાંની ગાદીઉપર હતો તેને મારી નાંખીને

મહારાષ્ટ્ર તથા કર્ણાટક એ બંને મુલક જીતી લીધા. પણ હવે પાછી અલાઉદ્દીનની પડતી દશા આવી. ગુજરાતના લોક ફરી ગયા, અને ત્યાંના સૂબા અલિફ્ખાંને મારી નાંખ્યો. ચિત્તોડના રજપૂતોએ મુસલમાનોને કિલ્લાબહાર કાઢી મુકયા, અને દક્ષિણમાં રામદેવના જમાઈ હરપાળે લડાઈ કરીને ઘણેક ઠેકાણેથી મુસલમાનોને કાઢી મૂકયા. એ વાત સાંભળીને અલાઉદ્દીને ગુસ્સામાં પોતાના પોંચા કરડયા.

પાઠ ૧૦૩. हिंदुस्ताननो इतिहास. भाग ३२.

એ હાર થયાપછી અલાઉદ્દીન ઘણું જીવ્યો નહીં. કાફુર બીજા સઘળાકરતાં ઘણો નિમકહરામ હતો, તોપણ તેનાઉપર એનો વિશ્વાસ હતો, અને બાકી બધાનો અવિશ્વાસ હતો. કાફુરે એને જૂઠું સમજાવીને બેગમસાહેબને, તથા બે મોટા કુંવરોને બંધીખાને નંખાવ્યાં. એવી રીતે તેના ઘરડપણના દહાડા કલેશમાં ગયા, અને વિદ્યાતરફ મન લગાડયાથી ઘરડપણમાં જે સુખ મળે છે, તે એણે કાંઈ દીઠું નહીં. રાજ મળ્યાપછી ઘણે દીવસે તે વાંચતાં શીખ્યો. તો પણ એના દરબારમાંના મોટા પંડિતો જેટલું પોતે જાણે છે એવું ડોળ દેખાડતો. એજ રીતે જે બેવકૂફ હોય છે તે અહંકાર કરે છે, કેમકે તેમને કેટલું જાણવાનું બાકી રહ્યું છે, તે વાતની ખબર પડતી નથી.

એ બધાં દુ:ખ એકલા અલાઉદ્દીનને ભોગવવાં પડે એમાં કંઈ નવાઈ નહીં, કેમકે જે કરે તે ભોગવે. તે બુદ્ધિવાન હતો, અને ધારતો તે કરતો. તેણે પોતાના મુલકને સારૂ પાકા કાયદા બાંધ્યા હતા, તેથી તેના રાજની ઘણી આબાદી થઈ. અલાઉદ્દીન એવું જાણતો કે ઘણા માણસના વિચારપ્રમાણે ચાલવાકરતાં એક ડાહ્યો રાજા પોતાના મનમાં આવે તેમ કરે તો ફાયદો થાય. રાજા ડાહ્યો હોય ત્યાંસુધી તો સારૂં થાય ખરૂં, પણ અલાઉદ્દીનના ઘરડપણના દહાડામાં જે કામ થયું, તે જોતાં એવું જણાય છે કે માણસમાં હમેશાં મરતાંસુધી ડાહપણ રહેશે એ કાંઈ નક્કી નથી. એમાટે ઘણાક ડાહ્યા માણસના વિચારથી રાજ ચલાવ્યું હોય, તોજ સારૂં ચાલે. તે બાન-

પાનમાં નીમ રાખતો નહોતો; તેથી તેનું શરીર બગડ્યું. પછી તેને બધાઉપર વહેમ આવવા માંડ્યો, માટે તે સપરમે દહાડે પણ કોઇને ભેગા થવા દેતો નહીં, કેમકે તેને એવી બીક લાગતી કે તેઓ બધા સંપ કરીને મને ખરાબ કરશે. વળી તે પોતાની મરજીવિના કોઈ અમીરને પરણવા દેતો નહીં, અને કોઇની પાસે પૈસો ઘણો એકઠો થવા દેતો નહીં, એવું જાણીને કે રખેને તે પોતાના પૈસાથી મને કાંઈ નુકસાન પહોંચાડે. એ રીતે તેણે ફતેહ કરીને, તથા ડાહપણની ચાલથી જે લોકોની પ્રીતિ પેહેલાં મેળવેલી હતી, તે થોડા વખતમાં ખોઈ. પછી આખરે જે માણસને તેણે ગુલામગીરીમાંથી અમીર બનાવ્યો હતો, તથા ફોજનો સરદાર કર્યો હતો, અને પોતાનાં બૈરાંછોકરાંનો વિશ્વાસ ન કરીને જેને ભરોસે રહ્યો હતો, તેજ માણસે તેને ઝેર દઇને ઈ૦ સ૦ ૧૩૧૬ માં મારી નાંખ્યો. એ મારનાર ખંબાતનો ગુલામ કાફુર હતો.

पाठ १०४. हिंदुस्तानको इतिहास. भाग ३३.

કાફુરે અલાઉદ્દીનના મોટા બે દીકરાની આંખો ફોડીને ત્રિજાનું નામ મુબારક હતું, તેને મારી નાંખવાસારૂ મારા મોકલ્યા, પણ મુબારકે તેમને સમજાવ્યા, તેથી તેમણે તેને જીવતો રહેવા દીધો, ને તેની મદદ કરીને ઉલટો કાફુરને મારી નાંખ્યો. એ રીતે કાફુરે રાજ ભોગવવાસારૂ ઘાતકી કામ કર્યું, પણ તે ભોગવવાને રહ્યો નહીં. પછી મુબારકે પોતાના નાના ભાઈની આંખો ફોડી, અને પોતાનો જીવ ઉગાર્યો હતો તેમને પણ તેણે મારી નાંખ્યા. ખુશરૂખાં કરીને મુસલમાન થઈ ગએલો હિંદુ હતો, તેને તેણે પોતાનો વજીર બનાવ્યો. એ રીતે માણસોનો ઘાત કરીને મુબારક રાજ કરવા લાગ્યો. એના બાપે જે જમીન જુલમથી લઈ લીધી હતી, તે એણે તેના માલિકોને પાછી આપી. લડાઇના કામમાં પણ એ કાચો નહોતો, કેમકે એણે ગુજરાત જીતી લીધું, અને દક્ષિણમાં રાજા હરપાળને હરાવ્યો. એઉપરથી જણાય છે કે જે વખતમાં એ રાજ કરતો હતો તે વખત જો સારો હોત, તો એ રાજા સારો નીવડત, પણ પછી તો

એ પાછો દિલ્લી ગયો; અને ત્યાં રંડીબાજીમાં તથા નઠારાં મોજશો-ખમાં લંપટાઈ ગયો, તેથી એના રાજમાં બલવા થયા, અને ત્યાર તેમાં શી નવાઈ! એ દરએક બલવો સમાવતાં તેણે શત્રુને રીબાવીને નિર્દયપણાથી મારી નાંખ્યા.

વજીર ખુશરૂખાંને એ વખતે તેણે બધો રાજનો કારભાર સોંપી દીધો. દક્ષિણ હિંદુસ્થાનના પશ્ચિમ કાંઠાઉપર મલબાર દેશ છે તે એ વજીરે સર કર્યો. પણ બાદશાહને માટે મુલક લેવાથી તેના મનને સંતોષ થયો નહીં, તેથી તેણે કેટલાએક અમીરોને મારી નાંખ્યા, ને કેટલાએક અમીરો નાસી ગયા, તેમની જગ્યાઉપર તેણે પોતાની જાતનાને લાવીને બેસાડ્યા. એ રીતે દરબારમાં બધા પોતાના વશના અમીરો ભરાયા, એટલે તેણે મુબારક પાદશાહને તથા અલાઉદ્દીનના કુટુંબમાં રહ્યાં હતાં તે સૌને મારી નાંખ્યાં. જુઓ, અલાઉદ્દીન ખૂનીનું કેવું નસંતાન ગયું! ઈ૦ સ૦ ૧૩૨૧.

પાઠ ૧૦૯. હિંદુસ્થાનનો ઇતિહાસ. ભાગ ૩૪.

હવે જે અમીરો નાસી ગયા હતા, તેમને પોતાની મદદે આણવાનો ઉપાય ખુશરૂખાંએ કર્યો. પણ ઘાજીખાં તઘલખ કરીને એક મોટો અમીર પંજાબનો સૂબો હતો, તેણે એનું કહ્યું માન્યું નહીં, ને દિલ્લી જઇને એનીસાથે લડાઈ કરી. તેમાં ખુશરૂખાં હાર્યો, ને માર્યો ગયો.

દિલ્લીમાં પેસીને ઘાજીખાં રંગમેહલની દેવડીઆગળ ઉભો રહ્યો, પછી તેણે કહ્યું કે, અરે આ મોટા રાજના લોકો, જેમ તમે રૈયત છો, તેમ હું પણ રૈયત છું, અને મેં જે લડાઈ કરી, તે તમને દુઃખમાંથી છોડાવવાસારૂજ કરી છે. હવે બાદશાહની ઓલાદમાંનું કોઈ રહ્યું હોય, તો તેને ગાદીઉપર બેસાડો, ને જો કોઈ ન રહ્યું હોય તો તમારી મરજી આવે તેને બેસાડો, તેમાં મારે કાંઈ હરકત નથી. હું તો જે ગાદીઉપર બેસશે તેનો હુકમ માનીશ. પણ સઘળા અમીરોએ કહ્યું કે, એ ગાદીલાયક તમેજ છો. પછી એ ઘાજીખાંનું

નામ ગ્યાસુદ્દીન પાડીને તેના નામની દુવાઈ ફેરવી. એ બાદશાહ ડાહ્યો અને નીતિથી ચાલનારો હતો. એણે પોતાના રાજમાંથી ગડબડ મટાડીને એવો સારો બંદોબસ્ત કર્યો એનું જ્યાંસુધી રાજ રહ્યું, ત્યાંસુધી મુગલ લોકો હિંદુસ્થાનઉપર કદી હુમલો કરવા પામ્યા નહીં.

पाठ १०६. हिंदुस्ताननो इतिहास. भाग ३९.

બીજા ઘણાખરા મુસલમાન બાદશાહોની પેઠે દિલીથી દૂર ન જતાં, એણે પોતાના દીકરા જુમાખાંને સરદાર બનાવીને લડાઈ કરવાને મોકલ્યો. એ શાહજાદાએ વરંગુળઉપર ચડાઈ કરીને તે ગામને ઘેરી લીધું, પણ તેમાં તેની ફોજનાં ઘણાંક માણસો ખપી ગયાં ને ફક્ત ૩૦૦૦ સ્વાર રહ્યા, તેમને લઇને પાછો આવ્યો. ત્યારપછી તેણે બીજી વાર તેજ ગામઉપર ચડાઈ કરીને તે જીતી લીધું, તથા ત્યાંના રાજાને પકડી આણ્યો.

ઈ૦ સ૦ ૧૩૨૪ માં પાદશાહ પંડે બંગાળા પ્રાંતનો બંદોબસ્ત કરવા સારૂ ગયો. કૈકુબાદ બાદશાહનો બાપ બકારાખાં, ને તેનો બાપ બુલબન હતો. તેઓમાંથી બકારાખાં બંગાળાનો સુબેદાર હતો. તે આ વરસ પેહેલાં ચાળીસ વરસઉપર પોતાના દીકરાના દરબારના અમીરોની લુચ્ચાઈથી કંટાળીને બંગાળે જતો રહ્યો હતો, એ વાત આગળ આવી ગઈ છે. તેજ બકારાખાં હજીસુધી ત્યાંનો સૂબો હતો. બાદશાહે તેને ત્યાંનો સૂબો કાયમ રાખ્યો. પાછા જતાં માર્ગમાં બાદશાહનો ને પોતાના દીકરા જુમાખાંનો મેળાપ થયો. પોતાના બાપને ઉતરવાસારૂ લાકડાનો માંડવો જુમાખાંએ તૈયાર કર્યો હતો, તેમાં બાદશાહ ઉતર્યો. એ બાદશાહનો બીજો દીકરો હતો, તેનાઉપર એનું હેત ઘણું હતું, તે આ વખત તેની સાથે હતો. ભોગ જોગે એ માંડવો પડી ગયો, તેમાં એ બંને જણા દબાઈ મુઆ. એમાં જુમાખાંનું કાવતરૂં હતું કે ઓચિંતોજ એ બનાવ બન્યો, એ વાત તો કોણ જાણે. ગ્યાસુદ્દીને ચાર વરસ ને ઉપર થોડા મહિના રાજ કર્યું. એણે એક કિલ્લો બાંધ્યો. તે આજ પણ દિલીપાસે છે, તેને તઘલખાબાદ કરીને કહે છે.

पाठ १०७. अमेरिका.

ગોળાર્ધ વાહાણવટી સમધાત

તમને આગળ એશિઆ, યુરોપ, ને આફ્રિકા, એ ત્રણ ખંડની વાત કહી. એ ત્રણ ખંડ જે કુંડાળા જેવા નકશામાં કાઢેલા હોય છે, તેને પૂર્વ ગોળાર્ધ કે જૂની દુનિઆ કહે છે, કેમ કે એ અસલથી જણાએલી છે. અમેરિકા નામે જે ચોથો ખંડ છે, તે તો શુમારે સાઢી ત્રણ સેં વરસઉપર જૂની દુનિઆના લોકના જાણ્યામાં આવ્યો, માટે એને નવી દુનિઆ કહે છે. એ ખંડ યુરોપ ને આફ્રિકાની પશ્ચિમે છે, માટે એ જે ગોળાર્ધમાં છે, તેને પશ્ચિમ ગોળાર્ધ કહે છે.



અમેરિકા ખંડ ઉત્તર દક્ષિણ લાંબો ઘણો છે, પણ વચમાંથી સાંકડો થતો ગયો છે. એક ઠેકાણે તો જરા વળગીને રહેલો છે, ને અહીંથી અમેરિકાના બે કડકા ગણાય છે. ઉત્તરતરફના કડકાનું ઉત્તર અમેરિકા, ને દક્ષિણતરફના કડકાનું દક્ષિણ અમેરિકા નામ પાડયું છે. અમેરિકા ખંડની ખબર પડી તેની વાત એમ છે જે કોઈ કોલમ્બસ કરીને ખબરદાર વાહાણવટી હતો, તેના વિચારમાં આવ્યું જે પશ્ચિમતરફ બહુ મોટો સમુદ્ર છે, અને તેમાં આગળ જતાં જમીન હશે ખરી, તેથી છાતી ચલાવીને ગયો, તો

એ ખંડ ખરેખાત માલમ પડ્યો. એમાં પાહાડ, નદીઓ, અને તળાવ ઘણાં છે. પશુ, પક્ષી, અનાજ, ઝાડ, ને મેવા પણ ઘણો થાય છે. સોનુંરૂપું કેટલેક ઠેકાણે ઢગલે ઢગલા નીસરે છે. એ વાતો જ્યારે સાંભળી, ત્યારે યુરોપ ખંડના દેશદેશના લોક ત્યાં જઇને વસ્યા.

એ ખંડ એશિઆથી જરા નાનો છે, પણ ઝાઝો ફેર નથી, તોએ એમાં વસ્તી જોઇએ તો ઘણીજ થોડી.

એ ખંડમાં જૂની દુનિઆમાંના ત્રણે ખંડની બધી તરેહ છે. ઉત્તર અમેરિકાના ઉત્તર ભાગમાં ને દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગમાં સૈબિરિઆના જેવી ટાઢ છે. એ ઉત્તર ભાગમાં વસનારા લોકનું ચિત્ર આ પાઠમાં પાડેલું છે. મધ્ય ભાગમાં જોઇએ, તો આફ્રિકાના મધ્ય ભાગના જેવી ઘણી ગરમી પડે છે. વચલા બાકીના ભાગ રહ્યા તે સમધાત છે, તેમાં ઘણી ગરમીએ નથી તેમ ઘણી ટાઢ પણ નથી. એવો એ દેશ છે, માટે સર્વે મુલકની વસ્તુ ત્યાં નીપજે છે. આપણા દેશમાં જેમ શેરડી, નાળિએર, વગેરે થાય છે, તેમ ત્યાં પણ કેટલાએક પ્રાંતમાં થાય છે. ઉત્તર અમેરિકાના કેટલાક પ્રાંતમાં કપાસની નીપજ ઘણી છે.

पाठ १०८. खोटा वहेम. भाग १.

ઘણા અજ્ઞાની લોકમાં કંઈ કંઈ જાતના વેહેમ ચાલે છે. નાનું મોટું કોઈ માંદું પડે, અથવા કંઈ જણસ બગડે, તો અણસમજુ લોક તરત એમ ધારે છે કે આ તો ભૂત કે ઝોડઝપટથી, અથવા નજર લાગી તેથી થયું. ઘણા પ્રકારના એવા વહેમ લોકોમાં હોય છે, એ મટાડવાને સારૂ સમજુને લાયક છે કે મેહેનત કરવી.

નજર લાગવાવિષે પ્રથમ આપણે વાત કરીએ. કોઈ માંદું પડે, અને તેમાં વિશેષેકરીને જો છોકરૂં માંદું પડે તો તરત બૈરાં કહેશે કે એને તો કોઈની નજર લાગી. કોઈ બાઈડી કહેશે કે મારા છોકરાએ નાતમાં જરા બે કોળિઆ મોંમાં ઘાલ્યા, તે પેલી સામે બેઠી હતી

તેણે દીઠા, તેથી તેની નજર લાગી. એવા વહેમ આણીને તરત રાઈ મીઠું ચપટી ચપટી લઈ એકઠાં કરી છોકરાને માથે સાત વાર ઉતારી દેવતામાં નાંખે છે. તે બળે છે ત્યારે તેમાંથી વાસ નીકળે છે, તે જોઇને કહેશે કે, હાય મા, કેવી કરડી નજર બેઠી છે! એ ગંધાય છે કેવું! પણ વિચાર કરતી નથી કે રાઈ મીઠું જ્યારે દેવતામાં પડે છે ત્યારે એવીજ ગધ આવે છે.

જ્યારે વધારે મંદવાડ આવે, ત્યારે તો નજર બાંધે છે. કાંસાના વાડકામાં ધગધગતા અંગારા ભરીને પછી તેમાં પેલા માંદાને માથે ઉતારેલું રાઈ મીઠું નાંખે છે, ને ખૂબ ધુમાડો નીકળવા દે છે. જ્યાં-સુધી તે છેક બળી જાય ત્યાંસુધી રહેવા દઈ, તે વાડકો કાંસાની થાળી-માં ઉંધો પાડે છે, અને તેઉપર છાણ પાણી એકઠું કરીને રેડે છે, એટલે વાડકો થાળીજોડે ચોંટી જાય છે ને ઉખડતો નથી. એવું થાય એટલે બૈરાં કહેશે કે, હાય હાય, બાપ જોયું, કેવી નજર બેઠી! આવું કરે છે, તેથી મંદવાડ જઈ સારૂં તો થતું નથી; જ્યારે કંઈ ઓ-સડ વેસડ કરે છે, ત્યારેજ સારૂં થાય છે, માટે એ ખોટો વહેમ છે. એ વાડકો ચોંટી જાય છે તેનું ખરૂં કારણ તે સમજતાં નથી. વાડ-કાની માંહેનો વા તાપથી પાતળો થઈ નીકળી જાય છે, અને રાઈ મીઠાના ધુમાડાથી વાડકો ભરાઈ જાય છે, તેથી જ્યારે તેને ઉંધો પાડી તેપર પાણી રેડીને ટાઢો પાડે છે, ત્યારે તે વાડકામાં પવન નથી, માટે બહારના પવનના ભારથી તે દબાઈ રહે છે.

પાઠ ૧૦૯. ખોટા વહેમ. ભાગ ૨.

પ્રયોગ   ગ્રંછા   શંકા

જે માંદું ન હોય તેને માથે રાઈ મીઠું ઉતારી, અથવા કોઇને માથે ઉતાર્યાવગર વાડકામાં બાળી, ગયા પાઠમાં કહ્યું તેમ થાળીમાં ઉંધો પાડી છાણ પાણી રેડીએ તો તે પણ ચોંટે.* ઘણાં બૈરાં

---

* મેહેતાજીએ નિશાળમાં કરી દેખાડવું ને છોકરાંને કહેવું કે તમે ઘેર કરી જોજો.

કુલ્લીનો પણ એવો પ્રયોગ કરે છે. કુલ્લીને દેવતામાં લાલચોળ તપાવી પાણીના વાસણમાં ઉંધી વાળે છે, એટલે તેમાં છમ છમ થાય છે, ત્યારે કહેશે કે, આ કેવી ચીસ પાડે છે. હાય હાય રે મા, કેવી નજર લાગી છે. પણ સમજતાં નથી કે હરેક જણસ લાલ તપાવીને પાણીમાં બોળે તો છમ છમ થાય છે. જ્યારે સોની સોના કે રૂપાની લગડી તપાવીને પાણીની કુંડીમાં બોળે છે, ત્યારે કેવો અવાજ થાય છે. જરા વિચાર કરે, તો એ વહેમ ઝટ દઇને જાય.

વળી કાંઈ જણસ, જેવી કે દૂધપાક, અથાણું, પાપડ, શેવ વગેરે બગડી જાય છે, ત્યારે કહેશે કે ફલાણીની નજર બેઠી અથવા પડછાયો કે ઓળો પડ્યો, તેથી બગડી, પણ તેનાં ખરાં કારણની તપાસ કરતાં નથી. જો કરે તો માલમ પડે કે તે કરવામાં કંઈ પણ ભૂલ થાય છે, તેથી તે બગડી જાય છે. દૂધ નઠારૂં હોય કે તે ઉકાળવામાં કસર રહે, અથવા ચોખા કે ખાંડ નઠારાં હોય, તો તેથી બગડી જાય. તેમજ અથાણાંને સારૂ પણ એવુંજ છે. અનાજનો પરસેવ લાગ્યાથી, કે તે બરાબર યુક્તિબંધ ન રાખ્યાથી બગડી જાય છે. કહેવાનું કારણ એટલુંજ કે તે તૈયાર કરવામાં જેટલી ખબરદારી અને ચોકશી રાખવી જોઈએ તેટલી રાખતાં નથી તેથી એવું થાય છે.

નજરનો જેવો વહેમ છે, તેવોજ ભૂતનો પણ અજ્ઞાની લોકમાં વહેમ છે. ભૂતના બહુ બહુ પ્રકારના વહેમ લોક રાખે છે. પણ જો મન ઠેકાણે રાખી તપાસ કરે, અને જુએ, તો તરત ખબર પડે કે એ ખોટા વહેમ છે. લોકમાં કહેવત છે કે "मंछा भूत ने शंका डाकण," પણ તે છતાં સમજતા નથી કે ભૂત એ આપણા મનની ખોટી બીક છે. કહેશે કે આ ઘરમાં ભૂત છે, ફલાણે ઝાડે ભૂત છે, ફલાણે ઠેકાણે ભૂત છે, પણ જરા વધારે હિંમત પકડી તપાસ ચલાવે તો તરત ખરૂં કારણ જણાઈ આવે.

पाठ ११०. खोटा वहेम. भाग ३.

વંત્રી આણુ રોણુ

એક વાર એક ભાવસારને ઘેર પરોણો આવ્યો, તેને રાતે રહેવાના ઘરથી છેટે બીજું ઘર પોતાનું હતું ત્યાં સૂવાર્યો. પછી તે મધરાતે જાગ્યો અને મોં ઉઘાડીને જોયું, ત્યારે બે બાઈડીઓ ઉભેલી દીઠી, ને તે બંનેની સાડીઉપર ચંદ્રમાનું ચાંદરણું દીઠું, એટલે ઘણો બીવા લાગ્યો કે એ વંત્રીઓ હશે. તેને ગાળો દે, દેવદેવીની આણ દે, પણ તે ખસે નહીં. અંતે તો તે બિચારો બહુ બીનો, એટલે ચીસ પાડીને રડવા લાગ્યો. ત્યારે આડોશીપાડોશી ધાઈ આવ્યાં ને બારણાં ઠોકવા મંડ્યાં; પેલાને બૂમ પાડે ને કહે કે, બારણું ઉઘાડ. તે કહે કે, મને બે જણીઓએ દબાવી રાખ્યો છે, તે મારાથી તો નહીં ઉઘડે. ત્યારે લોકોએ તે કમાડ ઉતાર્યાં ને માંહે પેઠા, એટલે તો તે પરોણો ખાટલાઉપરથી ઉઠીને નાઠો તે બારણાવચ્ચે આવીને પડ્યો. પછી તે ઘરમાં અંધરામાં બાઈડીઓ બે ઉભેલી જોઈને લોક પણ થરથર ધ્રૂજવા લાગ્યા. માંહે પેશીને તપાસવાની કોઈની હામ ચાલે નહીં. કોઈ તો બહાર ઉભા ઉભા પથરા મારે, તે વાગે, પણ તે બાઈડીઓ ખસે નહીં. એવામાં ચોકીવાળા આવી પહોંચ્યા, તેમણે તીર માર્યાં, તે બાઈડીઓનાં શરીરમાં ચોંટ્યાં; પણ તે કાંઈ બોલે નહીં, ને જાય પણ નહીં. એવું રોણ મચી રહ્યું; એટલામાં કોઈ દીવો કરીને લાવ્યું અને સારીપેઠે તપાસ કરીને જોયું, ત્યારે ડામચિઆપર ગોદડાં હતાં, તેપર એક સાડીનું ગોદડું ઓઢાડ્યું હતું તેપર ચાંદરણાં હતાં, તે પેલા પરોણાને અને લોકને બાઈડીઓ જેવાં દેખાતાં હતાં. ઘણે ઠેકાણે ભૂત છે ભૂત છે એમ કહે છે, પણ સારીપેઠે તપાસે તો ખરું કારણ જણાઈ આવે. એવિષે અખાસ્વામિએ કહ્યું છે કે,

बा बायाथी नळीउं खस्युं, ते देखीने कुतरुं भस्युं,
बहु थयो त्यां शोर बकोर; कोई कहे में दीठो चोर,
लांबी विगत करे विख्यात, अखा वेहेमनी एवी वात.

ઘણી વાર મસાણની જ્યાએ કે નદીકાંઠે રાતે ભડકા દેખાય છે, તે થાય છે, ને ઓલવાઈ જાય છે. લોક જાણે છે કે ભૂત છે; પણ ખોટી વાત છે. એ તો માત્ર હવાવાળી જગ્યાએ હાડકાં રહે છે, તેમાંથી એક જાતની ફાસફરસનો વરાળ હાડકાંમાં નીપજે છે, તે જ્યારે બહાર નીકળે છે, અને ઉપરના પવનસાથે મળે છે, ત્યારે ભડકો થાય છે.

पाठ १११. खोटा वहेम. भाग ४.

વશીકરણ અપશુકન શુકન પોગળ

લીંબુમાંથી લોહી કાઢવાવિષે.—કોઈના ડીલમાં ભૂત આવે છે, અથવા કોઈને મૂઠ મારી છે, એવા એવા વહેમ હોય છે, ત્યારે કોઈ ભુવાને લાવે છે. તે પેલા રોગીના અને તેનાં સગાંનાં મનમાં વહેમ બેસાડવાને લીંબુ મંગાવી તે રોગીના માથાઉપર ઉતારી, પોતાની કનેનો ચપ્પુ કાઢી તેવતી કાપે છે એટલે તેમાંથી લોહીજેવો રસ નીકળે છે. તેપરથી બીજા બધા પાસે બેસનારને સમજાવે છે કે જુઓ, મૂઠ મારી છે, અથવા બહારનું છે, ખરૂં? હમણા હું એનો ઉપાય કરૂં છું, એમ કરી ઉતાર મૂકાવે છે, અને ઠગી જાય છે. આઉપર જે લીંબુની ઠગાઈ છે તેનું કારણ એટલુંજ કે ભુવો પોતાની પાસે ચપ્પુ રાખે છે, તેના પાનાપર રતનજોતના ફૂલનો રસ ચડાવેલો હોય છે. એ રસની જોડે લીંબુનો રસ મળે છે કે રાતો રંગ થઈ જાય છે. આ એક દાખલો લખ્યો છે, પણ તપાસ કરે તો એવા ઘણા નીકળે. માટે કશી પણ એવી નવાઈ જેવી વાત જોવામાં આવે, ને તેપર ચોકશી ને તજવીજ થાય, તો તેનું ખરૂં કારણ જણાય.

ઝાડને મૂઠ મારે છે તેવિષે.—કોઈ વાર ઝાડ થડમૂળમાંથી એકાએક પડીને ભાગી ગએલું નજર આવે છે, અથવા તેપરનાં એકાએક તમામ પાંદડાં ખરી પડેલાં દીઠામાં આવે છે, ત્યારે લોક કહે છે કે એને કોઈએ મૂઠ મારી; કોઈ નવો શીખાઉ હશે તેણે પોતાની મૂઠ ચોટ એનાપર અજમાવી જોઈ. પણ એ બધા ખોટા વહેમ છે. એ ઝાડના મૂળમાં કાંઈ જીવ લાગ્યાથી, અથવા એવા બીજા કોઈ

કારણથી ઝાડ સુકાઈ કે પડી જાય છે. ઘણાં જૂનાં ઝાડતો મૂળમાં ઉધઈ લાગ્યાથી પડી જાય છે. તેનાં પાતરાં પણ એજ રીતે ખરી જાય છે, અથવા લીલુંને લીલું ઝાડ બળી જાય છે, તો તેના મૂળમાં હીંગજેવો કંઈ પદાર્થ ભર્યાથી એવું થાય છે, અથવા એવું કંઈ પણ કારણ હોય છે. એસિવાય વશીકરણ, શુકન, અપશુકન વગેરે ઘણા વહેમ છે. એવિષે જેમ જેમ તમે વધારે વિચાર ને તપાસ કરશો, તેમ તેમ તમને માલમ પડશે કે એ સર્વ પોગળ ને જૂઠું છે.

पाठ ११२. चोरीना मालविषे.

चोपाई.

काचो पारो खावो अंन, तेवुं छे चोरीनुं धंन;
काची खावी छे हरताळ, तेवो छे चोरीनो माल. १
माथाउपर भमे ज्यम काळ, तेवो छे चोरीनो माल;
कौवच अडतां उपडे खाल, तेवो छे चोरीनो माल. २
गाणाआगळ जेवी गाळ, तेवो छे चोरीनो माल;
कुडां चडावे माथे आळ, तेवो छे चोरीनो माल. ३
अग्नि केरी जेवी झाळ, तेवो छे चोरीनो माल;
जीवती माख गळे को धणी, लखमी न पचे चोरीतणी. ४
आखुं कोळुं शाक न थाय, वासींदे सांबेलुं जाय;
ते तो जोवाजेवो ताल, तेवो छे चोरीनो माल. ५
साहे छछुंदरने मुख साप, मरे तरत ते गळतां आप;
थाय आंधळो तजतां हाल, तेवो छे चोरीनो माल. ६
माळी छींडे राखे छूट, बकरुं काढतां पेसे उंट;
फांस काढतां पेसे साल, तेवो छे चोरीनो माल. ७
रहे छानुं दहाडो रात, वाए उडी जाय वात;
थाय न तेनो करतां थोब, जाय बिलाडी मोभा मोभ. ८

(कवि शामळभट.)

पाठ ११३. डाकोरनुं वर्णन. भाग १.

ડાકોર એ હિંદુઓની તીર્થની જગા છે, તેથી આખા ગુજરાતમાં પ્રસિદ્ધ છે. એમાં રણછોડજીનું મોટું ધામ છે. એ દેરૂં ગામની વચ્ચોવચ્ચ છે. એ દેરાની રચના ઘણી સારી છે. દેરાને ફરતો કોટ છે. કોટની બહાર કેટલીક જગાએ ઘર આવ્યાં છે. કોટને બે દરવાજા છે, એક પશ્ચિમ ને એક ઉત્તરે. પશ્ચિમ દરવાજાની બેઉમેર ઘણીક દુકાનો આવી છે; દરવાજામાં પેઠા ને માંહે ગયા, એટલે કોટને લગતાં ઢાળીઆં છે, તેમાં કોઈ જગાએ ઓરડીઓ કાઢી છે, કોઈ જગાએ ગૌશાળા કોઈ જગાએ રસોડું, કોઈ જગાએ નગારખાનું, એવી રીતે છે. ત્યાંથી આગળ ચાલ્યા એટલે ચોમેર ચોક આવેલા છે, તેમાં પથરની ચોરશીઓ જડેલી છે. તે ચોકવચ્ચે રણછોડજીનું દેરૂં છે, તેનું મોઢું પશ્ચિમ તરફનું છે. દેરાના પગથીઆંઉપર ચડ્યા કે રંગમંડપમાં જવાય છે. એમાં સઘળી ચોરશીઓ આરસપાહાણની છે, અને તેઉપરની છત્રી રૂપાની જાળીની છે. એ રંગમંડપમાં આશરે ત્રણસેં માણસ ઉભાં રહી શકે એટલી જગા છે. એ દેરામાં એકે થાંભલા નથી. એ રંગમંડપથી આગળ ચાલ્યા, એટલે એક પીતળનો કઠેરો આવે છે. તેને નાનીસરખી એક બારી છે, તેમાં પેશીને આગળ ચાલ્યાપછી માંહેલા દેરાનું બારણું આવે છે. એ બારણાની બારસાખ ને કમાડ પીતળનાં છે. એ દેરૂં ઘણું સારૂં છે. માંહેલા દેરામાં આશરે પચાસ માણસ ઉભાં રહી શકે છે.

पाठ ११४. डाकोरनुं वर्णन. भाग २.

સિંહાસન ઝાકઝમાળ છપરખાટ

સિંહાસનઉપર રણછોડજીની મૂર્તિ ઉભી છે. તેનો શણગાર આશરે બે લાખનો છે. એ દેરામાં એક બારણું છે, તેમાંથી બહાર જવાય છે, અને એક બારી દક્ષિણતરફ છે, તેમાં થઇને સેન એટલે સુવાના ઓરડામાં જવાય છે. એ સેન ઓરડો ઘણો સુંદર છે,

કેમકે સઘળો કાચના તખ્તાનો બનાવેલો છે. તે કાચ પીતળનાં ચોકઠાંમાં જડેલા છે, તેથી ઝાકઝમાળ થઈ રહ્યું છે. તેમાં રૂપાનો છપરખાટ છે. એ ઓરડામાંથી નીકળ્યા એટલે એક બારણું આવે છે, તે રસ્તે દેરામાંથી બહાર જવાય છે.

રણછોડજીની વરસમાં ચાર વાર મોટી જાત્રા ભરાય છે; કારતકી પૂનમે, ફાગણ શુદ પૂનમે, ચૈત્રી પૂનમે, ને આશોની પુનમે. તેમાં આશો શુદ પૂનમે, એટલે માણકઠારીઉપર, મેળો ભરાય છે, તેમાં દરશન કરવા સો સો દોઢ દોઢસો ગાઉના લોક આવે છે. તેમાં ચાર પાંચ લાખ માણસ ભેગા થાય છે, તેથી ગામમાં તલપૂર જગો ખાલી રહેતી નથી. ગામના લોકોનાં ઘરમાં ઘણાક લોકો ઉતરે છે, તેથી કોઈ કોઈ ઘેર બસેં ત્રણસેં માણસ હોય છે. એ દેરામાં નબળા પોચાનું કામ નથી. એ વખતે અમદાવાદ, વડોદરા, ગોધ્રા, ખંભાત વગેરે ઠેકાણે ઠેકાણેથી કાપડ, સોનું, હીરા, ચીનાઈ ને તાંબાપીતળનાં વાસણ બહુ આવે છે, અને તે સઘળું ખપી જાય છે શુમારે બે ત્રણ લાખ રૂપિઆની ખરીદી થતી હશે.

पाठ ११९. डाकोरनुं वर्णन. भाग ३.

આ દેરાને અંગે આશરે બસેં ગાયો, કેટલાક ઘોડા, ને એક હાથી છે. વળી એક બાગ છે, તેમાં મેવા ફળ ફૂલ થાય છે. પણ એ બાગ નડિઆદ પરગણાના શીલી ગામપાસે એજ દેરાનો હીરા બાગ છે તેને ન પહોંચે. એ બાગમાંથી રોજ સવારે ફળ ફૂલ ડાકોર જાય છે. ડાકોરથી એક ગાઉ છેટે શેઢી નામે નદી છે, પણ ગામમાં ગોમતી તળાવ છે, તે નદીની ગરજ સારે છે, અને તેમાં ઠેકાણે ઠેકાણે આરા બાંધ્યા છે. ગોમતીમાં મોટા મગર તથા માછલાં છે, તેથી પાણી બહુ સ્વચ્છ રહે છે. વળી તેમાં કમળ થાય છે. એ તળાવ આશરે એક ગાઉ લાંબું ને અધગાઉ પોહોળું છે, ને એમાં પાણી ભર્યું રહે છે તે કોઈ વખત ખુટતું નથી. તળાવની વચ્ચે એક વાડી છે, તેમાં હનુમાનનું દેરું છે. એ તળાવને ફરતાં ચોમેર ઘણાં દેવસ્થાન તથા સારી સારી ઈમારતો છે. ડાકોરમાં એક લક્ષ્મીજીનું મંદીર

છે, તેસિવાય નાનાં નાનાં સો સવાસો મંદીર હશે, તેમાં કેટલેક ઠેકાણે સાધુને સદાવ્રત અપાય છે.

ડાકોર અંગ્રેજ સરકારનું ગામ છે, પણ તેનું તથા એક બીજું કંજેરી નામે ગામ છે, તેનું વસુલ અસલથી દેવસ્થળને આપેલું છે. ડાકોરનાં ઘર ઘણાં ખિચોખીચ અને રસ્તા ઘણા સાંકડા છે. વરસો વરસ ઘણાં ઘર નવાં થાય છે. ડાકોરમાં આઠે દહાડે એટલે હર શુકરવારે કેટલીક નવાઈની ચીજો મળે છે. ડાકોર અમદાવાદથી ૩૦ ગાઉ, વડોદરેથી ૨૦ ગાઉ, ને સુરતથી ૭૫ ગાઉ થાય છે.

पाठ ११६. घात. भाग १.

ઈસ્પિતાલ દાકતર

સાંધામાંની નસ તૂટયાથી, કે લાંબી થયાથી, તે સાંધામાં કળતર થાય છે, ત્યારે તેને કરાર થતાંસુધી હલાવવો ચલાવવો નહીં. થોડા દહાડા ટાઢું પાણી સાંધાઉપર રેડવું. તેથી ફેર ન પડે તો ઉના પાણીએ ઝારવું. થોડા દિવસ તેમ કર્યા છતાં બળતરા બહુ બળે તો જળો મૂકાવવી.

સાંધો ખસી ગયો હોય, ત્યારે તે જેમ સાજો હોય કે કળતર થતું હોય ત્યારે હલાવી શકાય, તેમ હલાવી શકાતો નથી. સાંધો ખશી ગયો એટલે બને તો તરતજ તે માણસને કોઈ ઈસ્પિતાલમાં, કે કોઈ શીખેલા દાકતરપાસે લઈ જવો. હાડકું ખશી જાય છે, ત્યારે ઘણું કરીને એક હાડકું બીજા હાડકાપર ચડી જાય છે, માટે કોઈ સારો વૈદ ન મળે તો તાણીને હાડકું બેસાડવું. હાડકું ભાગ્યું હોય તો તેના ભાગ એક બીજા સાથે લાગતાં કડાકો બોલે છે, તેથી ભાગ્યું એવું માલમ પડે છે. ભાગેલા હાડકાને બરોબર બેસાડવું, ને ઝોળી કરીને, કે બીજી રીતે જેથી વેદના થોડી થાય તેમ રાખવું. હાડકું પાછું ખશી ન જાય, માટે લગડાની બે ચાર ઘડી વાળીને તે ભાગઉપર મૂકવી, ને તેપર ત્રણ ચાર ખપાટીઓ (કામડી) મૂકી બાંધી લેવું, પણ ઘણા જોરથી નહીં બાંધવું. જ્યારે તે ભાગ સૂજે છે, ત્યારે આપણા લોક ઘણા જોરથી બાંધે છે, પણ એ રીત છેક

ખોટી છે, કેમકે તેથી લોહીનું ફરવું બંધ પડે છે, ને તે અંગ સૂકાઈને મુડદાલ થઈ જાય છે.

पाठ ११७. घात. भाग २.

પેલા લૂગડાના પાટાઉપર પાણી રેડ રેડ કરીને પળેલો રાખવો. મહિનો એક થાય ત્યારે તે ભાગેલા અંગને આમ તેમ જરા હલાવવું, નહીં તો ગંઠાઈ જાય; પણ તે અંગે આશરે ત્રણ એક મહિનાસુધી કશુંએ કામ કરવું નહીં, ને ત્યારપછીએ કરવું તે ઘણું હળવેથી કરવું.

ઘા ઘણો મોટો ન હોય, તો લૂગડાના પાટાવતી લોહીવાળો ને લોહીવાળોજ બાંધી લેવો. કાંઈ ચોંટી જાય એવી જણસ લગાડીને પાટો બાંધી દીધો હોય, તો થોડા દિવસમાં રૂઝાય. ઘામાં કાંઈ જણસ જવા દેવી નહીં. ઘામાં ઝાઝો કચરો કસ્તર ગયું હોય, તો લોટાની ધારે કરી કોકરવું એટલે હુંફાએલું પાણી રેડીને ઘા ધોઈ નાંખવો. જો ઘા ઘણો મોટો ને પોહોળો હોય, તો તેની કોરઉપર રેશમના બે ત્રણ ટેભા મારી શીવી લેવું, તેથી તે મળી જશે. ઘાએલ અંગ સૂજશે માટે તે ટાંકા ઘણા જોરથી નહીં મારવા, કેમકે તેમ કરીએ તો સૂજે, ત્યારે ઘણું દરદ થાય. જો ઘાનીવેદના થાય, તો ઘણા પાટા બાંધવા, ને તેપર પાણી રેડ રેડ કરવું. જે ભાગપર ઘા લાગ્યો હોય, તે ઉંચો રાખ્યો હોય, તો લોહી થોડું જાય, ને થોડી વારમાં નીકળતું બંધ પડી જાય. જો ધોરી નસ કપાઈ હોય, તો એક નાની સરખી કામડી કે લાકડીથી તે ઘાઉપરના ભાગઉપર રૂમાલવતી જોરથી બાંધી રાખીને લાગલોજ કોઈ ઈસ્પિતાલમાં દાકતરને ત્યાં તેને લઈ જવો.

पाठ ११८. घात. भाग ३.

કોઈ માણસ ડુબી ગએલો હોય, તો તેને પાણીમાંથી કાઢીને ઊઠચતો સૂવાડીને એક પાસે ફેરવવો, અને પછી તરત બીજે પાસે ફેરવવો, એમ ઘણીક વાર પાસાભેર ફેરવ ફેરવ કરવાથી તેના ફેફસામાં હચમચાટ થઈને શ્વાસોશ્વાસ ચાલશે, અને જીવ હશે તો

માલમ પડશે. પછી તેને કામળો સારીપેઠે ઓઢાડવો ને રેતીની પોટલી ઉની કરીને, કે શીશામાં ઉનું પાણી ભરીને તેવતી તેની બગલ, પેટ, પાસાં, ને પગનાં તળીઆંપર શેક કરવો, અથવા બની આવે તો તેનું આખું શરીર ખમાય તેવા ઉના પાણીમાં બોળવું. પછી હાથવતી તેનું શરીર વેહેલું વેહેલું ચોળવું. એવા એવા ઉપાય ઓછામાં ઓછી બે ત્રણ ઘડીસુધી તો લાગલાગટ કરવા.

ઝેર પેટમાંથી કાઢવાનો પેહેલો ઉપાય ઉલટી છે, માટે રાઈનું કે મીઠાનું પાણી પાવું, ને ઉલટી થઈ તો તરત તે વધારે પાવું, ને એક પીછું લઈને ગળામાં હલાવવું; તે સરવળ સરવળ થાય છે, તેથી ઉલટી થાય છે. જોડે ઉનું પાણી પણ ખૂબ પાતા જવું. જો અફીણનું ઝેર હોય, તો ઉલટી થયાપછી તેને ઉનો ઉનો બૂનનો કાવો પાવો, ને તે માણસને આડો અવળો દોડાવવો, ને તેના મોઢાપર ટાઢા પાણીની છાલક માર માર કરવી. તાંબાના કાટનું ઝેર હોય. તો ઉલટી કરાવ્યાપછી ઇંડાંની સફેદી પાણીમાં નાંખીને પાવી.

पाठ ११९. आस्ट्रेलिआ.



એશિઆ ખંડની અગ્નિખૂણમાં દુનિઆમાં મોટામાં મોટો એક બેટ છે, તેને આસ્ટ્રેલિઆ કહે છે. અમેરિકા ખંડ જાણવામાં આવ્યા-

પછી એની ખબર પડી. ત્યાંનાં ઝાડ, ફૂલ, ને જનાવર દુનિઆના બીજા દેશોના કરતાં છેક જુદાજ ઘાટનાં છે. હાલ ગ્રેટ બ્રિટનમાંથી ઘણા લોક ત્યાં જઇને વસે છે, ને વિલાયતનાં ઝાડ ત્યાં વાવીને સારાં સારાં ફળ નીપજાવે છે. કેટલેક ઠેકાણે મોટાં મોટાં શેહેર બંધાઈ ગયાં છે, પણ તે સર્વ સમુદ્રકાંઠે છે, કેમકે એ બેટના મધ્યભાગમાં હજીસુધી કોઈ જઈ આવ્યું નથી. તેનું કારણ એ જે એક તો દેશ ઘણો વિકટ છે, નદીઓ નાની ને થોડી, તેથી પાણી મળે નહીં; કેટલેક ઠેકાણે તળાવ છે, પણ તેમાંનું પાણી ખારૂં, માટે પીધામાં આવે નહીં; કાંઠે મુલક છે, ત્યાં થોડી નદીઓ છે, તે પણ થોડા મહિના રહીને સૂકાઈ જાય છે; કોઈ કોઈ નદી મોટી છે ખરી. વળી મોટી અડચણ એ છે જે વચલા મુલકમાં જે લોક રહે છે તે ઘણા અનાડી ને જંગલી છે. ઉપલા ચિત્રમાં બતાવ્યાપ્રમાણે તેમનાં ટોળેટોળાં લાંબા ભાલા લઈ લઇને સામાં થાય છે, ને ભારે ટક્કર લે છે.

હમણાં થોડાં વરસ થયાં આસ્ટ્રેલિઆમાં ઢગલે ઢગલા સોનું નીકળવા માંડ્યું છે, ને ત્યાંથી દેશાવર ઘણું જાય છે.

આસ્ટ્રેલિઆની પૂર્વે ન્યુઝીલાંડ કરીને બે જોડાજોડ બેટ છે, ત્યાં પણ અંગ્રેજ લોક જઈ વસ્યા છે. એ બેટની જમીન બહુ સારી છે. ત્યાંના વતની લોક જોરાવર ને ખબરદાર છે. તેઓ આગળ ઘણા ખૂની ને જુલમી હતા, ને લડાઈમાં લડીને કેદી પકડતા, તેમને પકડી મારીને ખાઈ જતા; પણ હાલમાં અંગ્રેજ લોકની સોબતથી તે સુધરતા ચાલ્યા છે.

पाठ १२०. पाटवी कुंवर. भाग १.

કોરટ ન્યાયાધીશ અદાલત ખાતર તરફદારી

ઇંગ્લાંડ દેશના કોઈ એક પાદશાહનો પાટવી કુંવર પોતાના બાપ છતાં જુવાનીમાં ઘણો બેહેકેલો અને ભુંડી ચાલનો હતો, ને નઠારી સોબતમા પડી ઘણાં કુકર્મ કરતો.

એક વેળા એનો ગોઠિઓ મોટા ગુનામાં આવ્યાથી તેને પકડી સર-

કારમાં આણ્યો હતો. કુંવરે વિચાર્યું કે હું કોરટમાં હાજર હોઈશ તો મારી શરમને લીધે ત્યાં ન્યાયાધીશ મારા ભાઈબંધને સજા કર્યાવિના છોડી દેશે. એમ સમજી ઈનસાફને વખતે અદાલતમાં આવી બેઠો. ન્યાય કરનારની નજરમાં એનો મિત્ર ગુનેગાર ઠર્યો, માટે તેણે તેને કાયદાપ્રમાણે કેદની શિક્ષા કરી. કુંવરે કહ્યું, એ મારો સ્નેહી છે, માટે મારી ખાતરે એને છોડી દો. ન્યાય કરનારે કહ્યું, ઈનસાફમાં જે ખરૂં ઠરે તે કરવાને મને રાખ્યો છે, માટે હું આપની પણ તરફદારી કરી કાયદા તોડીશ નહીં.

એ સાંભળી કુંવરને બહુ ક્રોધ ચડ્યો, ને પંડે ઉઠીને કેદીને છોડવવા ગયો. ન્યાયાધીશે કહ્યું, કુંવરજી, આવી બેઅદબી ને તોફાન અહીંઆં આપને કરવું ન ઘટે. એ ગુનેગારને બંદીખાનામાં લઈ જવા દો. એથી તેને એટલી ચીડ ચડી કે ન્યાય કરનારઉપર દોડતો જઈને ધડ દઈને એક લપડાક ચોડી. ન્યાય કરનાર એથી જરાએ બીનો નહીં, ને ધીરજ રાખીને બોલ્યો, સાંભળો મહારાજ, આ ઈનસાફની ગાદી મારી નથી; પણ આપના પિતાની છે. તેમના હુકમથી હું અહીં બેઠો છું, ને તેમના કાયદા ચલાવું છું. આપણે પણ તેમનો હુકમ ને કાયદા પાળવા જોઈએ. જો આપ આ રીતે એના કાયદાનું અપમાન કરશો, તો પછી આપ જ્યારે પાદશાહ થશો, ત્યારે આપના કાયદા કોણ માનશે? અને અમલમાં પણ કોણ આણશે? માટે આપના પિતાના નામથી હુકમ કરૂં છું કે, આ ગુનાને સારૂ તેમની એટલે રાજાની મરજીમાં આવે ત્યાંસુધી આપે કેદમાં રહેવું.

पाठ १२१. पाटवी कुंवर. भाग २.

નિર્ભયપણું ઉમરાવ આતુર દુરાચરણી દરમાયા

આ ઠપકો ને આ હુકમ સાંભળી કુંવર વીલો પડી ગયો. તરત પોતાનાં હથિઆર છોડી, એ હુકમ માથે ચડાવી, તથા ન્યાય કરનારને માથું નમાવી કેદમાં ગયો. પાદશાહને એ વાતની ખબર પડી, ત્યારે પોતાના કાયદા પાળે એવો કુંવર, ને તે કાયદા નિર્ભય-

પણેથી અમલમાં લાવે એવા ન્યાયાધીશ પોતાને છે, એવું જાણી ઘણોજ હરખ પામ્યો.

એ પાદશાહ મુઆ ત્યારે એજ કુંવર તેની ગાદીએ બેઠો. હવે એ પોતાની ચાલ સુધારશે કે નહીં, તે જાણવાને સૌ લોક આતુર હતા. અમીર ઉમરાવ વગેરે સૌ નવા પાદશાહને સલામ કરવા આવ્યા, તેમાં કેટલાએક તેના આગલા દુરાચરણી ભાઈબંધ પણ આવ્યા. તેમનાં મનમાં નક્કી હતું કે હવે અમે પાદશાહના કારભારી થઈશું, અને મરજીમાં આવશે તેમ કરીશું.

પણ પાદશાહે ઝટ દેખાડ્યું કે હું હવે ડાહ્યો થયો છું. તેમની ખોટી ચાલને સારૂ ઘણો ઠપકો દઈને કહ્યું કે, તમે સુધરો ત્યાંસુધી મને તમારૂં મોં દેખાડશો નહીં. મારાથી પાંચ ગાઉ તમારે દૂર રહેવું. જ્યારે તમારી ચાલ સમરશે, ત્યારે હું તમને બોલાવીશ. તેઓ તંગીમાં પડી સુસ્ચાઈ દોંગાઈથી પેટ ન ભરે, માટે ખરચ નભે એટલા દરમાયા તેમને કરી આપ્યા.

એ માણસો ગયાકેડે પેલો ન્યાયાધીશ સલામ કરવા આવ્યો. એના મનમાં ઘણી બીક હતી કે પાદશાહ કોણ જાણે શું કરશે? પણ રાજાએ તેને તરત ધીરજ આપી, ને એણે અગાઉ મોટાની શરમ ન રાખી ઈનસાફ કર્યો હતો તેસારૂ તેને શાબાશી આપી. ને કહ્યું કે, તમે તમારૂં કામ ઘણું ખબરદારીથી ને લાયકીથી કરો છો, માટે એ કામપર તમને બહાલ રાખ્યા છે. જો અમારો કુંવર આજ પછી અમારા જેવું ખોટું કામ કરે, તો તેને શિક્ષા કરવાને આપના જેવા હિંમતવાન અને નિમકહલાલ ન્યાયાધીશ અમારા હાથતળે હોજો.

पाठ १२२. सपूत कपूत विषे छप्पो.

छंद.

आप रळेलुं खाय, बापथी करे सवाई;
ढांके कुळ कलंक, अंग नित्ये वहेवाई;*

---

* अंगने नित्य वहेवडावीने एटले काममां आणीने.

विश्व वखाणे पूठ, जूठ देखी दिल दाझे,
सज्जन दाता शूर, नूर मन लजव्यो लाजे;
कीर्त्ति जेनी कविजन करे, सकळ गुण मनमां लहे;
कवि सामळ कहे साचूं कहूं, सपूत सर्व तेने कहे;
लेश नहीं कुळ लाज, बापनुं धन पण खुए;
नमे वेरीने पाय, दुष्ट आगळ दुःख रुए;
कुळनुं कहे कलंक, बोल बापीको बोळे;
दे सज्जनने दुःख, छिद्र पोतानुं खोले;
आधीन थको जे अन जमे, लाज मरजादा नव लहे;
कवि सामळ कहे साचुं कहुं, लोक कपूत तेने कहे.

पाठ १२३. एकलशूरो छोकरो. भाग १.

ઉદમાત

કહાનદાસ અને શિવશંકર બેઉ એક નિશાળે ભણતા હતા. એ બેઉનાં લક્ષણ કેવળ જૂદાં હતાં.

કહાનદાસ છાતીવાળો, મશ્કરો, અને જ્યારે જોઇએ ત્યારે સૌની જોડે રમવામાં તૈયાર; ભણવામાં ચપળ હતો, પણ ઘણીવાર તેને ભણવા બેસવું ગમે નહીં. એ ધારે તો વર્ગમાં પેહેલો રહે, પણ તેટલી મેહેનત કરે નહીં, તેથી વર્ગને મધ્ય ભાગે રહે. મેહેતાજી જાણતા કે એની જેટલી બુદ્ધિ છે તપ્રમાણે તે શીખતો નથી, પણ તે એટલું આળસુ કે ખોટું કામ ન કરતો કે વાંકમાં આવે. બીજા છોકરા એથી આળસુ થઈ બગડતા, ને ઠપકામાં આવતા. નિશાળની બહાર છોકરાંમાં તો કહાનદાસ સરદાર હતો. સૌ એના હુકમમાં રેહે, ને સૌને એ વહાલો લાગે રમવામાં, ને બીજા બધામાં કહાનદાસ કહે તે થાય.

શિવશંકર એના જેટલો હોશિઆર નહોતો, પણ ઘણો મેહેનતુ હતો. નિશાળમાં આવે ત્યારથી તે જાય ત્યાંલગી ભણવામાં ને નકશા ચીતરવામાં મન રાખે; વાતમાં કે રમવામાં મન ઘાલે

---

१ अंग.

નહીં. એ હસમુખો ને ડાહ્યો હતો. સૌજોડે મીઠાશથી બોલે; કોઈને પાઠ ન આવડે, તો નવરાશની વેળાએ શીખવે. તથા સર્વનું કામ કરે. ઉદમાત કે તોફાન કરવું એને ગમે નહીં. છૂટીની વેળાએ બીજા છોકરા રમવા બોલાવે તો જાય, પણ ત્યાં ડાવકું ડાવકું રમે ને બોલે. નિશાળની વખત થયાઅગાઉ આવી બીજા છોકરા કુદાકૂદ કરે ને રમે, પણ શિવશંકર તો ઘણું કરીને નકશો જુએ કે ચીતરે; પાઠ કરવો અધુરા કે કાચા હોય, અથવા તેમાં કાંઈ કઠણ હોય તે જુએ એવા ઉદ્યોગથી એ ઘણું ખરૂં વર્ગમાં પેહેલો રેહેતો. રજાવિના ગેરહાજર પણ એને રેહેવું નહીં. નિશાળેથી છૂટે કે પાધરો ઘેર જાય, પાછળ રમવા રેહેવાની ચોખ્ખી ના.

पाठ १२४. एकलशूरो छोकरो. भाग २.

નિભાવ　　　　મહા　　　　તુરંગ

એક દહાડો એક બેવકુફ છોકરો બોલ્યો, આ શિવશંકર કેવો એકલશૂરો છે? બીજા બધા છોકરા કેવા રમે છે? પણ એ તો છૂટી થઈ કે ઘેર દોડે. કહાનદાસ કેવો ભલો છે! સૌને કેવો રમાડે છે?

આ છોકરાનું કહેવું ખરૂં હતું કે ખોટું તે હમણા આપણે જોઈશું. શિવશંકર બાપડી ગરીબ રાંડારાંડનો દીકરો હતો. એ બાઈ દળણા દળી પેટ ભરતી. એને એક બીજો નાનો દીકરો હતો, તે માંદો સાજો રેહેતો, ને તેનાથી ફરાતું હરાતું નહીં. એની મા જાણતી હતી કે પોતાનો નિભાવ શિવશંકરઉપર છે, ને શિવશંકર ભણશે તોજ ઘરની આબરૂ રેહેશે. માટે તે મહા વેઠ્ના ભોગવીને પણ તેને ભણાવવાને ખરચ આપતી. શિવશંકર એ સૌ સમજતો હતો. એવા હેતને અને એવી સંભાળને લાયક છું, એવું દેખાડવાને તે મેહેનત કરતો હતો. પેહેલો નિશાળે ગયો, ત્યારે બીજા છોકરાની પેઠે રમતમાં બહુ જીવ હતો, પણ થોડા દિવસમાં એ ટેવ છોડી દીધી. મા બહાર ગઈ હોય, ત્યારે નાનો ભાઈ ઘરમાં એકલો હોય, માટે નિશાળેથી છૂટે કે ઝટ ઘેર આવે ને ભાઈને રમાડે, તથા મા બિચારી થાકીપાકી ઘેર આવે, ત્યારે તેને ઘરનું કામ કરવા લાગે,

પાણી ભરવા લાગે, વાશીદું વાળવા લાગે, એ વગેરે જે કામ હોય તે કરે. કામ કરી રહીને ચોપડી લઈ બેસે, ને નિશાળના પાઠ તૈયાર કરે. ભણવાપર એ બહુ મેહેનત કરતો, કેમકે એને શિક્ષક થવાની ઉમેદ હતી. હું મેહેતાજી થઈશ, માનું ભરણ પોષણ કરીશ, ભાઈને ભણાવીશ, ને કમાતો થઈશ, ત્યારે માને કશું એ કામ નહીં કરવું પડે, તેથી તે કેટલી બધી હરખાશે, ને હું કેવો મગન થઈશ! એવા એવા તુરંગ એના મનમાં આવતા. પણ ગમે એવા વિચારમાં કે અભ્યાસમાં હોય, ને નાના ભાઈને રોતાં સાંભળે કે ઝટ તેની કને દોડી જઈ તેને સમજાવી છાનો રાખે, અથવા માનું કાંઈ કામ હોય તો તે ઝટ ઉઠી કરે.

पाठ १२९. एकलशूरो छोकरो. भाग ३.

કહાનદાસનાં માબાપ ગરીબ હતાં; એને ભાઈ ભાંડુ ઘણાં હતાં, તે સૌમાં એ વડો હતો. એનું મોં તે સૌને ઘણું ગમતું, કેમકે ઘેર રહે ત્યારે એ તેમને રમાડે ને રાજી રાખે. પણ એ ઝાઝો ઘેર રહેજ નહીં. ઘેર એની માને એનો બહુ ખપ પડતો. ભાઈડો બારણે ગયાપછી તે એકલી બાઈડીને પાંચ નાનાં છોકરાં રાખવાં પડતાં. કહાનદાસ મનપર લે તો માનું કામ કરે. મા સાંજરે ધોવા જાય કે રાંધે તે વેળા ઘેર હોય તો નાનાં ભાઈબેનને રાખે, પણ નિશાળેથી છૂટી પાધરા ઘેર આવવું તેને ગમે નહીં. કોઈ દહાડો વેહેલો આવે ને ભાઈબેનને રાખે કે કામ કરવા લાગે, ત્યારે તેની મા તેના ઉપર બહુજ વહાલ કરે, ને કહી દેખાડે કે તારો ઘરમાં બહુ ખપ છે. એથી કહાનદાસ મનમાં સમજતો કે, વેહેલો ઘેર આવું તો મારી માને સુખ થાય; પણ રમવામાં પડે કે એ વાત ભૂલી જાય. ઘરમાં તેની બાપડી મા મેહેનત કરી કરી વાજ આવે, ને પોતે બહાર રઝળતો ફરે. કોઈ વાર મા સાંભરી આવે ત્યારે ઘેર જવાનું મન કરે, પણ છોકરાં કહેશે, ગયા હવે, પછી જજેની, આપણે સૌ જોડે જઈશું. એવું સાંભળે કે તરત મા, ભાઈ, બેન, ઘર સૌ વીસરી જાય. એની માની મરજી હતી કે એ

શિક્ષક થાય, ને એની બુદ્ધિ એવી સારી હતી કે એ સેહેજ પાર પડત; પણ છોકરાંની સરદારી છોડી અભ્યાસ કરવો ગમે નહીં. છોકરાં એને એકલથરો કહે તે પસંદ પડતું નહીં. તેની બાકિ રમે પણ થોડી મેહેનતે હું નિશાળમાં સારા જવાબ દઉં છું એમ જાણી મનમાં મોટાઈ માનતો. કોઈ વાર માનું કહેલું યાદ લાવી પાઠ સારા શીખે, પણ કઠણ પાઠ આવે એટલે આળસ કરી જાય. આળસુ છોકરાં એનું મન ઝટ ભંગ કરી નાંખતાં, માટે કહાનદાસનો સ્વભાવ મળતાવડો ને હસમુખો કહીએ, તોપણ તે પોતાની જાતનેજ સારો હતો.

આ બે છોકરામાંથી એકલથરો કોણ, કહાનદાસ કે શિવશંકર?

पाठ १२६. महासागर.

ભંડાર ખડક ખરાબો

પૃથ્વીનો લગભગ પોણો ભાગ જળથી ઢંકાએલો છે. એ મોટા જળના ભંડારને મહાસાગર કહે છે. હજારો વાહાણને જવા આવવાને જાણે એ મોટા ધોરી રસ્તો હોય એમ છે. વળી એથી માલ તથા માણસ એક દેશથી બીજે દેશ સેહેજ જાય છે. તેમાં ખાર રહેલો છે, તેથી એમાંનું પાણી કોહોતું કે બગડતું નથી, અને ટાઢથી ઝટ બઈને ઠરી પણ જતું નથી.

જેમ જમીનઉપર બધે સરખું નથી, પણ કોઈ ઠેકાણે ટેકરા અને કોઈ ઠેકાણે ખાડા છે, તેમ મહાસાગરનું તળીઉં પણ બધે સરખું નથી; માંહે કોઈ કોઈ જગ્યાએ ડુંગરાની પેઠે ઉંચું છે, તેમની વચ્ચે ગાળીઓ પણ છે, તેથી જૂદે જૂદે ઠેકાણે ઉંડાઈમાં ફેર પડે છે. એ તળીઆના ઉંચા ભાગ વધીને છેક પાણીઉપર આવીને બેટ થાય છે; કોઈ ઠેકાણે પાણીથી થોડાજ નીચે રહે છે, ત્યારે તેને ખડક કે ખરાબા કહે છે. સમુદ્રની ઉડાઈ ઘણામાં ઘણી નવ મૈલ એટલે આશરે પાંચ ગાઉની જાણવામાં આવી છે. જો પાંચ ગાઉ પહોંચે એટલી લાંબી દોરી લઈને તે ઠેકાણે મૂકીએ, તોજ તેનો છેડો તળીએ પહોંચે.

પૃથ્વીના મહાસાગરના મોટા પાંચ ભાગ કલ્પ્યા છે; તેમનાં નામ, પાસિફિક, આટલાંટિક, હિંદી, ઉત્તર, અને દક્ષિણ મહાસાગર.

અમેરિકા, એશિઆ, ને આસ્ટ્રેલિઆના વચ્ચે પાસિફિક મહાસાગર છે. એ સૌકરતાં મોટો છે; ને પૃથ્વીનો લગભગ અરધો ભાગ રોકી રહેલો છે. બધા ખંડની મળીને જેટલી જમીન છે, તેકરતાં વધારે એ મહાસાગરે રોકી છે. એમાં ઘણાક બેટ છે, તેમાંના કેટલાક તો સમુદ્રના પાણીથી જરાજ ઉંચા દેખાય છે.

આટલાંટિક મહાસાગર યુરોપ, આફ્રિકા, અને અમેરિકાની વચ્ચે છે. એ લાંબો ને સાંકડો છે. પાસિફિક એના કરતાં લગભગ બમણો મોટો છે.

હિંદુસ્તાનની દક્ષિણે, અને આફ્રિકા તથા આસ્ટ્રેલિઆની વચ્ચે હિંદી મહાસાગર છે. એનો વિસ્તાર આટલાંટિક મહાસાગરથી અરધો છે.

પૃથ્વીના ઉત્તર ભાગમાં જે દરિઓ છે, તેને ઉત્તર મહાસાગર, અને દક્ષિણમાં જે દરિઓ છે તેને દક્ષિણ મહાસાગર કહે છે. એ બંનેમાં ઘણે ઠેકાણે બારે માસ બરફ રહે છે.

पाठ १२७. हिंदुस्ताननो इतिहास. भाग ३६.

જુમાખાંને પોતાના બાપની ગાદી મળી, તે વખતથી તેણે મહંમદ એવું નામ ધારણ કર્યું. (ઈ० સ० ૧૩૨૫). વિદ્યા સારે માર્ગે વાપરવી તે શું, ને ખોટે માર્ગે વાપરવી તે શું, એ વાતની સમજણ આ પાદશાહનું ચરિત્ર જાણવાથી માલમ પડશે. એ ઘણો ભણેલો હતો, તથા ઝીણી અને સુંદર વાતો સમજી શકે એવી તેનામાં બુદ્ધિ હતી, પણ ભણવું તે શામાટે તેનો એને વિચારજ નહોતો. એકલા ભણવાથી કાંઈ ઝાઝો ફાયદો થતો નથી, એ વાતનું એને ભાનજ નહેતું. જુઓ કે હરેક ચીજ શીખીએ તેને વાપરવાની બે સારી રીત છે; એક તો એ કે પોતાની ચાલચલણ સુધારવાના કામમાં તેને વાપરવી, અને બીજી એ કે માણસજાતનું સારૂં કરવામાં વાપરવી. આ બેમાંથી એકે રીતે

જુમાખાંએ વિદ્યા વાપરી નહીં. એણે મૂરખાઈથી મુલકોઉપર ચડાઈઓ કરવાના મનસુબા કર્યા. તેમાં ઈરાન જવાનો મનસુબો તો પાર પડ્યો નહીં, અને ચીન ફોજ મોકલી તે રસ્તામાંજ મરી ગઈ.

એવા મૂરખાઈના કામનો ખરચ તેની રૈયતને માથે પડ્યો. વેરો ભરવાથી તેની રૈયત દુઃખી થઈ, તોપણ જેટલા પૈસા પાદશાહને જોઈએ તેટલા મળ્યા નહીં, ત્યારે તેણે એક બીજો ઉપાય કર્યો, તેમાં પણ એણે મૂરખાઈ કરી. તેણે તાંબાના રૂપિઆ બનાવવા માંડ્યા. પછી તો એવા એક બે તાંબાના કકડામાં ઘણું અનાજ તથા ઘણાં ઢોર મળવા લાગ્યાં, ને પાદશાહ પોતાને જે જોઈએ તે સસ્તે ભાવે એટલે તાંબાના રૂપિઆ આપીને લેવા લાગ્યો. કદી કોઈની નજરમાં આ જુગ્તી પેહેલી તો સારી આવશે, પણ જરા વાર પછી વિચાર કરતાં માલમ પડશે કે તે સારી જુગ્તી નહોતી. હિંદુસ્તાનના ઘણા વેપારીઓ દેશાવર માલ વોહોરવાને જતા, તેમને માલને સાટે સોનાનાણું તથા રૂપાનાણું આપવું પડતું, પણ હિંદુસ્તાનમાં તો તે માલને સાટે તાંબાનાણું મળવા લાગ્યું. પછી તેઓ તાંબાનાણું લઈને પાછા દેશાવર માલ ખરીદ કરવાને ગયા, ત્યારે ત્યાંના વેપારીઓએ તાંબાનાણું લેવાનું કબૂલ કર્યું નહીં, કેમકે ત્યાંના રાજાઓએ એવાં નાણાં ચલાવવાને જુલમ કીધો નહીં. એપ્રમાણે સઘળા વેપારીઓ ખરાબ થયા, માટે રૈયતની પાસેથી પાદશાહને કાંઈ વધારે પૈસા મળી શકયા નહીં, એટલે તેણે પોતાનું રૂપ પ્રકાશ્યું. એના જુલમથી લોકો કળકળાટ કરવા લાગ્યા, ત્યારે તેણે મોટા પરગણાઓઉપર સિપાઈઓને ઘેરો ઘાલવાસારૂ મોકલ્યા તેમણે ધીમે ધીમે પરગણાઓમાં પેશીને જે લોક હાથ આવ્યા તેમને મારી નાંખ્યા. એસિવાય એણે કનોજના મોટા શેહેરના લોકોને મારી નાંખ્યા.

पाठ १२८. हिंदुस्ताननो इतिहास. भाग ३७.

આ બેવકૂફ તથા નિર્દય પાદશાહના વખતમાં આખા મુલકમાં ગડબડ થઈ રહી. માળવાનો સૂબો એ પાદશાહનો ભત્રિજો થતો

હતો, તેની એણે જીવતાં ચામડી ઉતરડી નંખાવી; મલેક બેહેરામે પંજાબમાં બલવો ઉઠાવ્યો, તેને પકડીને ગરદન માર્યો, બંગાળામાં બલવો ઉઠ્યો તે સમ્યો નહીં. ત્યારપછી દક્ષિણમાં બલવો ઉઠ્યો, તે સમાવવાસારૂ એ પોતે ત્યાં ગયો હતો, તેવામાં અફઘાન લોકે સિંધુ નદી ઉતરીને પંજાબ લૂટી લીધું. પછી કર્ણાટક તથા તૈલંગણના રાજા સામા થયા, તેમાંથી કર્ણાટકવાળાએ ધારવાડથી પૂર્વમાં વિજયનગર છે, ત્યાં નવું રાજ સ્થાપ્યું, અને તૈલંગણવાળાએ વરંગૂળ પાછું લઈ લીધું. પછી તો ઉત્તર હિંદુસ્તાનમાંજ કેટલાક બલવા ઉઠ્યા. ત્યાંના ઘણા એક સૂબાઓ ખંડણી ભરી શક્યા નહીં, તેથી પાદશાહ ગુસ્સે થઇને આપણને સજા કરશે, એવી બીકથી તેમણે બલવો ઉઠાવ્યો. એમને તથા દક્ષિણમાં ઐનુલમુલ્કે બલવો ઉઠાવ્યો હતો તેને હરાવ્યા, એટલે ગુજરાતમાં બંડ ઉઠ્યું. ત્યાં પાદશાહ જાતે ગયો અને દીસાઆગળ તથા ભરૂચઆગળ બલવાખોરોને હરાવીને સુરત તથા ખંભાત શેહેર લૂટી લીધાં. ત્યાંથી વેહેલો વેહેલો દક્ષિણ જઇને ત્યાંના બલવાખોરોને હરાવ્યા. પણ ગુજરાતની બહાર એણે ડગલું મુકયું એટલે પાછો ત્યાં બલવો ઉઠ્યો, તેથી પાછો એ ગુજરાત ગયો, એટલે દક્ષિણના લોકોએ પાછી કમર બાંધી, અને એનો સામાન લૂટી લીધો.

પછી મહંમદને ખબર પડી કે બલવો ઉઠતો જાય તે તે ઠેકાણે દડડે દડડે જવું, એ કંઈ કામનું નહીં માટે તેણે મનસાથે નક્કી કર્યું કે પેહેલાં તો ગુજરાતમાં બંદોબસ્ત કરવો. એ માટે સિંધની દક્ષિણમાં ઠઠ્ઠા ગામ છે, ત્યાં જવાસારૂ તે નીકળ્યો, કેમકે ત્યાં રજપૂત લોક રેહેતા હતા, તેથી ગુજરાતના બલવાખોર રાજાઓ ત્યાં ભરાઈ બેઠા હતા. એ રાજા પાછા ગુજરાતમાં ન આવી શકે એવી ગોઠવણ કરવાસારૂં તે ઠઠ્ઠે ગયો હતો, પણ તે ત્યાં પહોંચતાંજ માંદો પડીને મરણ પામ્યો.

पाठ १२९. हिंदुस्ताननो इतिहास· भाग ३८.

એ પાદશાહે વિચાર કર્યાવિના કામ કર્યું તેથી રાજની એવી માઠી દશા થઈ. એનાં બીજાં બેવકૂફીનાં કામ સાંભળો. એણે

દેવાગરામાં પોતાની ગાદી કરવાનો મનસુબો કરીને તેનું નામ દોલતાબાદ પાડ્યું. પછી દિલીના તમામ લોકને હુકમ કર્યો કે, તમે દોલતાબાદમાં જઇને વસો. તેપ્રમાણે તેઓ ત્યાં જઇને વસ્યા. બે વાર તેઓ પાદશાહની રજા લઇને પાછા દિલી ગયા, ને બે વાર જોર જુલમથી તેમને પાછા દોલતાબાદ કાઢ્યા. એ જાઆવ-માં હજારો માણસ માર્ગમાં મરી ગયાં. એ વખતે આફ્રિકાથી એક મુસાફર આવેલો હતો, તેનો પાદશાહે ઘણો આવકાર કર્યો, તેવારે તેણે પાદશાહને કહ્યું કે, વા! થોડામાં થોડી વસ્તીવાળું શેહેર પણ દુનિઆમાં સૌથી મોટું ગણાતું દેખાય છે!

મહમદ મરી ગયો તે વખત તેની સાથે તેનો ભત્રિજો ફિરોજુદ્દીન હતો, તેને તખ્ત મળ્યું, તેથી તે સિંધુ નદીને કાંઠે કાંઠે ઉત્તરભણી જઇને દિલીતરફ ફંટાયો. એ પાદશાહ બંગાળા કે દક્ષિણ એ બેમાંનું એકે પાછું લઈ શક્યો નહીં. આખર એ બંનેના રાજાઓએ એના દરબારમાં પોતાના વકીલ મોકલ્યા, તે ઉપરથી એણે એ બંને રાજની સ્વતંત્રતા કબૂલ કરી. પછી એ પાદશાહ સિંધ થઇને ગુજરાત ગયો; ત્યાંની વસુલબાકી ઘણી હતી, માટે સમશુદ્દીન કરીને એક અમલદારે ગુજરાત પ્રાંત ઇજારે રાખ-વાનું કહીને ઘણા રૂપિઆ આપવા માંડ્યા, તેથી તે વાત પાદ-શાહે કબૂલ કરી. પણ તે ઇજારદારે ભારે કર લેવા માંડ્યો, તેથી લોકો થોડી મુદતમાં હેરાન થવા લાગ્યા, અને તેમણે બલવો ઉઠાવીને તેને મારી નાંખ્યો.

પાદશાહ છેક ઘરડો થઈ ગયો, ત્યારે તેણે બધો રાજકારભાર પોતાના વજીરને ઈ૰ સ૰ ૧૩૮૫ માં સોંપી દીધો. ઘણાખરા વજીરોની પેઠે આ વજીર પણ ઘાતકી હતો. એણે પાદશાહને અને શાહાજા-દાને માંહોમાંહે વેર બંધાય એવો ઉપાય કર્યો. પણ શહાજાદાએ પોતાના બાપકને આવીને જેવું હતું તેવું કહીને પોતાના ઉપરનો વહેમ રદ કર્યો, તેથી પાદશાહે વજીરને બરતરફ કરીને મારી નંખાવ્યો, પછી એ પાદશાહે પોતાના દીકરાને રાજ સોંપ્યું.

पाठ १३०. हिंदुस्ताननो इतिहास. भाग ३९.

દવાખાનું હમામખાનું તરાપા પૌત્ર

એ શહાજાદાનું નામ નાસરૂદ્દીન હતું. એ ઘણો નબળો તથા બેવકૂફ હતો, તેથી તેને ગાદી મળે એક વરસ થયું, એટલામાં એના બે પીતરાઈ ભાઈઓએ એને ગાદીઉપરથી ઉઠાડી મૂક્યો. પછી એ ડુંગરામાં નાશી ગયો. ત્યારપછી ફિરોજ પાદશાહ મરણ પામ્યો. એ પાદશાહ અદલ ઇનિસાફી તથા દયાવંત હતો. રીબાવીને મારવાની, તથા નાક કાન વગેરે કાપવાની ચાલ એણે બંધ કરી હતી. વળી લોકોને માથેથી ભારે કર ઉતાર્યા હતા, તથા સરકારમાં હરેક જણે કેટલો વેરો ભરવો તેનો આંકડો ઠરાવ્યો હતો, તેથી ઉઘરાતદારથી જાસ્તી લેવાતું નહીં. વળી એવું કહે છે કે એણે ૩૦ પાઠશાળા, ૧૦૦ ધર્મશાળા, ૧૦૦ દવાખાનાં, ૧૦૦ હમામખાનાં, એટલે નહાવાની જગ્યા, અને બીજી મોટી મોટી ઇમારતો બંધાવી હતી. ઘણા મુલક જીતવાનાકરતાં આવા કામથી રૈયતને ઘણું સુખ થયું. એના કરાવેલા કામોમાંની એક ખાડી તો આજસુધી રહેલી છે. એ ખાડી જમના નદીના મૂળપાસે કરનાલ તથા હાંસીની પેલી તરફથી ખોદાવીને તેમાં એ નદી વાળી લીધી છે. સિંધુ નદીને જે નદીઓ મળે છે તેમાંની સતલજ નામે સૌથી ઉગમણી નદીમાં પહેલાં તો એ ખાડી મળેલી હતી, પણ હમણાં તો તે ભાગ પૂરાઈ ગયો છે, અને બાકીનો થોડોક કકડો અંગ્રેજ સરકાર વાપરે છે. એ કકડાઉપર તરાપા તથા મછવા ચાલે છે, અને તેના પાણીથી ઘંટીઓ ફરે છે, પણ એ બધાકરતાં તે ખેતીવાડીમાં પાણી પહોંચાડવાના ખપમાં બહુ આવે છે.

નાસરૂદ્દીનના પેલા બે પીતરાઈઓએ મળીને રોજુદ્દીનના દીકરાના દીકરાને તખ્તપર બેસાડ્યો. એ બાદશાહનું નામ બીજો ગ્યાસુદ્દીન તઘલખ હતું. એને પેલા બે પીતરાઈઓની સાથે થોડા દહાડામાં અણબનાવ થયો, તેથી તેમણે એને ગાદીઉપરથી ઉઠાડી મૂકાવીને મારી નંખાવ્યો. ત્યારપછી અબુબકર કરીને ફિરોજનો બીજો પૌત્ર હતો, તેને ગાદીઉપર બેસાડ્યો. એટલામાં નાસરૂદ્દીન સંતાઈ બેઠો હતો

ત્યાંથી તેણે આવીને અબુબકરને કાઢી મૂક્યો અને પાછો પોતે ગાદી-ઉપર બેઠો. પણ પહેલાંના પેઠેજ આ વખત પણ એણે બેવકુફી દેખાડી તેથી રૈયત એને બહી નહીં. એ મરી ગયાપછી એનો દીકરો ગાદીઉપર બેઠો; પણ તે તો થોડા દહાડામાંજ મરી ગયો. પછી નાસિરૂદીનનો નાનો દીકરો મહંમદ ગાદીઉપર બેઠો એ બાળક હતો તેથી એના હાથતળેના સૂબા એને ગણકારતા નહીં. મુજફ્ફરખાંને એ પાદશાહે ગુજરાતનો સૂબો બનાવ્યો, અને રાજચિન્હ આપીને તેનું માન વધાર્યું, પણ એ બધા ઉપકાર ભૂલી જઈને તે સ્વતંત્ર થયો.

पाठ १३१. हिंदुस्ताननो इतिहास. भाग ४०.

એ પછી એક જુલમી પુરૂષે આવીને જે દુઃખનો વરસાદ વરસાવ્યો, તે જોઈને આ દુઃખ તો બાદશાહ ભૂલી ગયો. ઈ૦ સ૦ ૧૩૯૮ માં દિલ્હીમાં એવી બૂમ આવી કે આગળ જેવી જંઘીસખાંની ફોજ આવી હતી, તેવીજ ભારે ફોજ સિંધુ નદીની પશ્ચિમે કાબુલના પાહાડોમાં આવી છે, અને બીજી એક ફોજ સિંધુનદી ઉતરીને મુલતાનને ઘેરો ઘાલે છે. પછી તો એ બંને ફોજ સતલજ નદીઉપર એકઠી થઈ, અને જેમ બે મોટી નદીઓનું પાણી ભેગું થઈને જે સામે આવે તેને ઘસડી લઈ જાય છે, તેમ એ બે ફોજે મળીને તેમની સામે થનાર બધા લોકોને દિલ્હી ભણી હડાવ્યા. તે એ બંને ફોજનો સરદાર તૈમુર હતો તે તેમને તાર્તરી દેશથી લઈને લડવા આવ્યો હતો. પેલા હાથીદીઠેજ બધા લોકને તણે દિલ્હીના કોટઆગળ મારી નાંખ્યા. બાદશાહ ફોજને લઈને દિલ્હી શેહેરમાં ભરાઈ ગયો, પણ કંઈ શત્રુને બાળી શક્યો નહીં. દિલ્હી શેહેર પણ તૈમુરે લઈ લીધું, ને મહંમદ બાદશાહ લાગ જોઈને ગુજરાતભણી નીકળી નાઠો. તૈમુરે તો લોકને અભયવચન આપ્યું, પણ એના જંગલી સિપાઈઓએ એનું કહ્યું ન માનતાં છૂટા પડીને ઘરો બાળી નાંખ્યાં, તથા મારામાર ને કાપાકાપ કરી મૂકી એ સિપાઈઓએ હડકાએલા કુતરાની પેઠે પાંચ દહાડાસુધી શેહેરમાં ભટકીને નુકસાન કર્યું, ત બધું તૈમુરે બેઠાં બેઠાં જોયા કર્યું.

એ રીતે સિપાઇઓ બધું શેહેર ઉજડ કરી રહ્યા, અને કોઈ જીવતું રહ્યું નહીં, ત્યારે તૈમુર તેમને લઇને મીરત તથા લાહોરને રસ્તે ચાલતો થયો. કોગળીઆના રોગની પેઠે જેવા એ લોક ઓચિંતા ઝટપટ આવ્યા હતા, તેવાજ ઝટપટ ગયાપછી મહંમદ પાછો આવ્યો. તો બધે ઠેકાણે ખરાબી થએલી, તથા ગેરબંદોબસ્ત થએલો દીઠો. ત્યારપછી એવી પડતી અવસ્થાના મુલકમાં એ આગ વરસસુધી રાજ કરીને ઈ૦ સ૦ ૧૪૧૪ માં મરણ પામ્યો.

पाठ १३२. हिंदुस्ताननो इतिहास· भाग ४१.

ઉપમા

તૈમુરની ફોજ ગઈ તેની સાથે તેની સત્તા પણ હિંદુસ્તાનમાંથી ગઈ. એ કાંઈ મુલક લેવાને આવ્યો નહોતો, પણ ફકત લુટફાટ કરવાનીજ તેની મતલબ હતી. એના હુમલાને વીજળીની ઉપમા આપીએ તો અપાય, કેમકે એની ફોજ વીજળીની પેઠે ઓચિંતી આવી, ને નાશ કરીને ચાલી ગઈ. તૈમુર ઘાતકી લડવૈયો હતો એટલુંજ નહીં, પણ એણે પોતાને હાથે ઈતિહાસ લખેલો તે આજસુધી રહેલો છે, તેઉપરથી માલમ પડે છે કે એ જેવો લડાઈના કામમાં શૂરો હતો, તેવોજ રાજકાજ ચલાવવામાં પણ ખબરદાર હતો. વળી એ ઢોંગી હતો, તેથી પોતે ધર્મનો આસ્તિક છે એવું ખોટું ડોળ દેખાડીને પોતાના માણસોની પાસેથી ધર્મને બહાને પોતાનું ધારેલું કામ કાઢી લેતો. કોઈ પોતાના માનવી ભાઈઓને નાહક વગર કારણે મારી નાંખે, તેનાઉપર જાણે પરમેશ્વર રાજીજ થતો હોયની તેપ્રમાણે તેણે દિલ્લી નીકળવાને દહાડે પરમેશ્વરની સ્તુતિ કરીને તેનો પાડ માન્યો.

મહંમદ ગુજરી ગયાપછી ૩૬ વરસસુધી હિંદુસ્તાનમાં નામનો પણ બાદશાહ રહ્યો નહોતો. તૈમુરનો મૂકેલો હાકેમ હું છું એવું બહાનું કાઢીને પંજાબનો સૂબો ખિજરખાં અમલ ચલાવવા લાગ્યો. એ ખિજરખાં તથા એના પછીના ત્રણ હાકેમને સૈયદવંશી કહે છે. પણ દિલ્લીની હકુમત લેતાં પોતાના હાથમાં પંજાબ પ્રાંત હતો

તે ખોયો. લોભીને ઘણું કરીને શિક્ષા થાય છે. સૈયદવંશનો છેલ્લો હાકેમ અલાઉદ્દીન રાજ કરતો હતો, તેવામાં તેના રાજની હદ એક મેર તો છેક દિલીના કોટથી અધગાઉઉપર આવી રહી હતી, અને આઘામાં આઘી હદ કોટથી ૮ ગાઉકરતાં વધારે નહોતી. ઘાતકી અને એકલપેટા બાદશાહોની બેવકૂફીથી આવા મોટા રાજની આવી પડતી દશા થઈ ગઈ હતી. એ છેલ્લા સૈયદવંશી બાદશાહે જાણ્યું કે આપણું રાજ તો માનનું માત્ર રહેલું દેખાય છે; પછી એ પોતાની બાદશાહી છોડી દઇને બુદાયુન નામે ગામ દિલીથી ૭૦ ગાઉઉપર પોતાના તાબામાં હતું, ત્યાં રહેવા ગયો.

पाठ १३३. अमेरिकाना इंडिअन लोक. भाग १.

અમેરિકા ખંડના અસલના રહેવાશી કંઈ સારી અવસ્થામાં નથી, તે જંગલી છે, તોપણ તેમાંના કેટલાએક યુરોપના લોકની સંગતથી જરા સુધર્યા છે અને ખ્રિસ્તી થયા છે. તેમની કેટલીક રીતભાત તરેહવાર છે.

તેમની ભાષા જૂદી માટે કોઈ અંગ્રેજ કે બીજાસાથે બોલવું કે કાંઈ કહેવું હોય, ત્યારે ઈશારતથી સમજાવે છે. ત્યાં ફરનાર એક મુસાફર એવું લખી ગયો છે કે એકવાર એક બાઈડી મારીપાસે લૂગડાં ધોવાનું કુંડું લેવા આવી. પેહેલાં તો તેનું બોલવું હું સમજ્યો નહીં, તેથી તે થોડી વાર ઉભી રહી, ને પછી પોતાની કામળીનો છેડો લઇને બે હાથે મસળવા લાગી, અને સાબુ પાસે પડેલો હતો તે બતાવ્યો. પછી હરી પડીને મારા કુંડાભણી આંગળી કરી. વળી બે આંગળા ઉભાં કર્યાં તેપરથી મેં જાણ્યું કે એને બે દહાડા કુંડું જોઇએ છીએ. એ લોક જે જણસ માગી જાય છે તે બરાબર વાયદાસર પાછી આપી જાય છે, વાયદો ચૂકતા નથી. પણ એમની એક ટેવ ખોટી છે કે કંઈ કાંમ કરવાનું હોય કે જણસ બનાવવાની હોય તો કહેશે કે અબઘડી કરી નાંખીશું, પણ જેમ આ દેશમાં "સઈની સાંજ, ને મોચીનું વહાણું" એનો પાર આવે નહીં, તેમ એ લોકની અબઘડીનો પાર આવે નહીં.

"એ ઇંડિઅન લોક રવિવાર બહુ પાળે છે; એ દહાડે સિકાર કરવા કે બીજો કંઈ ધંધો કરવા જતા નથી, પણ રાતે ઘણા મધુર રાગથી ભજન ગાય છે. એક મુસાફર પોતાના ગ્રંથમાં લખે છે કે એકવાર અમે બેઠા બેઠા ચા પીતા હતા એટલે એક બાઈડી કમાડ ઉઘાડીને માંહે આવી, અને અમારો જરા આવકાર જોઈને પોતીકા છોકરાને ભોંયપર મૂકી ચારે મેર રાજી થઈને જોવા મંડી. અમે તેને અમારી પાસે બેસાડીને ચા ને રોટલી ખાવા આપ્યાં, તેથી તેને બહુ સારૂં લાગ્યું ને પોતાના છોકરાને ખોળામાં લઈને પેલી ચા પાઈ. પોતે પણ જરા રોટલી ખાધી, ને ચા પીધા પછી પોતાના લૂગડાનો ઘૂમટો તાણી પ્રાર્થના કરતી હોય, તેમ માથું નીચું નમાવ્યું. એપ્રમાણે કેટલીક વાર રહી પરમેશ્વરનું ભજન ખરા દિલથી કરીને અમારો પાડ માન્યો, અને છોકરાને ખાંધે નાંખી ચાલી ગઈ.

पाठ १३४. अमेरिकाना इंडिअन लोक. भाग २.

એ લોકને કોઈ વાર લાંબી મુસાફરી કરવી પડે છે, ત્યારે છોકરાંને ઉભાં કંડિઆમાં ઘાલે છે, અને તે કંડિઆ પોતાના ગળાજોડે ચામડાની દોરીવતે બાંધી લે છે. તે કંડિઆમાં પારણાજેવું ચોકઠું હોય છે, તેમાં બાળકને સૂવાડીને ચામડાના પટાવતી બાંધી લે છે. એ ચામડાના પટામાં નકશી કામ ઘણું હોય છે.

એ પારણું બાઈડી પોતાની પીઠપર એવી રીતે લે છે કે છોકરાંનો બરડો તેના વાંસાપાર રહે, અને મોં બહાર ખુલ્લું રહે. વળી એ મજબૂત રહે ને પડી ન જાય, માટે એક ફરતું લૂગડું બાંધી લે છે.

એ બાઈડી ઘરમાં પેસે એટલે પહેલાં તે પારણું ઉતારીને ભીંત, ખુરશી, કે પેટીજોડે અઠીંગીને મૂકે છે. એ લોકને પોતાનાં છોકરાં ઘણાં વહાલાં હોય છે. એમનો સ્વભાવ બહુ માયાળુ અને સારો હોય છે.

એ બાઈડીઓ ઝાડની છાલના કંડિઆ ઘણા સુંદર બનાવે છે, અને ક્યારે ભાત ભાતના રંગનાં પીછાં અંદર ઘાલીને ગુંથે છે

ત્યારે તે કંડિઆ બહુ બિરાજી રહે છે. વળી એ લોક છાલના એવાં તો સારાં મજબૂત અને ટકાઉ વાસણ બનાવે છે કે તેમાં દૂધ, કઢી, પાણી, કે બીજી અમે તેવી નરમ વસ્તુ હોય તે રહે. કેટલાએક ટોપલા ટોપલીઓ તો કંઈ જણસ ભરી મૂકવાને કામ આવે એવીજ થાય છે. એમને ઘણી તરેહના રંગ પણ માલમ છે, કેમકે ટોપલીઓ, સિસોલીઆં, અને એવાં એવાં બીજાં ઘણાં સારી રીતે રંગે છે.

વેચવાસાટવાના કામમાં એ ઘણા પક્કા અને આપચીપીઆ હોય છે. કહેલો ભાવ કે ધારેલો માલ લે ત્યારેજ રહે. તેમ. બાયડાકરતાં બૈરાં તો બહુજ બંધાં હોય છે. જો તેમણે કંઈ વસ્તુ લેવા ધારી હોય, તો તે જેની પાસે હોય, તેને ત્યાં રોજ ફેરા ખાય, અને લે ત્યારે છોડે. એક મુસાફર લખે છે કે એક વખત એક બાઈડીએ અમારી પાસે છીંટનો ઘાઘરો દીઠો, તેપર તેનું મન લલચાયું. તે રોજ આવીને પૂછ્યા કરે કે આ આપવાનો છે? અમે તેને બહુએ ના કહીએ, તોપણ તે માને નહીં. એક દહાડો તો તે ગામની સઘળી બાઈડીઓ વારાફરતી તે ઘાઘરો જોવાને આવી, અને તે લેવાનું મન બતાવવા લાગી. પણ જ્યારે અમે કહીએ કે જાઓ જાઓ, એ વેચવાનો નથી, ત્યારે દિલગીર થઈને ચાલી જાય.

પાઠ ૧૩૯. ખુંધી છોડી. ભાગ ૧.

બેડોળ બેઢંગું શામેલ બહાવરું

સુરતની પાસે ઉધના નામે ગામ છે. ત્યાં અમરત કરીને એક નાની છ વરસની છોડી રહેતી હતી. એ ઘણી ડાહી અને હસમુખી હતી, તેથી આખું ગામ તેને બોલાવે, ને રમાડે. એક દહાડો તે પોતાના ઉમરામાં ઉભી હતી, ને તેના ભાઈ તથા શેરીનાં બીજાં છોકરાં આંગણે રમતાં હતાં. રમવામાં ખૂબ ચિત્ત લાગ્યું હતું, તેવામાં જીવલી કરીને એક મોટી ખુંધવાળી ને ખોડી છોડી આવતી તેમણે દીઠી. એ છોડીને અમરતે કોઈ દહાડો જોઈ

નહોતી. મોટી ખુંધને લીધે એ છોડી બેડોળ દેખાતી હતી, અને પગે એટલી લંગડી હતી કે લાકડી ટેક્યાવિના ચલાતું નહીં. એનું મોં પાતળું ને ઉતરી ગએલું હતું, ને ઉદાસી દેખાતું હતું; પણ તેની આંખો મોટી ને ચળકતી હતી. તે ઘણી ઠીંગણી હતી. એવું બેઢંગું રૂપ જોઈને સૌને ઘણું હસવું આવ્યું. રમત મૂકી સૌ છોકરાં ખુંધી, ખુંધી, એમ બોલતાં બોલતાં તેની કેડે પડયાં. મોઢે બોલી ખીજવવા મંડ્યાં એટલુંજ નહીં, પણ ખભા ચઢાવીને તથા ખોડંગતાં ખોડગતાં ચાલી તેના ચાળા પાડવા લાગ્યાં; અમરત પણ તેમાં શામેલ થઈ. પેલી તે બાપડી છોડી બહુજ બહાવરી થઈ ગઈ. થોડી વારસુધી હૈયું કઠણ રાખીને ચાલી ગઈ, પણ પછી તો છોકરાં છેક લગભગ આવ્યાં, ત્યારે તો બિચારી બેશી ગઈ. કોઈ છોકરાં કાંકરા મારે. જીવલીની આંખમાંથી દડ દડ આંસુ પડે, ને મોઢે બોલાય નહીં. તે ગાંમમાં એક ઘરડો બાવો રહેતો, તે એટલામાં આવી ચડયો. તેણે મોટી બૂમ પાડી કહ્યું કે, ઉભાં રહો લુચ્ચાંઓ. એ ગરીબડીને કેમ ચીડવો છો? જો, બાપડી પોતાના દુઃખમાં તો મરી રહેલી છે, ને તમે વળી પજવો છો? લાજ નથી આવતી? એની તમારે દયા આણવી જોઈએ, કે એને સામી ખીજવવી ઘટે છે? એમ કહીને અમરતની સામું જોયું. અમરત દિગ થઈ ગઈ, ને શરમાઈ જઈને નીચું જોયું.

પાઠ ૧૩૯. ખુંધી છોડી. ભાગ ૨.

બાવાની મોટી ધોળી દાઢી, ને લાંબી જટા, તથા મોટા ડોળા, ને હાથમાં જાડી ડાંગ જોઈ, તથા એનો મોટો ઘાંટો સાંભળી છોકરાં થરથરી ગયાં, ને છાનાંમાનાં નાસી ગયાં. તે જીવલીને સારીપેઠે ઓળખતો હતો, તેથી તેણે તેને કહ્યું, આવ બેટા, હીંડ, તને તારી માકને મેલી આવું. એમ કહીને તેનાં આંસુ લોઈ નાંખી ધીમી પાડી પોતાની જોડે તેડી ગયો.

થોડા દહાડા ગયાપછી અમરત બીજી છોડીઓની હારે ગામથી વેગળે ઝાડીમાં રમવા ગઈ. સૌ છોડીઓ રમતી હતી, તેથી અમરત

એક બે ખેતરવા આગળ ગઈ, ને ત્યાં નવાં નવાં ઝાડ હતાં, ને તેપર પક્ષી બેઠાં હતાં તે જોવામાં પડી. એવામાં એની બેનપણીઓ ગામભણી પાછી વળી, તેની એને સરત રહી નહીં. કેટલીએક વારે પાછું ફરીને જોયું, તો ત્યાં કોઈ મળે નહીં. બહુ બુમો પાડી પણ કોઈએ જવાબ દીધો નહીં, ત્યારે તેમને શોધવા મંડી, ને ઘણું ફરી, પણ કોઈ જડયું નહીં. એ ઝાડીમાં તે આગળ કોઈ ફેરો ગઈ નહોતી, ને એટલે છેટે નીકળી ગઈ કે ઘેર જવાનો માર્ગ સૂઝે નહીં. આડી અવળી બહુ ભટકી પણ ઘરનો રસ્તો જડયો નહીં. પગમાં ઘણા કાંટા ભાગ્યા, ને ઓઢણી ચણિઓ પણ ઝાડમાં ભરાઈ ભરાઈને ફાટયાં, ને ડીલે બહુ ઉઝરડા પડ્યા. એક ઝાડતળે બેશીને રોવા મંડી, પણ રડે કાંઈ દહાડો વળે એવું નહોતું, માટે ત્યાંથી ઉઠીને ચાલી. ચાલતાં ચાલતાં પગ થાકી ગયા, ડીલે પરસેવાના રેલા ચાલ્યા, ને તરશે ગળું સુકાઈ ગયું. અંતે ધુંટણપૂર ધૂળવાળો *ચીલો આવ્યો; પણ કઈ દિશાએ જવાથી ગામ આવશે, તેની એને ખબર નહોતી. આશારે આશારે ચાલી, પણ કાંઈ પાર આવે એવું જણાયું નહીં, ને સાંજ પડવા આવી હતી. બિચારી રોતી જાય ને હીંડતી જાય. ઘણી વારે એક ઝુંપડી આવી.

पाठ १३७. खुंधी छोडी. भाग ३.

દિલાસો　　સરભરા　　લોથ

એ ઝુંપડી નાની ને નીચી હતી, પણ તે ચોખ્ખી હતી. પછાડી એક સુંદર વાડી હતી, તેમાં ભાતભાતનાં ફૂલ ને વેલા શોભી રહ્યા હતા. અમરતને એ જોઈ જરા હિંમત આવી. ઝુંપડીના બારણામાં એક છોડી બેઠી બેઠી ચણિઓ શીવતી હતી. એને જોઈને અમરતના પેટમાં તો ફાળ પડી, કેમકે એ પેલી ખુંધવાળી જીવલી હતી. અમરતે જાણ્યું કે મેં એને તે દહાડે ખીજવી હતી ને દુઃખ દીધું હતું માટે આજે એ મને કોણ જાણે શું કરશે.

---

* ચીલો એટલે ધરેડ.

એટલી બધી થાકી ગઈ હતી, તોપણ તેણે નાસવાનું મન કર્યું, પણ પગમાં ચાલવાની હામ રહી નહોતી, માટે અકળાઇને રોઇ પડી. એનો ધાંટો સાંભળીને જીવલીએ તેની ભણી જોયું. હાથમાંનું કામ મૂકી દોડી આવીને કહ્યું, આવ બેન આવ, તું કોણ છે અને કેમ રડે છે? અમરત ઘણી બીની, પણ જીવલીએ દિલાસો દઈ છાની રાખી, ને પોતાને ઘેર તેડી ગઈ. જીવલીનાં મીઠાં વચન સાંભળીને તથા તેની સરભરા જોઇને અમરતની બીક મટી ગઈ, ને તેણે પોતાનાપર વીતેલી દુઃખની વાત કહી. તે સાંભળી જીવલીને ઘણી દયા આવી. અમરતે કહ્યું, મને મારે ઘેર મેલી આવ, મારી મા વાટ જોતી હશે. હું મોડી જઇશ તો તે મને વઢશે. જીવલીએ કહ્યું, હીંડ, મારે ઘેર તને તેડી જાઉં. તું જરા થાક ખા, પછી જજે; હમણા તારાથી હીંડાશે નહીં. એમ કહી એ ઝુંપડીમાં તેડી ગઈ ત્યાં એક ઘરડી ડોશી બેઠી હતી તેના તરફ આંગળી કરી કહ્યું, એ મારી મા છે. પછી બોલી, મા, આ બાપડી છોડી ભૂલી પડી છે, હું એને ઘેર મેલી આવું. પણ એ થાકીને લોથ થઈ ગઈ છે, ને બહુ ભૂખી થઈ છે. તેની માએ કહ્યું, પેલા ધાણીચણા છે તે એને આપ, ને ચોખ્ખું પાણી લોટામાં ભરી આપ. જીવલીએ માના કહ્યાપ્રમાણે કર્યું.

પાઠ ૧૩૮. ખુંધી છોડી. ભાગ ૪.

અમરતે ધાણીચણા ખાધા, પાણી પીધું, ને જરા વિસામો લીધો. પછી જીવલી ને તે બેઉ ગામભણી ચાલ્યાં. રસ્તામાં વાતો કરતાં કરતાં હીંડ્યાં. અમરતે કહ્યું, બેન, તું બહુ ભલી છે. મેં તો તને બહુ ખીજવી, ને દુઃખ દીધું હતું, પણ તે સઘળું વીસરી જઇને તેં મને આજ ઉગારી. જો તું મારા જેવી થઈ હોત, તો હું આજ જીવત નહીં. જીવલી બોલી, બા, એમાં મેં કંઈ મોટું કામ કર્યું નથી. આપણે માણસ માણસને સંકટને સમે સહાય ન કરીએ, તો આપણું જીવ્યું શા કામનું? આપણે એક એકને કામ ન આવીએ, તો પછી પરમેશ્વર આપણું ભલું કેમ

કરે? તું બાળક માટે મને ખીજવતી હતી, પણ સમજણી થઈશ, ત્યારે જાણીશ કે એમ કરવું એ ખોટું છે. વળી તેં મને પજવી, માટે તે સંભારી હમેશાં તારાપર ખાર રાખું, એ પણ ખોટું. આપણાથો રોજ ઈશ્વરનો અપરાધ થાય છે, તે સંભારી પ્રભુ કોપ કરે, તો આપણાથી એક ઘડી પણ જીવાય નહીં. આપણે જેમ તેની પાસે માગીએ છીએ કે, ઓ પરમેશ્વર, અમારા અપરાધ માફ કર, તેમ આપણને પણ બીજાના ગુના માફ કરવા ઘટે છે. પછી પોતાના મંદવાડમાં ખુંધ કેમ નીકળી, ને તે ખોડી કેમ થઈ તે બધી વાત જીવલીએ કહી. એ સાંભળી અમરતને બહુ દયા આવી. ઘર દેખાવા માંડયું ત્યારે અમરતે કહ્યું, જીવલી બા, તું હવે જા. પેલું મારૂં ઘર આવ્યું. હું અહીંથી તો એકલી જઈશ. માફ કરજે બેન, મેં તને બહુ દોહિલી કરી છે. જીવલી બોલી, વાહ વાહ બેન, એમ શું બોલે છે? એમાં શાની મ્હેનત? એમ કહી ત્યાંથી પાછી વળી પોતાને ઘેર ગઈ.

पाठ १३९. पृथ्वीनो आकार. अंक १.

એકસરખું મેદાન હોય તેમાં વચ્ચે એક ટેકરી હોય, તેઉપર ઉભા રહીને ચોતરફ લાંબી નજરે જોઈએ, તો વેગળે ભોંય ને ગગન મળી ગએલું દેખાય છે, ને એ જગા મળવાઆગળ જે લીટી થાય છે, તે ચારેતરફ કુંડાળાજેવી દેખાય છે ઉંચે ઠેકાણે ઉભા રહીને જોઈએ તો સર્વે પ્રાંતમાં ને સર્વે મુલકમાં એવું દેખાય છે, ત્યારે એમ દેખાવાનું શું કારણ? તો વિચાર કરતાં માલમ પડે કે જે પૃથ્વી ગોળ દડાજેવી છે, તેથી એવું દેખાય છે. એ વાત અસલના વખતથી તે આજલગણ ઘણાક લોકના જાણ્યામાં નથી, કેમકે એકજ ઉંચે ઠેકાણેથી જોતાં પૃથ્વી થોડી દેખાય છે, તેથી વાડકાના તળીઆ જેવી ઉપસેલી નથી દેખાતી, અને જે દેખાય છે તે થોડી છે, માટે ચપટી દેખાય છે. પણ સારા વિદ્વાન જોશી સારી પેઠે જાણે છે જે પૃથ્વી દડાજેવી ઉપર નીચે બધેથી ગોળ છે.

મોટા મેદાનમાં બે માણસ ઘણાંક છેટે હોય, ને તે એક એકની સામા ચાલતા હોય તો દૂરબીનમાંથી જોતાં એકેકને બીજાની પાઘડી પેહેલી દેખાશે, પછી મોં દેખાશે, પછી છાતી, ને છેલ્લે કમર ને ઘૂંટણ દેખાશે. જો તે પાછા વછુટા પડશે ને તેમનામાં છેટું વધતું જશે. તો પેહેલા પગ દેખાતા રહી જશે, પછી ઘૂટણ નહીં દેખાય, ત્યારકેડ છાતી ને માથું નહીં દેખાય. ડુંગરઉપર એક માણસ ઉભો રહીને મેદાનમાં પોતાની ભણી આવનારા બીજા માણસને જોયા કરે, તો એજ રીતે દેખાશે. વળી કોઈ ટેકરો કે ડુંગરો ઢાલના જેવો ઉપસેલો હોય, તેને વચમાં રાખીને સામસામા બે માણસ ચાલે. તો પેહેલું માથું, પછી ગળું, ને બાજા અંગ એક પછી એક દેખાશે.

पाठ १४०. पृथ्वीनो आकार. अंक २.



દરિઆકાંઠે કોઈ વાહાણ આવતું હોય, તે જો કોઈ કાંઠે ઉભેલો માણસ જુએ, તો પેહેલાં તેને વાહાણના સઢની ટોચ દેખાશે, પછી સઢનો વચલો ગાળો, અને છેલ્લે વાહાણનું ખોખું નજરે પડશે. તેમજ જો તે વાહાણ કાંઠેથી દૂર જતું હોય, તો પેહેલાં તેનો નીચેનો ભાગ નહીં દેખાશે, પછી સઢ અને છેલ્લે સઢની ટોચ નહીં દેખાશે. એ સર્વ દાખલાથી વિચાર કરતાં માલમ પડે છે જે વચમાં પૃથ્વીનો ઉપસેલો ભાગ આડો આવે છે, તેથી હરેક ચીજનું નીચેનું અંગ તેવડું ઢંકાઈ જાય છે, અને જે ઉપલું ઢંકાયા વિનાનું હોય છે, તેટલું માત્ર નજરે પડે છે. એવું ઉપસેલું પાસું પૃથ્વીઉપર સઘળે ઠેકાણે દીઠામાં આવે છે, માટે પૃથ્વી ગોળ છે એવો નિશ્ચય થાય છે. એ નિશ્ચય સાચો પડે છે, કેમકે જે વાહાણ એક દિશા પકડીને જાય છે, તે પાછું તે દિશાએ વળ્યાવિના જ્યાંથી

નીકળ્યું હોય ત્યાં આવીને ઉભું રહે છે. સૂરજ ચંદ્ર પણ ગોળ દેખાય છે, તેઉપરથી પણ કદી અટકળ બાંધીએ, તો બંધાય જે જ્યારે એ ગોળ છે, ત્યારે પૃથ્વી શામાટે ગોળ ન હોય?

હવે આ રીતે વિચાર કરતાં પૃથ્વી ગોળ છે એવું નક્કી થાય છે, ત્યારે આપણે જ્યાં હોઈએ તેની સામે બીજે પાસે પાણી કે પૃથ્વી હોયજ, ને પૃથ્વી હોય તો ત્યાં વસ્તી પણ હોય, ને તેમના પગ આપણા પગભણી રહેલા જોઈએ, એમાં કશો સંદેહ નહીં. આવી વાત પેહેલવેહેલી જાણ્યામાં આવે, ત્યારે અચંબાજેવી ભાસે, ને એમ લાગે જે સામેના લોકનાં માથાં નીચે લટકતાં રહેતાં હશે; પણ એમ ન સમજવું. ખરૂં જોતાં સર્વ દેશમાં રહેનારાના પગ પૃથ્વીના મધ્યભણી રહે છે. ગગન બધીમેર પૃથ્વીને ફરતું રહેલું છે, ને તેમાં જ્યાં જોઈએ ત્યાં તારા ભરેલા છે.

पाठ १४१. व्याकरणनो सार. भाग १.

વિભક્તિ **સંબોધન**

છોકરો જાય છે; છોકરાને બોલાવ; છોકરાથી કંઈ થવાનું નથી; છોકરામાં કંઈ બળ નથી; આ બધા વાકયમાં છોકરો શબ્દ આવેલો છે. પણ ને, થી, માં, એવા એવા અક્ષર એને લાગેલા છે, તેથી એના અર્થમાં ફેર થાય છે. એવા એવા અક્ષર શબ્દને છેડે લાગે છે, ત્યારે શબ્દને વિભક્તિ લાગી એમ કહેવાય છે. એ વિભક્તિઓ નામ અને સર્વનામ બેઉને લાગે છે. તે સાત છે, અને તેને પેહલી, બીજી, ત્રીજી, એપ્રમાણે સાતમીસુધી ગણે છે. હવે નામને તે શી રીતે લાગે છે તેની પેહેલાં વાત કરીએ. પેહેલી વિભક્તિમાં તો કંઈજ લાગતું નથી, એટલે બોલ જેવો હોય છે તેવોજ રહે છે; જેમ, આ બિચારાને રહેવાને એકે ઘર નથી. બહુવચનમાં પણ એમજ થાય છે; જેમ, કેટલાએક વગડાના લોકને ઘર હોતાં નથી, છોકરીઓ આવી, કૂતરાં ભસે છે. ઇત્યાદિ.

બીજી વિભક્તિમાં નામને (ને) અક્ષર લાગે છે; જેમ, કૂતરાને હાંકી મૂક. ત્રીજીમાં (એ) અક્ષર આવે છે; જેમ, ઘોડે લાત મારી. ઘોડાએ લાત મારી, એમ પણ કોઈ કહે છે. માટે, કાજે, વાસ્તે, એવા શબ્દ નામને લાગે કે ચોથી વિભક્તિ થાય. પાંચમીમાં તો નામને છેડેથી જોડવું પડે છે; જેમ, અમદાવાદથી મુંબઈ બસેં ગાઉ છે. છઠ્ઠી વિભક્તિ તો સંબંધ દેખાડે છે; નામને છેડે નો, ની, નું, ના, નાં, એમાંનો કોઈ પણ અક્ષર આવે કે છઠ્ઠી જાણવી. તેમજ સાતમીમાં શબ્દને છેડે માં આવે છે; જેમ, આ ઘરમાં કોઈ રહેતું નથી.

એ સાતવિના એક આઠમી વિભક્તિ છે, તેને સંબોધન કહે છે. કોઈને નામ દઈને સાદ કરે કે કહે ત્યારે આ કામમાં આવે છે. એમાં નામનું રૂપ બધે બદલાતું નથી; જેમ, મહારાજ પધારો. પણ ઓ, કે ઉં છેડાવાળાં નામને તેઓ અને ઉંને બદલે આ થાય છે; જેમ, ઘેલા તું જા, એમાં "ઘેલો" એ નામ છે, પણ સંબોધન લાગી, ત્યારે "ઘેલા" થયું.

પાઠ ૧૪૨. વ્યાકરણનો સાર. ભાગ ૨.

વિશેષણ

સર્વનામને પણ વિભક્તિઓ લાગે છે. નામની પેઠે તેમને છેડે એક બે અક્ષર આવીને ફેરફાર થતો નથી, પણ ઘણે ઠેકાણે તે શબ્દજ બદલાઈ જાય છે, તે નીચે લખેલાં રૂપ જોયાથી જણાશે.

હું એ પુરૂષ સર્વનામની બીજી વિભક્તિ મને, ત્રીજી મેં, ચોથી મારેમાટે, પાંચમી મારાથી, છઠ્ઠી મારો, સાતમી મારામાં, એ રીતે થાય છે.

હુંનાં જેવાં રૂપ તુંનાં જાણવાં; અને તે સર્વનામનાં રૂપને તો પાછલા પાઠમાં કહેલા બધા અક્ષર છેડે આવે છે; ત્રીજીમાં માત્ર એ ને ઠેકાણે ણે આવે છે, જેમ, તેણે કામ કર્યું. બહુવચનમાં તેમ-ણે થાય છે.

કોણ સર્વનામ સવાલ પૂછવામાં આવે છે. એને બહુવચન નથી, અને તેનાં રૂપ નામની પેઠે થાય છે.

વાંચતાં વાંચતાં ઘણાક શબ્દ એવા આવે છે કે તેપરથી તેની જોડેના નામનો કે સર્વનામનો ગુણ, સંખ્યા, વગેરે જણાય છે; જેમ, **આ** છોકરાએ **સારો** અભ્યાસ કર્યો, તેથી સાહેબે બહુ ખુશ થઈને એક **ભારે** પુસ્તક ઈનામ આપ્યું. એમાં જે શબ્દ મોટે અક્ષરે લખેલા છે, તે બધા જોડેના શબ્દોના ગુણ કે સંખ્યા વગેરે બતાવે છે, માટે એને **વિશેષણ** કહે છે. જેમ, **આ** છોકરાએ કહ્યું, એટલે કોઈ મુકરર છોકરો બતાવ્યો, માટે **આ** વિશેષણ, એટલે ગુણ બતાવનાર છે; **સારો** અભ્યાસ. એમાં પણ અભ્યાસ કેવો કે **સારો**, તો **સારો** પણ વિશેષણ; તેથી એટલે આગળ કહેલા કારણથી એવું મુકરર બતાવે છે, માટે તે વિશેષણ. એ રીતે બાકી બધે ઠેકાણે જ્યાં આવે ત્યાં સમજી લેવું.

पाठ १४३. व्याकरणनो सार, भाग ३.

ક્રિયાપદ સકર્મક અકર્મક મૂળભેદ
શક્યભેદ વર્તમાન ભૂત ભવિષ્ય

નામ, સર્વનામ, અને વિશેષણ, એવા ત્રણ પ્રકારના શબ્દની વાત તો આવી ગઈ, હવે ચોથી જાતના શબ્દનું વર્ણન કરીએ. સર્વનામ કે વિશેષણના બોલ તો થોડા છે, પણ નામના જેમ ઘણા છે, તેમજ ક્રિયાપદનાએ ઘણા છે.

જે બોલમાં કરવું, ચાલવું, રહેવું, ભોગવવું, થવું, વગેરે મતલબ આવે છે, તેને **ક્રિયાપદ** કહે છે; જેમ, હું જાઉં છું, તું ખાય છે, હરી લખે છે.

એમાંએ વળી કેટલાક એવા હોય છે કે તેની અસર બીજા બોલને લાગૂ પડે છે; જેમ, જીવણ પાટી લખે છે, કૂતરો રોટલો ખાય છે. એમાં જીવણ શું લખે છે? પાટી લખે છે. અથવા કૂતરો શું ખાય છે? રોટલો ખાય છે. પણ બીજા ક્રિયાપદ એવાં છે કે તેમાં એમ નથી થતું; જેમ. હું જાઉં છું. તે ઉંઘે છે. ત્યારે એ રીતે બે ભેદ પડે છે. તેમાં પહેલાને **સકર્મક** અને બીજાને **અકર્મક** કહે છે.

કોણ અને શું, એવા બે સવાલ પૂછીને હરેક ક્રિયાપદ તપાસી જુએ, તો માલમ પડે કે તે સકર્મક છે કે અકર્મક. કોણ અને શું, જો એ બેના જૂદા જવાબ હોય, તો સકર્મક, અને બેનો એકજ હોય, તો અકર્મક; જેમ ઉપરના દાખલામાં લખે છે, ઉંઘે છે, એ ક્રિયાપદ ઓળખવાને સવાલ પૂછીએ કે, કોણ લખે છે? જીવણ. એ શું લખે છે? પાટી. ત્યારે લખે છે એ સકર્મક, કેમકે એમાં બંને સવાલના બે જૂદા જવાબ છે. તેમ ઉંઘે છે, એમાં એવો સવાલ પૂછીએ કે, કોણ ઉંઘે છે? તે. શું ઉંઘે છે? તે. એમાં બંનેનો એકજ જવાબ છે. માટે અકર્મક જાણવું.

હવે એવા ક્રિયાપદના બે ભેદ છે. **મૂળભેદ** અને **શક્યભેદ**. હું જાઉં છું, તે ગયો, તમે લખશો, એ બધા મૂળભેદ. મારાથી જવાશે, તમારાથી લખાશે, એનાથી લખાયું, એ શકયભેદ જાણવો, કેમકે એમાં શકિત બતાવવામાં આવે છે.

ક્રિયાપદના ત્રણ કાળ છે, **ભૂત**, **વર્તમાન**, ને **ભવિષ્ય**. ગયો જે કાળ તે ભૂત, ચાલે છે તે વર્તમાન, અને આવશે તે ભવિષ્ય. એના દાખલા, મેં વાચ્યું, તું વાંચે છે, પેલો વાંચશે.

पाठ १४४. व्याकरणनो सार. भाग ४.

ઉભયાન્વયી શબ્દયોગી કેવળપ્રયોગી ક્રિયાવિશેષણ અવ્યય

હવે પાંચમો પ્રકાર **અવ્યય** છે, એમાં ઘણા બોલ છે. અવ્યય એટલે જે શબ્દમાં ફેરફાર થતો નથી. કેટલાક તો વાકય જોડવાને કામ આવે છે; જેમ, અમે ગયા **ને** તમે આવ્યા. એમાં ને બોલ બે વાકય એકઠાં કરે છે. કોઈ તો શબ્દને પણ જોડે છે; જેમ, હું, તે કે તમે, ગમે તે જાય. એમાં હું, તે, અને તમે, એ ત્રણને કે શબ્દ એકઠા કરે છે. એવા અવ્યયને **ઉભયાન્વયી** કહે છે, કેમકે ઉભય કહેતાં બંને, અને અન્વયી એટલે જોડનાર. અથવા, અને, એટલે, કેમકે, નહીંતો, માટે, પણ, એજ જાતનાં અવ્યય છે.

કેટલાએક શબ્દ તો એકલા નામની કે સર્વનામની પછી આવે છે; જેમ, છોકરાની **પછવાડે** કૂતરો દોડ્યો; મારી **આગળ** તું ચાલજે; તમારે **માટે** હું બેઠો છું; તમારા **કરતાં** એ ઉંચો છે એ બધા દાખલામાં **પછવાડે**, **આગળ**, **માટે**, **કરતાં** **શબ્દયોગી અવ્યય** કહેવાય છે, કેમકે શબ્દની જોડેજ આવે છે.

ઘણાક શબ્દ તો કંઈ અચરતી, હરખ, શોક, એવા એવા મનના ઉભરા બતાવે છે; જેમ, **ઓહો!** આવડો મોટો ઘોડો; **અરર!** મારા પેટમાં દુખે છે. એમાં **ઓહો** અચરતી બતાવે છે, અને **અરર** એ શબ્દ દુઃખની નિશાની બતાવે છે. એવા એવા બોલ છુટા આવે છે, માટે એને **કેવળપ્રયોગી અવ્યય** કહે છે. એના થોડા દાખલા નીચે લખેલા છે. અરે, હારા, વારૂ, વાહવાહ, વાહ, હાયહાય.

હજુ એક જાતના અવ્યય બાકી રહ્યા છે, તેને **ક્રિયાવિશેષણ અવ્યય** કહે છે, કેમકે તે ક્રિયાપદનોજ ગુણ બતાવે છે; જેમ **આમ** ચાલો; **અત્યારલગી** **કયાં** ગયા હતા; **કેમ** બોલતા **નથી**; તે **વેહેલો** ઉઠ્યો; આ વાક્યમાં, **આમ**, **અત્યારલગી**, **કયાં**, **કેમ**, **નથી**, **વેહેલો**, એ બધાં ક્રિયાવિશેષણ અવ્યય છે.

पाठ १४९. संपविषे.

मोझार पेहेरण अतुळ अबळ सबळ जुथ

दोहरा.

सृष्टि समे सौ मानवी, वसतां वन मोझार;
डरतां एक बीजा थकी, नोतो[1] संप लगार. १
पेरण[2] छालो पादडां, खावा बन फळ फूल;
बनमां बसीने वेठतां, देहे दुःख अतुळ. २

---

१ नहोतो. २ पेहेरण.

पंछी आपी परमेश्वरे, संप तणी मति सार;
एक बीजानी सहायथी, बन्यां भलां घरबार. ३
जेम सुसंप वध्यो घणो, अडचण भागी एम;
बांध्या बंदोबस्त बहु, जन दुःखी थाय न जेम. ४
अबळ सबळ सौ सुखी थयां, दुःख थयां सौ दूर;
ते कारण सौ संपनुं, जाणो तमे जरूर. ५
सुख सघळां छे संपमां, संप नहीं त्यां शोक;
संपे संपति[1] सांपडे, लाज वखाणे लोक. ६
तरत तोडवा तांतणो, हिंमत सौनी होय;
जूथ मळे जाडुं थतां, कापी न शके कोय. ७
करीए संप कुटुंबमां शत्रुथी शुं थाय?
झाड टके छे झुंडमां, एकल उडी जाय. ८
छेदे भेदे छोकरां, पथरा जे निज पास;
करीए तेनो कोट तो, तस्करनो नहीं त्रास. ९
धुवे धकावे धूळने, उपजे मेह उठाव;
पोढी रचीए पाळ तो, तेनुं बने तळाव. १०
तेम मळीने मानवी, संप करो सौ ठाम;
भागे मळतां भोगवो, दुख सुख दलपतराम. ११

पाठ १४९. चोख्खो वेहेवार. भाग १.

કાવતરૂં દામ

ખરીદ કરવામાં તથા વેચવામાં, અને બીજા સર્વ જાતના ધંધા-માં, કોઈ પણ પ્રકારે આપણે એક બીજાસાથે કાવતરૂં કરવું નહીં, અથવા છેતરવું નહીં.

१ संपत्ति.

વેપારીઓ કાટલાં અને માપ વાપરતા હોય, તે કાટલાં તોલમાં એક રતીભાર પણ ઓછાં ન જોઇએ. અને માપમાં એક ચોખા-પૂર પણ કસર રાખવી નહીં. કહેવત છે કે, "મોલમાં સાટું પણ તોલમાં સાટું નહીં." માલની જે ખરી જાત તે છાની રાખવી નહીં; સારો, નરસો, જેવો હોય તેવો કહેવો. માલની ખરી જાતપ્રમાણેજ તેની કિંમત લેવી, તેકરતાં કાંઈ વત્તું ઓછું લેવું નહીં.

તેમજ ઘરાકને એમ માલમ પડે કે વેચનાર ભૂલથી ઘણું આપે છે, અથવા જેને માટે શરત કીધી હતી, તેના કરતાં સારી જણસ આપે છે, તો તે વાત તેણે તે વેચનારને જણાવવી. જો સામાન ઘેર આવ્યાપછી તોલમાં તેની ચૂક માલમ પડે, તો જેટલું વધારે આવ્યું હોય તેટલું પાછું મોકલવું અથવા તેના દામ આપવા.

કેટલાએક લોક એમ જાણે છે કે ધંધામાં કોઇને છેતરવું એમાં પાપ નથી; કહે છે કે, "પેટ સૌને લાગ્યું છે." પણ એ ઉંધી સમજણ જાણવી. દુકાનદાર એમ સમજે કે માલની જાત તથા તોલ વગેરે શરતપ્રમાણે છે કે નહીં, એવી એવી વાતો નક્કી કરવાનું કામ ઘરાકનું છે, મારે કાંઈ કહેવાની ગરજ નથી, મારાથી તો જેમ છેતરાય તેમ છેતરવું, ને ઘરાક છેતરાય તો એની ભૂલ, એમાં મારે શું?

પાઠ ૧૪૭. ચોખ્ખો વેહેવાર. ભાગ ૨.

એવી રીતે છેતરવાનું કામ વાજબી એટલાઉપરથી ગણે છે કે જો કદી હું ન છેતરૂં, તો બીજો સામો ધણી એનું ચાલે એટલું કરીને મને છેતરે ખરો કે નહીં? આવું સમજીને કોઇને છેતરવું, એ ભલા આદમીનું કામ નથી. એવું કરવાથી પાપ પણ ઘણું લાગે છે, ને લોકોમાં એનો ભરોસો ઉઠી જાય છે. ઉપર કહી એવી સમજણવાળા દુકાનદારને એવું વિચારવું ઘટે છે કે કાંઈ બધાએ ઘરાક છેતરે એવાં આવતાં નથી. એવું હોય તો દુનિઆ ચાલે નહીં. એમ કરતાં કોઈ લુચ્ચું ઘરાક મળ્યું, ને આપણે છેતરાયા તો એમ મન વાળવું કે બલા ગઈ. કોઈ અજાણતા ગેરવાજબી આવ્યું હશે, તે એ બહાને ગયું એવો સંતોષ રાખવો. પણ

એવાં કોઈ એક બે લુચ્ચાં ઘરાક મળે, તેની બાકથી બીજાં બધાં ઘરાકને છેતરવાં, એમાં કાંઈ ડાહપણ ન કહેવાય. છેતરી છેતરીને કોઈ ન્યાલ થતાં નથી, ને કોઈ થયો હોય તો, "चार दहाडानुं चांदरणुं." અધર્મનો પૈસો કદી સુખે ભોગવાય નહીં. કદી સરકારનો ઉઘાડો દંડ ન થાય, તોએ શું થયું? પણ લોકમાં તેનો વકર ઘટવાથી તેની ઘરાકી તૂટી જાય છે, તો એ દંડ થોડો છે? એથી તે બચ્યો તો દેવના દંડથી તે છૂટવાનો નથી, માટે લોકમાં કહેવત છે તે ખરી કે, "अंते धर्मे जे, अने पापे खे." જે વેપારી કે દુકાનદાર લુચ્ચાઈ કરે, ને ઘરાકને છેતરે, તેની પાસેથી કોઈએ કાંઈ વેચાતું લેવું નહીં. તેનાં ઘરાક હોય તેમણે પણ તેને છોડી દેવો, અને ભલા માણસને ત્યાંથી સોદો લેવો.

पाठ १४८. बोल्युं पाळवाविषे.

वीर लबाडी सत्यवादी

भुजंगी छंद.

विना टेकवाळा बहु बोली वाळे,
पछी आपनो बोल एके न पाळे;
तमे टेक तेवी न राखो नठारी,
पळे तेटला बोल बोलो विचारी १
पुरो बोल पाळे वधे तोल तेनो,
घटे तोल जूठो पडे बोल जेनो;
न राखे भरोसो नरो कोइ नारी,
पळे तेटला बोल बोलो विचारी. २
नहीं वेण जाशो भले जाय नाणुं,
अरे हुं न एनो कशो शोक आणुं;
धरो टेक एवी करे धीर धारी,
पळे तेटला बोल बोलो विचारी. ३

सुण्या शूर वीरो घणा सत्यवादी,
मुआ वेणमां रीत एवी अनादी;
वधी लाज आ लोकमां लाभकारी,
पळे तेटला बोल बोलो विचारी. ४
कहे ते करे मानवी एज मोटो,
खुए वेण ते तो खरो खूब खोटो;
अरे नांखशे मान ए तो उतारी,
पळे तेटला बोल बोलो विचारी. ५
भसे ते नहीं कूतरो चर्ण काटे,
लवाडी लहे उपमा एज साटे;
बके एज लज्जा[1] जवा जोग वारी,
पळे तेटला बोल बोलो विचारी. ६
सरे सुख के उपजे दुःख अंगे,
रहो रात दाडो[2] कहो एज रंगे;
भला लोकमां पामशो लाभ भारी,
पळे तेटला बोल बोलो विचारी. ७
सुतां उठतां बेसतां वात साची,
कहो कोण मोटुं नहीं शक्ति काची;
ठरी बेसशो ए थकी उंच ठामे,
रच्या छे रुडा छंद दलपत्तरामे. ८

पाठ १४९. हिंदुस्ताननो इतिहास. भाग ४२.

અફઘાન જાતના સરદાર બહિલાલખાં લોદીને રાજપાટ આપી દઈને અલાઉદ્દીન ગયો તે વખતથી દિલીનું રાજ સુધરવા લાગ્યું. એ લોદીનો દાદો આગળ મુલતાનનો સૂબો થઈ ગયો હતો, અને એ

---

१ लजा. २ दहाडो.

પોતે પંજાબનો હાકેમ હતો, તેથી એનું રાજ થયું તે દહાડેથી પંજાબ પ્રાંત તો પાછો દિલીના તાબામાં આવ્યો. કાશીની પાસેના જુવાનપુરના રાજાએ તેની સામા લડાઈ કરી, તેમાં તે હાર્યો, એટલે તેનો મુલક પણ દિલીને તાબે થયો. એ રીતે એ રાજ ફેલાવતો ગયો. મરતી વખત એના તાબામાં જમના, હિમાલય, અને કાશીની વચ્ચેનો સઘળો મુલક હતો. તેસિવાય જમનાની પશ્ચિમભણીનો પણ કેટલોક ભાગ હતો. એના પછી એનો દીકરો સિકંદર ગાદીએ બેઠો, તેણે બહાર પ્રાંત પાછો દિલીને તાબે કરી લઇને પૂર્વભણી છેક બંગાળાના ગાંપાસુધી અમલ બેસાડ્યો. એ બાદશાહ ડાહ્યો તથા અદલ ઈનસાફી હતો, ને પંડે કવિતા જાણતો તથા વિદ્વાને આશરો આપતો. એક દહાડો તે લડાઇમાં જતો હતો, તેવામાં સિકંદર બાદશાહની જય થાય, એવી પ્રાર્થના કરતાં કોઇને સાંભળ્યો. તેઉપરથી સિકંદરે તેને કહ્યું કે ભાઈ, જે પાદશાહ રૈયતને સુખ દેતો હોય, તેની જય થાઓ, એવી પ્રાર્થના કર. એવો છતાં પણ એ હિંદુઓઉપર બહુ જુલમ કરતો. હિંદુ ધર્મનો તેને તિરસ્કાર હતો, અને પોતાના ધર્મઉપર તેનું બરાબર આકીન હતું, તેથી એણે એવો જુલમ કર્યો હશે, એવું ધારવામાં આવે છે. પણ એ વાતમાં એની મોટી ભૂલ ગણવી જોઈએ, કેમકે પોતાના ધર્મમાં જે ન હોય તેમને રાજાએ વગર કારણે દુઃખ દેવું એ ઘટારત નથી. રાજાનો ધર્મ તો એ છે કે પોતાની રૈયતમાં સમાધાની રાખવી, તથા પોતે ઉત્તમ રીતે ચાલીને પોતાનો ધર્મ બીજાના ધર્મ કરતાં સારો છે, એવું બતાવી આપવું. સિકંદરની રાજધાની આગ્રામાં હતી, ત્યાં તે ઈ૰ સ૰ ૧૫૧૬ માં ગુજરી ગયો. એ મુઓ એટલે પછી રાજની પડતી દશા આવી. સિકંદરનો દીકરો ઈબ્રાહીમ તખ્તપર બેઠો, તેનામાં એના બાપના જેવા કંઈજ સદગુણ નહોતા. એ ઘણો અહંકારી તથા જુલમી હતો, તેથી કોઈની સાથે એને બનતું નહોતું, તથા એના રાજમાં સર્વ ઠેકાણે બલવો ઉઠ્યો હતો. એનો એક ભાઈ એની સામે થયો, તેને મારી નાંખ્યો, અને બીજા બધા ભાઇઓને જીવતાસુધી કેદ રાખ્યા. વળી બધા ઉગમણા પ્રાંતો ફરી ગયા, ને તે સઘળાઉપર એક જૂદાજ ધણીનું રાજ થયું. પંજાબનો સૂબો દોલતખાં પણ ફરી ગયો, અને

तेणे पोतानी मददे एक एवा शख्सने बोलाव्यो के जेणे आखा हिंदुस्ताननी दशा बदली नांखी. ए शख्स बाबर हतो, अने ते तैमूरथी छठ्ठो पुरुष हतो, तथा सिंधुनदीथी आथमणा पाहाडी मुलकमां काबुल देशमां राज करतो हतो.

पाठ १६०. हिंदुस्ताननो इतिहास. भाग ४३.

बाबरना बाळचरित्रउपरथी मालम पडे छे के हिंमतथी तथा उद्योगथी नानपणमां पण माणस केवां केवां काम करी शके छे. एनो बाप मरी गयो, ने एने गादी मळी, त्यारे एनी उमर छेक बार वरसनी हती. काबुलनी छेक उत्तरे फरघान नामना प्रांतमां एनुं राज हतुं. ए गादीए बेठो ते वख्त एना बे काकाए एनाउपर हुमलो कर्यो, तेमने एणे हराव्या. पछी तैमूरना राजनी राजधानी जे समरकंद ते लेवासारु पोते गयो. त्यां तेनुं घणीक वार तो फाव्युं नहीं, पण छेल्ली वारे ते जीत्यो. ए वख्त एनी उमर पंदर वरसनीज हती. (ई० स० १४९७.) एना गयापछी तैमूरना मुलकमां फरघान प्रांतमां बलवो उठ्यो. ते समाववासारु ए नीकळ्यो, ने अरधेक पहोंच्यो एटले समरकंदमां पण बलवो उठ्यो. पछी ए पेहेलां फरघान जीती लइने समरकंद गयो, एटले पाछो फरघानमां बलवो उठ्यो, एटले समरकंद आगळ आव्यो, त्यारे उस्बेक जातना तुर्की लोकोए ते शेहेरने घेरो घालेलो छे, एवुं एना जाणवामां आव्युं. ए लोक जोरावर हता, तोपण मात्र २४० माणसोनी फोजथी एणे हल्लां करीने ते शेहेर लइ लीधुं, अने त्यांना उस्बेक लोकोने वीणी वीणीने मार्या. तेउपरथी बीजा उस्बेक लोके आवीने समरकंद पाछुं जीती लीधुं, अने बाबरने डुंगरामां नसाडी मूक्यो, त्यांथी बे वरसे रझळी रखडीने फरघान आवीने एणे पाछो ते प्रांत जीती लीधो.

पण एना दुश्मनोए उस्बेक लोकोने मददे बोलाव्या, तेमनी आगळ बाबरनुं कांइ चाल्युं नहीं, तेथी पोतानुं वतन छोडीने

જતો રહ્યો. એ વખતે એની ઉમર ૨૩ વરસની હતી. આવા સંકટોમાંથી ઉગરીને કાબુલ શી રીતે જીતી લીધું, એ વાત લખતાં ઘણું લંબાણ થઈ જાય, તેથી એટલુંજ લખીએ છીએ કે દુઃખની વેળાએ પણ એ મગન રહેતો હતો, તથા અક્કલની વાતોમાં ચિત્ત લગાડતો હતો, અને ફૂળફૂલનો તેને ઘણો શોક હતો. પાહાડ, પાણી, વનસ્પતિ, આદિ લઈને કુદરતી ચીજોનાં ચિત્રઉપર તેની પ્રીતિ હતી. તેણે હિંદુસ્તાન જીત્યું, તે વખત તેને કાબુલની ગાદી મળે ૨૨ વરસ થયાં હતાં. એ બાવીશ વરસ તો લડાઈ ટંટામાં ગયાં હતાં; એણે બાકત્રિઆ જીતી લીધું હતું, તથા એક વખત કંદહાર અને સમરકંદ પણ તેને હાથ આવ્યાં હતાં, પણ તે પાછાં તેના હાથમાંથી ગયાં. અવિચારી તથા લોકોને અણગમતો જે દિલ્લીનો ઇબ્રાહીમ લોદી, તેની સામો આ વખતે એવો બળવાન દુશ્મન ઉભો થયો.

पाठ १६१. हिंदुस्ताननो इतिहास. भाग ४४.

લાહોર તથા લુધિઆનાને રસ્તે બાબર હિંદુસ્તાનમાં પેઠો, અને દિલ્લીથી ઉત્તરે ગંગા નદીપાસે પાનીપતઆગળ એની તથા ઇબ્રાહિમ પાદશાહની ફોજ મળી. ઇબ્રાહિમની ફોજમાં એક લાખ માણસ, તથા એક હજાર હાથી હતા. બાબરે પોતાની તોપોને દોરડાંવતી અંકોડાબંધ જોડી લીધા, અને પોતાના પાયદળને મોખરે ધુલીઓ કોટ કરાવી લીધો. ઇબ્રાહિમે વગરવિચારે પોતાની ફોજને લઈને એ કોટઉપર હલ્લા કર્યો, એટલે બાબરે ઇબ્રાહિમની ફોજને ચોતરફથી ઘેરી લીધી, તેથી તે ગભરાઈને વીખરી ગઈ. એ લડાઈમાં ઇબ્રાહિમ પોતે તથા એના ૧૬૦૦૦ માણસ માર્યાં ગયાં. તેમાં ૫૦૦૦ માણસની લોથ તો છેક એની પાસે પડી હતી.

ઇબ્રાહિમની રાજધાની આગ્રા હતી, તે શેહેર બાબરે લીધું. તેના હાથમાં હજી ભરતખંડ તો આવ્યો નહોતો, એટલામાં ત્યાંનાં ઉનાળાનો તાપ ન સેહેવાયાને લીધે તેની ફોજ તોફાન કરવા લાગી, તેથી બાબરે કહ્યું કે, જેને ન ગમતું હોય, તે સુખેથી પાછા જાય, પણ હું

તો એકલું રહેવું પડશે તોએ રહીશ. એ વચન સાંભળીને એનાં માણસો હિમત પકડીને રહ્યાં. પછી લોદીવંશના તાબામાં પેહેલાં જેટલો મુલક હતો, તેટલો સઘળો એણે ચાર મહિનામાં જીતી લીધો.

એ રીતે મુસલમાની રાજ જીતીલીધા પછી તે બાબરને હિંદુઓની સાથે લડાઈ કરવી પડી. દિલીથી નૈઋત્યખૂણમાં મેવાડ, અજમેર, અને માળવાના કેટલાક ભાગમાં સંગ નામે રજપૂત એ વખતે રાજ કરતો હતો, તે બાબરસાથે લડવાને તૈયાર થયો. દિલીથી દક્ષિણે ચંબુલ નદીભણી મેવાત મુલક છે, ત્યાંનો રાજા હસનખાં તેની સાથે મળી ગયો. વળી બાબરના દીકરા હુમાયુંએ લોદીવંશના હાકેમોને કાઢી મૂકયા હતા, તે પણ સંગની મદદે આવ્યા. તેમણે આગ્રાઆગળ બાબરની ફોજના મોખરાનાં માણસોને હરાવ્યા. બાબર પણ ઘણો સાંકડે આવી ગયો હતો, તેથી તેનાં માણસોનાં કાળજાં ધડકવા લાગ્યાં. પણ તેણે ફોજના અમલદારોને બોલાવીને હિંમત આપી, એટલે તેમણે કુરાનના સોગન ખાઇને કહ્યું કે, હવે તો મારવું કે મરવું. પછી બાબરે તૈયારી કરી, અને હિંદુઓ પણ તૈયાર થયા. પછી ભારે લડાઈ થઈ તેમ હસનખાં માર્યો ગયો, અને રાજા સંગ નાસી ગયો, ને તેનું લશ્કર બારેવાટ થઈ ગયું.

ત્યારપછી તેણે માળવાની સરહદઉપર ચંદેરી શેહેર છે, તે લડાઈ કરીને લીધું. એ લડાઈમાં રજપૂતોનું કંઈજ ચાલ્યું નહીં, ત્યારે તેઓ પોતાનાં સઘળાં બૈરાંને મારી નાંખીને રણમાં તૂટી પડ્યા, અને મરતાંસુધી લડ્યા. છેલ્લી વારે બાબરે અયોધ્યા તથા બહાર પ્રાંત જીતી લીધા, અને બંગાળાના સૂબાને તોબા પોકરાવી, તેથી તેણે સલાહ કરવાનું કહેવડાવ્યું. એ વખતે બાબર ૯૦ વરસની ઉમરે પહોંચ્યો હતો. તેનું શરીર ઘસાવા લાગ્યું, વાસ્તે ત્યારપછી મુલક લેવાસારૂ તે બાહાર નીકળ્યો નહીં.

पाठ १८२. हिंदुस्तानको इतिहास. भाग ४८.

એ વખતમાં એવું બન્યું કે શાહજાદો હુમાયું ઘણો માંદો પડ્યો ત્યારે બાબરે વિચાર્યું કે, હું ઘરડો થયો છું એટલે હવે ઝાઝા દહાડા મારે કાઢવાના નથી, માટે મારૂં રહેલું આયુષ્ય મારા દીકરાને આપવું.

પછી હુમાયુંની પાસે જઇને એણે તેના ખાટલાની ત્રણ પ્રદક્ષિણા કરીને પ્રાર્થના કરી કે, હે પ્રભુ, મને ઉપાડી લઇને મારા દીકરાનો જીવ ઉગાર. પછી તે બોલ્યો કે, મારા દીકરાનો રોગ મેં લઈ લીધો, હવે એ સાજો થશે. એવું બન્યું કે તે વખતથી તેને ફેર પડવા લાગ્યો અને પોતાના દીકરાનો રોગ પોતાને આવ્યો એવા વેહેમથી પોતે માંદો પડ્યો, કે ઘડપણને લીધે એનું શરીર બગડ્યું એ વાત તો પરમેશ્વર જાણે, પણ એટલું તો ખરૂં કે તેજ વખતથી બાબરના શરીરમાં રોગ પેઠો. એ બાદશાહ ૩૮ વરસ રાજ ભોગવીને આગ્રામાં મરણ પામ્યો, પણ એની લોથને કાબુલ લઇ જઇને દાટી. એને જીવતાં ફૂલનો ઘણો શોક હતો, તેથી મુઆપછી પણ તેને નદીને કાંઠે ફૂલવાડીમાં દાટેલો છે. એની ઘોરઆગળ ધોળા આરસની મસીદ છે, ત્યાં સપરમે દહાડે આજ પણ કાબુલમાં મેળો ભરાય છે.

બાબર લડાઇના કામમાં શૂરો તથા ચતુર હતો, એવું એણે મુલક જીત્યા તેઉપરથી જણાય છે, પણ તેના બીજા ગુણ કેવા હતા એ વાત એના લખવાથી માલમ પડી છે.

એણે પોતાનો વૃત્તાંત લખ્યો છે, તેમાં પોતે જે જે કામ કર્યાં તે સેહેલી અને સારી ઇબારતથી લખ્યાં છે, તેથી માલમ પડે છે કે પોતાના દોસ્તદાર તથા મજલિસમાં બેઠો હોય ત્યારે એ જેમ આનંદમાં રેહેતો, તેમજ લડાઇના વખતમાં તથા રાજકાજમાં પણ રેહેતો. જે ગામમાં એણે એકવાર રમજાન મહિનો કર્યો, તેજ ગામમાં પાછો બીજો રમજાન મહિનો એને થયો હોય, એવું તે ૧૧ વરસની ઉમરનો થયાપછી બન્યુંજ નથી. એવો મુસાફરીના કામમાં એ જબરો હતો, તોપણ એ એટલો તો માયાળુ હતો કે જાણે પોતાની મા તથા બીજાં સગાંવહાલાં મૂકીને ગયોજ ન હોય, તેમ તે સઘળાંઉપર હેત રાખતો હતો. એ પાદશાહ પાણીની નેહેરો તથા તળાવો બાંધીને તથા બીજાં સારાં કામ કરીને રૈયતને સુખ આપતો હતો, અને લોકોનાપર એટલો તો પ્યાર રાખતો કે બીજા દેશના નવાઇનાં ફળફૂલાદિ તેમને મળી શકે એવા ઉપાય કરતો હતો. એટલાં બધાં કામમાં પણ ફારશી

અને તુર્કી ભાષામાં સારી સારી કવિતા બનાવવાની તેને નવરાશ મળતી. એ પાદશાહમાં એવા એવા ગુણ હતા, તેમાંના ઘણા ખરા તો એવા હતા કે તેવા ગુણ બીજા રાજાઓમાં હોય તો સારૂં થાય. અતિલોભ એ એનામાં અવગુણ હતો, તે ડાહ્યા માણસ તો લેશેજ નહીં. પણ નાનપણમાંથીજ એ પાદશાહને જે કામ કરવાની જરૂર પડી, તેથી મોટપણે પણ તેવાંજ કામ કરવાની ટેવ પડી ગઈ એવું માલમ પડે છે, માટે એ અવગુણવાસ્તે એનો ઘણો વાંક ગણાતો નથી.

पाठ १९३. लालच.

જગો ને રણછોડ કરીને બે છોકરા બીજે ગામ જતા હતા. તે વેળા કેરીના દહાડા હતા અને રસ્તામાં આંબા તો કેરીથી ઝુમી ગયા હતા. એક આંબાપર મોટી મોટી પાકે ચઢેલી કેરીઓ હતી, તે જોઈ રણછોડની દાઢ શળકી, તેથી તે બોલ્યો, આલ્યા જગા, જો, આ સાખીઓં કેવાં સારાં જણાય છે. એ બહુ મીઠાં, ને મજાનાં હશે. એનો કોઈ ધણી અહીં જણાતો નથી; હીંડ, બે ચાર તોડી નાશી જઈએ. જગે કહ્યું, એમ કેમ થાય? એ આંબો આપણો નથી, આપણે શું ચોર છીએ? રણછોડ બોલ્યો, એમાં ચોર શેના? આટલી બધીમાંથી બે ચાર ઓછી થઈ તો કોણ જાણવાનું છે? એ બધી એનો ધણી કયે દહાડે ગણવા બેસવાનો છે?

જગાએ કહ્યું, એ ગમે તેટલી છે, ને અહીં કોઈ નથી, તોપણ લેવાય નહીં; લઈએ તો ચોર થઈએ. એ કામ ખોટું, માટે કરવું નહીં. વળી બીજું કારણ કહું. એક દહાડો મારા ઘર આગળથી એક ચોરને સિપાઈ લઈ જતા હતા, ત્યારે મેં મારા બાપને પૂછ્યું કે, એને કેમ પકડી લઈ જાય છે? બાપે કહ્યું, એણે મોટી ચોરી કરી છે. પછી તે ચોરની વાત કહીને બાપાએ કહ્યું, એ ચોર નાનો હતો ત્યારે ખાવાનું કે પાઈ પૈસો ચોરતો, પછી ધીમે ધીમે વધારે ચોરતાં શીખ્યો, ને હવે મોટી ચોરી કરે છે. એક બે કેરીમાં તો કાંઈ વિશાત નથી, પણ એ લેવી તે પાપ

છે, માટે લઇશમાં. બીજું કોઈ માણસ અહીં નથી; તોપણ પરમેશ્વર છે, ને તે જુએ છે. એ સાંભળી રણછોડ પાછો ફર્યો, ને વિચારમાં પડ્યો. પીળાં રચક સાખીઆં દેખી લલચાયો તો ખરો, પણ જગાની શીખામણ સાંભળીને તરત બોલ્યો, ખરૂં જગા, હું ભૂલ્યો. એમ કહી બેઉ આગળ ચાલ્યા. આંબાના ધણીએ સંતાઇને છાનામાના એ બધી વાત સાંભળી, તે છોકરા જવા લાગ્યા કે તેમને પાછા બોલાવી જગાના હાથમાં બે મોટાં પાકાં સાખીઆં મૂકયાં. જગાએ ધણીએ ના કહી, પણ આપ્યા વિના રહ્યો નહીં. રણછોડને બહુ શરમ લાગી, ને પસતાયો. નીચેથી ઉંચું ન જોવાય, તો આંબાવાળાની સામે તો કયાંથીજ જોવાય; પણ જગો ઘણા મોટા મનનો હતો, ને એકલપેટો નહોતો, તેથી એક કેરી તેણે રણછોડને આપી.

पाठ १९४. क्षमा. भाग १.

ઘોઘા બંદરની પાસે પાલ નામે ગામ છે. એ ગામમાં રાજારામ કરીને એક છોકરો હતો. એનામાં મોટો ગુણ એ હતો કે એ કોઇના ઉપર ખાર રાખતો નહીં, ને વેર વાળતો નહીં; ગમે એટલું કોઈ એનું માઠું કરે, તોપણ તેનું સામું માઠું કરે નહીં. સઘળાને ક્ષમા કરવી, ને તેમનો વાંક મનમાં રાખવો નહીં, એવી એણે રીત રાખી હતી, તેથી ગામમાં કોઈ જોડે એને લડાઈ કે અણબનાવ નહોતો. એવા સાલસ સ્વભાવના છોકરા સૌને બહુ ગમે છે, તેથી એ બધા ગામને વહાલો હતો.

કોઈ વેળા કોઈ નઠારો છોકરો જીભ કે હાથ એનાપર જરા ચલાવે, પણ એને સામા થવું નહીં, એટલે ઘણુંકરીને તે પોતાની મેળેજ વીલો પડી પસ્તાય. તેથી રાજારામને લાગ્યું કે માફ કરવું અને અદાવત ન રાખવી, એથી કાંઈ નુકસાન થતું નથી.

એક દહાડે કેટલાએક છોકરા ગાળાગાળી લડી રાજારામકને ન્યાય કરાવવા આવ્યા. એમનો ટંટો પતાવી જુઠું ન બોલવું ને ગાળો ન દેવી એવિષે શીખામણ દેતો હતો, એવામાં મોરાર નામે તેજ ગામનો

એક છોકરો આવ્યો. એ બાપડો બહુજ કમનસીબ હતો. એનાં માબાપ મરી ગયાં હતાં, ને એ બિચારો નિર્ધન હતો. એને એક કાકો હતો, તે એને પોતાને ઘેર રાખતો. એ કાકો ઘણોજ નીચ અને નિર્દય હતો. એને બહુ મારતો ને ગાળો દેતો. મોરાર પોતાના કાકાની સોબતથી તેના જેવી ખોટી ચાલ શીખ્યો; અમથા સમ ખાવા, જુઠું બોલવું, ને ભુંડાબોલી ગાળો દેવી શીખ્યો, તેથી આખા ગામમાં એની વાત ચાલી. રાજારામ જુઠું નહીં બોલવાવિષે શીખામણ દેતો હતો, તે મોરારે ધાર્યું કે મારાપર એ વાત કહે છે. તે પરથી ચીડીને એક બે ગાળો ચોપડી બોલ્યો, ઠીક છે બચ્ચા રાજારામ, તને પણ જોઈ લઈશ; તને દેખાડી ન આપું તો મારૂં નામ નહીં, એમ કહી ત્યાંથી ગયો. રાજારામે એ ધમકીઉપર કંઈ ધ્યાન આપ્યું નહીં.

पाठ १६९. क्षमा. भाग २.

ફેંદી નાંખવું કઢાપો

રાજારામે પોતાના ઘરની પછવાડે એક વાડી કરી હતી, તેમાં શાકના વેલા ને ફુલના છોડ વાવ્યા હતા. રાજારામ રોજ વહાણામાં ઉઠી વાડીમાં ફરે, ખાતર પૂરે, પાણી પાય, અને બધી ગોઠવણ કરે. એ વાડીપર તેને બહુ પ્રેમ હતો, ને તે વાડી એનીજ કહેવાતી હતી. ઉપલી વાત બન્યાકેડે નિત્યની વેળાએ સવારમાં એક દહાડો તે ત્યાં ગયો, ને જુએ છે તો બધા વેલા ઉખેડી નાંખેલા, ને ફૂલના છોડ ભોંયે લાંબા સૂતેલા; એક મોગરાનો છોડ તેણે ઘણી મેહેનતે ઉછેર્યો હતો, તે ફેંદી નાંખેલો હતો. એ જોઇને રાજારામનું દિલ બહુ ખાટું થયું. એ વાડીપર એને કાંઈ કાંઈ ઉમેદ હતી, તે બધી ભંગ થઈ ગઈ. જેમ જેમ એ વાત એના મનમાં વધારે ઘોળાઈ, તેમ તેમ એને વધારે કઢાપો* થયો. એટલામાં તેણે વાડમાં કાંઈ ખડખડાટ સાંભળ્યો, તેવોજ ઉઠીને જુએ છે, તો ત્યાંથી મોરારને હાથમાં કોદાળીસુદ્ધાં નાસતાં જોયો. એ વેળા એને તેનાં વેર વાળવાનાં

---

* કઢાપો એટલે અફસોસ.

વચન સાંભર્યાં આવ્યાં, તેથી એને નક્કી લાગ્યું કે મોરારે જ એ કામ કર્યું હશે. રીસની જોસમાં એના મનમાં એમ આવ્યું કે એ લુચ્ચાને પકડી સજા કરાવું. એવા વિચારથી એણે "પકડો પકડો" એમ બૂમ પાડી. એનાં માબાપ ઘેર નહોતાં, માટે પાડોશીને તેડવા દોડ્યો. પણ એટલામાં તેને બીજાનો ગુનો ક્ષમા કરવાનો નિયમ યાદ આવ્યો. એને લાગ્યું કે એ બધું મનમાંથી નીકળી જવું તો કઠણ છે, પણ માફ કરવું તો મારા હાથમાં છે. એવું વિચારી પોતાનો ક્રોધ સમાવ્યો.

पाठ १९६. क्षमा. भाग ३.

ચોળાચોળ

આંસુ લોહી નાંખી વેલા અને છોડ પાછા જેમ તેમ કરીને રોપ્યા, અને સઘળું જેમ હતું તેમ ઠીકઠાક કર્યું. એ પૂરું થયાપેહેલાં એની મા ત્યાં આવી ચડી. તેણે પૂછ્યું, ભાઈ, એ શું કરે છે? રાજારામે કહ્યું, કોઈ ભુંડાએ મારા વેલા ને છોડ સૌ ઉખેડી નાંખ્યા છે તે ઠીક કરું છું. પણ મોરારનું નામ દીધું નહીં. માએ પૂછ્યું, એ કોણે કર્યું? ત્યારે રાજારામે કહ્યું, હશે જેણે કર્યું હશે તેણે. મારે તેની ચોળાચોળ કરવી નથી, અને તેને હું મારા નિયમ પ્રમાણે જવા દઉં છું. એમ કહેતાં કહેતાં આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે જોઈ એની માએ ધાર્યું કે આ વખત ક્ષમા કરવી તેને બહુ કઠણ પડતી હશે. તેણે એનાં બહુ વખાણ કર્યાં અને પોતાનો ધણી ઘેર આવ્યો ત્યારે રાજારામની એ બધી વાત તેને કહી. દીકરાની આવી રૂડી ચાલ સાંભળીને પોતે બહુ હરખાયો. માબાપને એટલાં બધાં મગન થતાં જોઇને, રાજારામ પણ રાજી થયો, ને મનમાં ગાંઠ વાળી કે, મારે એને નક્કી માફ કરવું. જ્યારે કોઈ એ વાત સંભારે, ત્યારે કહે, એમાં કાંઈ વિસાત નથી. બીજા લોકને તો એ વાત થોડા દિવસમાં વિસારે પડી. પણ રાજારામે તે મનમાં રાખી મેલી. તેનું કારણ એ કે એ ભુંડા કામના બદલામાં સામું મોરારનું કાંઈ ભલું કરવું એવું તેણે ધાર્યું હતું. પણ મોરાર

તો એનાથી મોં સંતાડીને વેગળો ને વેગળો નાસતો ફરે, કેમકે તેના મનમાં બીક હતી કે એ કોણ જાણે શું કરશે. ઘણે દહાડે એક વાર ઓચિંતા બેઉ એકઠા થઈ ગયા. મોરાર એના કાકાના ટટ્ટુ પાછળ દોડતો હતો. દોડતાં દોડતાં થાકી જવા આવ્યો, પણ ટટ્ટુ હાથ આવે નહીં. એટલામાં રાજારામે સામેથી આવી, ટટ્ટુની લગામ ઝાલીને તેને ઉભું રાખ્યું. એ વેળા મોરારને તેનો પાડ માનવો પડ્યો. તેણે કહ્યું, ભાઈ, આજ તેં મને કાળના મોઢામાંથી છોડાવ્યાબરોબર કર્યું છે. એ ટટ્ટુ ન પકડાયું હોત, તો મારૂં મોતજ હતું ; મારો કાકો મને મારી મારીને મરણતોલ કરત. પછી બેઉ જોડે જોડે હીંડ્યા. રસ્તામાં મોરારે પોતાના દુઃખની વાતો કરી તેણે કહ્યું, મારાકરતાં કુતરા બિલાડીની અવસ્થા પણ સારી હશે. મારા કાકાનો સ્વભાવ એવો નઠારો છે કે મને બીજે ત્રીજે મારીને અધમુઓ કરે છે, ને મારી માબેનસમી ગાળોનો તો પારજ નહીં, ને પૂરૂં પેટ ભરીને ખવરાવતો પણ નથી. એમ કહેતાં કહેતામાં તેની આંખમાં જળજળીઆં ભરાઈ આવ્યાં.

पाठ १८७. क्षमा. भाग ४.

રહેણી ભલામણ

એ સાંભળી રાજારામને દયા આવી. તેણે કહ્યું, અલ્યા, તું કોઇને ત્યાં ચાકર રહે, તો કેમ? તારો કાકો રહેવા તો દે, નહીં વારૂ? મોરાર બોલ્યો, હા, અબઘડી બાપજી કરી જવા દે. પોતાનાં ઘરમાંથી મને કાઢવાને એ તૈયાર છે, ને હુંએ ચાકર રહેવાને રાજી છું. લખમીલાલ દેશાઈ મને રાખવાના હતા, પણ મને લખતાં વાંચતાં નથી આવડતું, માટે ન રાખ્યો. ત્યારે રાજારામે ઘણીજ મીઠાશથી કહ્યું, જો તારે વાંચતાં લખતાં શીખવાની ખરેખરી મરજી હોય તો હું શીખવું. આ ઉનાળાના દિવસ લાંબા છે, તેથી પાછલે પોહોરે પાંચથી છસુધી એક કલાક મારે ઘેર આવશે, તો શીખવીશ. જેનું એટલું બધું નુકસાન કર્યું, તેનીકને ભણવું એ મોરારે વિચાર્યું કે નીચું જોવાનું તો ખરૂં, પણ તે એના

કાકાથી એટલો કાયર થઈ રહ્યો હતો કે તેને રાજારામને ત્યાં ભણવા આવવાની હા કહી. ત્યારે રાજારામે કહ્યું કે, જો ભાઈ, એક શરત કબૂલ હોય તો આવજે. તે એ કે મારે ઘેર નામ ભુંડું બોલવું નહીં, ને ખોટા સમ ખાવા નહીં. એ સાંભળી મોરારે શરમાઈને નીચું જોયું, પણ તે કબૂલ કર્યું. મોરારને બાગ બગાડવાસારૂ શિક્ષા કરાવી હોત તેના કરતાં આથી રાજારામને વધારે આનંદ થયો. બીજે દહાડેથી મોરારે આવવા માંડયું. હોંસે હોંસે મેહેનત કરીને શીખતો, તેથી પાંચેક મહિનામાં થોડું ઘણું લખતાં વાંચતાં આવડ્યું. રાજારામની સંગત અને ચોપડીના પાઠની શીખામણથી એના આચરણ સુધરવા માંડ્યાં. પછી લખમીલાલ દેશાઈને ઘેર ચાકર રહેવા ગયો. દેશાઈએ કહ્યું, તારી રેહેણી સારી સાંભળવામાં આવતી નથી, માટે તને કેમ રખાય? મોરારે કહ્યું, સાહેબ, પેલા રાજારામકને હું આજ પાંચ મહિના થયા ભણું છું, માટે તેને બોલાવી મારી વાત પૂછજો. એનો કાકો એને બહુ દુઃખ દે છે, તે દેશાઈ જાણતા હતા, અને તેને પણ મોરારને દુઃખમાંથી છોડાવવાનું મન હતું. મોરારની દેશાઈને ઘણી દયા આવતી હતી. રાજારામને તેડાવી તેને મોરારની વાત પૂછી જોઈ, ત્યારે તેણે પોતાને ત્યાં ભણવા આવવા માંડ્યાંકેડે મોરાર સુધરતો જાય છે તે બધી વાત કહી, ને તેની ઘણી ભલામણ કરી. દેશાઈએ પૂછ્યું, તેં એનાપર એટલી બધી મેહેનત કરી તેનું કારણ શું? રાજારામે કહ્યું, સાહેબ, તે કહેવાની મારી મરજી નથી. દેશાઈએ કહ્યું, ઠીક, ત્યારે ન કહે. કોઈની છાની વાત કહેવડાવવી મને ઘટારત નથી, પણ તેમાં કાંઈ ખરૂં કારણ હશે એમાં ફેર નહીં.

पाठ १९८. क्षमा. भाग ९.

પરઠણ   જાન   ખરખરો

બીજે દહાડે મોરારને તેડાવીને કહ્યું, હું તને એક વરસની નોકરીએ રાખું છું, તેમાં પરઠણ એટલી કે રોટલા અને લૂગડાં મારે તને આપવાં, ને તારે મારે ઘેર દહાડો રાત રહેવું. બાર મહિના

તું સારી ચાકરી કરીશ, ને તારી ચાલ સારી જણાશે, તો પછી પગાર કરીશ, ને જેમ જેમ તું વધારે કામ કરીશ તેમ તેમ પગાર વધારીશ. મોરારના કાકાએ જાણ્યું કે, મારે ઘેરથી છો બલા જતી, એમ ધારીને હા કહી. દેશાઈ ઘણા ભલા માણસ હતા, તેથી તેમને ત્યાં મોરાર બહુ સુખી થયો. કામકાજમાં ખબરદાર થયો, ને પોતાનાં ભુંડાં લક્ષણ પણ તજ્યાં; નવરી વેળાએ તે રાજારામને ત્યાં જતો ને ભણતો. પોતે રાજારામનું જાન કર્યું હતું, તેનો મનમાં ખરખરો* થવા માંડ્યો. તેનો બદલો વાળવાનું એનામાં સામર્થ્ય નહોતું, ને હોત તોએ તે લે નહીં, માટે એક ઉપાય રહ્યો હતો, તે એ કે પોતાનો ગુનો તેની આગળ માનવો ને માફ માગવી. પણ તેમ કરતાં શરમ લાગતી હતી અને બીતો હતો કે મેં જે કર્યું છે તે દેશાઈ જાણશે કે તરત મને કાઢી મેલશે; તોપણ મનમાં ચેન પડે નહીં. એમ કરતાં કરતાં વરસ પૂરું થયું, ત્યારે દેશાઈએ બોલાવી તેનાં જરા વખાણ કર્યાં ને કહ્યું, હવેથી તને પગાર પણ મળશે. મોરારે તે વેળા નીચું ઘાલ્યું ને ગભરાયાજેવો જણાયો. દેશાઈએ પૂછ્યું, અલ્યા, તારું હૈયું ભરાઈ આવ્યું જણાય છે, એનું કારણ શું? એ સાંભળી મોરારની આંખમાં આંસુ આવ્યાં. દેશાઈએ ધીરજ આપી, ત્યારે બોલ્યો, સાહેબ, ગમે તેમ તમે કરજો, મારા મનમાં વાત છે તે કહીશ, ત્યારે મને ટાઢક વળશે. એમ કહી પોતે રાજારામનું જે જાન કર્યું હતું, તે બધું કહ્યું. દેશાઈએ તેને સમજાવ્યું કે તેં બહુ ખોટું કામ કર્યું, પણ તેમાટે તું પસ્તાય છે, ને તું બધું માની દે છે, તેથી જણાય છે કે તું હવેથી એવું નહીં કરે, માટે તું મને બહુ ગમે છે. મોરાર ગળગળતે સાદે બોલ્યો, હાજી, તે ખરું, પણ રાજારામ મને કેમ માફ કરશે? દેશાઈએ કહ્યું, તેની વાડી તેં બગાડી, એ રાજારામ જાણતા હશે, તને ભણાવવાની એટલી બધી તેણે ખટપટ કરી, તેનું કારણ પણ એજ હશે. એણે મને કહ્યું નથી, પણ એની ટેવઉપરથી હું એવું ધારું છું. કોઈ કદી એનું ભુંડું કરે તોએ તે તો તેનું ભલુંજ

* ખરખરો એટલે પસ્તાવો.

કરે છે, એ હું સારી પેઠે જાણું છું. એની વય એટલી નાની છે તોપણ એ પરમેશ્વરઉપર બહુ ભાવ રાખે છે, અને તેની કને રોજ ખરા મનથી માગે છે કે, મારા અપરાધ માફ કર. એ ખરા દિલથી માગે છે, એવું જણાવવાને તે પોતે બધાને ક્ષમા કરે છે.

पाठ १८९. कष्टनष्टाष्टक.

कळापो	नष्टाष्टक	तथापि	वृथा
विलाप	वारे	दीन	

भुजंगी छंद.

अहो देव हुं तो सदा दास तारो,
प्रभु तुं मने प्राणथी पूर्ण प्यारो;
मने आप अत्यंत आनंद आपो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. १

पुरो हुं बुरो प्राणी छे छेक पापी,
तमे तो दयावंत दिसो तथापि;
छुटे पाप जो आपनी छाप छापो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. २

सगामां सगो तो प्रभु तुंज साचो,
कहुं शी कथा हुं वृथा वाद काचो;
थशे सर्व सारुं शिरे हाथ थापो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. ३

मने आ समे कोण आराम आपे,
कहो, कोण आ पाप संताप कापे?
बन्यो बाळ हुं, तुं बन्यो श्रेष्ठ बापो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. ४

मने आज आ आपदाथी उगारो,
तमे शोक सिंधुथकी सद्य तारो;
प्रभुजी करो आ मले सर्व पापो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. ५
तमे सर्वथा सर्वदा शुद्ध लीधी,
कृपाळुपणे संकटे साग्य[1] कीधी;
विना आप आ कोण जाणे विलापो ?
कृपानाथ, मारुं महा कष्ट कापो. ६
धरुं अंतरे आपनी एक आशा,
भणुं आप आगे दुखे दीन भाषा;
थवा माफ मारा तमे पाप मापो,
कृपानाथ, मारुं महा कष्ट कापो. ७
वडो वेग लावी चडो मारी वारे,
जशे शोक नाशी थशे दृष्टि ज्यारे;
कशा क्लेशथी केम रेशे[2] कळापो ?
कृपानाथ, मारुं महा कष्ट कापो. ८
करे कष्टनष्टाष्टके कोय प्राणी,
प्रभु प्रार्थना जो पुरो प्रेम आणी;
सरे अर्थ सर्वे ठरे थीर ठामे,
रच्या छे रुडा छंद दलपत्तरामे. ९

पाठ १६०. त्रण दैत्यनी वात. भाग १.

દૈત્ય વસ્તારી

એક દહાડો સાંજે કરસન દેશાઈ ઓટલે બેઠા બેઠા હુક્કો પીએ છે, અને છોકરાં બારણાઆગળ રમે છે, એટલામાં એક ઘરડો બ્રાહ્મણ ત્યાં આઁવી ચડ્યો; જાતે ઘરડું પાન, ને બહુ છેટેથી આવેલો,

---

१ सहाय. २ रहेशे.

તેથી છેક થાકી ગયો હતો. તે કહેવા લાગ્યો, ભાઈ સાહેબ, પાસેના શેહેરમાં જવું છે. સાંજ તો પડી, ચાર ગાઉ ભોંય શી રીતે જવાશે. આ ગામમાં કોઈ રાતની રાત મને ઘરમાં પડી રહેવા દે, તો પરમેશ્વર તેનું કલ્યાણ કરશે. એ સાંભળીને કસનજી બોલ્યો, અરે ભાઈ ઉતારો તે ક્યાંથી આપું? મૂળે તો મારૂં ઘર સાંકડું, તેમાં વળી અમે બોહોળા વસ્તારી. પણ રહે, અમારા ઘરની પછવાડે કોઢારૂં છે. તું કહે તો ત્યાં તને ખાટલો ઢાળી અપાવું? ભટ કહે, બહુ સારૂં મહારાજ, પ્રભુ તમારા એકના એકવીશ કરો.

ભટજી તો પછવાડે કોઢારામાં ખાટલો નાંખ્યો તેપર પોતાની ઝોળી ઉતારી બેઠા, ને કસનજીના છોકરાંને કને બોલાવીને નામ પૂછવા લાગ્યા. તેમાં વડાનું નામ હરીઓ, વચલાનું રામો, અને છેક નાનો હતો તેને નાનો કહેતા. હરીઓ નિશાળે જતો, પેલા બીજા બે તો નાના તેથી જતા નહોતા. ભટજી છોકરાંને પૂછવા લાગ્યા કે, તમને કાંઈ વારતા આવડે છે? બધા ઘાંટો કાઢીને બોલ્યા, ના, અમને આવડતી તો નથી, પણ કોઈ કહે તો અમે સાંભળીને યાદ રાખીએ છીએ ખરા. હરીઓ કહે, મહારાજ, કાંઈ સારી અકલની વાત કહો. પેલાં બીજાં બે જણ તો ભટજીની પછવાડે લાગ્યા કે ના, કંઈ દૈત્યની વાત કહો. ભટજી બોલ્યા, તમે ઉતવળા ન થાઓ, તમે બધા રાજી થશો તેવી વાત કહીશ. પછી તે ખરી કે ખોટી, તે તમે તમારી મેળે વિચારી જોજો.

પાઠ ૧૬૧. ત્રણ દૈત્યની વાત. ભાગ ૨.

ડામાડોળ ગરક

એક વાર અગણોતરા કાળમાં ઘણાક લોક વખાના માર્યા પોતાનું રાચરચીલું લઈ ખંભાતથી વાહાણે બેસીને પરમુલક જવા નીકળ્યા. વાટે જતાં દરિઆમાં ભારે વાવાઝોડું થઈને વાહાણ તો ડામાડોળ થવા માંડ્યું. ખારવાએ બહુ મેહેનત કરી પણ કંઈ બચાવ થયો નહીં. અંતે તે વાહાણ એક બેટના કિનારાપર અથડાઈને ભાગી ગયું. તેમાંથી ત્રણ ખરા તરીને કાંઠે નીકળ્યા, ને

જોવા લાગ્યા તો તે બેટમાં કંઈ વસ્તી દીઠી નહીં. જે લોક કિનારે ઉતર્યાં તેમાં જગા પટેલ કરીને એક કણબી પોતાના બૈરાં છોકરાં-સુદ્ધાં હતો. તેણે વિચાર કર્યો કે, અહીંઆં તો આપણે ઠીક લાગે છે; જમીન પણ બોહોળી છે તેની દમડી બેસવાની નથી, માટે જો ખેતીના ઓજાર મળે તો સારૂં. તેપરથી તે શોધવાને વાહાણ-પર ગયો. ત્યાંથી ઘણીક કામની ચીજો તેને હાથ લાગી, તે લાવીને ભોંય ખેડીને અનાજ પકવ્યું. પણ મોટી અડચણ એ આવી કે તેનો દળીને લોટ કેમ થાય; માટે તેણે બે નાનાસરખા પથરા આણી તેને ટાંકયા ને તેની ઘંટી બનાવી, ને તેવતી દળીને જોઈએ તેટલો લોટ રોજ કરે.

આ વાત સાંભળીને કસનજીનો વડો દીકરો બોલ્યો કે ઓહો, એમાં તે તમે શી ચમત્કારી વાત કહી? તમારી વાત તો આ-વીજ કે? ભટજી કહે, અરે ભાઈ, ઉતાવળ કેમ કરો છો. તમે જુવાનની પેઠે અમે ઘરડાથી ઉતાવળું કેમ હીંડાય? જરા ધીરજ રાખો, વધારે રમૂજ તો હવે આવશે.

એક દિવસ જગા પટેલ પેલા બેટમાં શું શું છે તે જોવાને નીકળ્યો, ને ફરતો ફરતો પાહાડમાંથી નદી વહેતી હતી તે જોતો જોતો ચાલ્યો જાય છે, એટલે વેગળેથી તેને કંઈ મોટું મોટું દેખાયું, તેથી તે ખંચાઈને ઉભો રહી જોવા લાગ્યો, તો એક મોટો દૈત્ય લાંબો થઈને ભોંયઉપર સૂતેલો હોય એવું દીઠું. તેને જોઈને જગો નાસી તો જાત, પણ તે દૈત્યની આંખો મીચેલી હતી, તેથી તેણે જાણ્યું કે એ ઉંઘતો હશે. વળી તેનું મોં બહુ બિહામણું નહોતું, માટે જગો તેને નિહાળીને જોવા ઉભો રહ્યો. તેણે બહુ ઉજળો જામો પેહેરેલો હતો, અને તેપર સૂરજનો તડકો પડતો તેથી ચળક ચળક થતો, પણ તેમાંનો ઘણોક ભાગ ઝાડના છાએડાથી ઢંકાએલો હતો. આ જોવામાં જગો તો ગરક થઈ ગયો, એટલામાં પેલા દૈત્યે આંખ ઉઘાડીને તેની ગમ મીઠી નજરે જોયું.

पाठ १६२. त्रण दैत्यनी वात. भाग ३.

રાક્ષસ   પલાણુ   હોઈયાં

આ સાંભળીને દેશાઈનો છોકરો બોલ્યો, વા! ત્યારે આ રાક્ષસ તો ભલો દેખાય છે! ભટજી બોલ્યા, હા, બહુ ભલો. એની ભલમનસાઈની વાત તો હજુ હવે આવશે. પેલો રાક્ષસ ઉઠીને ઉભો થયો કે જગો તો પાછે પગે નાસવા મંડ્યો. તેવારે તે કહે, અરે ભાઈ ઉભો રહે, નાસે છે કેમ? મને જોઈને બીશ માં; હું તને બહુ કામ લાગીશ; તું કહીશ તે હું તારૂં કામ કરીશ. આ સાંભળીને જગાને હિંમત આવી. અને તે ઉભો રહી પૂછવા લાગ્યો. ભાઈ, તમે મને શી રીતે મદદ લાગશો? મારૂં શું કામ કરશો? તે કહે કે તું જે કહીશ તે કરીશ. જગો કહે, ત્યારે તો ઠીક. માર ઘેર ચાલો. રાક્ષસ કહે, તું હીંડે છે શું કરવા? મારી પીઠપર બેશી જા, હું તને તારે ઘેર લઈ જઈશ. પછી જગાએ પાટીઆનું પલાણ બનાવી તેની પીઠપર મૂકી તેપર બેઠો, અને સપાટાબંધ ઘેર ચાલ્યો ગયો. રાક્ષસના વાંસાપર બેશીને આવતો જોઈને જગાની બૈરીના પેટમાં ફાળ પડી, ને તેનો જીવ તો ઉડી ગયો. તેણે જાણ્યું કે આ શા ભોગ મળ્યા? એટલામાં જગો ઘરઆગળ ઉતરી પડ્યો, ને બૈરીને સમજાવીને કહ્યું કે આ તો આપણે બહુ કામનો છે. આપણે જે કહીશું તે એ કરશે, માટે એને કંઈ કામ આપવું જોઈએ. બાયડી બોલી, પણ એને ખાવાપીવાનું ને રહેવાનું કેમ થશે? આપણે જેટલું દશ દહાડા ચાલે તેટલું તો એ એક ઘડીમાં હોઈયાં કરી જાય. એ આપણા ઘરમાં પણ નહીં માય. જગો કહે, તેની કંઈ ફિકર કરીશ નહીં; એ વાતની મેં પેહેલાંથીજ પૂછપરછ કરી હતી. એ કહે કે મારે ખાવાનું કંઈ નહીં જોઈએ; કામ કરવું હશે, ત્યારે તરશ લાગશે તો થોડું પાણી પીવાનું જોઈશે; અને ઘરની તો મારે જરૂર ન મળે, કેમકે અમને તો ઉઘાડાંમાંજ રહેવાની ટેવ છે. આ વાતથી તે બહુજ ખુશ થઈ અને કહેવા લાગી કે આ લોટ દળવાનું કામ બહુ અઘરૂં છે, એ દળતાં દળતાં મારાં તો પાંગોઠાં રહી જાય છે. માટે એ એને સોંપો. રોજ લોટનો ખપ પણ ઝાઝો, માટે એ આપણે

જોઈએ તેટલો રોજ તૈયાર કરી આપે તો બહુ સારૂં, પછી જગાએ તેને ઘંટી કેમ ફેરવવી તે બતાવ્યું. એ કામ તો પેલા રાક્ષસને બહુજ સેહેલું લાગ્યું; તેને મન તો જાણે રમત. જગાએ વિચાર્યું કે જો મોટા બે પથરા લાવીને મોટી ઘંટી બનાવીશ, તો તે ફેરવવી કંઈ એને અઘરી પડશે નહીં, અને લોટ પણ ખૂબ દળાશે. પછી તે જઈને ખાણમાંથી બે મોટા પથરા કાપી પેલા રાક્ષસની પીઠપર મૂકી ઘેર લાવ્યો, અને તેની મોટી ઘંટી બનાવી તે પેલાને ફેરવવા આપી. તેથી રોજ બહુ લોટ દળાય. આખો દહાડો તેની પાસે કામ કરાવે, રાતે તેને સૂવા જવાની રજા આપે તો જાય, નહીં તો એને સૂવા જવાની પણ દરકાર નહીં, રાત દિવસ કામ કર્યાં કરે.

पाठ १६३. त्रण दैत्यनी वात. भाग ४.

એમ કરતાં કરતાં એક દહાડો જગા પટેલે વિચાર કર્યો કે ઘરમાં સરદી બહુ છે, તેથી મેડો કરાવું તો સારૂં; પણ એને વાસ્તે પાટીઆં જોઈએ તેનું કેમ કરૂં? લાકડાં તો પાસેના રાનમાં ઘણાં છે, પણ તે લાવીને વહેરૂં તો જડાય. તેથી રાનમાં ગયો, અને ખૂબ મોટાં ઝાડ કાપી પેલા રાક્ષસની પીઠપર ચડાવી લાવ્યો. હવે તે વહેરવાને કરવત જોઈએ, તે સુતારને ત્યાંથી માગી લાવ્યો, અને તે કેમ ઝાલવું તથા શી રીતે ફેરવવું તે પેલા રાક્ષસને શીખવ્યું, એટલે ઝટ વારમાં તેણે પાટીઆં ને પાટીઆં પાડવા માંડ્યાં. પણ એ કરવત બહુ નાનું પડ્યું. તેણે જાણ્યું કે એવાં બીજા ઘણાં હશે, તો તે પણ એ ઝાલીને વહેરી શકશે, ને ઘણાં પાટીઆં તૈયાર કરશે. તેથી તે પેટમાં જેટલા જણપાસે આરી કરવત જે હતાં તે સઘળાંનું ભાડું આપવું કબૂલ કરી લઈ આવ્યો, અને તે બધા એક સુતારપાસે ચોકઠામાં જડાવી તે પેલા રાક્ષસને સ્વાધીન કર્યું, એટલે પાટીઆં ને પીઢીઆં વગેરે વહેરવાનું કામ ખૂબ ઝપાટાબંધ ચાલ્યું. હવે માળ જડવાને સુતારનું કામ પડ્યું, તેથી તેને પણ મજૂરી આપવાને કબૂલ કરી તેડી લાવ્યો, અને ઘરને સુંદર મેડા બારી બારણાવાળો કરાવ્યો. સુતાર વગેરેને મજૂરી તથા ભા-

ડાના બદલામાં પોતાની ઘંટીવતી તેમનો લોટ દળાવી આપવાનું કબૂલ કર્યું હતું, તેપ્રમાણે મૂકવી આપ્યું. એથી જગા પટેલની અને એના રાક્ષસની વાત તો બધા બેટમાં ચાલી. કંઈ કંઈ લોક તેની પાસે આવે ને કહે, ભાઈ સાહેબ, આટલા અમારા દાણા તમારા રાક્ષસપાસે દળાવી આપશો તો અમે તમને ફલાણું આપીશું, અથવા તમારૂં આટલું કામ કરી આપીશું. કોઈ મણ બે મણ વાલ લાવી જગા પટેલને કહે કે આ લો, ને અમારી આટલા મણ જુવાર દળાવી આપો. વળી કોઈ અધમણ રૂની ગાંસડી બાંધી લાવી કહે કે આ લો, અને અમારા ઘરને સારૂ આટલાં પાટીઆં વહેરાવી આપો. એમ ખાવાનાં ફળ, કંદ, મૂળ, વગેરે શાકભાજી તથા તરેહતરેહના મેવા જગા પટેલને ઘેર બેઠાં ચાલ્યા આવે, અને તેના બદલામાં પેલો રાક્ષસ તેમનું કામ કરી આપે. એક જણ તો રૂપિઆની ભરેલી કોથળી જે વાહાણપરથી લઈ આવ્યો હતો તે જગા પટેલની પાસે લાવ્યો ને કહે કે પટેલ સાહેબ, આ રાખો, ને તમારા રાક્ષસપાસે અમારાં વાઢેલાં લાકડાં મંગાવી આપો. જગો કહે, રૂપિઆને શું કરીએ? એ કંઈ ખાવામાં કે ઓઢવા પહેરવામાં, કે કંઈ બીજા ખપમાં આવે? એ તો અમારે નહીં જોઈએ. પેલાએ બહુ કાલાવાલા કર્યા, ત્યારે પટલાણી બોલ્યાં, વારૂ લો, રાખો, કોઈ વખત કામ લાગશે. "संघर्यो साप पण कामनो छे." ત્યારે પટેલે રાખ્યાં.

पाठ १६४. त्रण दैत्यनी वात. भाग ९.

ભેટ અલમસ્ત મસ્તાન બૂમરાણ

એક દહાડો એક બિચારી ડોશી સૂરણની બે ત્રણ ગાંઠો ટોપલીમાં મૂકીને જગાની પાસે આવી, અને કહેવા લાગી કે અરે ભાઈ, ભૂલા પટેલે લાકડું વાઢી આપવાનું કહ્યું છે, પણ ડુંગરામાંથી આણવાની બહુ અડચણ છે, માટે તમે મારા ગરીબપર મેહેરબાની કરીને તમારા રાક્ષસપાસે મંગાવી આપો, તો પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશે. આ જૂજ ભેટ તમારે સારૂ આણી છે તે કબૂલ કરો.

આ સાંભળીને જગા પટેલને દયા આવી, તેણે કહ્યું કે તું ગરીબ માણસ છે, તારી પાસે હું કંઈ લેવા ચાહતો નથી. જ્યારે ભૂલા પટેલ તને મફત ઝાડ વાઢી આપે છે, ત્યારે તે મંગાવી આપવાનું કામ તને ગરીબ જાણીને હું માથે રાખું છું. તું જે ભેટ લાવી છે તે પાછી લઈ જા. એ રીતે જગા પટેલ તો પેલા રાક્ષસને લીધે બેટમાં મોટા માણસ થઈ પડ્યા; તેમને તરેહતરેહનાં ખાવાનાં ને પહેરવાનાં મળે, ને ધર્મદાન પણ કરે. એક વાર બે અલમસ્તજેવા માંણસ જગા પટેલના બારણાઆગળ આવી માગવા લાગ્યા કે આટલાં પાઠીઆં તમારા દૈત્યપાસે વહેરાવી આપો. જગો કહે કે તમે ખાઈ પીને મસ્તાનજેવા ફર્યા કરો છો, કંઈ કામ કાજ કરતા નથી, ને ઉલટા મારે ઘેર ભીખ માગવા આવ્યા છો. જાઓ, તમારૂં અહીં કંઈ વળવાનું નથી. મેહેનત કરો, આળસુ થઈ બેશી ન રહો. આવી રીતે પેલા રાક્ષસની મદદથી જગા પટેલ તો બહુ સુખી થયો. એ રાક્ષસનું નામ તમને ખબર છે? એનું નામ ઉદકપ્રવાહ. એ સાંભળી હરીઓ કહે, ઓહો, એ કેવું મોટું નામ છે! ભટજી કહે, રાક્ષસનાં નામ તો એવાંજ હોય, તે આપણાં જેવાં નાનાં નાનાં ન હોય, જેમ તેમનાં શરીર મોટાં, તેમ તેમનાં નામએ મોટાં.

એક દહાડે પેલા પટેલ અને ઉદકપ્રવાહ બે જણ બેઠા બેઠા વાતો કરતા હતા, ત્યારે પટેલે પૂછ્યું કે વારૂ, તમારા જેવા કોઈ બીજા દૈત્ય આ બેટમાં વસે છે? તે કહે, હા, મારો એક ભાઈબંધ છે, પણ અમારો ને તેનો મેળાપ જવલે થાય છે. હું તો ડુંગરાની તળેટીમાં રહું છું, પણ તે ડુંગરાની ટોચપર ઘણુંખરૂં રહે છે. ત્યારે પટેલે ફરીથી પૂછ્યું કે તમારા જેટલું તે કામ કરી શકે કે? ઉદકપ્રવાહ કહે, હોવે, તેનું મન ઠેકાણે હોય ત્યારે કરે. તેનું ચિત્ત બહુ ભમતું છે. વારે ઘડીએ બૂમો પાડતો ફરે છે. કોઈ વાર મારી પાસે આવીને બૂમરાણ કરીને મને સંતાપે છે.

પાઠ ૧૬૯. ત્રણ દૈત્યની વાત. ભાગ ૬.

ચરચા મગતરૂં

આ વાત થઈ તે વારે મોરારદાસ કરીને એક શેઠ ત્યાં હતો. તે ચરચા સાંભળીને જંગલમાં ફરવા નીકળ્યો, અને ચાલતો ચાલતો જાય છે, એટલે દૂર એક ટેકરીપર મોટા ઓળા જેવું કંઈ દીઠું. તે જરા વધારે તપાશીને જોવા લાગ્યો તો તેને બે પાંખો દીઠામાં આવી. એ પાંખો પક્ષીના જેવી નહોતી, પણ મછરની પાંખોના જેવી પાતળી ને પારદર્શક, તથા વાહાણના સઢજેવી મોટી હતી. પેલા મોરારદાસ શેઠને તેની પાસે જતાં જરા ડર તો લાગ્યો ખરો, પણ વિચાર્યું કે આપણા ઉદક-પ્રવાહનો એ ભાઈબંધ છે, માટે એનો સ્વભાવ પણ સારો હશે. તેથી એની કને જઈ પૂછવા લાગ્યો કે તમે કોણ છો? તમારૂં નામ શું? ત્યારે તેણે જવાબ દીધો કે મારૂં નામ વાતપ્રવાહ. હું ઉંચે બેસણે બેસું છું. મારો સ્વભાવ એવો છે કે મને કોઈ કામ સોંપે, તો તે મારી નજર-માં આવે ત્યાંલગી કરૂં. એક મારો ભાઈ ગરીબડો જેવો છે, તેના સ્વભાવમાં ને મારા સ્વભાવમાં બહુ ફેર છે. તે બાપડો ધીમે ધીમે ચાલ્યા કરે છે. કોઈ વાર તો તેને પગ ઘસડતાં ચાલતો જોઇને મને હસવું આવે છે, ત્યારે હું તેને ચીડવું છું; કોઈ વાર તેને મદદ પણ કરૂં છું. આ બધું સાંભળીને મોરારદાસ તો અચંબો પામ્યો કે ઉદક-પ્રવાહ બિચારો આટલું બધું કામ કરે છે, તેની આ મશ્કરી કરે છે, એ શું? એનાથી પૂછયાવિના રહેવાયું નહીં કે, અરે તમે શી વાત કરો છો? તેણે અમને બધાને સુખી કર્યા. આખો બેટ તેને ધન ધન કહે છે. પેલો વાતપ્રવાહ કહે, મારૂં ને તેનું કામ સરખાવી જોશો તો માલમ પડશે કે મારાઆગળ તે એક મગતરાજેવો છે. મારૂં જોર જોવું છે? બતાવું? એમ કહીને પાંખો ફફડાવીને તે ટેકરીપરથી ઉડ્યો, તે જોઇને મોરારને લાગ્યું કે આ તો નાશી જાય છે કે શું? પણ તેમ ન કરતાં પાછો આવ્યો ત્યારે મોરારદાસે કહ્યું કે તમે મારે ઘેર આવીને મારૂં કામ કરશો? રાક્ષસ કહે, હા, પણ મારે રહેવાને તો ઉંચું ઠેકાણું જોઈશે. મોરારદાસ કહે, કંઈ ચિંતા નહીં; મારૂં ઘર ટેકરાપર બાંધેલું છે માટે તેની ટોચપર હું તમને મુકામ કરી આપીશ,

ત્યાં રહેજો. એમ કરીને બંને ત્યાંથી ચાલ્યા. રસ્તે તે રાક્ષસ કહેવા લાગ્યો કે જો બે પથરાની ઘંટી મને આણી આપશો, તો એક ચપટી વારમાં જેટલો જોઇએ તેટલો લોટ કરી આપીશ. પછી ઘેર જઇને શેઠે ટેકરીની ટોચપર તેનેસારૂ ઘંટી ચણાવી તૈયાર કરી, તેમાં તે રોજ મરજીપ્રમાણે લોટ દળી આપે. શેઠાણી એ જોઇને બહુ રાજી થયાં.

પાઠ ૧૬૬. ત્રણ દૈત્યની વાત. ભાગ ૭.

એક દિવસ વાતપ્રવાહ સટ દઇને ડુંગરાની ખોમાં પોતીકા ભાઈબંધની ખબર લેવાને ઉતરી પડયો. ત્યાં તેણે દીઠું કે તે બીચારો પોતાની પીઠપર પોતે જે પાટીઆં વહેર્યાં હતાં, તેનો તરાપો ઉચકીને ચાલ્યો જાય છે. તે બંને ઘણે દહાડે એકઠા મળ્યા તેથી કામ જરા ઠીક ચાલ્યું. વાતપ્રવાહ કહે કે ચાલ ભાઈ ચાલ, હું તને લઈ જવા લાગું છું. તું આમ ધીમે ધીમે ચાલે છે તે કયારે પાર આવશે. આ સાંભળીને પેલા તરાપાઉપર એક છોકરો બેઠો હતો તે બોલ્યો કે તું એને ધીમો કેમ કહે છે? એના જેવી ઝડપથી ચાલનાર કોણ છે? વાતપ્રવાહ કહે, ખરૂં, પણ અમે કંઈ તમારા જેવા વેંતીઆ માણસ નથી કે એમ ધીમે ધીમે ચાલીએ. એમ કહેતોકને તરત તે છોકરાની પાસે બેસી ગયો ને પાંખો પોહોળી કરી એટલે સૌ સડસડાટ ચાલ્યા, ને ઝટ વારમાં ઠેકાણે પહોંચી માલ બધો ઉતારી નાંખ્યો. ત્યારે ઉદકપ્રવાહે કહ્યું કે ભાઈ, જરા મેહેરબાની કરીને પાછો મને મુકવા આવ. વાતપ્રવાહ બોલ્યો કે ના, પાછો નહીં વળું; મારે તો આગળ જવું છે. મારી સાથે આવવું હોય તો ચાલ, હું તને તેડી જાઊં, ન આવવું હોય તો તારી મરજી. આ સાંભળીને ઉદકપ્રવાહને બહુ માઠું લાગ્યું, અને તે તેની જોડે જકર કરવા મંડયો. જકર કરતાં કરતાં કજીઆ વધી પડયો, અને અંતે ઉદકપ્રવાહનો મિજાજ છેક ગયો. બૂમો પાડે ને હાથ પગ પછાડે. આ જોઇને પેલો છોકરો તો ગભરાયો, ને આખો ઉભો ઉભો થરથર ધ્રૂજે. જેની પીઠપર બેસીને આવ્યો હતો, તેનું મોં તો બદલાઇને

એવું દેખાયું કે જાણે એને ખાઈ જશે. છેલ્લે સરવાળે વાતપ્રવાહ નાસી ગયો, તોપણ ઉદકપ્રવાહ તો કેટલીવારલગી બડબડતોજ રહ્યો; ઘણીક વારે ટાઢો પડ્યો.

આ વાતપ્રવાહ રાક્ષસ તે બેટના લોકને ઉદકપ્રવાહના જેટલો કામ તો ન લાગ્યો, તોપણ એ બેઉની મેહેનતથી તેમની હાલત બહુ સમરી ગઈ. રહેવાને સારૂ રૂડાં ઘર બંધાયાં; લોકે રાચરચીલાં વસાવ્યાં; સારૂં સારૂં ખાતા પીતા થયા; એવી એવી રીતે અનેક પ્રકારનું સુખ અને વૈભવ ભોગવવા લાગ્યા.

पाठ १६७. त्रण दैत्यनी वात. भाग ८.

એક દહાડો ઘણા લોકનું ટોળું મળીને બેઠું છે, ત્યાં ઉદકપ્રવાહ વાત કરવા લાગ્યો કે અરે ભાઈઓ, મારે એક દીકરો હતો, તે ઘણા દિવસ થયા મારી પાસેથી નાશી ગયો છે, તેની કોઈ ભાળ કાઢે તો તે બહુ કામ લાગે એવો છે. તેની મા એક ઉષ્ણતાબાઈ કરીને હતી. એક દહાડો બહુ તાપ પડ્યો હતો, ત્યારે તે ઉઠીને ચાલ્યો ગયો. પેલા લોક આ સાંભળીને બોલી ઉઠ્યા કે, કોણ જાણે ક્યાં જતો રહ્યો હશે? વખતે આ બેટમાંથી એ જતો રહ્યો હોય તો શી રીતે જડે?

પણ વિઠ્ઠળ કરીને એક ઘણો છાતીવાળો ખાતરી હતો, તે પેલાની પેઠે હિંમત હારી બેઠો નહીં. એક દહાડો છાનોમાનો ઉદકપ્રવાહપાસે ગયો, અને એના નાશી ગએલા દીકરાની વાત વિગતવાર બધી પૂછી જોઈ, તેપરથી તેને ખબર પડી કે એ બેટમાંથી વેગળો ગયા નથી. તેણે કહ્યું કે અહીંથી થોડે છેટે એક પાહાડ છે, ત્યાં એક ઊના પાણીનો કુંડ છે, તેમાં તે કોઈ કોઈ વાર નહાવા ને રમવા આવે છે, પણ ત્યાં કોઈ ઝાઝું જતુ નથી. ઉદકપ્રવાહના કહેવાઉપરથી માલમ પડ્યું કે એ પણ એની માના જેવો છે. તેની જોડે તેને રહેવું બહુ ગમે છે. જ્યાં બહુ તાપ પડતો હોય, ત્યાં તે અને તેની મા ઘણું ખરૂં સાથેજ રહે છે.

વિઠ્ઠલે પૂછ્યું કે વારૂ, એ બહુ જોરાવર છે? ઉદકપ્રવાહ કહે કે અરે ભાઈ, એના જોરની શી વાત કરે છે? એની આગળ હું અને

વાતપ્રવાહ તો ગણતીમાં નહીં, પણ કારણ એટલુંજ છે કે તેને પકડીને કેદ કરો તોજ તે તમારૂં કામ કરે. વાતપ્રવાહથી એનો સ્વભાવ ઉલટોજ છે; જો એને છૂટો મૂકો, તો નાશી જાય. વળી અમારામાં ને એમાં એટલો ફેર છે કે એને ખાવાનું બહુ જોઈએ છીએ. વિઠ્ઠલ કહે, ત્યારે એ તો કામનો નહીં ભાઈ, કેમકે તમારા જેવડો મોટો, ને વળી તેને ખાવાનું જોઈએ, એટલે કામ કરે તેટલું તો ખાઈ જાય. રાક્ષસ કહે, ના રે ભાઈ, તું ગભરાય છે શું કરવા? એ કંઈ દાણા કે ઘાસ ખાતો નથી, કોયલા કે લાકડાં ખાય છે, ને જેટલી ઘડી કામ કરે, તેટલી ઘડીજ ખાવાનું માગે, પછી કંઈ નહીં. વિઠ્ઠલે જાણ્યું, એ તો ઠીક છે, પણ એવા બળીઆને હું રાખું ક્યાં? એવું વિમાસવા લાગ્યો. તેનો ખુલાસો પેલા રાક્ષસે કર્યો કે તે મોટો છે ખરો, પણ નાનીસરખી શીશીમાં રાખે, તો તેમાં પણ સમાઈ રહે. તેમાંથી નીકળે ત્યારે ગગનસુધી પહોંચે એવડો મોટો થઈ જાય, એવી તેનામાં શક્તિ છે.

पाठ १६८. त्रण दैत्यनी वात. भाग ९.

આ વાત પૂરી થઈ એટલે વિઠ્ઠલ તો એક શીશી લઈને પેલા ઉદકપ્રવાહની પછવાડે મંડયો કે તું મને તે કુંડઆગળ તેડી જા. તે પણ તૈયાર થયો, અને વિઠ્ઠલ તેના વાંસાપર બેઠો. તે કુંડવાળી ટેકરીપાસે ગયા, ત્યારે તેમણે કુંડના મથાળાપર વરાળનો ભભકો નીકળતો દીઠો. ઉદકપ્રવાહ વિઠ્ઠલને કહે કે શીશી આ કુંડના પાણીપર ઉંધી પકડી રાખ, એટલે એમાં પેલો આવશે. તેણે તેમ કર્યું અને માંહે તે ભરાયો, એટલે ઝટ દઈને ડાટો મારી બંધ કરી લઈ ત્યાંથી બંને ચાલ્યા. તે ઘેર આવ્યાપછી ઉદકપ્રવાહના કહ્યાપ્રમાણે વિઠ્ઠલે તે શીશી તાપમાં રાખી, એટલે પેલો રાક્ષસ જેનું નામ વરાળીઓ હતું, તે જોર કરી ડાટો ઉઘાડી માંહેથી નાશી ગયો. ત્યારે વિઠ્ઠલે ફરીથી ઉદકપ્રવાહપાસે જઈને જે બન્યું હતું તે કહ્યું. તે સાંભળીને તે બોલ્યો કે નાશી ગયો તો કંઈ હરકત નહીં; આપણે એને ફરીથી પકડી લાવીશું. પણ એને ઘાલવાને કંઈ

મજબૂત ધાતુનું વાસણ જોઇએ. વિઠ્ઠલ કહે, ઉભા રહો, હું તેવું શોધી લાવું. એમ કહીને કોઈપાસેથી નાની શીશી જેવું એક વાસણ લઈ આવ્યો. ઉદકપ્રવાહ કહે, એ ઠીક છે, એનાથી એ ભાગીને જવાશે નહીં, આ વાસણના મોઢાપર ઢાંકણું છે, તે પણ ખૂબ સજ્જડ બેસે છે, એટલે કંઈ ફિકર નથી. બીજે દિવસે તે બંને જણ પેલું વાસણ લઇને પાછા પેલા કુંડઆગળ ગયા, અને પહેલાં જેમ શીશીમાં તેને ઘાલ્યો હતો, તેમજ આ વાસણમાં ઘાલીને લઈ આવ્યા.

આપ્રમાણે તે કેદ પકડાયો, ત્યારે તેણે કબૂલ કર્યું કે હવે તમે જે કામ કહેશો તે કરીશ, પણ મને ખાવાનું આપજો. વળી તેણે એવું પણ કહ્યું કે લોટ દળવાનું કે પાણી વહેરવાનું એવું હલકું કામ હું કરવાનો નથી, કરૂં તો ખરો, પણ તે મને શોભે નહીં, તમે કહો તો રૂનાં લુગડાં વણી આપું? એ સાંભળીને તો વિઠ્ઠલ બહુ રાજી થયો, કેમકે તે બેટની બધી વસ્તીને ખાવાપીવાનું મળતું, પણ ઓઢવા પહેરવાને લૂગડાની ઘણી વેહેલા પડતી; ઘણા તો ઉઘાડે ડીલે ફરતા, તેથી તેણે વિચાર્યું કે જો આ બધા કપાસ પકવે, તો લૂગડાં થાય. માટે તેણે બધાને પૂછી જોયું કે તમે કપાસ પકવો, તો લૂગડાં પહેરવા મળે. તે બધાએ બાપજી કરીને કબૂલ કર્યું. પછી કપાસ ખેતરમાંથી આવે તેનું સૂતર કાંતીને પેલો વરાળીઓ રાક્ષસ લૂગડાં વણી આપે, તે પહેરી ઓઢીને સૌ સુખી થાય.

पाठ १६९. त्रण दैत्यनी वात. भाग १०.

પેલા ભટજી દેશાઈના છોકરાને કહે કે, સાંભળ્યું મહારાજ, એ પ્રમાણે તે બેટના લોક પેલા ત્રણ રાક્ષસના જોરથી દોલતવાળા થયા, અને ઘણે પ્રકારે સુખ ભોગવવા લાગ્યા. આ સાંભળીને હરીઓ બોલ્યો, ભટ, તમે કહો છો કે દોલતવાળા થયા; તેની પાસે સોનું રૂપું તો હતું નહીં, દોલતવાળા તે શેના થયા? બ્રાહ્મણ કહે, સોનું રૂપું તો એવા જંગલમાં ક્યાંથી? પણ માલ ઘણો એકઠો થયો,

અને તે માલનું તે લોકોએ શું કર્યું, તે હું તમને હમણાં કહીશ. ત્યારે તમે જાણશો કે ખરી દોલત તો માલજ છે.

કસનજી દેશાઈ બોલ્યો, ધન્ય છે એ ત્રણ રાક્ષસને, કે બધી વસ્તીને સુખી કરી; પણ વારુ ભટજી, જ્યારે એ ત્રણ જણ કામ કરવા મંડયા હશે, ત્યારે પછી લોકને તો હાથ પણ હલાવવો નહીં પડ્યો હોય.

ભટજી.—એમ શું બોલો છો દેશાઈ સાહેબ? એ ત્રણને જોઈએ એટલી જણસો પકવીને તૈયાર કરી આપવી પડે. જો બધા બેશી રહે, તો અનાજ ને કપાસ કેમ પાકે? અને જ્યારે તે ન હોય ત્યારે વાતપ્રવાહ અને વરાળીઓ બેઉ બેઠાબેઠા બગાસાં ખાય? તેમ જો લાકડાં વાઢીને વગડામાંથી ન લાવે, તો ઉદકપ્રવાહ પણ બેશી રહે. માટે તમારે એમ ન સમજવું કે બધા નવરા બેશી રહેતા હશે. સસ્તી ને સારી જણસ થવા માંડે કે તેનો ખપ બહુ જાગે, અને જ્યારે ખપ જાગે, ત્યારે તે વધારે પકવ્યા કે પેદા કર્યાવિના છૂટકો નહીં. દેશાઈજી, સાંભળો, હવે એ વાત થોડીજ બાકી રહી છે. એક દહાડો લોકોએ વિચાર કર્યો કે લૂગડાં ને અનાજ આપણે જોઈએ છીએ તેકરતાં આપણે ત્યાં બહુ થાય છે, તો હવે એ બીજે મુલક લઈ જવાનો ઉપાય કરીએ, એટલે તેને બદલે પૈસા ખૂબ એકઠા થશે. એવો મનસુબો ધારીને એક મોટું વાહાણ બાંધ્યું, ત્યારે ત્રણે રાક્ષસો લડવા મંડ્યા. એક કહે કે હું લઈ જાઉં, ને બીજો કહે, હું લઈ જાઉં. ઉદકપ્રવાહ કહે કે મારી મદદવગર તો એનાથી હીંડારોજ નહીં. એ સાંભળીને વાતપ્રવાહ બોલ્યો, તારાથી શું થવાનું છે? તું એને ઉચકી રાખજે; તારાથી એને લઇને હીંડાશે નહીં; કદાપિ હીંડવા જઈશ તો કીડીની પેઠે ધીમેધીમે ચાલીશ. પણ જો હું તારી જોડે હોઈશ અને મારી પાંખો પસારીશ, તો એ વાહાણ પાણીપર ઝપાટાબંધ દોડ્યું જશે.

पाठ १७०. त्रण दैत्यनी वात. भाग ११.

આ બધી વાત પેલા ઉદકપ્રવાહનો દીકરો વરાળીઓ જે આઘો

ઉભો ઉભો સાંભળતો હતો, તે વચમાં આવીને બોલી ઉઠ્યો કે તમે બે જણ એવા છો કે તમારી નજરમાં આવે ત્યાં ખેંચી જાઓ, પણ હું તો એ જ્યાં જવાની મરજી કરે ત્યાંજ તેડી જાઉં; તમારી પેઠે આણીગમ પેલીગમ અથડાવું નહીં. વરાળીઆનું આ બોલવું સાંભળીને એનો બાપ તો છાનો રહ્યો, પણ એ વાહાણ ચલાવવાનું કામ કાકા ભત્રિજાએ બને મળીને માથે લીધું. કાકો કોઈ વખત રીસાય ને વાહાણની સામો થાય, તો ભત્રિજો તે વખત કાકાની સાથે બથંબથા આવીને વાહાણને પાસરૂં લઈ જાય ત્યારે છોડે. બેટના લોક પોતાનો માલ બીજે મુલક લઈ જતા, તથા પોતાને ત્યાં જે ન પાકતો તેવો માલ ત્યાંથી લાવતા થયા, એટલે વધારે વૈભવી અને સુખીઆ થયા.

ભટજીની આ વાત સાંભળીને છોકરાં છૈયાં સૌ રાજીરાજી થયા, પણ એમાં અક્કલની શી વાત આવી, તે કંઈ હરીઆને સમજાઈ નહીં માટે પૂછવા લાગ્યો. ત્યારે તે ભટજીએ ખુલાસો કરી સમજાવ્યું કે, ભાઈ, પરમેશ્વરે આ દુનિઆમાં માણસને મદદ કરવાને મોટી ત્રણ શકિતઓ ઉત્પન્ન કરી રાખી છે, તે કામે લગાડવી. એક રાક્ષસનું નામ ઉદકપ્રવાહ છે તેનો અર્થ એવો કે પાણીનું વેહેવું. આપણા દેશમાં પાણીના મોટા મોટા વેહેળા છે, અને તે ખળખળ વેહેતા ચાલ્યા જાય છે, પણ તેને કોઈ ખપમાં આણતું નથી. વિલાયતમાં એવા જે વેહેળા ને નદીઓ છે, તેની મદદથી જળચક્રીઓ ચલાવે છે, તેમાં લોટ દળાય છે, પાટીઆં વહેરાય છે, અને એવાં એવાં બીજાં હજારો કામ થાય છે.

पाठ १७१. त्रण दैत्यनी वात. भाग १२.

વળી વાતમાં કહ્યું કે વાતપ્રવાહ નામે બીજો રાક્ષસ હતો, તે પવનની શકિત જાણવી. વિલાયતમાં તેથી પવનચક્રીઓ ફરે છે, અને લોટ દળાય છે. વળી વરાળીઓ રાક્ષસ તે વરાળની શકિત. તેથી આગબોટો અને આગગાડીઓ ચાલે છે, કાપડ વણાય છે, અને એવાં હજારો કામ થાય છે. ત્યાંની પેઠે આપણા લોક પણ

લક્ષ રાખીને જોવાની, અને જે જોયું તેને કામમાં લાવવાની મેહેનત કરે, અને તેવા સંચા બનાવે, તો બહુ ધન મેળવે અને સુખી થાય.

હરીઓ કહે, ખરી વાત, મહારાજ, આ તમે જે ત્રણ શકિતઓ-ની વાત કહી, તે હું સારી પેઠે યાદ રાખીશ, અને મારા નિશાળના સોબતીઓને પણ કહીશ. વળી અમે મોટા થઈશું ત્યારે આપણે અહીંઆં એવાં યંત્ર કરવાને મેહેનત કરીશું, કેમકે આ વાતમાં અમે સાંભળ્યું કે પેલા બેટના લોકની પાસે કંઈ નહોતું, તોપણ તે પોતા-ની અક્કલ ખરચીને યંત્ર બનાવી, તેના જોરથી સુખી થયા, માટે ધન મેળવવાનો અને સુખી થવાનો ખરેખરો ઉપાય એજ છે.

ભટજી—ખરી વાત ભાઈસાહેબ, અમે પણ પેહેલાં નિશાળનાજ ખાતામાં હતા, ત્યાં અમે આવી વાત એક ચોપડીમાં વાંચેલી, તે તમને કહી સંભળાવી. કેમ દેશાઈ સાહેબ, તમને આ વાત ગમી કે?

કસન દેશાઈ કહે, વા! મહારાજ, બહુ મજેની વાત, એમાં કંઈ મ-ણા ન મળે. પણ ચાલો, મહારાજ, વાળુ કરવાની વેળા થઈ. તમે કંઈ ખાવાપીવાનું કરો. ભટજીએ ના કહી, પણ દેશાઈનો બહુ આગ્રહ જોઈ, લાડુ, દાળ, ભાત, શાક કરીને જમ્યા; પછી રાત ઘણી ગઈ, તેથી સૌ સૂઈ ગયા.

पाठ १७२. नामविषे.

वनिता दावानळ सूत्र मेडक जसुं

चोपाई.

नाम महिमा ते राखे कोइ, एवो पुरुषज विरलो होय.
नाम तो पाडे हेते हरि, बाळपणामां जाये[1] मरी. १
नाम धरावे छे रणछोड, भरे व्याज मोटी ए खोड.
नाम होय छे जोगीदास, वनिताओ राखे बे पास. २

---

१ जाय.

नाम होय छे सुरजी जसुं, ते आंखे नहीं देखे कशुं.
नामे शाकर मिठो पेर, बोली बोले कवडी झेर. ३
हीरो मोती झवेरदास, दाम मळे नहीं खोटो पास.
मंगळने सुखमल कल्याण, दुख दावानळ पूठ पलाण. ४
नाम वाघने हाथी पेर, भार न उपडे तेथी शेर,
देव कृष्णने रामे नाम, जाने कोण करे शां काम. ५
नाम पनोतो न मळे पुत्र, नाम हीर ने सेवे सूत्र.
नाम धनपाळ धंधो करे, धरनीधर मजुरीए फरे. ६
गिरधर नाम घणानां सार, देवोभाई उपाडे भार.
डाह्यो बोले घेला बोल, साचो तोले ओछुं तोल. ७
भलो नाम भुलावा जाय, संतोषी ते झाझुं खाय.
राजाराम को मागे भीख, घेलो दे छे सौने शीख. ८
नानो माने घरडो होय, मताप नाम ना पीछे कोय,
चतुर नाम ते चाडी करे, नाग नाम मेडकथी डरे. ९
ईश्वरनी जो करुणा होय, नीर नामनुं राखे कोय.

कवी सामळभट.

પાઠ ૧૭૩. નઠારા ચાલ. ભાગ ૧.

આપણા લોક કહે છે કે અમારાથી હજારો વરસના જૂના ચાલ તે કેમ છોડી દેવાય? પણ એમ કોણ કહે છે કે, ચાલ જૂના થયા માટે છોડી દેવા. જૂના ચાલ ઘણા હોય છે, તેમાંથી જે સારા નજરમાં આવે તે જરૂર રાખવા, ન રાખીએ તો મોટી મૂરખાઈ કહેવાય. પણ એમ ન સમજવું કે ચાલ જૂના હોય, માટે બધા સારાજ હોય, ને તેમાં નઠારા નજ હોય; કેટલાક નઠારા પણ હોય, માટે સારા નરસાનો વિચાર કરીને જે સારા હોય તેપ્રમાણે ચાલવું, ને નઠારા હોય તે પોતાથી બને તેટલા પોતે છોડી દેવા, ને ન બને તેટલા ચાલ ડાહ્યા માણસને ગળે ઉતારીને એક સંપ કરીને છોડી દેવા.

પોતાના બાપદાદાથી જે ચાલ ચાલતા આવ્યા તેમાં ફેરફાર કરવોજ નહીં, એવી વાત ડાહ્યા માણસ પસંદ નહીં કરે, કેમકે આપણા લોકમાં ડાહ્યા ડાહ્યા તથા ઘરડા ઘરડાઓ મળીને કેટલાએક નઠારા જૂના ચાલ છોડી દીધા છે, અને નવા ચાલ પકડયા છે. કેટલીક નાતમાં તેરમાને દહાડેજ નાત કરવાનો ચાલ હતો, તે મૂકી દઈને કેટલાક ઘરડા તથા ડાહ્યા માણસોએ તે જ્યારે બને ત્યારે કરવાનો ચાલ પાડયો, અને કેટલીક નાતમાં છેક કાઢી નાંખ્યો. લગનમાં બાઈડીઓ ભુંડાં ગીત ગાય છે, તે કેટલીક નાતમાં બંધ થયાં છે. એક જીવતી બાઈડી છતાં બીજી પરણવાનો ચાલ કેટલીએક નાતમાંથી નીકળી ગયો છે. વળી આપણા લોકમાં થોડાજ લોક ભણતા હતા, તે હવે ઘણા લોક ભણવા લાગ્યા. એ બધા શું નવા ચાલ નહીં? જુવો, લુગડાં લત્તામાં કેટલો ફેરફાર થયો છે? પેહેલાં ખાદીનાં કે દોઠીનાં લુગડાં પેહેરતા; હવે ખાદીનાં થોડાજ પેહેરે છે. પેહેલાં સઘળા લોક ઘણું કરીને મેલાં લુગડાં પેહેરતા, પણ હવે કેવાં સારાં ધોએલાં પેહેરે છે; પેહેલાં કોઈ બટાટાનું શાક ખાતું નહોતું, ને હવે બટાટા મળે તો હોંસે હોંસે ખાય છે. છાપેલાં પુસ્તક કોઈ જાણતુંએ નહોતું, પણ હવે છાપેલાં હજારો પુસ્તક લોક વાંચે છે. એથી ઘણાં પુસ્તકો થયાં છે, ને બહુ સસ્તાં મળે છે, તેથી વિદ્યા બહુ વધી છે.

पाठ १७४. नठारा चाल. भाग २.

પેહેલાં થોડા લોકો વાહાણમાં બેશીને પરદેશ જતા, પણ હવે ઘણાએ જાય છે. હાલ કેટલાને ઘેર ટેબલ ખુરશી છે, ને કેટલા પાસે ઘડીઆળ છે; એ આપણા બાપદાદાના વારામાં કોઈ જાણતુંએ નહોતું. પેહેલાનાં માણસ પગે ચાલીને, કે ગાડામાં, કે ઘોડે, કે વહેલમાં, કે પાલખીમાં બેશીને જતાં, પણ હમણા તો બહુ ફરક પડી ગયો છે. કેટલાક ઘોડાગાડીમાં બેશીને જાય છે, કેટલાક વાહાણમાં બેશીને જાય છે, કેટલાક આગબોટે જાય છે, ને જ્યાં આગની ગાડીના રસ્તા થયા છે ત્યાં જોઈએ તો સેંકડો માણસ તે ગાડીમાં જતાં માલમ

પડે છે. એ ગાડીને બળદ કે ઘોડા કંઈ જોડતા નથી, પણ તે વરા-
ળના જોરથી દોડી જાય છે.

કદાચિત કોઈ કહેશે કે ઉપલી વાતમાં અસલના ચાલપ્રમાણે ચાલ્યા કર્યું હોત તો બહુ નુકસાન થાત અને એ નવા ચાલપ્રમાણે ચાલવાથી બહુ ફાયદા થાય છે, માટે તેપ્રમાણે ચાલીએ છીએ. એમ છે તો ઠીક; સૌએ ખોટા ચાલ છોડી દેવા, અને સારા હોય તે પકડવા, એમાં શું ખોટું? એવી રીતે નવા ચાલ પકડ્યાથી કોઈથી એમ કહેવાશે કે બાપદાદાના નામને લાંછન લગાડ્યું? એમતો કોઈથી નહીં કહેવાય, કેમકે જે રીતભાત બાપદાદાના સાંભળવામાં આવેલી નહીં, તેવી ઘણીએક હાલના લોકોએ પકડી છે. આપણા બાપદાદા તો સૂરજ જોઈને કેટલો દહાડો ચડ્યો, તેની અટકળ કરતા, તેમ આપણે હમણા કરતા નથી, પણ ઘડીઆળમાં જોઈને નક્કી વખત જાણીએ છીએ. એથી કોઈથી એમ કહેવાશે કે ખોટું કામ કર્યું, અથવા કોઈથી એમ કહેવાશે કે આપણે આપણા બાપદાદાને બટ્ટો લગાડ્યો? ફક્ત આપણે જે ઘટારત છે તે કરીએ છીએ. ત્યારે ફરીથી લખીએ છીએ કે જૂના ચાલમાંથી સારા નરસા તપાસવા, ને જે સારા હોય તે રાખવા, અને નઠારા હોય તે છોડી દેવા.

पाठ १७९. खोदे ते पडे.

એક બ્રાહ્મણ રાજાના દરબારમાં જઈને રાજાના કાનમાં આશિર્વાદ કહેતો હતો. તે જોઈને હજૂરનો હજામ તે બ્રાહ્મણની ઈર્ષા કરતો હતો. તેણે બ્રાહ્મણને એકાંતે જઈને એક દહાડો કહ્યું કે તું રાજાના કાનમાં મોં અડાડીને કંઈ કહે છે, તે તેમને ગમતું નથી, કેમકે તારો શ્વાસ ગંધાય છે. માટે તે કહેતા હતા કે નાકને મોંવચ્ચે આડું લૂગડું રાખીને કહે તો સારૂં. પછી બ્રાહ્મણે કહ્યું કે હવેથી હું એજ રીતે કરીશ. પછી પેલે હજામે એક સમે રાજાને કહ્યું કે પેલો બ્રાહ્મણ રોજરોજ આવીને આપના કાનમાં કંઈ કહે છે, તે ઘણાં માણસ સાંભળતાં મને કહેતો હતો કે રાજાજીનો કાન બહુ ગંધાય છે, માટે હવે તો નાકે આડું લૂગડું રાખીને હું કહીશ. પછી વળતે દહાડે પેલે

બ્રાહ્મણે નાક અને મોંવચ્ચે આડું લૂગડું રાખીને રાજાના કાનમાં આ-શિર્વાદ કહ્યો, અને પછી સૌ સાંભળતાં બોલ્યો કે મહારાજ, હું ઘણા દિવસ થયા ફેરા ખાઉં છું, માટે મારાઉપર કૃપા કરો. ત્યારે રાજાએ કહ્યું કે કાલે તમને ચિઠ્ઠી મળશે. એ સાંભળીને હજામે જાણ્યું કે રાજાને બ્રાહ્મણઉપર ઘણું હેત છે, માટે કંઈ રીસ ચડી નથી, અને કાલે એ બ્રાહ્મણને દક્ષણાની ચિઠ્ઠી આપશે. એમ જાણીને તે બ્રાહ્મણને ઘેર ગયો અને કહ્યું કે મેં તને સારી સલાહ આપી, તેથી રાજા તારી ઉપર રાજી થયા, અને કાલે તને ચિઠ્ઠી આપશે. તને તો હવે મહિને મહિને ચિઠ્ઠી મળશે, માટે કાલની ચિઠ્ઠી તારે મને આપવી લાયક છે. બ્રાહ્મણે એ વાતની હા પાડી. બીજે દહાડે જઈને નાકે આડું લૂગડું રાખીને આશિર્વાદ કહ્યો, ત્યારે રાજાએ કોટવાળઉપર એક ચિઠ્ઠી લખી કે આ ચિઠ્ઠી લાવનારને તુરત ગધેડે બેસાડીને તેની ફજેતી કરીને ગામ બહાર કાઢી મૂકજો. એ ચિઠ્ઠી-માં સહી કરી ગુંદરે બીડીને બ્રાહ્મણના હાથમાં આપીને કોટવાળપાસે મોકલ્યો. તે સમે દરબારની દેવડીએ પેલો હજામ બ્રાહ્મણની વાટ જોઈને બેઠો હતો, તેને બ્રાહ્મણે તે ચિઠ્ઠી આપી. તે લઈને હજામ કોટવાળપાસે ગયો. કોટવાળે તેમાં લખ્યાપ્રમાણે તુરત કર્યું. ત્યારે તે લુચ્ચા હજામને "खाडो खोदे ते पडे" એ કહેવત ખરી લા-ગી, ને તે મનમાં ઘણો પસ્તાયો, ને ફરીથી એવું કામ કદી કર્યું નહીં.

पाठ १७६. पाकुं हैयुं.

ફગવું ફિટકાર ડગમગતું મરદ

કોઈ માણસના મનમાં એમ આવે કે આવું કરવું એ ખોટું છે, અથવા પોતાના ઘરમાં ફલાણો ચાલ છે તે ઠીક નથી, અથવા સગાં વહાલાં જોડે કે નાત જોડે વેહેવારનાં કંઈ ફેરફાર કરવાની જરૂર છે, અથવા ઝીણી નજરે વિચાર કરતાં નક્કી સમજાય કે એ તો બંધ કરવું કે ફેરવવું જોઈએ; પછી તેપ્રમાણે કરવાનો તે નિશ્ચય કરે છે. બીજે દહાડે પાછો વિચાર કરે છે જે વારુ, આમ કરીએ તો કંઈ

નુકસાન તો નહીં થાય? લોક વાતો તો નહીં કરે? લોકમાં માઠું તો નહીં કહેવાય? હશે હમણાં છે તેમનું તેમ ચાલવા દો, હજી વખત નથી આવ્યો, એવું ધારી પોતાનું મન ફેરવી નાંખે છે, પણ મનમાંથી વહેમ જતો નથી. પાંચ સાત દહાડાકેડે વળી તેનો વિચાર કરે છે; ધારેલો ફેરફાર કરવાથી ઘણો ફાયદો થાય છે, તે કરવાની જરૂર છે, લોક વાત કરશે તો શું થયું? જગતને મોઢે કંઈ ઢાંકણું છે? ચાર દહાડા બોલીને રહેશે, બીજાં ઘણાં માણસ એથી મોટાં મોટાં પરાક્રમ કરી ગયાં છે, તો એટલું પણ મારાથી ન થાય ત્યારે જીવ્યું શા કામનું? બધાં કાળમાં અને બધા દેશમાં લોક પેહેલાં તો જે કોઈ જૂના ચાલમાં ફેરફાર કરે તેની સામા થાય છે, પણ પછવાડેથી જ્યારે ગુણ દેખાય છે, ત્યારે નરમ પડીને સાંમા વખાણ કરે છે. એવા એવા વિચાર કરવાથી જરા હીંમત આવે છે, ને થોડે આરંભ કરે છે; પણ એટલામાં કંઈ ઓચિંતી અડચણ આવી પડે છે તેથી વળી મન ફગી જાય છે, ને આગળ વધારે ડગલું ભરવાની હામ ચાલતી નથી, સગાંવહાલાંના ફિટકારથી અકળાઈ જઇને તેની ઉલટ ભાગી જાય છે, ને મન ખાટું થાય છે, એટલે તે વાત રેહેવા દે છે. વળી થોડા દહાડાપછી એ વાત સાંભરી આવે છે, પણ હમણા એવું કરવાનો સમે નથી એમ કરી મન વાળે છે.

જેનું મન એની પેઠે ડગમગતું નથી તેવા મરદ માણસના મનમાં આવી વાત આવે તો તે કંઈ એની પેઠે હઠે નહીં; તેના મનમાં તો એક વાત સારી છે એમ વસ્યું, એટલે તે તેની પછવાડે મચે, ને કર્યાવિના છોડે નહીં, પછી જે થવાનું હોય તે થાય; તે કશાથી ડરે નહીં, જે દુઃખ પડે તે વેઠે. કાચા ને પાકા હૈયાવાળામાં એટલો ફેર છે.

पाठ १७७. आबुनुं वर्णन.

गिरीराज ख्यात मिष्ट स्वादु

भुजंगी छंद.

भलो दूरथी देखतां दील भाव्यो,
चढी जेम आकाशमां मेह आव्यो;
दीसे कुंडनो देवता वीब जेवो,
दीठो आज आबु गिरिराज एवो. १
तिथि पूनमे शोभीता सांज टाणे;
बन्या चंद ने सूर्य ने सोम जाणे;
दीपे देव हाथी कहे कोई केवो,
दीठो आज आबु गिरिराज एवो. २
कदी उपरे जै जुओ आंख फाडी,
झुकी झाडनां झुंडनी झांझी झाडी;
महा स्वादु माग्यो मळे मिष्ठ मेवो,
दीठो आज आबु गिरिराज एवो. ३
वसे वाघ ने वांदरा सिंह हरणां,
झरे निर्मळा नीरनां नित्य झरणां;
शीळो ने सुगंधी वहे[१] वायु तेवो,
दीठो आज आबु गिरिराज एवो. ४
भला फूलनी त्यां फूली फूलवाडी,
कुवा वावने कुंड आपे अगाडी;
वडां देवळोमां वसे वास देवो;
दीठो आज आबु गिरिराज एवो. ५

---

१ वेहे.

बन्या बंगला ने बनी त्यां बजारो,
रुडा रोजगारी करे रोजगारो;
मळे माल लेनारने होय लेवो,
दीठो आज आबु गिरिराज एवो. ६

तहां[१] तेर गाउ तणे तो वळावे,
पीवा गाम अगिआरना लोक आवे;
जहां[२] जेठ मासे न दीसे प्रसेवो,[३]
दीठो आज आबु गिरिराज एवो. ७
अषाडे परां वादळां पास आवे,
जतावेत जोभनी जुक्ति बनावे;
धुमाडो धुणीनो तमे जेम टेवो,
दीठो आज आबु गिरिराज एवो. ८
जुना जैननां हिंदुनां स्थान जेमां;
अति ख्यात छे अर्बुदा देवी एमां;
कही ते कथा जाणवा जोम कामे;
रच्या छे रुडा छंद दलपत्तरामे. ९

---

१ त्यां. २ ज्यां. ३ परसेवा.

સમાપ્ત.